
891-47108
M.K.
34783

THE LIBRARY



S. N. D. T.
WOMEN'S UNIVERSITY
BOMBAY.

S. N. D. T. WOMEN'S UNIVERSITY
LIBRARY



19 MAR 197

મ્હોટું

કવિતાકૌમુદી

ભાગ-૧-૨-૩.

જુની પ્રતો ઉપરથી પ્રાચીન કવિઓની

કવિતાઓનો સંગ્રહ.

છાપી પ્રસિદ્ધ કરનાર;

પરીખ હરગોવિંદદાસ હરજીવનદાસ.

ગુજરવાડા–અમદાવાદ.

34783

આવૃતિ ૩ જી પ્રત ૨૦૦૦.

અમદાવાદ.

"ગ્રંથોદય" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૬૩. સને. ૧૯૦૭.

अनुक्रमणिका.

	પૃષ્ઠ.
નરસિંહ મેહેતો.	
જાગ્યને જાદવા	૧
સમરને શ્રીહરી	૧
ધ્યાન ધર ધ્યાન ધર	૧
હરીતણું હેત તને	૨
કૃષ્ણ કીરતન વિના	૨
હરિ હરિ રટણકર	૨
આપજી પાપમેં	૩
તારા દાસના દાસની	૩
સારમાં સાર અવતાર	૩
રાત રહે જહયારે પાછલી	૩
નંદના નંદ શું નેહ	૪
પ્રેમરસ પાન તું	૪
બળિતણે દ્વારે હરિ	૪
ધ્યાન ધર ધ્યાન ધર નંદના	૫
શા સૂએ સુતો સંભાર	૫
સાધુ સાચે ભજે	૫
પારકી હુસે મહતાકરે	૫
ધન્યરે ધન્ય મહા	૬
ઉઠ ઉતાવળો ચાલ્યને	૬
મારા નાથજી મુજને	૬
ભૂતળ ભક્તિ પદારથ	૬
આંખ અણિયાળી	૭
મન માન્યું શામળીયા.	૭
એક સમે ગોપીનો વહાલો	૭
તારા દાસના ચરણની	૭
ગીરી તળાટીને કુંડ	૮
એવારે અમો એવારે	૮
હળવે હળવે હળવે	૮
દ્વારકાના વાસીરે	૯
કોણ એ સમાના	૯
જદુપતી નાથ તે	૯
સાંભળો ભામીની	૧૦
સ્વામિ સાચું કહ્યું	૧૦
વિનંતી વળી કહુ	૧૦
ચાલીયો વાટમાં	૧૧

	પૃષ્ઠ.
ભાગ્ય જો જો ગાઇ	૧૧
છપ્પન ભોગ જ્યાં	૧૨
વિપ્ર ચાલ્યા વળી	૧૨
ધન્યતું ધન્યતું	૧૨
જલ કમલ છાંડી જાને	૧૩
જે ગમે જગત ગુરૂ દેવ	૧૩
અખિલ બ્રહ્માંડમાં	૧૪
શરિર શોધ્યા વિના	૧૪
જાગીને જોઉં તો	૧૪
જુવાનીને દહાડેરે	૧૪
જ્યાં લગી આતમા	૧૫
સુખ દુઃખ મનમાં ન	૧૫
અલ્યા નામ પામ્યો	૧૬
પઢોરે પોપટ રાજા	૧૬
સંવત પંદર બારોતરા	૧૬
હારને કાજે શું વિલંબ	૧૬
ઉઠને શામળા...	૧૭
તને રોકિ રહિ રાધિકા	૧૭
મુંડ મુંડાવીને ટોપી	૧૭
નથિ પામવારે...	૧૭
વૈષ્ણવ જનતો તેનેરે	૧૮
પ્રાણ થકી મને વૈષ્ણવ	૧૮
વાસ નહી જ્યાં વૈષ્ણવ	૧૮
નારાયણનું નામજ.	૧૯
મેં ગાયો બ્રહ્મ તે	૧૯
તું શાનો ઠાકરો	૧૯
ભોગળ ભાગિયે રાય	૧૯
શ્રીકૃષ્ણ કૃપાનિધી	૨૦
સાર કર શ્રીહરી દીન	૨૦
મોગરડે શું મોહિ	૨૦
હારને કાજે શું હઠ	૨૦
અલ્યને હાર સુત	૨૦
તને રોકી રહી રાધીકા	૨૧
ઉઠરે અટપટા	૨૧
નવ મેલે શામળા	૨૧
અરેઅર કાનુડા તારૂ	૨૧

	પૃષ્ટ.
સદા તું દયાળ હું	૨૧
દેવા ભક્તનો ઇશતું	૨૨
કેટલા એક ભણી વાત	૨૩
કોણ આગળ જઇ	૨૨
શ્રવણે સુનો થયો	૨૩
દયા આણ દમોદરા	૨૩
પરણિને પારકે હાથ	૨૩
વિશ્વ પાલક કરૂં	૨૩
નંદના નંદન વાર	૨૪
પ્રથમ પ્રીત માંડી	૨૪
હાર મધુ સુદના	૨૪
હાર હૈયા વચે શુંરે	૨૪
હું જાચક તું દાતાર	૨૫
વાર થઇ વિઠલા	૨૫
જીરે ચોદશ જોઉ	૨૫
વિવિધ વિચારી	૨૬
મહા હઠીલો મુખથી ન બોલે	૨૬
સાસરે પધારોરે	૨૬
મારે તો નિરધનરે	૨૭
આધારને હું તોરે	૨૭
દામોદર દીનનેરે	૨૭
શામળીયા સનેહીરે	૨૭
મોરા જીવનજીરે	૨૮
શ્રીજી મારી વીનતિ	૨૮
સુર સેનાની વિનતી	૨૯
સખિયોરે જ્યારે	૨૯
કેદારો મુકવાને ચાલ્યા...	૩૦
દ્વારકા પધોત્યા કમળાવતી	૩૦
રામાનંદ સંન્યાસી એણીપેરે	૩૧
મારો વાલોજી રામ	૩૧
દામોદર દિલ માંહે વિચારે	૩૨
ભાગ્યનો ભોગ સામળીયા	૩૨
જાગ્યરે જાગ્યરે જદુપતિ	૩૨
ગત વાંચતાં હું ખંચાયો	૩૩
કમાડ કકડિયાને ગગન	૩૩
આકડિરે જો દ્વાર ઉઘાડો	૩૪
શ્રીદામોદરે કીધી દયા કરીને	૩૫
મારા ઠાકોર દામોદરે	૩૫
શ્રીદામોદરે કીધી દયા	૩૬
શ્રીદામોદરના ગુણગાતાં	૩૬

	પૃષ્ટ.
વાલાના ગુણ શાશા કહું	૩૬
કરજોડીને દાસ વિંનવે	૩૬
ઓળંભો અકળ નહી	૩૭
નિરખી લોક નગરના	૩૭
ધન્ય તું ધન્ય તું એમ	૩૭
ધન્ય તું ધન્ય તું એમ કહે	૩૭
સંસારનો ભય નિકટ	૩૮
મંડળિક આવી લાગ્યો	૩૮
કોણ એ સમાનાં કામની	૩૮
આવો અમારે દેશડે	૩૯
સાંભળો શામળીયાવાલા	૩૯
પ્રાણ પેં મુને વૈષ્ણવ	૪૦
હરીની ભક્તિ વિના જે	૪૦
ધન્યરે ધન્યરે જીવતર	૪૦
નરસઇયાને કીધી દયા	૪૦
તમારી કૃપા હવી મારાવાલા	૪૧
ગુરૂપદ વંદીરે વાણી	૪૧
એકતું એકતું એમ સૌકો	૪૧
ઉભીરે આળસ મોડે આજોને	૪૨
મોહ્યો છે મુનીવર રાયરે	૪૨
હરી આવ્યા છે નારીને વેશેરે	૪૨
ઘડપણ કેણે મોકલ્યું	૪૨

મીરાંબાઇ.

મુજ અબળાને મોટી	૪૪
કયાં ગયોરે પેલો મોરલી વાળો	૪૪
બોલમાં બોલમાં બોલમારે	૪૪
પ્રેમની પ્રેમની પ્રેમનીરે	૪૫
લેહ લાગી મને તારી	૪૫
કાલે પરણાવશું ગોપી	૪૫
હાંરે કોઇ માધવ લ્યો	૪૫
થનક થનક તાથેઇરે	૪૫
ગોવિંદો પ્રાણ અમારોરે	૪૫
કહાં ગયોરે પેલો મોરલીવાળો	૪૬
અજબ સલુણી પ્યારી	૪૬
ચાલને સખી મહી વેચવા	૪૬
ચાલને સખી મારો સ્યામ	૪૭
કઠણ થયારે માધવ મથુરાં જઇ.	૪૭
પુનમ કેરો પુર્ણ ચંદ્ર છે	૪૭
આતુર થઇછું મુખ જોવાને	૪૭

	પૃષ્ટ.
ખુટેલ ખરેખરો થાશેરે	૧૨૬
મનતું હજી શીખામણ માનરે	૧૨૬
નારણ ભકત.	
પંડીત પુરાણીરે	૧૨૭
દયારામ.	
ચીત્ત તું શીઢને ચીંત્તા ધરે	૧૨૮
સાંભળ શિક્ષા તું મનમારી	૧૨૮
જે કોઇ પ્રેમી અંશ અવતરે	૧૨૯
સાધુ શ્રમના કરશોરે	૧૨૯
સાચું તે સગપણરે	૧૩૦
મનજી મુસાફરરે	૧૩૦
માતાજીરે આજ આનંદ	૧૩૧
રાણી કીર્ત્તીજી પુછેરે	૧૩૧
હું તો આજ સખીઓ સંગે	૧૩૨
માતા જશોદા ઝુલાવે	૧૩૩
જે વીચારી જીવતારી	૧૩૫
વૈસ્ણવ નથી થયો તુંરે	૧૩૫
હરી જેવો તેવો હું દાસ	૧૩૬
પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય	૧૩૬
તારો અમુલખ અવસર જાયરે	૧૩૭
ભજને શ્રીહરીને	૧૩૮
ગર્ભવાસ રાખ્યોરે	૧૩૮
હરી તને પ્રસંન તે કેમ થાય	૧૪૦
મીરાં ચરીત્ર.	
વરિયા વરિયા શ્રી ગીરધલાલ	૧૪૦
રૂકમણી વીવાહ.	
પ્રથમ શ્રી ગુરૂપદ પ્રણમું ભીડું-૧	૧૪૨
વળતા શુકજી બોલીયા ભીડું-૨	૧૪૫
વળતા શુકજી તે વાણી ભીડું-૩	૧૪૭
રણછોડ ભકત.	
તમને આરાધું અન્નદેવ	૧૫૦
અંગરખું એક તારૂરે	૧૫૦
રણછોડજીનો ગરબો.	
છોગાળા છબીલા છેલ	૧૫૧
તારે મારે પ્રીત બંધાણી	૧૫૭
વનચર વીરા વધામણી	૧૫૭
હસીને બોલ્યા હનુમાનજી	૧૫૮

	પૃષ્ટ.
કહ્યું રે માનો મારા કંથજી	૧૫૮
રાવણ કહે મંદોદરી...	૧૫૯
કોઇ સુધ લાવો મારા નાથની	૧૫૯
સીતા વિજોગે શ્રીરામજી	૧૫૯
રઘુનાથજી રાજ બેસવા	૧૬૦
દીલમાં દીવો કરોરે	૧૬૧
હારછો હારછો હારછોરે	૧૬૨
છોટમ.	
જાગ્યરે જીવ અજ્ઞાન	૧૬૩
એક આધાર રાખે	૧૬૩
ભેદ જાણ્યાવિના ભાંતી	૧૬૪
એક કરતાર આધાર સરવે	૧૬૪
જગત કરતારને જીવ ભુલી	૧૬૪
અટપટો દેશ સરવેશ	૧૬૫
જોને જગત કરતારને	૧૬૫
નથી અજ્યાણું મારા નાથનું	૧૬૬
માનવ કોઇ માને નહી	૧૬૬
ઓ અણસમજુ જીવ	૧૬૬
ભુલ્યો શું ફરે ભમતો	૧૬૭
છે સુપનાની બાજી જગત	૧૬૮
જાયા તે જરૂર જવાના	૧૬૮
ભ્રાંતિયે જીવ ભમે છે	૧૬૮
શ્રીહરી સાથે એવો સંબંધ	૧૬૯
તું તો હરિ ભજ વલંબ ન કરરે	૧૬૯
તું તો શુદ્ધ વિચારે વાળ્યરે	૧૭૦
તારૂં જેતર હરણાં ખાય	૧૭૦
તું તો મનરૂપી મારગવશ	૧૭૦
કલ્યાણ.	
સગપણ સાચું સાનું ભાઇ	૧૭૧
કઇક કરમનો કરનારો તે	૧૭૨
હરી ભજવાનું ચોઘડીયું	૧૭૨
બ્રહ્માનંદ.	
પ્રાત થયુ મન મોહન પ્યારા	૧૭૨
રસીયાજી રાયે આગણે	૧૭૩
બાજઠ કનક તણે આવી	૧૭૩
જમો જમોરે મારા જીવન	૧૭૩
લાલ મનોહર લીજીએ	૧૭૩
રત્ન સીંહાસન ઉપરે	૧૭૪

	પૃષ્ટ.
અખણ્ડ પીયાજીની આરતી	૧૭૪
પ્રાણજીવન પધરાવીયા	૧૭૪
ધન્ય ધન્ય મારી આંખડી	૧૭૫
આજ મારે આનંદ અંતરે...	૧૭૫
હરીવર બેસી હાથીએ..	૧૭૫
શી કહું શોભા આજની...	૧૭૫
નારાયણ સુખકારી...	૧૭૬
અલખ પુરૂષ અવિનાશી...	૧૭૬
દાટયો રહેને ચોર દૈવના...	૧૭૬
બ્રહ્માનંદ કહે નરતન પામી...	૧૭૭
આ તન રંગ પતંગ સરીખો...	૧૭૭

ઋષિરાજ.

જુહુ જુહુ જીવતર બરૂ...	૧૭૮
ચાલે હમારી ચાલો...	૧૭૮
માયા માયા કરતો મુરખ	૧૭૮
ચોરા આવો છેલ છબીલા...	૧૭૯
જમદૂત નિત્ય ઝપાટારે...	૧૭૯
જણરો કાળ ઝપાટેરે...	૧૮
નિષ્ચે રહેવું નથીરે ..	૧૮૦
પકડે કાળ પલકમારે	૧૮૧
થોડો ફાટીન્ત કુણછે...	૧૮૧
તારા લેખમાં શો ભદ્રક	૧૮૧
તું તો ભણતરની જાળમાં...	૧૮૨
લાખ વાતની એક વાત લેજો...	૧૮૨
માયા મોહનની નારીરે...	૧૮૨
ઝરની પેઠે બાધુંરે...	૧૮૨
હથીયાર કાયરના કરમાં....	૧૮૩
માથે કોપી રહ્યો છે કાળરે...	૧૮૩
આભડ શેટમાં બુડયું બધું...	૧૮૩
જીવલડા આજ કે કાલે જાવું...	૧૮૪

અખો ભક્ત.

ફુટકળ અંગોના છપા...	૧૮૪

ભાલણ.

એણી વાટે ન જઇએ બાઇ...	૧૯૫
દુધ પીયો જાવા દો અમને...	૧૯૫
જાઓ નંદના ગેવાળીયા...	૧૯૬
ઉભી રહે આહીરડી...	૧૯૬
ચોરા આવો આહીરડારે...	૧૯૬

	પૃષ્ઠ.
બ્રમ્હાનંદ કેરી બેટી	૧૯૭
છબીલા નંદનારે	૧૯૭
કપટે આવી કામની	૧૯૭
માતાને મોહન ઘાવેરે	૧૯૮
નાશીને જાશો કેટલેરે	૧૯૯
બાઇ જાઓને ઘેર આપણે	૧૯૯
મહાવજી પૂછે વાત	૨૦૦
જશોદાજી છોડો કાનને	૨૦૦
નંદજીના ઘેર બાવા	૨૦૦
જશોદાજી છોડો સુંદર શ્યામને	૨૦૦
આવોરે બાઇ કૌતક જોવા	૨૦૧

વલ્લભ ભટ.

આજ મને આનંદ વાધ્યો	૨૦૧

માહાકાળીનો ગરબો.

માતું પાવાની પટરાણી	૨૦૮

આરાસુરીનો ગરબો.

અંબા માતારે વિનવું	૨૧૦

કળીકાળનો ગરબો.

પરમેશ્વરીને પાયે પડી હોબહુચરી	૨૧૨
સમરૂ સદા ભરપુર	૨૧૫
હુંતો નીચો નમી નમસ્કાર કરૂ	૨૧૫
જોમ તું રાખેરે આરાસુરી	૨૧૬
સહીયરોરે બહુચર માને જોઇરે	૨૧૬
મારા બહુચરાં જોયા વિના ન ચાલે	૨૧૬

રત્નો.

રત્નનાના મહીના	૨૧૬

રતનદાસ.

અથકેલેયો	૨૨૧

કૃષ્ણરામ.

કળીકાળનું વર્ણન.

કેશવકૃપા નિધાન.	૨૨૪

વીરવિજય.

હિતશિક્ષા.

સાંભળજો સજ્જન નરનારી	૨૩૬

ઉદય રત્ન.

સ્ત્રીઓને શીખામણ.

એક અનુપમ શીખામણ ખરી	૨૩૮

કુમુદચંદ્ર.

પૃષ્ટ.

પુરૂષને શીખામણ.

સુણસુણ કંથરે શીખ સોહામણી ૨૪૪

પ્રેમાનંદ.

વિવેકી વણજારો ૨૪૨

પ્રેમલદાસ.

હરી ભજવાનું ચોઘડીયું તે ફરી ફરી ૨૪૭

ભુખણભક્ત.

કશી વાતનો ખરખરો મન નાણો ૨૪૮
પીતા માત સંતાનને મીત્ર ભ્રાત ૨૪૮
ઘણા પુન્યના ભાવથી દેહ પામ્યા ૨૪૯
તમે અવતર્યા લક્ષ ચોરાશી વાર ૨૪૯
રમ્યા રંગ તે ગોપિકા સંગરાસ ૨૫૦

કબીર.

આંબો મોર્યોરે સદ્‌ગુરૂને દરબાર ૨૫૧
બંગલા ખુબ બન્યા મહારાજ ૨૫૧
રામરસ એસાહે મેરેભાઇ ૨૫૨
હો અબધુત એસા જ્યાન બીચારા ૨૫૨
હો અબધુત સો જોગી ગુરૂ મેરા ૨૫૨
એસા ગુરૂ જ્યાની હમકુ ૨૫૩
મારગ ભુલ્યોરે બટોડા ૨૫૩
આગે પીછે સૌ ચલે ૨૫૪
હારે જીણે આપકું જ્ન્યેા નહી ૨૫૪

સુરદાસ.

બલહીરે તને હરિ ગુણગાતાં ૨૫૫
કે તે ગયે જખમાર જગતમેં ૨૫૫
જીવ સૌ નરકેસે ૨૫૫
સુનો મેં ભક્ત બરછલ ૨૫૬
અયંઓ અન્ય લોકનકો આવે ૨૫૬
મોરલી તું બોહોત ગુમાન ભરી ૨૫૬
શ્યામ તેરી મોરલી માનકી બન્નકુ ૨૫૬
મનરે તું કેહી બીરીયાં સમજ્યેા ૨૫૭
કેતે દિન હરી સમરન બીન ખોયેા ૨૫૭
અબતો સાચે કલજુગ આયેા. ૨૫૭
તજમન હરી વિમુખકો સંગ. ૨૫૭
રામ શું કર હેતરે. ૨૫૭
કયુરે નીંદભર સોયા ૨૫૮
બંસરી બજાઇ આજ. ૨૫૮
મેરે તો ગીરધલાલ. ૨૫૮

દ્વારકો.

આજ મારે આંગણીયે પેલો. ૨૫૮
આવ અંતની પ્રીત છે મારે. ૨૫૯
વસંત રૂતુમાં આનંદ મારા વાલા. ૨૫૯

પૃષ્ટ.

છાંટેછે પીચકારીરે ૨૫૯
જીવતારી શી ગતી થશે. ૨૬૦
તું કાં ભુલ્યેા સમજુ થઈ. ૨૬૦
ચેતીલે ચેત્યાનો અવસર. ૨૬૧

દેવાનંદ.

કર પ્રભુ સંગાથે દ્રઢ પીનડીરે. ૨૬૨
મળયેા મનુસ્યનેા દેહ ચિંતામણી. ૨૬૨
તારા મનમાં જાણે છે મરવું નથીરે. ૨૬૩
તારા માંથે નગારા વાગે મોતનારે. ૨૬૩
ભજ્યેા નહી ભગવાનનેરે. ૨૬૩
માત પીતાને બાધ દિકરા ૨૬૪
આવ્યું બુઢાપણ અગમાં ૨૬૪
તેને તજી જાવું એકલાં. ૨૬૪
જનમ સંગાથી વીસાર્યા જગદીશનેરે. ૨૬૪
ભવસાગરનો પાર ન આવે પ્રભુવિના. ૨૬૫
મગપણ સાચું જાણે શ્રીધનશ્યામનુંરે. ૨૬૫
દેખ વિચારી દિલમાં તારા દેહનેરે. ૨૬૫
હૈયાના ફુટયા હરી સંગે હેત ન કીધું. ૨૬૫
દુનીયામાં ડાહ્યેા ડાપણમાં દુઃખ પામે. ૨૬૬
અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી. ૨૬૬
પામર તે પ્રાણી વીસાર્યા વનમાળી. ૨૬૬
આવો રૂડો અવસરરે ઓળખવા એકહરી. ૨૬૬
કાયા માયા કુડીરે રાખી. ૨૬૭
કાળ તારી કેડેરે આયુસ્યને. ૨૬૭
પ્રભુભજ પ્રાણીરે કે કીધી. ૨૬૭

ઇચ્છારામ.

ચાલેા જઇયે દરશન કરવા. ૨૬૮

કૃસ્ણાખ્યાન.

સીતાજીની કાંચળી.

પંચવટીમાં સરોવર તીરે રમતાં સીતા. ૨૭૦

સુભદ્રાની કંકોતરી.

કંકુ છાંટી કંકોતરી મોકલે. ૨૭૫
કયાંના તે આવ્યાં બીડલાં. ૨૭૬
શીરોહીનો સુલતાન. ૨૭૬
ભમરા પહેલેા વધાવેા મારે આવીયેા. ૨૭૬
આની તેડે ગંગાયે પેલી તેડે. ૨૭૭
લાડકડી ચડીરે કમાડ બાળાવરને. ૨૭૭

ત્રીભોવન.

જેને રામ રાખેરે તેને કોણ મારી શકે. ૨૭૮
અલખગુરૂ શેવારે શેવાથી. ૨૭૮
મનભટકા મારેરે જ્ઞાન ઘોડે લગામનથી. ૨૭૯
અલપમતી માહારીરે પ્રભુજી લેજ્યે ઉગારી. ૨૭૯

અનુક્રમણીકા સમાપ્ત.

કાવ્યદોહન.

વિભાગ. ૧ લો.

નરસિંહ મેહેતો.

જુનાગઢનો વડનગરો નાગર–ગુજરાતનો
સૌથી જુનો ભક્ત કવિ.

પદ ૧ લું.–રાગ પ્રભાત.

જાગ્યને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં કુણ જાશે ?
ત્રણશે ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડોરે ગોવાળિયો કુણ થાશે ? જા.
દહિતણાં દૈથરાં, ઘીતણાં ઘેણરાં, કઢિયલ દૂધ તે કુણ પીસે ?
હરિ તાર્યો હાથયો, કાળિનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કુણ લેશે ? જા.
જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરીસી મોરલી કુણ વાશે ?
ભણે નરસૈયો તારા ગુણ ગાઇ રીઝિયે, ખૂડતાં બાંહેડી કુણ સહાશે ? જા.

પદ ૨ જું.

સમરને શ્રીહરી, મેલ્ય મમતા પરી, જોને વિચારિને મૂળ તારૂં;
તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યો, વગર સમજે કહે મ્હારૂં મ્હારૂં. સ.
દેહ તારી નથી, જો તું જુગતે કરી, રાખતાં નવ રહે નિસ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવનવાં બહુ થશે, પુત્ર કલત્ર પરિવાર વ્હાએ. સ.
ધનતણું ધ્યાન તું, અહોનિશ આદરે, એજ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા, તેને નવ પરખિયો, હાથથીબાજીગઇથયોરેખોટી. સ.
ભરનિંદ્રા ભરયો, રોંધિ ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણિ કાં ન જાગે;
ન જાગતાં નરસૈયા લાજ છે અતિ ઘણી, જન્મોજનમતારીખાંતભાગે. સ.

પદ ૩ જું.

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસુ, જેથકી જન્મનાં દુઃખજાયે;
અવર ધંધો કરે, અરથ કાંઇ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વહાયે. ધ્યા.
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણનાં ચરણમાં, શરણ આવે સુખપાર જોયે;

અવર વેપાર તું, મેહેલ્ય મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મડોયે. ધ્યા.
પટક માયા પરી, અટક ચરણે હરી, વટક્ય માં વાત સુણતાંજ સાચી;
આશનું ભવન આકાશ સૂધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી. ધ્યા.
અંગ જોબન ગયું, પલિત પિંજર થયું, તોય નચી લ્હેતો શ્રીકૃષ્ણકહેવું;
ચેતરે ચેત દિન, ચાર છે લાભના, લીંબુ લ્હેંકાવતાં રાજ લેવું. ધ્યા.
સરસ ગુણ હરિતણા, જે જનોઅનુસરયા, તેતણાસુજશતોજગતબોલે;
નરસૈયા રંકને, પ્રીત પ્રભુ શું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે. ધ્યા.

પદ ૪ થું.

હરિતણું હેત તને, કયમ ગયું વીસરી, પશુરે કેડીને નરરૂપ કીધું;
હાડ ને છેડ કરિ, સહુ તનેં હાંકતું, આજ વધારીને માન દીધું. હ.
ઘાંચીનું ગાળિયું, કંઠથી ટાળિયું, નેત્રના પાટા શ્રી નાથે છોડ્યા;
તેતણાં ચરણને, નવ ભજ્યો કૃતઘ્ની, તેં ન ગુણ પાડનાહાથ જોડ્યા. હ.
પગ ઠોકી કરી, માગતો મૂઢ મતી, ઘાસ પાણી કરી શબ્દ ઝીણા;
આજ ગોવિંદ ગુણ, ગાઇને નાચતાં, લાજ આવે તને કર્મહીણા. હ.
લાંબીશી ડોક ને કાંકોલ ચાવતો, ઉંટ જાણી ઘણો ભાર લાદે;
આજ અમૃત જમે, હરખે હળવો ભમે, વૈકુંઠનાથને નવ આરાધે. હ.
પીઠ અંબાડી ને, અંકુશ માર સહિ, રેણું ઉડાડતો ધરણી હેઠો;
આજ ચુવાચંદન, આભરણ અંગ ધરી, વેગે જાય છે તું વેહેલે બેઠો. હ.
અન્ન ને વસ્ત્ર ને ભૂષણ સર્વ જે, તેહનો તૂજને હતો ઉધારો;
નરસૈના સ્વામિયે સર્વ સારૂં કર્યું, તે પ્રભુને તંમે કાં વિસારો. હ.

પદ પંચમું.

કૃષ્ણ કિરતન વિના, નર સદા સૂતકી, વિમળ કીધેવપૂ શુદ્ધ ન થાયે;
સકળ તીરથ શ્રીકૃષ્ણ કીર્તન કથા, હરિતણા દાસ જ્યાં હેતે ગાયે. કૃ.
પૂર્ણ પુરુષોત્તમ, નવલ રંગી તજી, અન્ય દેવે જેનું મન મોહે;
કોટી ચિંતામણિ, કામધેનુ તજી, મહિષિનાં મુત્રનું દૂધ દોહે. કૃ.
ગર્ગ જોશી જશ, ગાય જેનો સદા, નારદ નામ મુખથી ન મૂકે;
તે બ્રહ્મ દ્વાર આવીને ઉભા રહ્યા, ગોપિકા મૂખ જોવાને ઢુકે. કૃ.
અજ, ભવ, સુરપતિ, સ્વપ્ને પેખે નહીં, નેતિનેતિ કહી નિગમવામે;
નરસૈયો રંક, જશ ગાઇને રીઝવે, સહસ્ર મુખે શેષ પાર ન પામે. કૃ.

પદ ૬ ઠું.

હરિ હરિ રટણ કર, કઠણ કળિ કાળમાં, દામ બેસે નહીં કામ સરશે;
ભક્ત આધીન છે, શ્યામસુંદર સદા, તે તારાં કારજ સિદ્ધ કરશે. હરિ.
અલ્પ સુખ સારૂ શું, મૂઢ ફૂલ્યો ફરે, શીશપર કાળ રહ્યો દંત કરડે;
પામર પલકની, ખબર તુજને નહીં, મૂઢ શું જોઇને મૂછ મરડે. હરિ.
પ્રૌઢ પાપે કરી, બુદ્ધિ પાછી ફરી, પરહરી થઇ શું ડાળે વળગ્યો;

ઇશને ઇર્ષા, છે નહીં જીવપર, આપણે અવગુણે રહ્યો રે અળગો. હરિ.
પરપંચ પરહરો, સાર હૃદિએ ધરો, ઉચરો હરિ મુખે અચળવાણી;
નરસૈયા હરિતણી, ભક્તિ ભૂલીશ માં, ભક્તિવિના જિન્જું ધુળધાણી. હરિ.

પદ ૭ મું.

આપજી પાપ મેં કવણ કીધાં હશે, નાગ લેતાં તારૂં નિંદ્રા આવે;
ઉંઘ આલસ્ય, આહાર મેં આદરયો, લાભવિના લવ કરવી ભાવે. આપ.
દિન પુંઠે દિન તો, વહી જાય છે, દુરમતીનાં મેં ભર્યા રે ડાલાં;
ભક્તિ ભૂતલ વિષે, નવ કરી તાહરી, આંડ્યાં સંસારનાંથોથાંઠાલાં. આપ.
દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં, ભીડભંજન તારૂં નામ સાચું;
ફરિ ફરિ વરણવું, શ્રીહરિ તુજને, પતિતપાવન તારૂં નામ જાચું. આપ.
તારી કરુણાવિના, કૃષ્ણ કોડામણા, કળ વિકળનું બળ ન ફાવે;
નરસૈયા રંકને, જંજના તાહારી, હેડ બેડો ભગો શરણ આવે. આપ.

પદ ૮ મું.

તારા દાસના દાસની, નિત્યસંગતવિના, ભ્રષ્ટ થાય ભૂંધરા મન મારૂં;
દુષ્ટની સંગતે, દુષ્ટ મતિ ઉપજે, શ્રવણ કીર્તન નવ થાય તારૂં. તા.
પૂર્ણ વિષપાનથી, દુરિજન દોહેલા, વિષ પીધે તન તેજ મરશે;
તુજથકી વેગળા, તેહની સંગતે, જન્મ કોટીતણાં સુકૃત હરશે. તા.
અમૃતની ઉપમા, સાધુને નવ ઘટે, રાહુનિ દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્લાદ નારદે ગર્ભસંગત કરી, વશ કરયા વૈકુંઠનાથ જેણે. તા.
ચતુરધા મુક્તિ છે, જૂજવી જૂક્તિની, તાહારી તેહને નવ રાચે;
એહુ કર જોડીને, નરસૈયો વીનવે, જન્મોજન્મ તારિ ભક્તિ જાચે. તા.

પદ ૯ મું.

સારમાં સાર અવતાર અણગાતણો, જે બળે બળિભદ્ર વીર રીઝે;
પુરુષપુરુષાતન, શું કરૂં હે સખી, જેથી નહિ માહરૂં કાજ સીજે. સાર.
મુક્તિ પર્યન્ત તો, પ્રસિ છે પુરુષને, સત્ય ને સેવકભાવ રાખે;
રસભર્યુ રૂસણું, નાથ નોહસે કરે, તે નહીં નારી અવતાર પાખે. સાર.
ઇન્દ્ર આદિક અજ ઇશ ને મહા મુની, ગોપિકા ચરણજ તેહ વંદે;
ગોપિથી આપનું, અધમપણું લેણવે, નરપણું નવ રૂચે આપ નંદે. સાર.
વેદ, વેદાંત ઉપનિષદો ખટ મથી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્યનિધિ લોભની ભોગવે, અહોનિશ અનુભવ સંગ લીધો. સાર.
સ્વપ્ન સાચું કરે, ગિરધર શ્યામળો, પ્રણમું હું પ્રાણપતિ પાણનેડી;
પંથનું જેમ પશું, પુંહળ વળગ્યું ફરે, નરસૈના નાથજી નાથ તોડી. સાર.

પદ ૧૦ મું.

રાત રહે જ્યારે, પાછલી ઘટ ઘડી, સાધુ પુરુષને સૂઇ ન રહેવું;
નિંદ્રાને પરહરી, સમરવા શ્રીહરી, એક તું એક તું એમ કહેવું. ટેક.

જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગતજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા. રા.
સુકવિ હોય તેણે સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારિયે કંથને પૂછવું, કંથ કહે તેનતો ચિત્ત ધરવું. રા.
આપણે આપણા, ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી. રા.

પદ ૧૧ મું.

નંદના નંદશું, નેહ જેને નહીં, તેરે માનવ અર શ્વાન તોલે;
ભૂતળ ભાર કરવાને એ અવતરયા, પ્રેતની પેરે સંસાર ડોલે. નં
દૃષ્ટીથકી ટળો, ભોગ તેના બળો, શિલા પડો તેના મુખ માથે;
જીવતા જન તે તો જમ જેવા જાણવા,પ્રીત નહિ જેહને કૃષ્ણ સાથે. નં
કીર્તી શ્રીકૃષ્ણની, જીભથી નવ ભણે, તેરે મુખે દેવરાય તાળું;
ભણે નરસૈયો જેણે, હરિને જાણયા નહીં, તેહનું કુટુંબ સદાય કાળું. નં

પદ ૧૨ મું.

પ્રેમરસ પાન તું, મોરના પીછધર, તત્વનું હુંપણું તુચ્છ લાગે,
દૂબળા ઢોરનું, કૂશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે. પ્રેમ.
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહીં, શુકજીયે સમજી રસ સંતાડયો.
જ્ઞાન વૈરાગ્ય કરિ ગ્રંથ પૂરો કરયો, મુક્તિનો માર્ગ સૂધી દેખાડયો. પ્રેમ.
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિરે જોગી;
પ્રેમને જોગ તો, વ્રજતણી ગોપિકા, અવર વિરલા કોઇ ભક્ત ભોગી. પ્રેમ.
પ્રેતને મુક્તિ તો, પરમ વલ્લભ સદા, હેતુના જીવ તે હેતુ તૂટે,
જન્મોજનમ લીલારસ ગાવતાં, લહાણુનાં વહાણ જેમ દ્વાર છુટે. પ્રેમ.
મેં ગ્રહ્યો હાથ ગોપિનાથ ગરવાતણો, અવર બીજું કાંઇયે ન ભાવે;
નરસૈયો મહામતી, ગાય છે ગુણ કથી, જતિ સતિને તો સ્વપ્નને ન આવે. પ્રેમ.

પદ ૧૩ મું.

બળિતણે દ્વારે હરિ, વિપ્ર વામન હુવા, વેદની ધુન ગઇ ગગન ગાજી;
ઇંદ્ર પ્રસ્થથિ બળિ, આવ્યો ઉતાવળો,જેરે જોઇયે તે દ્વિજ લ્યોને માગી. બ.
એક પર્ણકુટિતણો, ઠામ ભણવા કરૂં, બોલવું તે મારે મૂળ સાચું;
વિપ્ર ફરે ઘણા, લોભના વાહેલા, દાન માટે ઘણો હું ન રાચું. બ.
લ્યોને દ્વિજજી તમે, નવનવાં મંદિરો,ભૂમિ શું માગીરે ત્રણ કદમાં;
લ્યોજી ભંડાર બહુ,કુંચિયો સહિતવળિ,માગો હસ્તીમારા રાખોઘરમાં. બ.
હસ્તી ભંડારને, હું લેઇ શું કરૂં, લોભિયાની નથી જાત મારી;
આગે વિધાતાયે, વામન નિરમ્યો, વ્રતે રહેવું મારે બ્રહ્મચારી. બ.
ચેતજે તું બળી, શુક કહે છળ પડયો, વિષ્ણુ એ વામન વેશધારી;
અસ્વજગન સમે, દાન અવનીતણું, પાત્ર એવું કયાં મળે મુને મુરારી. બ.

હરિતણા ચરણ ઉપર નિર નામતાં, નાળમાં ભ્રગુસુત પેઠો ચાલી;
રીસ હૃદય ધરી, ઘણું ઘણું રાયજી, નેત્રમાં દર્ભની શેર ઘાલી. ણ.
ણાપડો ણળિરાય, પગતળે ચાંપીયેા, પ્રભુ પાતાળનેા કરીને થાપ્યેા;
ભણે નરસૈયેા હરિ, ભક્ત આધીન છે,ઇંદ્ર અવિચળ અધિકાર આપ્યેા. ણ.

પદ ૧૪ મું.

ધ્યાન ધર ધ્યાન ધર, નંદના કુંવરનું, જેવકી અખિલ આનંદ પામે;
અષ્ટ મહા સિદ્ધિ તે, દ્વાર ઉભી રહે, દેહના દુકૃત તે દૂર વામે. ધ્યાન.
મોરનાં પીંછનેા, મુગટ મસ્તક ધરે, કુંડળ મકરાકૃત શ્રવણ લળકે;
નિલવટ તિલક તે, સુભગ કેસરતણું, કંઠ મુક્તાફળ હાર ઢળકે. ધ્યાન.
પીતાંબર પલવટ, કટિતટ રૂચિર છે, લલિત ત્રિભંગી વહાલેા વેણુ વાયે;
કદમનાં દ્રુમતળે, રાધિકા રસ ભરી, હરજીને સંગ આલાપિ ગાયે. ધ્યાન.
મોરલીની ધુની સુણી, વનિતા વ્યાકુળ થઈ,ગોપિકા કેરડાં વૃંદ આવે;
નરસૈયાને મન, આનંદ અતિ ઘણેા, પુષ્પ મુક્તાફળ લેઇ વધાવે. ધ્યાન.

પદ ૧૫ મું.

શા સુખે સૂતેા સંભાર શ્રીનાથને, હાથ તે હરિ વિના કેાણ સ્હાયે;
તાત ને ભાત સુત, ભ્રાત ટોળે મળ્યાં, દોહિલી વેળા સૌ દૂર જાયે. શા.
ઉંધે મસ્તક હતેા, ઉગ્ર તપ આચરી, ભક્તિ કીધી ભગવાન કેરી;
અવતરી પાશ બંધાયેા માયાતણે, લંપટી લાલચે લીધેા ઘેરી. શા.
દિવસે ચેાદસ ભમ્યેા, રાત નિદ્રા વિષે, સ્વપ્નમાં સાંભરે મેાટી માયા;
પલક પરવાર નહિ,હરીને ભજવાતણેા,જ્યાં લગી જીવ સંજેાગ કાયા. શા.
ધન ધામે કરી, મેાહિ રહ્યેા લેાભિયેા, વેદના વીસરી ગર્ભ કેરી;
નાથ ત્રિલેાકના, હરિ ન સંભારિયા, જ્યારે રાખ્યેા તેા જઠરામાં ઘેરી. શા.
જાગ્યરે જીવડા, વાજ આવ્યેા ઘણું, કેટલેાએક પ્રતિબેાધ દીજે;
નરસૈના સ્વામીને નિત્ય સંભારતાં, દેહનાં દુકૃત દૂર કીજે. શા.

પદ ૧૬ મું.

સાધુ સાચે ભળે, ચરણ ગેાવિંદનાં, માનવી દેહ તે તત્વ કહિયે;
કૃષ્ણ કહેા કૃષ્ણ કહેા,વળિ વળિ કૃષ્ણકહેા,કૃષ્ણ કહેતાં સઉ સૂખ લહિયે. સાધુ.
કૃષ્ણ સેવાતણી, અમર ઇચ્છા કરે, મૂઢમતિ માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રખે, હૃદયથી વીસરે, ધન્યમાં ધન્ય કૃષ્ણ જ પ્રમાણે. સાધુ.
જેને જેવા મહા મુનિજન વન ભમે, વિઠ્ઠલેા વનમાં ગાયેા ચારે;
ભણે નરસૈયેા જે ચતુર નર તે ખરા, અહરનિશ કૃષ્ણ શ્રીકૃષ્ણ ધારે. સાધુ.

પદ ૧૭ મું.

પારકી હુંશે મહતા કરે પ્રાણિયા, પુણ્ય પાણી સર્વ વાત ખેાટી !
કે તેં તેા કર્ષણ કેાદરા વાવિયા, ક્યાંથી જમે તું તેા દાળ રેાટી ! પારકી.
કે તેં તેા દાન કદી આપ્યું અન્નતણું, ક્યાંથી દૂહે તું તેા ઘેર ઝેાટી !

કે તેં તો કથિર સોનારને આપિયું, ક્યાંથી પેહેરે તું તો કનકટોટી ! પારકી.
પુણ્યથી રિદ્ધિ છે, પુણ્યથી સિદ્ધિ છે; પુણ્યથી પેહેરશો ડગલો ડોટી;
ભણે નરશૈયો તું, પુણ્ય કર પ્રાણિયા, પુણ્યથી પામશે પદવી મોટી. પારકી.

પદ ૧૮ મું.

ધન્યરે ધન્ય મહા પુણ્ય જશોદાતણું, પુત્રભાવે પરિબ્રહ્મ રાજે;
નંદનો નંદ આનંદ થઇ અવતરયા, શેષ બળિભદ્ર સંગે બિરાજે. ધન્યરે.
અમર આહીર અરધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સર્વ ઋષીરાણી;
ભક્તિ તે રાધિકા, મુક્તિ જશોમતી, વ્રજ વૈકુંઠ તે વેદવાણી. ધન્યરે.
નિગમ વસુદેવજી, ગાય ગોપી ઋચા, દેવકી બ્રહ્મવિવાદ કહાવે;
બ્રહ્મા કરલાકડી, વેણુ મહાદેવજી, પંચવદન કરી ગાન ગાવે. ધન્યરે.
ઇંદ્ર અર્જુન અહંકાર દુર્યોધન, દેવતા સર્વે અવતાર લીધો;
ધર્મ તે રાય યુધિષ્ઠિર જાણુજો, દાસનો દાસ નરશૈને કીધો. ધન્યરે.

પદ ૧૯ મું.

ઉઠ ઉતાવળો, ચાલ્યને વિઠ્ઠલા, ગોવિંદ ગાયને વચ્છ ધાયે;
જગ્યને જગદવા, જનની જશોદા વદે, કહાન કાં ઘણી તને નિંદ્રા આવે. ઉઠ.
દંતધાવન કરો, આળસ પરહરો, રજની તિમિર ગયું પોહો ફાટયું;
કુરને કરમળો, શે ન શીરાવતો, દહિરે દામોદરા થાય ણાટું. ઉઠ.
બારણા બહાર બળિભદ્ર ઉભા રહ્યા, જોરે વેહાલા તારી વાટ જોયે;
નરશૈના સ્વામિનું, મુખડું દીઠડે, માતાનું મનડું અતિરે મોહે. ઉઠ.

પદ ૨૦ મું.

મારા નાથજી મુજને, ભક્તિ દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો;
ભક્તિ આપી ભલા, ભાવથી ભૂધરા, અંતે આવી અહોનીશ રહેજો. મારા.
ભક્તિ કારણ મારો, દેહ દુર્બલ હજો, દેહકારણ રખે સ્નેહ જાયે;
આજ મન સાથ જદુનાથ જો વીસરે, વળતી વલે મારી કુણ થાયે. મારા.
કર્મ કુડાં કરી, ખાણ ચારે ભરી, નાસવા નીસરયો નામ ણારી;
કૃષ્ણ કિર્તન વિના, જન્મ જાયે વૃથા, જેમ રહે જુગટે સિદ્ધિ હારી. મારા.
હું ગર્ભ નાના ફરયો, નિત્ય ઉજાગરો, નવ કર્યો નાથજી શરણ પાખે;
ભવવિષે બુડતાં ચાર ને બુમ નહિ, બાંહ્ય ગ્રહી મુજને કોણ રાખે. મારા.
અલ્પ આયુષ્યમાં, કલ્પના મનુષ્યને, આજ કીધું વળી કાલ કરવું;
શ્વાસનો શો વિશ્વાસ નહિ નિમિષનો, આશ અધુરી અને એમ મરવું. મારા.
ઉત્તમ મધ્યમ, વરણ તું વિઠ્ઠલા, પ્રકટ થઇને દરશન પમાડો;
નરશૈયા રંકને, ટંક કરૂણા કરો, દીનબંધુ વળ્યો આંક આડો. મારા.

પદ ૨૧ મું.

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીંરે;
પુણ્ય કરી અમરા પુરી પામ્યા, અંતે ચોરાસી માંહીંરે. ભૂતળ.

હરિના જન તો મુકિત ન માગે, માગે જન્મોજન્મ અવતારરે;
નિત્ય સેવા નિત્ય કિર્તન ઓચ્છવ, નિરખવા નંદકુમારરે. ભૂતળ.
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયારે;
ધન ધન્યરે એનાં માત પિતાને, સફલ કરી એણે કાયારે. ભૂતળ.
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસીરે;
અષ્ટમા સિદ્ધિ આંગણિયેરે ઉભી, મુકિત છે એમની દાસીરે. ભૂતળ.
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગીરે;
કાંઇ એક જાણે વ્રજનીરે ગોપી, ભણે નરસૈયો ભોગીરે. ભૂતળ.

પદ ૨૨ મું.

આંખ અણિયાળી સઉકો આજે, આંત્યામાં ઘણો વેહેરો રે;
જ્યાંલગિ પિયુ પ્રેમે ન બોલાવે, આભરણ સઘળાં ડેહેરા રે. આંખ–ટેક.
મોહો મચકોડે મોહન ન રીઝે, હૃદયાભ્યંતર જોય રે;
આવળ કેરાં ફૂલ અતિ સુંદર, શીશ ન ધાલે કોય રે. આંખ.
સાચે મને અને સત્યવાદે, સદા શામળિયો રાચે રે;
નરશૈયાના સ્વામીનો રસ ઊંડો, ભરિ લેવો ઘટ કાચે રે. આંખ.

પદ ૨૩ મું.

મન માન્યું શામળિયા સાથે, વશ કરિ નેણની સાને રે;
બોલ્યું ન ગમે બીજા કોનું, કામણ કીધાં કહાને રે. મન.
મોરલી વનડે જેમ વેધાયે, મૃગનાદ સાંભળિ કાને રે;
તેમ વેધાઈ રહ્યું મન મારૂં, ગોવિંદજીને ગાને રે. મન.
જે જે રાગ જેને હોય વલ્લભ, તે રીઝે તેને તાને રે;
નરશૈો રીઝે મન ભીને, હરિરસ અમૃત પાને રે. મન.

પદ ૨૪ મું.

એક ગમે ગોપીનો વહાલો, અવર બીજાનું મારે કામ કશું;
બાપતણા સમ બાઇને કહું છું, નંદલાલ વસ્યે ગામ વસ્યું. એક.
શામળિયો સુંદર વર સજની, તેને દેખી મારૂં મન વિલસ્યું;
એને મૂકી જે બિજાને ભજશે, તેનું કાળે * લાળે કરમ ઘસ્યું. એક.
છેલછબીલો ને છોગાળો, ગોઠડિયાળો ગુણ ભંડાર;
નરશૈયાનો સ્વામી શામળિયો, વૈષ્ણવ જન કેરો દાતાર. એક.

પદ ૨૫ મું.

તારા દાસના ચરણની, રેણુ મસ્તક ધરૂં, જેથકી કોટિ કલ્યાણ પામું;
નિરખતાં નેહશું, નેત્ર અમૃત ઠરે, ભવતણાં પાપ તે ક્ષણમાં વામું. ટેક.
ભક્તને ભેટતાં, કિલ્બિષ નવ રહે, જ્ઞાન દીપકથકી તિમિર નાસે;

---

* લીઆળો; કોલસો.

ધન્ય ધન્ય ભાગ્ય જે, સાધુ સંગત કરે, કૃષ્ણ કીર્તનથકી કૃષ્ણ ભાસે. તારા.
એક ક્ષણવાર જે, સતસંગત કરે, ધન્ય ઘડી જંતુની તેજ જાણો;
ભણે નરસૈયો, ભવસાગર બૂડતાં, હરિજન નાવ નિસ્ચે પ્રમાણો. તારા.

પદ ૨૬ મું.

ગિરિ તળાટી ને કુંડ દામોદર, ત્યાં મેહેતાજી નહાવા જાય;
ઢેઢ વરણમાં દૃઢ હરિભકતી, તે પ્રેમ ધરિને લાગ્યા પાય. ગિરિ.
કર જોડીને પ્રાર્થના કીધી, વિનતિતણાં બહુ વધારે વચંન;
મહાંત પુરૂષ અમારી અરજ એટલી, અમારે આંગણે કરોરેકિર્તન. ગિરિ.
પ્રેમ પદારથ અમો પામિયે, વામિયે જન્મ મરણ જંજાળ;
કર જોડતામાં કરૂણા ઉપજી, મેહેતોજી વૈષ્ણવ પરમ દયાળ. ગિરિ.
પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમ દૃષ્ટિને સર્વ સમાન;
ગૌમૂત્ર તુલસી વૃક્ષ લીંપને, એવું વૈષ્ણુવે આપ્યું વાઝ્યદાન. ગિરિ.
મેહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગિ ભજન કીધું, સંતોષ પામ્યા સઉ વૈષ્ણુવ. ગિરિ.
ઘેર પધાર્યા હરિ જશ ગાતા, વાતા તાળ ને શંખ મૃદંગ;
હસિ હસિ નાગર તાળિયો લે છે, આ શારે બ્રાહ્મણના ઢંગ. ગિરિ.
મૌન ગ્રહીને મેહેતાજી ચાલ્યા, અવધરાને શો ઉત્તર દેઉં;
જાગ્યા લોક નર નારી પૂછે, મેહેતાજી તમે એવા શું ? ગિરિ.
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઈ વિવેકવિચાર;
કર જોડીને કહે નરસૈયો, વૈષ્ણુવતણો મને છે આધાર. ગિરિ.

પદ ૨૭ મું.

એવારે અમો એવારે એવા, તમે કહો છો વળિ તેવા રે;
ભકિત કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવારે. એવારે.
જેનું મન જે સાથે બંધાણું, પેહેલું હતું ઘર રાતું રે;
હવે થયું છે હરિરસ માતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે. એવારે.
સઘળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળિ ભુંડો રે;
તમારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે. એવારે.
કર્મ ધર્મની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જેથકિ પામે, મારા પ્રભુનિ તોલે નાવે રે. એવારે.
હળવાં કર્મનો હું નરસૈયો, મુજને તો વૈષ્ણુવ વહાલા રે;
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે. એવારે.

પદ ૨૮ મું.

હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યારે;
મોટે મોટે મોટે મેં તો, મોતીડે વધાવ્યારે. હળવે.
કીધું કીધું કીધું મુજને, કાંઇક કામણ કીધુ રે;

લીધું લીધું લીધું મારૂં, ચિતડું ચોરી લીધું રે. હળવે.
જાગી જાગી જાગી હું તો, હરિ મુખ જોવા જાગીરે;
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવટ ભાગીરે. હળવે.
ફૂલી ફૂલી ફૂલી હું તો, હરિમુખ જોઇને ફૂલીરે;
ભૂલી ભૂલી ભૂલી મારા, ઘરનો ધંધો ભૂલીરે. હળવે.
પામી પામી પામી હું તો, મહા પદવીને પામીરે;
મળિયો મળિયો મળિયો મેહેતા, નરસૈયાનો સ્વામીરે. હળવે.

પદ ૨૯ મું.–દ્રૌપદીની પ્રાર્થના.

દ્વારકાના વાસીરે, અવસરે આવજોરે, રાણી રૂકમિણિકેરા કંથ;
દુષ્ટ દુર્યોધનરે, લાગ્યો મને પીડવારે, પ્રભુમારાચોદશન્યાળુંતારોપંથ. ટેક.
સોડ તાણીને રે, શું રે સુતો શામળારે, આળસ મોડીને ઉઠો આજ;
લક્ષ્મીજી તળાંસેરે, પાવન તારાં પાવલાંરે, અમપર મેહેરકરોમારાજ. દ્વા.
ગ્રાહ થકેારે, ગજ મૂકાવિયો રે, કીધી તમે સુધન્વા સહાય;
નરસિંહરૂપે રે હિરણ્યકશિપુ હણ્યોરે પ્રહલાદ ઉગાર્યો લાગ્યો પાય. દ્વા.
છપ્પનકોડ રે જાદવ તાહારા રે, સાથ બળિભદ્ર સરીખા ભ્રાત;
કાળીનાગ નાથ્યો રે, જરાસંધજીતિયોરે,તેબળકયાં ગયું મારા નાથ. દ્વા.
વસમી વેળામાંરે, વહારે ચડો વિઠ્ઠલારે, ધાજોતમેછત્રપતીનિરધાર;
અસવારી કરજોરે, ગરૂડની ઉપરે રે, નરસૈયો વિનવે વારંવાર. દ્વા.

પદ ૩૦ મું.

કોણ એ સમાના કામની, દત્ત ફળિયેલ રામા;
દ્રૌપદીની લજજા રાખવા, હરિ ઉભા છે સામા. કોણ.
વહાલોજી ગયાતા વાડિયે, સર્વે સુંદરી સાથે;
શેલડીની છોઇ ઉતારતાં, છરી ગેઠી છે હાથે. કોણ.
માનની મંદિર સિધાવિયાં, ચીંથરડું રે લેવા;
દ્રૌપદીએ ચીર વધેરિયું, હરિને હાથે બંધેવા. કોણ.
ત્રીકમે તેના તાંતણા, લળી રાખ્યા છે લેણે;
નવસેં નવાણું ચીર પૂરિયાં, સઘળી સભારે દેણે. કોણ.
ગરૂડે ચઢીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભકતઉદ્ધારણ ભૂધરો, મેહેતા નરસૈનો સ્વામી. કોણ.

પદ ૩૧ મું.

જદુપતી નાથ તે, મિત્ર છે તમતણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીત પૂરવતણી, હેત ધરશે હરી, મનના મનોરથ સફળ થાશે. જદુપતિ.
ઘેર બાળક સહુ, દુઃખ પામે બહુ, અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણાં;
નિરધન સરજિયાં, પુણ્ય કીધા વિના, કર્મના દોષ તે આવી પૂણ્યા. જદુપતિ.
જદુપતિ જાદવો, ભક્તિવશ માધવો, કરશે કરૂણા પ્રભુ દીન જાણી;

ગોમતી સ્નાનથી, કોટી અઘ નાશશે, નિર્ખતાં કૃષ્ણને પ્રેમ આણી. જદુપતિ.
કૃષ્ણને હળિમળી, શિઘ્ર આવો વળી, જાણશે દુઃખ અંતરજામી;
વિનતિ મનમાંધરો, આળસપરહરો, સહાય થાશે નરસૈનો સ્વામી. જદુપતિ.

પદ ૩૨ મું.

સાંભળો ભામિની, કાન ધરિ કામની, કવણ કહાવું હું કૃપણ પાપી;
ત્રિભુવન નાથ તે, મહિપતી માધવો, કેમ બોલાય ત્યાં વાત ચાંપી. સાંભળો.
દિવસ ઝાઝા થયા, બાલપણને ગયા, નરપતી નવ પ્રિછે પ્રીત જુની;
દુર્બલ રંક હું ભિક્ષુક બાપડો, નવ લહું ચોકશી બોટી ચુની. સાંભળો.
ઉગ્રસેન અક્રુર, ઓદ્ધવ છે ત્યાહાં, બળિભદ્ર ને અનિરૂદ્ધ પાસે;
કોટી જોદ્ધા જ્યહાં,ઉભો રહીશ કયાં, કોણ આવી મ્હારો હાથ સહાશે. સાંભળો.
જડિત રત્નો મણી, કાંતિ ભાસે ઘણી, તિમિર નાવે તેની જ્યોત પાસે;
ત્યાં કેમ બોલિ શકું, વેણુ વદતો થકું, ધમણ ધમતો રહું શ્વાસોશ્વાસે. સાંભળો.
મૌન બેસી રહો, સુખ દુઃખ સઉસહો, ભોગવો કર્મ જે ભાગ્ય ચોટયું;
હરિજન લોક તે, છોને લવતાં રહે, નરસૈંના સ્વામીનું બિરદ મોટું. સાંભળો.

પદ ૩૩ મું.

સ્વામિ સાચું કહ્યું, બોલવું નવ રહ્યું, કંથનાં વચન તે વેદ વાણી;
ભવતણું નાવ તે, ભક્તિ ભૂધરતણી, તેહ હું પ્રીછવું સ્નેહ આણી. સ્વામિ.
નથિ હરિ વેગળા, ભક્તિ ભાવે મળ્યા, રાય ને રંક તે એક ઘાટે;
લખપતી કોટિધ્વજ, મન નાણે રતી, શક્ર સરિખા ત્યાંહાં નહિરે સાહે. સ્વામિ.
બ્રહ્મણ્ય દેવ દયાળ શ્રીકૃષ્ણજી, નિજ જન જાણિને સૂધ લેશે;
પ્રીતની રીત તે, જાય નહિ વીસરી, બાળલીલાતણું ચરિત્ર કહેશે. સ્વામિ.
" નથી કાંઇ ઓઢવા, ભેટ લેઇ જવા, કેમ કરી જાણશે કૃષ્ણ કામી;
દત્ત નથિ આપણું, વદન લજ્જાણું, નિરખતાં લાજે નરસૈંનો સ્વામી " સ્વામિ.

પદ ૩૪ મું.

વીનંતી વળી કહું, ભેટ લાવી દઉં, પોતિયે તાંદુલ ગાંઠ બાંધો;
જાણશે ઘોડે ઘણું, ભાવ ભોજનતણું, ધન્ય કૃષ્ણ શું સ્નેહ સાંધો. વીનંતી.
ભિલડીનાં બોર તે, ભાવે આરોગિયા, જૂહું અન્ન આહિરનું લીધું;
ભક્ત વિદ્વરની, ભાજી ભાવે જમ્યા, ભૂપનું નોતરૂં પાછું કીધું. વીનંતી.
પેરે પેરે પાંડવ, કષ્ટ નિવારિયાં, ભક્ત કારણ કઇ દુષ્ટ તાર્યા;
ઉંચ ને નીચનું, એને છે પારખું, પતિત અધરમિ કંઈ કોટી તાર્યા; વીનંતી.
ભક્તિવશ વિઠ્ઠલો, સંત સાથે મળ્યો, સમોવડને નવ ચુકે ટાણે;
સંત સમરે ત્યહાં, આવી ઉભો રહે, ભક્તનાં મનતણો ભાવ જાણે. વીનંતી.
જાઓ વેગે કરી, નિરખો મુક્તિપુરી, ધન્ય ધન્ય તારૂણી સ્નેહ ન્યાળો;
નરસૈંના નાથનો, નિરખો નિશ્ચય કરી, કામનિયે કંથને બાંહે ઝાલ્યો. વીનંતી.

પદ ૩૫ મું.

ચાલિયેા વાટમાં, જ્ઞાનના ઘાટમાં, મિત્ર મેાહનતણું નામ લેતેા;
ધન્ય એ નાર અવતાર સફલ કરચેા, કૃષ્ણ હે કૃષ્ણમુખ એમ કહેતેા. ચાલિયેા.
માગવું મૃત્યુ પ્રમાણ છે પ્રાણિને, લેાભ કીધે ત્યાંહાં પ્રીત તૂટે;
કહ્યું મેં અબલા, સૂખે બેસી રહેા, માગતાં તેા ઘણેા મર્મ છુટે. ચાલિયેા.
માગિયું મેં નથી, શું મુખે કહું કથી. ભેાગવું કર્મ જે ભાગ્ય લાવ્યેા;
શ્રીપતિનાથે મને રંક સરજાવિયેા, એમ કરતેા દ્વિજ દ્વાર આવ્યેા. ચાલિયેા.
આવી ઉભેા રહ્યેા, કંઠ ગદગદ થયેા, કેાટી સૂરજ શશિ જ્યેાત ભાસે;
ઉર દયા આણિને, હરિજન જાણિને, પેાળિયે જઇ કહ્યું કૃષ્ણ પાસે. ચાલિયેા.
મંદિરે તેડિયા, ચાલિને ભેટિયા, ત્રિવિધિના તાપ તે સર્વ નાઠા;
હેમસિંહાસને, લેઇ બેસાડિયા, તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટયાં. ચાલિયેા.
તેલ ફૂલેલ મર્દન કરાવિયાં, શુદ્ધ ઉષ્ણેાદકે સ્નાન કીધું;
કનકની પાવડી, ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણેાદક શીશ લીધું. ચાલિયેા.
પુનિત પિતાંબર, પેહેરવા આપિયું, કનકને થાળે પકવાંન દીધાં;
ભાવતાં ભેાજન કૃષ્ણ હાથે કરચાં, લીધું આચમન ને કાજ સિધ્યાં. ચાલિયેા.
કૃષ્ણે પલંગપર, પેાતે પધારાવિયા, દધિસુતા વીંજણે વાયુ ભરતાં;
સત્યભામાદિક, નારી નિરખી રહી, નરસૈનેા નાથ પદસેવ કરતાં. ચાલિયેા

પદ ૩૬ મું.

ભાગ્ય જો જો બાઇ, કૃપણ ભિક્ષુકતણું, રૂકમિણી આદિ શૌ નારી બેાલે;
હળધર જોગ્ય તે, ભેાગ પહેાચાડિયા, અજ અંબરીષથી અધિક તેાલે. ભા.
આ કૃપણરૂપ તે, પ્રગટિયું કયાં થકી, વસ્ત્ર મેલાં દિસે કર્મ ફૂટયેા;
ત્રિગુણને દુર્લભ, સેજ રમાતણી, વશ કરી નાથને પાપ છુટયેા. ભા.
અંગ અતિ કમકમે, ધગણ મ્હેાડે ધમે, ઉધરશે ને વળી નાક લૂતેા;
જો જો કૈાતક હરી, દેહ દશા ફરી, કૃપણ તે કૃષ્ણને સંગ સૂતેા. ભા.
પહેાડીને ઉઠિયા, સ્નાને બેસાડિયા, વદન પખાળવા નીર દીધું;
કનક ઝારી ભરી, શીત જળ આપિયું, કનક કટેારે તે પાણી પીધું. ભા.
શ્રીમુખે બેાલિયા, કહેાને બાંધવ તમેા, બ્રહ્મચારી કે ગૃહધર્મકીધેા;
કુશળ છે બાલગેાપાલ સહુ તમતણાં, ભાગ્ય મેાટું મને ચિત્ત લિધેા. ભા.
ગૃહસ્થના ધર્મમાં, હુંય વળગી રહ્યેા, હું તે મારી વળી ગત્ય ભૂલ્યેા;
મિત્ર સુદામાની, શુદ્ધ લીધી નહીં, કામની કેફમાં હુંજ ફુલ્યેા. ભા.
સાંદીપનિ ગેારને, ઘેર આપણ ભણ્યા, ધન્યધન્યદિવસતેસફળકહાવ્યેા;
એક રેણી રહ્યા, વન વિષે આપણે, સર્પણ ભાંગતાં મેઘ આવ્યેા. ભા.
અન્ન લીધા વિના, ભૂખ્યા બેશી રહ્યા ગેારાણીએ આપણીપીડ જાણી;
વિસરી ગયું છે કે, વીર તને સાંભરે, સાંદીપનિ ગેારનીઅચળવાણી. ભા.
ભાભીએ ભેટ જે, મેાકલી મુંજ ભણી, ભાવશું ભાઇ તે લાગે મીઠી;

સંકોચતો ગાંઠડી, વિપ્ર આધી ધરે, નરસૈના સ્વામીએ નજરે દીઠી. ભા.

પદ ૩૭ મું.

છપ્પન ભોગ જ્યાં,કવણ તાંદૂલ ત્યાં, આપતાં ઊર સંકોચ આવે;
જે રે જોઇએ તે, આવી મળે, કૃષ્ણને, તાંદૂલ ભેટ તે તુચ્છ કહાવે. છ.
(પણ) ધાઇ લીધા હરી,મૂઠી તાંદૂલ ભરી,પ્રેમેઆરોગિયાતૃપ્તિપામી;
ઇંદ્ર કુબેરથી, અધિક વૈભવ કર્યો, રૂકમિણી કર ગ્રહ્યો શીશ નામી. છ.
એક રહ્યાં અમો, એક બીજા તમો, ભક્તને અઢળક દાન કરતાં;
પ્રેમદાએ પ્રેમનાં, વચન એવાં કહ્યાં, હાથ સહાયોત્રીજી મૂઠી ભરતાં. છ.
વનિતા વચન તે, વિપ્ર સમજ્યો નહીં, ચાલવા ઘરભણી શીખમાગી;
નરશૈને નાથે દુર્બળપણું ટાળિયું, ભૂખનાં દુઃખની ભીડ ભાગી. છ.

પદ ૩૮ મું.

વિપ્ર ચાલ્યા વળી, કૃષ્ણ સાથે મળી, ચિત્તમાં શોચી વિચાર કરતો;
આપ્યું તો કાંઇ નહીં, ત્રિઠ જાણી નહીં, તેતણો શોચ હૃદયે જ ધરતો. વિપ્ર.
અષ્ટ મહાસિદ્ધિતણી,રિદ્ધિનવનિધિતણી, સંપત્તિમાંરહ્યોભોગમાણી;
કામની કંથને હું, દ્વારિકાં આવિયો, અમતણી ત્રીઠ તો નવ જાણી. વિપ્ર.
બાલ ગોપાલ જે, વાટ જોતાં હશે, તેહને જોઇ અમો શું'ય કહેશું;
મિત્ર મોહનતણું, હેત જ્યારે પૂછશે, કામનીને ઉત્તર કેમ દેશું. વિપ્ર.
એમ ચિંતા કરે, નેત્રથી નિર ઝરે, કર્મની વાત મનમાંહિ ધારી;
નરશૈનો નાથ તો, અતિ ઘણો લોભિયો. પીતાંબરી પણ લીધીઉતારી. વિપ્ર.

પદ ૩૯ મું.

ધન્ય તું ધન્ય તું, રણછોડજી, દીન જાણી મને માન દીધું;
નહિ મુજ જોગ તે, ભોગ પહોંચાડિયા, આજઅંબરીષથીઅધિકકીધું. ધન્ય.
કનકને આસને, મુજને બેસાડિયો, રૂકમિણી કૃષ્ણનો હાથ સહાતાં;
હેત કરિ કરિ હરિ, ચરણ તળાંસિયાં, ષટ રસ ભોજનખાંતે ખાતાં. ધન્ય.
બાલપણાતણો,સ્નેહ નવ વિસરિયો, મિત્ર મોહનતણી પ્રીત સાચી;
હેતથી હળી મળી, માન દીધું મને, રંક બેસાડિયો કનક માંચી. ધન્ય.
ધન્યધન્ય કૃષ્ણજી, સંત સેવા કરી, ધ્યાન ધરતો હું નિજ દ્વારઆવ્યો;
રત્નજડિત મણિ, ભવન શોભા ઘણી, દેવ શું દ્વારિકા આહિં લાવ્યો. ધન્ય.
કનકની ભૂમિ ને રત્નના થાંભલા, અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાન ને પાન વિહાર સ્થાનક ઘણાં, કામની નિરખતાં કામ હીસે. ધન્ય.
સમ નવ વરસની, દીઠી ત્યાં સુંદરી, નારી નવનેખના બહુ રૂપાળી;
સોલ શણગાર તે, અંગ સુંદર ધર્યા, દેવ વિમાનથી રહ્યા નિહાળી. ધન્ય.
સહસ્ર દાસી મળી, દીયે વીંટી વળી, કામની કંથની પાસ આવી;
સ્વામી રે સ્વામી હું, દાસી છું તમતણી, ચાલોમંદિરવિષેપ્રેમલાવી. ધન્ય.
ગોમતીસ્નાનકરિ, કૃષ્ણજી નિરખિયા, પુણ્ય પ્રકટ થયું પાપ નાહું;

તેથકી સમૃદ્ધિ આ, સકલ તે સાંપડી, મટી ગયું આપણું ભાગ્યમાહું. ધન્ય.
કૃષ્ણ કહેતા તે નિજ ધામ પધારિયા, નવલ જોબન થયાં નરને નારી;
વિનતિ ઉચારતાં, રજનિ વીતી ગઇ, નરશૈના સ્વામીની પ્રીત ભારી. ધન્ય.

પદ ૪૦ મું.—પ્રભાતિયું.—નાગદમન.

જલકમલ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ. ટેક.
કહેરે બાલક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવિયો;
નિશ્ચય તારો કાળ જ ખુટ્યો, અહિંઆં તે શીદ આવિયો. જલ.
નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરિએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હું હારિયો. જલ.
રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો. જલ.
મારી માતાએ બેહુ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કહાનડો. જલ.
લાખ સવાનો મારો હાર આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો. જલ.
શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારો દોરિયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરિયો. જલ.
ચરણ ચાંપી મૂંછ મરડી, નાગણે નાગ જગાવિયો,
ઉઠોને બળવંત કોઇ, મારણે બાલક આવિયો. જલ.
બેઉ બળિયા બાથે વળગિયા, કૃષ્ણે કાલિનાગ નાથિયો;
સહસ્ત્ર ફેણા ફુંફવે જેમ, ગગન ગાજે હાથિયો. જલ.
નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લેઇ જશે, પછી નાગનું શીશ કાપશે. જલ.
બેઉ કરજોડીને વીનવે, સ્વામી, મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને. જલ.
થાળ ભરી શગ મોતિયે, શ્રીકૃષ્ણનેરે વધાવિયો;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો. જલ.

પદ ૪૧ મું.

જે ગમે જગતગુરૂદેવ જગદીશને, તે તણો અરેખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઇ નવસરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો. ટેક.
હું કરૂં હું કરૂં, એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે, સર્વ એણીપેરે, જોગી જોગેશ્વરા કોઇક જાણે. જે.
નીપજે નરથી તો, કોઇ ન રહે દુઃખી, શત્રુ મારીને શો મિત્ર રાખે;
રાય ને રંક કોઇ દૃષ્ટે આવે નહીં, ભવનપર ભવનપર છત્ર દાખે. જે.

ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા, માનવી ભૂર્ણ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં, જેહને જે લખ્યુ, તેહને તે સમે તે જ પોહોંચે. જે.
ગ્રંથ ગડબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મ વચનથી, આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂજે. જે.
સૂણ સંસારિ મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કરજોડી કરી,નરશૈંયો એમ કહે,જન્મપ્રતિ જન્મ હરિનેજ જાચું. જે.

પદ ૪૨ મું.

અખિલ બ્રહ્માંડમાં, એક તું શ્રીહરી, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શુન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ટેક.
પવન તું પાણિ તું, ભૂમિ તું ભૂંધરા, વૃક્ષ થઇ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી,અનેક રસ લેવાને, શિવથકી જીવ થયો એજ આશે. અ.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલવિષે ભેદ નહોય;
ઘાટ ઘડિયા પછી, નામ રૂપ જુજવાં, અંત્યે તો હેમનું હેમ હોય. અ.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ પાસે;
ભણે નરશૈંયો, એ મનતણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે. અ.

પદ ૪૩ મું.

શરિર શોધ્યા વિના, સાર નહિ સાંપડે, પંડિતા પાર નહિ પામો પોથે;
તાંદુલ મેલીને, તુષને વળગી રહ્યો, ભૂખ નહિ ભાગે એમ ઠાલે થોથે. શ.
રસના સ્વાદમાં, સર્વ રૂંધાઇ રહ્યા, વિગતિ ગુરૂ જ્ઞાન વિનારે ગુંથે;
વાણી વિલાસમાં, વિવિધ વાણી વડે, પરહરી વસ્ત્રને વળગે ચુંથે. શ.
શબ્દ શીખે ખરો, સકલ વિદ્યા ભણે, અધ્યાત્મ ઉચરે આવી ઓથે;
પ્રપંચ પિંડમાં રહ્યો, અહંકાર નવ ગયો આથડયો એમ અનંત કોઠે. શ.
શાસ્ત્ર કથા કહે, રજનિમાં આથડે એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરશૈંયો જે, ભેદ જાણી જુએ, મેં તો રચી કહ્યું પદ ચોથે. શ.

પદ ૪૪ મું.

જાગીને જોઉં તો, જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. ટેક.
પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઉપન્યાં, અણુ અણુમાંહિ રહ્યાંરે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડથકી ડાળ તે નહિ રે અળગી. જા.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડ્યા પછી, નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જા.
જીવ ને શીવ તો, આપ ઇચ્છાએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરશૈંયો એ, તેજ તું તેજ તું, એને સમર્યાથી કંઇ સંત સીધ્યા. જા.

પદ ૪૫ મું.

જુવાનીને દહાડેરે, હરિને જાણ્યા નહીંરે, મોહ્યું પરદારા સાથે મંન;

કાંઇકને મોહ્યોરે, કામનીના કટપમાંરે, કાંઈ એક જોડવા ધાયો ધંન. જુ.
પચીસ ને પચાસરે,પરપંચમાં ગયાંરે, દોહિલા આવ્યા સાઠ વર્ષના દંન;
સિતેરને સૂધીરે, કાંઈ સમજ્યો નહીંરે, પછે ચાલ્યો સાધન કરવા વંન જુ.
આંખડીએ ન સૂઝેરે,ગળે બહુ નાસિકારે,બોલે તે તો સંભળાય નહીં કરણ;
માયા તો ન મૂકેરે, તૂટે નહીં તૃષણારે, ઓળખાયા નહીં અશરણશરણ. જુ.
હાથમાં લાકડીરે, ચરણ ચાલે નહીંરે, તુટીને શિથિલ થયું છે તંન;
મુખમાંડી દંતરે, એકે દીસે નહીંરે, તોય પાપી ઉદર માગે અન્ન. જુ.
ભાગ્ય જેનું ભળ્યુંરે,આ અવસરને ઓળખ્યોરે;તે તો પ્રાણી કેહેવાય હરિનાજંન;
નરશૈંના સ્વામીનેરે, સુખમાં સંભારજોરે, જો હોય પેલા ભવનું પુન્ય. જુ.

પદ ૪૬ મું.

જ્યાંલગી આતમા તત્વ ચિન્યો નહીં, ત્યાંલગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વુંઠી. જ્યાં.
શું થયું સ્નાન સેવા ને પૂજાથકી, શું થયું ઘેર રહિ દાન દીધે;
શું થયું ધરિ જટા ભસ્મ લેપન કરે, શું થયું ÷ વાળ લોચન કીધે. જ્યાં.
શું થયું તપ ને તિરથ કીધા થકી, શું થયું માલ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યાથકી, શું થયું ગંગજલ પાન કીધે. જ્યાં.
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટદર્શન શેવાથકી, શું થયું વરણના ભેદ આણે. જ્યાં.
એ છે પરપંચ સહુ, પેટ ભરવાતણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરશૈંયો કે, તત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો. જ્યાં.

પદ ૪૭ મું.—રાગ વેરાવળ.

સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં. સુખ દુઃખ–ટેક.
નલ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી. સુખ દુઃખ.
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રોપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી. સુખ દુઃખ.
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી. સુખ દુઃખ.
રાવણ સરિખો રાજીયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુંટાણી. સુખ દુઃખ.
હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારા લોચનિ રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નિચ ઘેર પાણી. સુખ દુઃખ.
શિવજી સરખા સતા નહીં, જેની પાર્વતી રાણી;

÷ વાળ લોચન લુંચન કરાવવા ચૂંટાવવા તે.

ભોળવાયા લીલડી થકી, તપમાં ખામી ગણાણી. સુખ દુઃખ.
સર્વ દેવને જ્યારે ભિડ પડી, સમરયા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મેહેતા નરસૈંને સ્વામી. સુખ દુઃખ.

પદ ૪૮ મું.

અડ્યા નામ પામ્યેા પણ રામને નવ લહ્યા, વૈષ્ણુવ પદકેરૂં ખિરદ ઝાલે;
ઘર વચે પુત્રવિના જેવું પારણું, વરવિના જેહવી જાન માલે. અડ્યા. ૧
વ્યાધીની વેદના વિશ્વની ના ટળે, ઠાલેા ગગનમાં મેઘ ગાજે;
હરિને જાણ્યા વિના હરિકેરેા જન થયેા, વાત પકવાનથી ભૂખ ન ભાજે. અડ્યા. ૨
તું એમ જાણે જે હરિજન હું થયેા, વિષ્ણુપદ ગાઇ થયેા ભક્ત ભવમાં;
કરણિ તેા કાગની હેાડ કરે હંસની, હંસને તેા હશી કાઢે લવમાં. અડ્યા. ૩
પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહિ, ફેાકટ બ્રહ્મને દૂર ભાળે;
અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટ ભાવે કરી માળ ઝાલે. અડ્યા. ૪
જે નિરાકારમાં જેહનું મન ગળે, ભિન્ન સંસારની ભ્રાંતિ ભાગે;
દાસ નરસઇયેા તેને ચરણે નમે, જ્ઞાન વિજ્ઞાનની જોત જાગે. અડ્યા. ૫

પદ ૪૯ મું.

પઢોરે પેાપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવી પાંજરૂં, મુખે રામ જપાવે. પઢોરે. ૧
પેાપટ તારે કારણે, લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું પેાપટ પાંજરૂં, હીરા રતને જડાવું. પઢોરે. ૨
પેાપટ તારે કારણે, શી શી રસેાઇ રંધાવું;
સાકરનાં કરી ચૂરમાં, ઉપર ઘી પીરસાવું; પઢોરે. ૩
પાંખ પીળીને પગ પાંડુરા, કેાટે કંઠલેા કાળેા;
નરસઇયાના સ્વામીને ભલે, રાગ તાણી રૂપાળેા. પઢોરે. ૪

પદ ૫૦ મું.

સંવત પંદર બારેાતરામાં ચૈત્ર, શુદ્ધિ સપ્તમી રવિવાર રે;
અતિ આનંદે માળા ગાઈ, નરસઇયેા ઉતર્યેા પાર રે. સંવત. ૧
વૈધૃત વ્યતિપાત એકાદશી દિન, વૈષ્ણુવ મુખ સંભળાય રે;
અગમ અગેાચર પાતક તેનાં, તે સગળાં બળી જાય રે. સંવત. ૨
જે જન સાંભળે ભાવ ધરીને, તે નર દુખિયેા ન થાય રે;
ભણે નરસઇયેા તે વૈકુંઠમાં, ગરૂડે ચડીને જાય રે. સંવત. ૩

પદ ૫૧ મું.

હાર કાજે શું વિલંબ કરવેા ઘણેા, નહિજ કૈારતુભ વિદ્રુમ માળા;
ઉજળાં ફૂલ ને સૂત્રનેા તાંતણેા, તેને શું મેાહિ રહેા નંદકાળા. હાર. ૧
ઉંચને મુકિને નીચને અનુસર્યેા, જોઇ નહિ જાદવા જાત દાસી;
રાજાની દીકરી રૂકમણી પરહરી, કુબ્જાને મંદિરે થયેા નિવાસી. હાર. ૨

રત્ન ગુંજા વચે ભેદ નહીં ભૂધરા, સાયર છીલરાં સમ વખાણે;
મંડળિક હારને પેર પેર પરભવે, દોહલાં દાસનાં શે ન જાણે. હાર. ૩
લોક કૌતક જુવે રજનિતો અલ્પ રહિ ક્ષીણ થૈ જોતને રહ્યા રે દીવા;
કેશવા કંઠથી માળ કરમાં ધરી, પ્રેમે આરોપ નરસઇની ગ્રીવા. હાર. ૪

પદ ૫૨ મું.

ઉઠને શામળા મૂકિ મન આંણળા, બોલ નહિ શુજ અભિમાન માટે;
આપને હાર કાં હવડે પરગટ કરૂં, જે કિધું તેં વંસીવટ વાટે. ઉઠને. ૧
અણવરી નાર તેં ભોગવી ભૂધરા, પરણતાં ગર્થ શું બેહું તારે;
હારને વાર થઇ ભાર ભાગી ગયો, શું કહું નંદસુત વારે વારે. ઉઠને. ૨
કળિયુગમાં કશી પ્રતિત નહી લોકની, એમ કરશો ત્યારે કોણ ધાશે;
ભણેરે નરસઇયોજ હુંરે હળવો પડયો, તાહરા ગુણલા કોણ ગાશે. ઉઠને. ૩

પદ ૫૩ મું.

તને રોકિ રહિ રાધિકા રંગ જામ્યો ઘણો, રસિયા રજની રહિરે થોડી;
નંદના નંદ તું શાને આળસ કરે નાગરા સાથ તેં પ્રીત તોડી. તને. ૧
દેવને પાળિને કામ પરજાળિને, ઇશપદ પામિયો ઉભયા-સ્વામી;
શામળા તુજને લોક લંપટ કહે, થયો વ્યભિચારિ કાનુડો કામી. તને. ૨
હઠે કરે તેમ શું હઠ કરો શામળા, તુટશે સ્નેહ ત્રીકમ તાણે;
ભણે નરસઇયો જો જામની વહિગઇ, મંડળિક મારશે મુજને વાણે. તને. ૩

પદ ૫૪ મું.

મુંડ મુંડાવિને ટોપી ઘાલી, એમ ન થઇયે વૈરાગી રે;
અમો છું વૈષ્ણુવ છેલ છબીલાના, હરિ શું તાળી લાગીરે. મુંડ. ટેક.
મમતા ભાગી તે વૈરાગી, અનહદ શૃંગી બોલે રે;
લેખ ધરીને દ્વેષ કરે તે જોગી અસુરને તોલે રે. મુંડ. ૧
સંસાર વેપાર સર્વે સાચવિયે, વિકારથિ વેગળા રહિયે રે;
સર્વ ભુત સમદ્રષ્ટે પેખે, તેને તે વૈષ્ણુવ કહિયે રે. મુંડ. ૨
અભિમાને તમે સુકન ખોયું, પ્રેમનો રંગ નથી લાગ્યો રે;
ભણે નરસઇયો વૈરાગ્ય તજીને, પહેરો પચરંગી વાઘો રે. મુંડ. ૩

પદ ૫૫ મું.

નથિ પામવા રે, વૈરાગ્ય વિના ભગવાન;
મિતાક્ષરા કાઢી જોવરાવો, વળિ ચારે વેદનું જ્ઞાન. નથી પામવા. ૧
વૈરાગે સનકાદિક છુટ્યા, ધ્રુવ અમરિખ પ્રહ્લાદ;
તે વણત તારી કયાંથી નાગરા, મિથ્યા કરવો વિવાદ. નથી પામવા. ૨
વૈરાગ જોને હતો શુકદેવને પામ્યા દેવ મોરાર;
તારી પેઠે કોઇયે ન ગાયો, ઉઘાડો શણગાર. નથી પામવા. ૩
લંપટ-પણે તું હાર નહિ પામે, રાડજ મીથ્યા લાગી,

રામાનંદસ્વામી એમ કહેછે, નરસઇયા થાને વૈરાગી. નથી પામવા. ૪

પદ ૫૬ મું.

વૈષ્ણવ જન તો તેને રે કહિયે, જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરેછે તો, મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ. ૧
સકળ લોકમાં સઉને વંદે, નિંદા તે ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચય રાખે તો, ધન્ય ધન્ય જનની તેનીરે. વૈષ્ણવ. ૨
સમદ્રષ્ટી અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જીહ્વાથકી અસત્ય ન બોલે તો, પરધન નવ ઝાલે હાથ રે. વૈષ્ણવ. ૩
મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામશું તાળી રે લાગી, શકળ તિરથ તેના તનમાં રે. વૈષ્ણવ. ૪
વણ લોભી ને કપટ રહિત છે, કામ ક્રોધને નિવાર્યા રે;
ભણે નરસઇયો તેનું દરશન કરતાં, કુળ ઇકોતેર તાર્યા રે; વૈષ્ણવ. ૫

પદ ૫૭ મું.

પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા, રાત દિવસ રૂદે ભાવું રે;
તપ તીરથ વૈકુંઠ-પદ મુંકી મારા,વૈષ્ણવ હોય ત્યાં હું આવું રે. પ્રાણ. ૧
અમરિખ રાજા મને અતિઘણાં વાલા,દુરવા સાથે માન ભંગ કીધું;
મેં મારૂં અભિમાન તજીને ચક્ર સુદર્ષન વળિ લીધું રે. પ્રાણ. ૨
ગજને માટે હું તો પાળો રે પળિયો, હરિજનની સુધ લેવા રે;
ઊંચને નિચ હું તો કાંઇ ન જાણું, મને ભજે તે મુજ જેવા રે; પ્રાણ. ૩
લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે;
અડસઠ તિર્થ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે. પ્રાણ. ૪
સંત ચાલે ત્યાં હું આગળ ચાલું ને,સંત સુવે તો હું જાગું રે;
જે મારા સંતની નિંદા કરેછે તેના, કુળ સહિત હું ભાગું રે. પ્રાણ. ૫
મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મેં ન છુટે રે;
એક વાર વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન મેં ન તુટે રે. પ્રાણ. ૬
બેશીને ગાય ત્યાં હું ઉભો ઉભો સાંભળું,ઉભા ગાય ત્યાં હું નાચું રે;
હું તો વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો, ભણે નરસઇયો એ શાચું રે. પ્રાણ. ૭

પદ ૫૮ મું.

વાસ નહી જ્યાં વૈષ્ણુવ કેરા, ત્યાં નવ વસીયે વડીસયાં;
સ્વાસો સ્વાસે હરિ સ્મરણ ન કરે તો,શ્વાસ ધમણ કેરી શ્વાશડીયાં. વાસ નહી. ૧
જીભલડી જપમાળા ન જપે તો, જીભલડી નહી આસડીયાં;
જનમ તેનો નહી લેખામાં જે, ન કહેવાય હરી દાસડીયાં. વાસ નહી. ૨
મોહનજીની માયા પાખી, અવર માયા જમ ફાંસડીયાં;
ભણે નરસઇયો ભારે મારી, માવલડી દસ માસડીયાં. વાસ નહી. ૩

પદ ૫૯ મું.

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીયેરે;
મનશા વાચા કર્મણા કરીને, લક્ષ્મિવરને ભજીયેરે. નારાયણનું. ૧
કુળને તજીયે કુટુંબને તજીયે, તજીયે માને બાપરે;
ભગની સુત દારાને તજીયે, જેમ તજે કંચુકી સાપરે. નારાયણનું. ૨
પ્રથમ પિતા પ્રલ્હાદે તજીયો, નવ તજીયું હરિનું નામરે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીયા શ્રીરામરે. નારાયણનું. ૩
રૂષી પત્ની શ્રીહરિને કાજે, તજીયા નિજ ભરથારરે;
તેમાં તેનું કાંઇએ ન ગયું, પામી પદારથ ચારરે. નારાયણનું. ૪
વ્રજ વિનતા વિઠલને કાજે, સર્વ તજી વન ચાલીરે;
ભણે નરસૈયો વૃંદાવનમાં મગ્ન થઈને માહાલીરે. નારાયણનું. ૫

પદ ૬૦ મું.

મેં ગાયો બ્રહ્મ તે પરમ આનંદશું, કરમના જીત્ર તે મરમ બોલે;
ધરમ ધોરિંધરા તુજને જણ્યા વિના, રત્ન ગુંજાકરે એક તોલે. મેં ગાયો.
નિગમ અગમ સુગમ હવો ગોપિને, તેહનો પાર કોઇ નવ જાણે;
રામની રૂચી તેને રૂચે નહી કામના, ભુમીના ભુતતે ભરમ આણે. મેં ગાયો.
પણ જ્યાંહાં બ્રહ્મ ત્યાં પરમ આનંદ છે, ન આનંદ ત્યાં આનંદ હોયે;
નરસૈયો મંદમતી ગાય છે ગુણ કથી, બ્રહ્મ ભજવાથકી મોક્ષ હોયે. મેં ગાયો.

પદ ૬૧ મું.

તું શાનો ઠાકોર હું શાનો શેવક, મારા કરમના લેખ ભુંશા ન જાએ;
મંડળિક હારને પેરેપેરે પરભવે, છબીજી હવે કેમ થાયે. તું શાનો.
મુને કો કહે લંપટી કો કહે લોભીયો કો કહે તાલ પુટીયોરો બોરો;
સાર કર શ્રી હરી દીન જાણી હરી, હાર આપે તો કહુ નાથ મોટો. તું શાનો.
વેવાઇએ મુજને અતિશે વગોવિયા ઉષ્ણોદક મુકી ઉપહાસ્ય કીધું;
દ્વાદશ મેઘ ત્યાં મોકલ્યા શ્રી હરી, આપના દાસને માન દીધું. તું શાનો.
જાહરે મુજને મહાદેવ કીરપા કરી; ત્યારે મેં લક્ષ્મીનાથ ગાયો;
મામેરા વેળાતો લાજ જાતી હતી, ગરૂડ મુકીને તું ચરણ ધાયો. તું શાનો.
મારે બેઉ પાસે સુંદરી બાંહ્ય કંઠે ધરી, કેશવ કીરતન એમ થાયે;
અભુલીયા લોક તે અસત્ય વાણી વદે, પુરૂષવંત લોક તે પ્રેમે ગાયો. તું શાનો.
હીરની દોરીયે હાર ગુંથાય છે, વાણું વાસે તો નિજ દાસ મરશે;
દયા કરીને હરી હાર આલો મને, શામળા સહાય તે કુણ કરશે. તું શાનો.
સોરઠામાં મુને સર્વ સાચો કહે, પુત્રીનું મોસાળુ સારૂં કીધું;
નાગરી ન્યાતમાં ઇંદુ ચડાવીયું, નરસૈયાનો અભેદાન દીધું. તું શાનો.

પદ ૬૨ મું.

ભોગળ ભાગિયે રાય દામોદરા, ઉડ જદુનાથ દેવાધિ દેવા;

રાય મંડળિક મદ ભર્યો એમ ઓચરે, નરસૈયા નાગરની સાચી સેવા. ભોગળ.
ભક્ત પાળક દયાળ દામોદરા, દાસ નરસૈને શરણે રાખો;
પતિજ છે મુજને પુરણ તાહરી, નાગર સાથે હરિ નેહ દાખો. ભોગળ.
નિશદિન નરહરી નામ હૃદિયે વસો, પતિત પાવન તારૂં બરદ કહાવો
ગ્રહ્યા થકી તમે ગજ મુકાવીયો, તેમ નરસૈયા નાગરને મુકાવો. ભોગળ.

પદ ૬૩ મું.

શ્રીકૃષ્ણ કૃપાનીધી કેશવા શ્રીહરી, હું અનાથ તું નાથ કહીએ;
મંડળીક હારને પેરે પેરે પરભવે, છળિલા વીના સર્ણ કોને જઇએ. શ્રી કૃષ્ણ.
સંસાર પરહરી નામ તારૂં જપુ, તો પ્રભુ કાં પેરે પેરે પીડે;
અંતર ગત અવી લોકન શામળા, તુજ વિના રૂદીયાસુ કોણ ભીડે. શ્રી કૃષ્ણ.
માહરા મનગાં હરખ પુરણ છે, તો મહારૂં દુઃખ પ્રભુ શે ન જાણે.
ભણે નરસૈયો પુરણ પતીજ માહરે, મંડળીક મુજને મારે વાણે; શ્રી કૃષ્ણ.

પદ ૬૪ મું.

સાર કર શ્રીહરી દીન જાણી કરી, સન્મુખ થઇને તું જોને આજ;
અમો નાગર જાહરે હઠ કરી બોલશું, નહીં રાખુ ત્રીકમ તોરી લાજ. સાર કર.
ગોકુળ માંહી તું ગાળો ખાતો ફરે, નવનીત આહીરના લેતો ચોરી.
મહ્ય ચોરશું મુખ નથી બેસરતો, અમો લાજ રાખુજ તોરી. સાર કર.
અલ્યા બહુ પેરે ગોપીને લાડ લડાવીયાં, અન્ન આહીરનાં લેતો ચાખી;
નટવાપણે રંગ ભોગ લીલા કરે, તે નાગર નરસૈયો રહ્યો છે સાંખી. સાર કર.

પદ ૬૫ મું.

ભોગરડે શું ભોહી રહ્યો શામળા, હાર આપે તો તારી ખ્યાત વાધે;
નાગર તાહરૂં નામ ગાતો હતો, ત્રીકમ તુને કોઈ નહી આરાધે. ભોગરડે શું.
સરવ જાતિ તણા લોક ટોળે મળ્યા, જેની સહાય કરશો તેની થાશે;
મૃત્યુને ભયે નરસઇયો બિહીતો નથી, તાહરો જશ જગદીશ જાશે. ભોગરડે શું.
રજની સઉ વહી ગઇ લાજ રાખી નહી, જોત ઝાંખી થઇ જાય દીવા;
કેશવા કંઠથી માળ વડી કરો, પ્રેમે આરોપ્યો નરસઇ ગ્રીવા. ભોગરડે શું.

પદ ૬૬ મું.

હારને કાજે શું હઠ કરે શામળા, જાચવાને તોરી પાસ આવ્યો;
રાધીકા સંગ તું વાત બેઠો કરે, શું વૈકુંઠથી તુંરે લાવ્યો. હારને કાજે.
તારૂં નામ વિશ્વંભર ધર્યું તે વરાંશિયે, નંદના છોકરા તું છાશ પીતો;
ઓઢતો કાંમળી હાથમાં લાકડી, ગાવડી ચારતો વન રહેતો. હારને કાજે.
મારે માત તું તાત તું ભ્રાત તું ભુધરા, તુજવિના દુઃખ તે કોને કહીયે;
ભણે નરસઇયો તારા ગુણ ગાઇ જીવીયે, એકલા ભુતળમાં કેમ રહીયે હારને કાજે.

પદ ૬૭ મું.

આલ્યને હાર સુત નંદ વસુદેવના, આદ્ય ને અદ્યાપી તારે લાજ થોડી;

કંસના ભયથકી નાશી ગોકુળ ગયેા, રહ્યો આહીર શું પ્રીત જોડી. આલ્યને.
તારી ગરજ માટે માણાપ તેં બે કરચાં, સુરને અસુરઋનિ સર્વજોતાં;
કંસનેા વધ કરયેા કારજ તારેાસરયેા,માણાપ મેહેલ્યાં તેં ત્રિજ રેાતાં. આલ્યને.
ભકિત કરતાં તું આહીરનેા નવ થયેા, તેા મુને હાર કેમ આપે;
ભણે નરસઇયેા રજનીરે થેાડી રહી, આલ્ય તસ્કર મુને શું સંતાપે. આલ્યને.

પદ ૬૮ મું.

તને રેાકી રહિ રાધિકા રંગ જામ્યેા ઘણેા,રશીયા રજની રહી થેાડી;
નંદના નંદ તું શાને આળસ કરે, નાગરા સાથે તેં પ્રીત તેાડી. તને રેાકી રહિ.
દેવને પાળીને કામ પરજાળીને, ઇશપદ પામીયેા ઉગિયા સ્વામી;
શામળા તુજને લેાક લંપટ કહે, થયેા વ્યભિચારી કાનુડા કાગી. તને રેાકી રહિ.
હઠ કરે તેમ શું હઠ કરેા શામળા, તરટશે સ્નેહ ત્રિકમ તાણે;
ભણે નરસઇયેા જો જામની વહિગઇ, મંડળિક મારશે મુજને વાંણે. તને રેાકી રહિ.

પદ ૬૯ મું.

ઉઠરે અટપટા નથિ બેાલતેા ચટપટા, લંપટા લાજ તારી કે જાશે;
વ્રજપતી રંગમાં કેલ ઘટા કરે, તુજ વિના વારે તે કુણ ધાશે. ઉઠરે અટપટા
ઉઠ તું ચરવડી શું બેઠેા હરણડી, વાત ઘાડી પડી મુજ સાથે;
ભકતવત્સલ કહાવે તે ફેાગટ ગયું, લાજ શેવકની તુજ હાથે. ઉઠરે અટપટા.
જીવ મારેા જગમગે અંગ મારૂં ફગમગે ડગમગે નેત્ર જોવાને રૂપ;
નરસૈયેા લગમગે લેાક સઉ જગમગે, કેાપીયેા મંડળીક દુષ્ટ ભુપ ઉઠરે અટપટા.

પદ ૭૦ મું.

નવ મેલે શામળા આવડા શા આણળા, માંમલા ઘણા મનમાંકેમ રાખે;
કેાટિ બ્રહ્માંડપતિ આજુ શું કહું કથી, વાલા વિસારી મને કેમ નાખે. નવ મેલે.
ગજને ઊગારીયેા ગિરિવર તારીયેા, મારિયેા રાવણ લંક ભુપ;
રંક તું હારિયેા કેાણે તું તારિયેા, નારિયેા મેાહિ રહ્યું નીજ રૂપ. નવ મેલે.
મુકરે મરકટા જોઇ તારી છટા, અટકે અંગ સુકાશે વાલા;
નરસઇયેા વિનવે પ્રીછવે શામળા, નઠેાર ન થઇએ નંદલાલા. નવ મેલે.

પદ ૭૧ મું.

ખરેખર કાનુંડા તારૂં મન બેાદેશ ભમે, જાણે નાગર કઇ દાંન આપે;
અલ્યા નામ લક્ષ્મીવરા કરેા લાલચ ખરા, રંકને લેાભિયા શું સંતાપે. ખરેખર.
તાંદુલ લઇ રીધ વિપ્રને મેાકલી, ભુવન દીધું વૈકુંઠ સરખું;
મ્હારે તેા દાન તું જ્ઞાન તું ભુધરા, નિત્ય પ્રતે તારા ચરણ નિરખું. ખરેખર.
મન મેાટું કરેા હાર કંઠે ધરેા, હરખિને વેહેલા મંડપ આવેા;
ભણે નરસૈયેા રજનીરે થેાડી રહી, દુષ્ટ બંધનથકી મુજને મુકાવેા. ખરેખર.

પદ ૭૨ મું.

સદા તું દયાળ હું દીન દામેાદરા, હે દીનાનાથ જોને વિચા

ચરણને શરણ આવ્યેા કૃપાનાથ હું, કરેા સંભાળ ગેાપાળ મહારી. સદા તું.
દેવના દેવ સુણ દેવકી બાળકા, વિસ્વ પાલક એવું બરદ તારે;
એવું જાણી ઘટે તેમ કરેા ત્રિકમા, અવર કેા અધિપતી નહિરે મારે. સદા તું.
જો મ્હારા કરમને ભાળવિશ ભુધરા, તેા પતિત પાવનતારૂંનામજાશે;
છાંડતાં તેા નથી છુટવું શામળા, છાંડતા તેા ઉપહાસ થાશે. સદા તું.
દુષ્ટ ભાવે થકી તેં હણી પુતના, જમ દુતના પંથથી તેં નિવારી;
મામકી નાર કિરતન કરી ઉધરી, તું વિના શરણ કુણ કરે મેારારી. સદા તું.
તારા નામથી દરૂપતીને અંબર પુરીયાં,દરૂપદપામિયેાઅચળઆગે;
તેમ તારા નામનેા નરશૈયેા જપે કરે, રાખ્ય શરણે તુને લાજ લાગે. સદા તું.

પદ ૭૩ મું.

દેવા ભક્તનેા ઈશ તું વિષ્ણુ કહાવે સદા, કાંગવાનું દાન તુને કેમ ભાવે;
વિપ્ર સુદામાને નવનિધ આપિ તેં, માહરી આગળ કેમ નાવે. દેવા ભકતનેા.
હવડાં કૃપણ થયેા જાણતેા સે નથી, સદા સેવક જન પ્રતિરેપાલ;
નાશીને ખુણે જઇ પેઠે શું શ્રીહરી, કાલય વનનેા આણ્યેા કાલય. દેવા ભક્તનેા.
શિશુપાળ જરાસંધ કંસ નરકાસુર, તેહ તણાં બળ માન મેાડચા;
પુતના અગાસુર કેશી બકાસુર, વૈર ભાવે તેના બંધ છેાડચા દેવા ભકતનેા.
ભક્તિ ભાવે જેણે તુજને ઉપાશિયેા, ગર્ભવાસ તે નઆવેરેવળતેા;
ભણે નરશૈયેા હું ભાવથી વરણવું, રખે ત્રિકમ મુને રાખેા ટળતેા. દેવા ભકતનેા.

પદ ૭૪ મું.

કેટલાએક મળિ વાત એવી કરે, દુષ્ટ બેાલે મુખ વચન વાણી;
કામન મેાહન કાંઈ એક એકને, મંત્ર બળે એણે આણ્યું પાણી. કેટલા.
મંત્ર જંત્રની વાત જાણું નહીં કેવળ કૃષ્ણ મેં રૂદીયે ભાંખ્યેા;
પ્રહ્લાદ કારણ સ્થંભમાં પ્રગટીયા, બાળક ધરૂવને અવિચંળ રાખ્યેા. કેટલાં.
ચાર પદારથ સુદામાને આપીયાં તીમઇ કેડી ત્રીલેાચન કીધેા;
અમરિષ રાજા ઉગારીયેા શાપથી, ચક્રધરીને હરી શરણ લીધેા. કેટલાં.
વેવાઇયે મન વીચાર એવેા કરી, મામેરાની ટીપ આપી માંડી;
ત્રણ સહસ્ર સાડલા ત્રણ સહસ્ર કાપડાં, ત્રણસહસ્રચું દડીચીરસાડી. કેટલા.
ત્રણ સહસ્ર ચેાળી કસબ કિનખાબની, રંગ જુદા ને શેાભિત તાજા;
સારૂ ચણિયા બેઉ બટ સહસ્રજ મલી, નહી નુકસાન કઇ સર્વસાજા. કેટલા.
તેણે સમયે વેવાઇએ એવું કહ્યું, તમ પુત્રની સહુએ ઠઠ માંડી;
સહસ્ર બે ચાર રૂપૈયા લે ઉઠીના, નહિંકર રાતમાં જાય છાંડી. કેટલા.
દીકરીનું લે તે તેા કુંભિ પાપે પડે, હેાસે હળાહળ કેાણ ખાયે;
લક્ષ્મીનેા નાથ લજ્જા મારી રાખશે, મામેરૂ કરચાવિનાનહીરેજાયે. કેટલા.
તે વેળા નાથજી લક્ષ્મીજી લેઇને, પ્રીતે પ્રભુજી મહારીલાજ રાખી;
નરસૈયેા વીનવે હાર આપેા હરી, દાસનાં દુઃખકેમ રહેાછેા સાંખી કેટલા.

પદ ૭૫ મું.

કોણ આગળ જઈ વીનવું વીઠલા, શ્રીપતી લાજ રાખોનેને મહારી;
દ્રુપતી લાજને કાજ આવ્યા હરી, દુઃખ પામી નહીં દાસી તારી. કોણ.
પ્રગટ થાએ. પ્રભુ ભુનળ ભુદરા, નરશૈના નાથ એવું બરદ કહાવો;
સેવકનું સંકટ ટાળીયે ત્રીકમા, તો તમે કાનજી ભક્તારે ભાવો. કોણ.
લોક દેખે સહુ દુઃખ દેછે બહુ, મંડળીક મદ ભર્યો મુંઢ પાપી;
નરશૈના સ્વામી જેમ ઘટે તેમ કરો, લાજ રાખી નાંખો બંધ કાપી કોણ.

પદ ૭૬ મું.

શ્રવણે સુનો થયો શામળા શ્રીહરી, લક્ષ્મિનાથ શું નિદ્રા આવી;
બિરદ મોટું ધર્યું પતિત પાવન તણું, શરણ આવે તેની બાંહ્ય સાવી. શ્રવણે.
દુષ્ટનાં દુષ્ટથી રાખ્ય રમા પતી, તમ વિના મહારે નહી અવર સ્વામી;
દુરિજન લોકને મન આનંદ બહુ, અવર કોને કહુ શીશ નામી શ્રવણે.
કુલની માળતે અધિક તુજને વશી, વીસરયો નાથ હું મન તારે;
નરશૈના સ્વામી વિલંબ ન કીજીયે, હાર આરોપિયે કંઠ મહારે. શ્રવણે.

પદ ૭૭ મું.

દયા આણય દામોદરા દાસની, તુરે મારા ધણી વિશ્વ જાણે;
પ્રગટ થયું નામ તે તું થકી શામળા, વીઠલા વિનંતી મન નાણો. દયા
મારે મંત્ર તું જંત્ર તું ધ્યાન ધરણી ધરા, મિત્ર મોહન વિના નહી બીજો;
હાર આપ્યા વિનાં લાજ કહો કેમ રહે, દીન દેખી પ્રભુ સે ન રીઝો દયા
સાર કીધા વિના નેટ નથી છુટવું, જો તારા ચરણની આશ આપી;
નરશૈયાના સ્વામી માન માગી કહું, દેહુ દામોદરા તુજને સોંપી. દયા

પદ ૭૮ મું.

પરણિને પારકે હાથ શું ભાળવ્યા, લાજ નાવેરે કંથ કેમ તુજને;
કોટી અણજ અપરાધ ક્ષમા કરી, મેહેર કરી માપસ રાખો મુજને. પરણીને.
દાસને દાસીના દુઃખડાં કાપવા, ધાઈને જાયો છો એક સ્વાસે;
આજ અલબેલડા અરજ સુણતા નથી, છુટકો નથી છબીલાજી નાસે. પરણીને.
જેવી તેવી દાસીની લાજ તો નાથને, પ્રીતમજી કેમ પ્રીત તોડી;
પ્રાણ જાશે તોય અવરને નહી ભજુ, હઠીલા ના કહુછુ બે હાથ જોડી. પરણીને.
સોલ સહસ્ત્ર એકસો આઠ સ્ત્રી તાહરે,તેમાં એક અધિકહું દાસી તારી;
નરસઇયાના સ્વામી શું કહુ તુજને, હાર આપી સાર કરને મહારી. પરણીને.

પદ ૭૯ મું.

વિસ્વ પાળક કરૂં વિનની વીકળતા, તુજ વિના દુઃખ કોણ જાણે;
વલવલતાં મબલીતા તપ જાપની, ત્રીકમા નિંદ્રા શુ તજશો વહાણે. વિસ્વ પાળક.
રોકયો શુ રાધિકા કહ્યું જેનું કરો, મુજપર દયા હરી સે ન આણે;
આવડી હઠ પ્રભુ નવ ઘટે તુજને, તરટશે સ્નેહ ત્રિકમ તાણે. વિસ્વ પાળક.

આ અવસર નહી સાચવેા શામળા, તેા તારી કીરતી કેાણ વખાણે;
હાર નહિ આપેા તેા નરસઇને મારશેા, રાડ લીધી મંડળીક રાણે. વિસ્વ પાળક.

પદ ૮૦ મું.

નંદના નંદન વાર લાગે ઘણી, હુરિજન લેાકને શું હસાવે;
કેાટી બ્રહ્માંડમાં ન્યુન નહી તાહરે, લક્ષ્મીવર તુને લાજ ન આવે. નંદના.
પેરેપેરે પરણમુ માન માગી કરી, કઠણ કયાં થઇ રહેા કૃષ્ણ કામી;
કપટ ભાવે ભજ્યેા તેાય તુજને હરી,સાર સંભાળ કર જગત સ્વામી. નંદના.
કેાણ વેળા થઇ હાર આપે નહીં, સાંભળ શામળા વાત મારી;
નરસઇના સ્વામી માહરે દુઃખ નથી, મારતાં લાજ જાશેજ તારી. નંદના.

પદ ૮૧ મું.

પ્રથમ પ્રીતમાંડી હવે શુ રહ્યેા શામળા, ન્યુન તારે હરિ શી છે આજે;
કંઠમાં કુસમની માળ તું ગ્રહી રહ્યેા, તે કહેા કૃષ્ણજી સાને કાજે. પ્રથમ.
સાચી ભક્તિ કરૂં લેાક જુઠેા કહે, કેમ તજી કાનજી નાશી જાએા;
નાથજી તું વડેા મંડળીક મદચડયેા, વારે વિસ્વંભર વેલા ધાએા. પ્રથમ.
મેલ્ય માયા હવે પુષ્પના હારની, વાર લાગે ઘણી વિસ્વનાથ;
નરસઇયાના સ્વામી આશ તારી ઘણી, મુકશેા નહી હરી ગ્રહ્યેારે હાથ. પ્રથમ.

પદ ૮૨ મું.

હાર મધુસુદનના આજ વહાલેા થયેા, રાખી રૂદેમાં થયેારે સાંસેા;
હાર માંહે હીરા હશે શામળા, લેાભી લક્ષ્મીવરા તે વિમાસેા. હાર મધુ.
મંડળિક ઉપર કૃપા કીધી ઘણી, દાસપરથી દયા તેં ઉતારી;
સંકટનેા સાથિ નહિ તુજવણુ શામળા, હે દિનાનાથ મુકેા ન વિસારી. હાર મધુ.
ભક્તવત્સલ એવું બરદ છે તાહરૂં, હુંરે વળગી રહ્યેા તેની આશે;
પતિતપાવન હરિ નામછે તાહરૂં, વિપત પડે હવે શું વિમાસે; હાર મધુ.
વાંક નહિ વીઠલા તમતણેા તેા રતી, પીડા પામુ હરી મુજ પાપે;
ભણે નરસઇયેા મુને મંડળિક મારશે, જીવતેા રહુ જો હરિ હાર આવે. હાર મધુ.

પદ ૮૩ મું.

હાર હૈયા વચે શુંરે રાખી રહ્યેા, કૃપણ થયેારે તું કૃષ્ણ કાળા;
થેાડિક વારનેા પરણેા પ્રભુ તાહરેા, રૂડું ગમે તે કરેા નંદલાલા. હાર હૈયા વચે.
તાહરા બળતણી હિમ્મત માહરે, તુંરે આપીશ તે મારે લેવેા;
તાહરા મનમાં વાત કેવી હશે, દાસનેા દાસ છું જેવેા તેવેા. હાર હૈયા વચે.
મરણથી માવજી હુંતેા ડરતેા નથી,નેટ નિરવાણુ આ દેહ પડશે;
હાર આપ્યા વિના મંડળીક મારશે,તે અપજશ તારે શીર ચડશે. હાર હૈયા વચે.
કેટલી વેળા થઇ કરગરૂં કૃષ્ણજી, શું કહું શામળા વારે વારે;
નરસઇયાનારવામીઆવેા ઉતાવળા,તુજવિના ભક્તને કેાણ ઉગારે હાર હૈયા વચે.

પદ ૮૪ મું.

હું જાચક તું દાતાર દામોદરા, મહારે મન એ બરદ સાચું;
આપેન આપે તોય તું ધણી ત્રિકમા,તુજવિના બીજા કોને નજાચું. હું જાચક. ૧
ભકત સુદામાની સાર કરી શામળા,નવનિધી આપી તૂઠ્યા મુરારી;
ચતુરભુજ તેં ચંદ્રહાસ ઉગારીએા, કિરતી ગાયછે જગત સારી. હું જાચક. ૨
ગુરૂ બાળક જેમ સદનથી લાવિયા, અર્જુન પ્રતિજ્ઞા વાચા પાળી;
બ્રાહ્મણના દશ પુત્ર હરચા હતા, વૈકુંઠનાથ તું લાવ્યેા વાળી. હું જાચક. ૩
એવાં ઘણાં વળી બરદ છે તાહરાં,માહરૂં દુઃખ હરિ કહ્યુંરે તુજને;
હાર નહિ આપેાતેામંડળિક મારશે,નરશૈયેા કહેહરી રાખ્યમુજને. હું જાચક. ૪

પદ ૮૫ મું.

વાર થઈ વિઠલા વેગે વારે ચડેા, નાગરી નાતમાં હાંસી થાયે;
ભકત ઉદ્ધારીયા અનેક આગે હરી,તમ વિના કાનજી કોનેકહેવાયે. વાર થઈ.
દ્રુપદી કાજ વેગે ધશી આવીયા, પુરિયાં ચિર અનેક ભાતે;
રાખિયે લાજ કરેા કાજ હરિ અમતણું, વિલંબ ન કીજે પ્રભુ એજ વાતે. વાર થઈ.
જાગ્ય તું જદુપતિ સદાય શ્રવણે સુણી,પ્રગટ થઇ પુત્રીને માન દીધું;
છાણ છાયલ ને ચીર બહુ નવનવાં, પુરચાં પિતાંબર કાજ સીધ્યું. વાર થઈ.
જય હરી જય હરી હાર આપેા મુને, કેશવા કિરતી રહે જગમાં સાચી;
નરસૈયેા નમિ નમિ કહે વાલા તુજને, જન્મેા જન્મ તારી ભક્તિ જાચી. વાર થઇ.

પદ ૮૬ મું.

(રાગ મેઘ મલ્હાર અથવા રામગ્રી રાગના પ્રભાતમાં પણ ગવાય છે.)

જીરે ચેાદશ જોઉ તારી વાંટડી,મારેા નાથ ન આવે;
મંડળિક બડગ કાડી રહ્યેા, મુને કુણ મુકાવે. ચેાદશ જોઉ તારી વાટડી.
હઠીલાજી હઠ મુકીએ, હાર આપીએ મુજને;
મારચા પછી મારા નાથેજી, લાજ લાગશે તુજને. ચેાદશ જોઉ તારી વાટડી.
જીરે ગજ કારણ ગરૂડ છાંડીયેા,અણું એર ઉજાણુ;
નરસૈયાને હાર આપતા, આવડું શુંરે રીસાણુ. ચેાદશ જોઉ તારી વાટડી.
જીરે વામન રૂપે બળિ છળ્યેા, ધરા ત્રણ પદ કીધી;
ઇંદ્રનું ઇંદ્રાસન રાખવા, સીધ બળનેરે દીધી. ચેાદશ જોઉ તારી વ.ટડી.
જીરે મેાસાળું કીધું ભલું, ગ્રથ ગાંઠેરે ન્હેાતેા;
લક્ષિમજી લેઇ પધારીયા, મુને કીધેા સમેાતેા. ચેાદસ જોઉ તારી વાટડી.
રામાશું રંગે રમેા, પ્રભુ મુજને વિસારી;
છબિલાજી તમ કંઠથી, હાર આપેા ઉતારી. ચેાદશ જોઉ તારી વાટડી.
નરસૈયેા વિનતી વિનવે, રાય દામેાદર સુજાણ;
તમે હઠે નથી બેાલતા, મંડળિક અજાણ. ચેાદશ જોઉ તારી વાટડી.

પદ ૮૭ મું.

વિવિધ વિચારી પ્રીતડી, જોને સારંગ રાતો;
હાર નહિ આપો તો મારશે, મંડળિક મદમાતો. વિવિધ.
કામી થયો તું કેશવા, મુને પરભવે પાપી;
લોભી થયો લક્ષ્મિવરા, પુતના તેં સંતાપી. વિવિધ.
મહારી વારે ચડોને વીઠલા, નહિંતો બ્રદ તુજ જાશે;
નરસૈયાને મંડળિક મારશે, તારા ગુણ કુણ ગાશે. વિવિધ.

પદ ૮૮ મું.

મહા હઠીલો મુખથી ન બોલે, જુઠડો છે જદુનાથરે;
ધુતારો ધરણીધર જાણ્યો, અટક્યો ન મુકે વાતરે. માહા હઠીલો.
ગોકુળમાં તું થયો ગોવાળો, નવનીત કેરો ચોરરે;
ભલી ભગત સવરીનાં એણે, જુઠાં પ્રાશ્યાં બોરરે. માહા હઠીલો.
પરાધિન થઈ પેટજ ભરતો, લેતો ગુજરીના ધાનરે;
નરસૈયા સાથે હારને કાજે, આવડું શું અભિમાનરે. માહા હઠીલો.

પદ ૮૯ મું.

મહા હઠીલો મુખથી ન બોલે, શામળો મહા કુજાતરે;
ધુતારો ધરણીધર જાણ્યો, અહિરની તુજ તર જાતરે. મહા હઠીલો.
ચંચળ લંપટ ચાડી ખાતો, સઘળે કરતો સોરરે;
ગોકુળમાં ગિરીધારી રહેતો, નવનિત કેરો ચોરરે. મહા હઠીલો.
તું ગુજરધનાઇને ઘેરે જાતો, ત્યાં તું ટાહાડો હુમરો ખાતો;
ધનાઇ બાંધતી ઘાડો તાંણી, ત્યાં હું મેલાવતો સારંગપાણી. મહા હઠીલો.
તે વેળા સંભારો વાહાલા, દયા મનમાં આણો રે;
મહારાજા મોંઘા નવ થઇયે, મને પોતાનો કરીને જાણોરે. મહા હઠીલો.
મારે રૂડે તારૂં રૂડું, મ્હારે ભુંડે તારૂં ભુંડુંરે;
મારીપત્યજાતાંતારીપત્યજશે, ત્યારેગોકુળમાંકેમરહેવાશેરે. મહા હઠીલો.
લોકો સહુ વરવાં બોલેછે, ઢાંક મારાં કે ઉઘાડું તારાં;
નગર બરડક બોલા કહિયે, તે તમો નવ આણો હૈયે. મહા હઠીલો.
ભ્રખુભાણ સુતાએ પકડી રાખ્યો, તુજવણ કુણ કરે સહાયરે;
નરસૈયાને હાર નહિ આપો ત્યારે, તે વિના જશ કુણ ગાયરે. મહા હઠીલો.

પદ ૯૦ મું.

(નરસઇ મેહેતો પોતાની પુત્રી કુંવરબાઇને કહેછે.)

સાસરે પધારો રે મ્હારી કુંવરી રે; વિપ્રિત વેદના રે વિસાર;
પીયર તમારૂં રે પુત્રિ હુંકડું રે, છે શ્રી ગોકુળમાં પરિવાર. સાસરે.
હરિગુણ ગાતાં રે ઘડપણ ગાળજો રે, સત સંગે કરજો વળી સુવિચાર;
રૂદન ન કરશો રે રૂડિયાં ફાટતે રે, નથી કોઇ આંસુનું લોનાર. સાસરે.

મારે તો નિરધનને રે પેટે તું પડીરે, કાંઇ ન પામી તું તો સુખ;
નિઠોરને નાત્ય રે નટ નાગર તણી રે,ઠામ ઠામ દીધાંછે બહુ દુઃખ. સાસરે.
એમ ન કીજે રે મારા તાતજી રે, રાખો શ્રી નાથજીશું નેહ;
સાર ઘણી કીધીરે એણે શામળેરે,તે આજે કેમ દેશે છણીલોજી છેહ. સાસરે.
જેણેને મામેરૂં રે હરિયે પેહેલાં કરયું રે,રાખી દુષ્ટ સભામાં વળી લાજ;
હુંડીને શિકારી રે હરિયે હેતશું રે, તે હાર આપશે શ્રી મહારાજ. સાસરે.
સાસરીયે જઇને રે હવે હું શું કરૂં રે, જ્યારે રૂઠયા સારંગપ્રાણ;
તમને જ્યારેરે મંડળીક મારશે રે,ત્યારે અમે તજશું અમારારે પ્રાણ. સાસરે.

પદ ૯૧ મું.

આધારને હુતો રે હરિ મુને તાહરો રે, અમો અબળા દુરબળ નાર;
પ્રિતલડીને હુતી રે પેલા ભવતણી રે, તે ત્રિકમજી મેલી કેમ રે વિસાર. આધારને.
પટકુળ પ્રેમદાનાં રે પ્રીતે પુરીયાં રે, રાખી દુષ્ટ સભામાં વળી લાજ;
દીન જાણીને રે અમને કયાં કરો રે, મેહેતાજીને મુકાવોને મહારાજ. આધારને.
ગૃહાને થકી રે ગજ મુકાવિયો રે, વારે તમે ધાયા અડવાણે ચર્ણ;
દાસના દોહ્યલા રે તમે સહી નવસકો રે, શું સુતાછો અશર્ણ શર્ણ. આધારને.
સોરઠને સધળું રે હરજી હસાવિયું રે, હારને ઘણી લાગી વાર;
હળવાંને પડયાં રે સહુ હરખે ભર્યા રે, વારૂ નહી કીધુ નંદ કુમાર. આધારને.
ગુણલા સાંભળીને રે પ્રભુ સહી નવ શકો રે, એકલા શો કરશો રે વિલાસ;
દીન જાણીને રે અમને દયા કરો રે, પુરો અમ અબળા કેરી આશ. આધારને.
વિનંતી અમારી રે સ્વામી તમે સાંભળો રે, છોજી તમે ભક્તવત્સલ-ભગવાન;
કરજોડીને રે કરે છે વિનતી રે, માનબાઇ માગે છે રે માન. આધારને

પદ ૯૨ મું.

દામોદર દીનનેરે દરશન દીજીયે રે, વાલા તારો મેહેતોજી રે દુભાય;
જનમો જનમનોરે દાસ તમારડો રે, શામળીયાજી કીધી છે બહુ સહાય; દામોદર.
નરસઇયાને રે મંડળીક મારશે રે, તમો પોહોડયા રાધાજીને ઘેર;
ગોપીયોની સાથે રે પ્રભુજી રંગે રમોરે, સ્વામી તમ શેવકની શી પેર દામોદર.
પ્રીતલડીના બાંધ્યા રે પ્રભુજી પધારજ્યો રે, આવોજી રમીયે રાસવિલાસ;
મોગરાની માળારે લેતા આવજો રે, પુરો અમ અબળાકેરી આશ દામોદર.
બ્રહ્માંડ તો ભટકીરે અમો ભુલાં પડયાં રે, પામ્યાં શ્રી ગોકુળમાંતોઠામ;
નરસઇયા સાથેરે લઇ રહ્યા રૂસણરે, તેમાં નહી સરે સામળીયાજી કામ દામોદર.
વૃંદાતેવનમાંરે લાડ લડાવીયાંરે, તેવી પ્રભુ પુરો અમારીરે આશ;
વિઠલજી વિનંતીરે સે નહી સાંભળોરે, અમો હરી છેએ તમારાંરે દાસ. દામોદર.
દીન જાણીનેરે અમને દયા કરોરે, નરસઇયો મુકેછે રે માન;
એ છે વિનંતીરે રતનબાઇની રે, શામળીયાને કરે છે રે સાન દામોદર.

પદ ૯૩ મું.

શામળીયા સ્નેહી રે અમ ઘેર આવજો રે, કહુ મારા મનડા કેરી રે વાત;

મોગરાની માળ રે લટકતી લાવજો રે, રસીયા જુવો વિતીગઇ બધી રાત શામળીયા.
કોડતો કૃષ્ણજીરે કામનીના પુરવા રે, આવોજી સભા મધ્ય મહારાજ;
મહેતાજીને રે મંડળીક મારશે રે, લક્ષ્મીવર જાશે તમારી રે લાજ શામળીયા.
હાર ન આપ્યોરે અતિ હળવાં પડ્યાંરે, તે તમને કેમ ગમે છે નાથ;
વિનંતી કરીને રે કાન તમને કહુંરે, બુડતાંનો આવી ઝાલો હાથ શામળીયા.
પ્રીતલડી બંધાણી રે પ્રભુ તમથી ઘણીરે, અમો બીજા કોની કરીયે આશ;
વેળા તો વીતીછે રે જાગી જુવો જાદવા રે, આશ નથી ઉઠો શ્રી અવિનાશ શામળીયા.
વિલંબ કરચાથીરે વાત વણશી જશેરે, પ્રીતમજી પધારોને આ વાર,
કાનબાઇ કહેછે રે મોહનજી માનીયેરે, હરિ મારા નોધારા આધાર શામળીયા.

પદ ૯૪ મું.

મારા જીવનજી રે જદુપતી જાદવારે, વિનંતી સુણોને વિશ્વાધાર;
શરણ તમારેરે છું હું શામળારે, તોયે વાલા કેમ કરો નહી વાર મારા.
સભા સહુ દેણતાં રે હાર હરિ આપીયે રે, બરદ પાળોને પોતાનું શામ;
સહાય સેવકની રે કોડ કીજીએ રે, મેહેતાજીના મનની પૂરો હામ મારા.
ગોકુળમાં ગીરધારીરે રક્ષા કરી ગાયનીરે, ગોપીઓનેઘણુંલડાવ્યાંલાડ;
તેમ મેહેતાજીનીરે આશ પૂરીએ રે, અણળા માનુ તમારોરે પાડ મારાં.
જગમાં જનમીનેરે અમો ભુલાં ફરચાં રે, નિચ ભક્તિ કરીનેપામ્યાઠામ;
બાંહ્ય ગ્રહ્યાનીરે લાજ બધી નાથને રે, પ્રિત કરી તમશું સુંદરશામ. મારા.
તમારે જગતમાંરે ભક્તો અનેક છે રે, અમારે તો એક તમે ભગવાન;
પાનબાઇ કહેછેરે પ્રભુજી પધારિયેરે, વહાલા હાર આપીને રાખો માન મારા.

પદ ૯૫ મું.

શ્રીજી મારી વીનતી રે, તમે સાંભળો સારંગ પ્રાણરે;
સંકટ તમને શું કહું વાલા, તમો છો ચતુર સુજાણ શ્રીજી મારી.
દાસને દુઃખ છે દોહલાં, તે કેમ સહો છો મહારાજરે;
વિલંબ ન કીજે વીઠલા, હવે ગઇ સેવકની લાજ શ્રીજી મારી.
અમો હળવાં પડ્યાં દામોદરા તો, તરા ગુણ કોણ ગાયરે;
બરદ ન પાળો ભૂધરા, તો અમે કેમ જીવાયરે શ્રીજી મારી.
સજ સેં ન થાઓ શામળા, તમે ભોગળ ભાગો આજરે;
હાર આપો હરિ દાસને, જેમ જાય મંડળિકની લાજરે શ્રીજી મારી.
અમવિના તમે એકલા, પ્રભુ શો કરશો વિલાસરે;
પરસ્પર છે કાનજી, અમને તમારી આશરે શ્રીજી મારી.
જળહળતા છો શામ સુંદરવર, અમો છું તમારી નારરે;
નેહવિના નારિ કેમ રહે, કાંઇ કરો મન વિચારરે. શ્રીજી મારી.
સ્વામી શેં નથી જાણતા, મન ઉતારોને રીસરે;
અપરાધ અમારો ક્ષમા કરો, નામે સૂરસેના શીશરે શ્રીજી મારી૦

અમો અણળા તમને નમું, અમને કરો પસાયરે;
નરસઇયાને ઉગારી લીજે, ત્યારે હશિયા વઇકુઠરાયરે શ્રીજી મારી.
સુરસેનાની વિનતી, સાંભળી દામોદર રાયરે;
આસનથી હરી ઉઠીયા, દાસને કર્યો પસાયરે શ્રીજી મારી.

પદ ૯૬ મું.

સુરસેનાની વિનતી જાણીરે, આસનથી ઉઠ્યા સારંગપાણીરે;
જળહળતા બ્રહ્મ તે આવેરે, સખી હરખ ધરીને વધાવેરે સુરસેનાની.
સઘળી ગાઇને ખીડી આપીરે, રીસે બળ્યા તે સઘળા પાપીરે;
નવ જાણે નરસઇયો વિચારરે, આવ્યા મંડપમાં દેવ મોરારરે સુરસેનાની.
મુખે બોલ્યા તે શ્રી જુગદીશરે, નામી સર્વ સખીને શીશરે;
તમારી સ્તુતી સહી નવ જાયરે, એમ બોલ્યા તે જાદવરાયરે સુરસેનાની.
સર્વ સખીને દીધું આલિંધનરે, દીન વચનબોલ્યાજગજીવનરે;
સર્વ સખિને સમરપ્યા હારરે, નઇણે વહેછે જળની ધારરે સુરસેનાની.
તમે સાને કરો વિલાપરે, હાર અરપું આપો આપરે;
તમો વેચો તો વેચાઊંરે, કાચે તાંતણે બાંધ્યો આવુંરે સુરસેનાની
બ્રહ્માદિકને વશ નહિ થઊંરે, વેદ વિદ્યા હોએ ત્યાં ન જાવુંરે;
એવું બોલ્યા શ્રી જુગદીશરે, નામી સર્વ સખીને શીશરે. સુરસેનાની.
જેને મન ઘણો અભિમાનરે, ત્યાંથી દુર સદા ભગવાનરે;
હુંતો સત્ય વચનજ ભાખુંરે, હુંતો લજ્જા સેવકની રાખુંરે સુર સેનાની.
તમે જેરે માગો તે આપુરે, તમ વચન કદી ન ઉથાપુરે;
તમને કહું વિસ્તારી વાતરે, મેહેતાજીની વધારૂ જ્યાતરે સુરસેનાની.
માટે કહોને કેદારો ગાયરે, તે વિના નહિં હાર અપાયરે;
હુંતો જઇ બેસું આસનરે, સત્ય માનજો મુજ વચનરે સુરસેનાની.
તમો પ્રાણથકી છો પ્યારારે, ક્ષણ એક ન મુકુ ન્યારારે;
એમ બોલ્યા દામોદર રાયરે, સહુ સખિયોને હરખ નમાયરે સુરસેનાની.

પદ ૯૭ મું.

સખિયોરે જ્યારે હરખજ પામી, ત્યારે રીઝ્યાસારંગપ્રાણીરે;
હશી હશી વચન શ્રીમુખ બોલ્યા, ધન્ય ધન્ય વૈષ્ણવ વાણીજી સખિયોરે.
કુવરબાઇ કહે કર જોડી, સાંભળો માહારા તાતજી;
દામોદરા રાયને ઘણો વહાલોછે, કેદારો સાક્ષાતજી સખિયોરે.
ગિરિવરધારી ને કુંજવિહારી, તે સાથે છે હોડજી;
દામોદરશું પ્રીત બંધાણી, તે રાગ કેદારાની જોડજી સખિયોરે.
મેહેતાજી મન સ્થિર કરી રાખો, નહિ મુકે નાથ તમારોજી;
દામોદરરાયને ઘણો વહાલો છે, તે ગાઓને રાગ કેદારોજી સખિયોરે.
મેહેતાજી કહે પુત્રી માહરી, દેવાળિયા કહેવાઇયેજી;

સાઠ રૂપૈયે ઘરેણે મુકયો છે, માટે કોનો કેદારો ગાઇયેજી સખિયોરે.
ધરણીધર મેહેતાજીને મંદીર, ખત લખીને આપ્યું જી;
તે રૂપૈયા આપ્યાવિના, જો ગાઉતો જીભ કાપું જી સખિયોરે.
અટક સાંભળી મેહેતાજીની, સમરથ સારંગપાણીજી;
કેદારો મુકાવા ચાલ્યા, પ્રીત પુરવની જાણીજી સખિયોરે.

પદ ૯૮ મું.

કેદારો મુકાવાને ચાલ્યા, તે ભકતવત્સલ ભગવાન સ્વરૂપ;
ધરણીધર મેહેતાજીને મંદીર, લઇ ચાલ્યા મેહેતાનું સ્વરૂપ. કેદારો.
ધન આપી ખત માગીરેલીધુ.મેહેતાજીનો મહિમા વધારયોરે બહુ;
ધરણીધર નાગરને ઘરે, એક અપાંગળી હુતીરે વહુ. કેદારો.
તેને ઘેલી કહીને શહુકો બોલવે, તેને મંદીર પધારચા ભગવાન;
મસ્તક હાથ મુકીને ઉઠાડી, તેનુ રૂપ કીધું લક્ષિમજી સમાન્ય. કેદારો.
એક પંથ બે કારજ કરીને, હરિ આવ્યા જુનાઘડ મોજાર;
મેહેતાજીને ખોળે ખત નાંખ્યું, અંત્રિક્ષ રહીને દેવ મોરાર. કેદારો.
તેરે શ્રીપાતે સરવે દીઠું, મંડળિક પાસે માગે માન;
નરસૈયો ઇશ્વરનો સેવક, કહ્યું કરો હઠીલા રાજન. કેદારો.
અન્યો અન્ય સહુ વાત કરે છે, ખત આપ્યું દામોદર રાય;
નરસૈંયાને મંદીર મોકલો, નહી તો આપણો મહીમા જાય. કેદારો.
તળા જેથી તતક્ષણ આવ્યા; કહે ધરણીધર સાંભળો રાય;
હરિનાજન હરિ સરખા જાણો, મેહેતાજીને લાગો પાય. કેદારો.

પદ ૯૯ મું.

દ્વારિકાં પોહોત્યા કમળાપતી, રામનંદ પ્રત્યે કહે વિનતી;
તમે જુનાઘડ લગી વેગે જાઓ, નરસૈયા નાગરને કરો પસાવો. દ્વારિકાં.
આવ્યા રામાનંદ સભા મોજાર, એવે ધરણીધર કહે છે વિચાર;
મેહેતાને રૂપે આવ્યા ભગવાન, અપાંગ વહુ કીધી લક્ષિમ સમાન્ય. દ્વારિકાં.
ગ્રંથ આપી પત લીધુ હરી, ધરણીધરે વાંણી ઓચરી;
શ્રીપાત સાંભળીને દીલગીર થયા, મંડળીક રાય વિચારી રહ્યા. દ્વારિકાં.
અન્યો અન્ય વારતા ઓચરે, વૈષ્ણવ સાથે દ્વેશ કોણ કરે;
દક્ષણવંત ગંગોદક ભરયો, નરસૈયો નાગર વૈષ્ણવ ખરો. દ્વારકાં.
ગાએ રત્ન ગળાણુ રાય, રત્ન જડે ને જુવે ગાય;
એવી પ્રીત દામોદર કયાંથી કરે, ભાગી ભોગળ હાર કંઠેધરે. દ્વારિકાં.
તે માટે મેહેતાને મોકલો ઘેર, બ્રાહ્મણસુ નવ કીજે વેર;
વેર કીધે નવ થાએ ભલું, તે માટે કહીએ એટલું; દ્વારિકાં.
એમ સભાજન સરવે કહે, તે તો મંડળીક સરવે લહે;
પ્રલંબ પ્રધાન વિચારે પેર, નરસૈયાને મોકલીએ ઘેર. દ્વારિકાં.

પદ ૧૦૦ મું.

રામાનંદ સન્યાસી એણી પેરે કહે, એ કથા અંધવચ નવ રહે;
કોઇ કોઇની કુડી પક્ષ કરે, તે સંન્યાસી નરકે સંચરે. રામાનંદ.
વૈષ્ણવ જનને નિંદે જેહ, કુંભીપાક પડે નર તેહ;
પાંડુપુર નાગર છે એક, તેમાં નામો ભક્ત વિશેક. રામાનંદ.
નામ દેવને હરિશું પ્રીત, રામાનંદ કહે સુભરીત;
બ્રાહ્મણે આણી મરતક ગાય લઇ બાંધી સુલતાન સભાય. રામાનંદ.
નામદેવે સજીવન કરી, તુલસી માળા કંઠે ધરી;
નામદેવ નર હરિગુણ ગાય, આવ્યા સમરથ વૈકુંઠરાય. રામાનંદ.
જુડા લોક સહુ જોઇ રહ્યા, વૈષ્ણવ જન તે સાચા થયા;
ભગત જગતને આદથી વેર, પ્રભુ સેવકની જાણે પેર. રામાનંદ.
પ્રહ્લાદજી પર કોપ્યો તાત, વિભિષણને વીરે દીધો લાત;
અમરિષને દુરવાસા કોપીયો, ધ્રુવ બાળક તે વનમાં ગયો. રામાનંદ.
ત્યાં મળીયા ઋષિ નારદ રાય, આપી મંત્ર કરયો વિદાય;
તેણે ધર્યું હરિનું ધ્યાન, પ્રસન્ન થયા પોતે ભયવાન. રામાનંદ.
ભક્ત જાણીને સુધ લીધ, ધ્રુવજીને તો અવિચળ કીધ;
સુધનવા ઉગારયો હરી, તેલ કડાને ટાઢી કરી. રામાનંદ.
પંચાળીનાં પુરયાં ચીર, તે તો પોતે હળધરવીર;
માટે મેહેતા તમને કહું, સંસાર ચરિત્ર હું સઘળુ લહું. રામાનંદ.
હાર લીધાવિના જાઓ ઘેર, તો વૈષ્ણવની લાજ રહે શી પેર;
ભાગી લોગળને આપો હાર, ત્રીભુવન વરતે જયજયકાર. રામાનંદ.
નિજ ધરણનો ઘેલી મહારાજ, ઠામઠામ જનની રાખે લાજ;
રહો વિશ્વાસે આણે ઠામ, હવે ડગમગ શું આવે કામ. રામાનંદ.
મેહેતા તમારી ભક્તિ ખરી, હાર આપશે હેતે હરી;
રામાનંદ એણી પેરે ઉચરે, મેહોતોજી મનમાં હરખજ ધરે. રામાનંદ.
કેદારો આલપીને ગાય, સર્વ સણીને આનંદ થાય;
જય દામોદર જય રણછોડ, નિજ ભક્તના પુરો કોડ. રામાનંદ.

પદ ૧૦૨ મું.

મારો વાલોજી રાગ મુકાવીને આવ્યા, મેહેતો ખત વાંચીને ખુંઆરેરે,
નાચે કુદેને તાલ વળગે, મારો વાલોજી નવ વીસારેરે. મારા વાલોજી.
મધુરે સ્વરે કેદારો ગાયો, મહારો ગોરીયો ગમાણે આવ્યોરે;
ઠમકે ઘુઘરી નેપુર વાજે, મહારો રાગ કેદારો મુકાવ્યોરે. મારા વાલોજી.
પ્રગટ થાઓ પાતળીયા સભામાં, મુજને આપો હારરે;
આવો છબીલા શાઇડુ દીજે, શાને લગાડો વારરે. મારા વાલોજી.
મલપતા મંદીરમાં આલો, જાણે દીનદયાળરે;

સભા સર્વ દેખતાં કાંનુડા, મારી કંઠે આરોપો માળરે. મારા વાલોજી
એમ કહી અત મસ્તક મુકયું, સખિયો થાઓ સાવધાનરે;
જયજયકાર બોલે નરશૈયો, સર્વ સખીયો કરો ગાનરે. મારા વાલોજી

પદ ૧૦૩ મું.

દામોદર દિલમાંહે વિચારે, મેહેતો ભગત છે મહારોરે;
ક્ષણુંએ મુજને નવ વિસારે, ગણે પ્રાણથી પ્યારોરે. દામોદર.
એમ વિચારી ગયા અલબેલો ધરણીધરને ઘેરરે;
કેદારો મુકાવી લાવ્યા, જુગતે જાણી પેરરે. દામોદર.
અત લાવીને બોળે નાંખ્યું, તે તો સરવે જોયુંરે;
મેહેતો મનમાં રાજી થયા બહુ, જોતા મનડુ મોહ્યુંરે. દામોદર.
કોડથી કેદારો ગાયો, તે તો મુજને ભાવ્યોરે.
ઉપમા આપી મુજને બળદની, ગોરિયો ગમાણે આવ્યોરે દામોદર.
માંટે આસન જઈને બેસુ, છોને લાગે વારરે;
કેવો ગણીયો મુજને મેહેતે, કેમ આપુ હવે હારરે દામોદર.
રીસ ચડાવી આસન બેઠા, શ્રી દામોદર રાયરે;
તે તો મેહેતાજીએ જાણ્યું, હવે શી પેર થાયરે દામોદર.
મેહેતાજી કહે સુણો મોહનજી, રીસાઇને કયાં જાઓરે;
જીવ જતાં લગી નવ છોડું, સહાય શામળિયા થાઓરે

પદ ૧૦૪ મું.

ભાગ્ય હોગળ શામળિયા સાથી, ઘેલડા મુકાવોને ગોવાળારે;
આહિરને આવડો શો અટકો, આપો મોગરાની માળા ભાગ્ય.
હવે ગાળ નહીં દઉ ગોવિંદજી, ક્ષમા કરો અપરાધરે;
શિવ વિરંચી તારો પાર ન જાણે, તે શું કરયો મેં વાદરે ભાગ્ય.
શુક શૌનકાદિક ધ્યાન ધરેછે, તે તું નંદ કુમારરે;
લક્ષ્મિવર મેં કહ્યો તુજને, લંપટ વારમવારરે ભાગ્ય.
સેવક જનના બોલ્યા સામુ, જોઇએ નહીં જદુનાથરે;
અવગુણ ભરીયો પણ છું તારો, હેતે ઝાલો હાથરે ભાગ્ય.
સુધ બુધ લજ્જા પ્રેમી જનમાં, નવ રહે લગારરે;
પ્રેમ વચનમાં જે બોલાયું વિઠલ વારમવારરે ભાગ્ય.
ગુણસાગર છો શ્રી ગિરિધારિ, બાનાની પત રાખોરે;
મેહેર કરી મહારાજ મુજપર, દાસને દરસન દાખોરે ભાગ્ય.
આવો આલિંઘન દીજે મારા વાલા, સુંદર મુખડું નિહાળુંરે;
ભણે નરસઇયો રજની વીતી, થયું ત્રીલોકમાં અજવાળુંરે ભાગ્ય.

પદ ૧૦૫ મું.

જાગ્ય જાગ્યરે જદુપતિ, રજની વિહાણી;

મંડળીક મુજને બહુ બીહરાવે, જીવન હ્યેા જાણી. જાગ્ય.
અરૂણ ઉદયની વેળા થઈછે, હરણી તેા આથમી;
દીપક જોત્યેા ઝાંખી થઈછે, કહું મરતક નામી જાગ્ય.
વલેાણાં વાજે ને ઘંટીઓ ગાજે, પ્રેમદા ભરે પાણી;
કેશવજી તમે કેમ ન આવ્યા, કેાણે બાંધ્યા તાંણી જાગ્ય.
મછકંદને કુંભકરણ જીત્યા, તેની ઊંઘ તને આવી;
આળસુ કેમ બન્યા અલબેલા, શું બેઠા રીસાવી જાગ્ય.
દીન બંધુછેા દામેાદરજી, હાર હરી આપેા;
નરસઇયેા કહે નાથજી મહારાં, કષ્ટ તમે કાપેા જાગ્ય.

પદ ૧૦૬ મું.

બત વાંચતાં હું ખંભાર્યેા, તેની તમને ચડીછે રીસરે;
સેવકના અપરાધજ સામું, શું જુવેા જગદીશરે બત વાંચતાં.
શ્રીપતી સહાય કરેા સેવકની, વેળા થઈછે આજીરે;
મેાગરાની માળા લઇને પધારેા, મેહેતાજી થાયે રાજીરે બત વાંચતાં.
ઉઠેા ઉઠેા હરી થયું અજવાળું, બેાટી ન થાએા પળએકરે;
પ્રીતમજી પ્રેમેથી ભેટું, મુકી દેા હરી ટેક રે બત વાંચતાં.
એવું સુણી ઉઠ્યા અલબેલેા, થયેા ત્યાં બહુ કડાકેારે;
જાણે મેઘ ગાજ્યેા અશાડેા, એવેા થયેા ભડાકેારે બત વાંચતાં.
મેાહનજી કહે સુણેા મેહેતાજી, અંતર નથીતમ સાથેરે;
પ્રીત કરી તુજને પેરાવું, હાર હું મહારે હાથેરે. બત વાંચતાં.
તુજ વિના મહારે નવ ચાલે, હું પુરૂં તારી આશરે;
એમ કહીને બન્ને ભેટ્યા, નરસઈને અવિનાશરે બત વાંચતાં.

પદ ૧૦૭ મું.

કમાડ કડકડિયાં ને ગગન ગડગડિયાં, મંડલીકના મંદીર;
ભેાગળ ભાગીને તાળાંરે તુટ્યાં, પધાર્યા શામ શરીર કમાડ
બળબળિયા ઘડકેાશીસાંરે, પડે પેાળ પગાર;
નાઠા ભુર સભાથી સર્વકેા, થઇ રહ્યેા હાહાકાર કમાડ
આશનથી ઉઠ્યા અવિનાશી, આવ્યા સભા મેાજાર;
સભા સરવે દેખતાંરે આપ્યેા, આપ્યેા મેહેતાજીને હાર કમાડ
પીતાંબર પ્રીતે ઓઢાડયું, આપી કાને કુંડલ જોડ;
મસ્તક મુગટ સમરપી નાચે, જયજય શ્રીરણછોડ કમાડ
મુખ મેારલી મધુરી વજાડે, દીનેાનાથ દયાળ;
રંગીલેા છબીલેા છેાગાળેા વાલેા, તે લે ભમરી કરતાળ કમાડ
જયજયકાર બેાલે સહુ સખીયેા ધન્ય ધન્ય ગેાકુળ રાય;
નરસઇયાને ફરીફરી ભેટે હેડે હરખ ન માય કમાડ

પદ ૧૦૮ મું.

આફડિયે જે દ્વાર ઉઘાડી, હાર ગોપાળરાયે દીધોરે;
રાજા મંડળીક થરથર કાંપ્યેા, મેં મોટો અપરાધ કીધોરે આફડિયે જે.
સન્યાશી સૌ વિસ્મય પામ્યા, વરત્યેા હાહાકારરે;
જેને જેવેા તેનેા તેવેા, દીઠા દેવ મેારારરે આફડિયે જે.
નરસઇ આશ્રમે નૃસિંહરૂપ દીઠા, મુકુંદાશ્રમે મુકુંદરૂપરે;
અચ્યુતાશ્રમે અચ્યુતરૂપ દીઠા વિસ્વંભરે વિશ્વરૂપરે આફડિયે જે.
રઘુનાથાશ્રમે રનુનાથરૂપ દીઠા, ભીમે દીઠા રામરે;
રાજાની માચે ચતુરભુજ દીઠા, રાણીયે દીઠાસુંદર સ્યામરે આફડિયે જે.
શ્રીપાતપંડિતે સુંદર રૂપ દીઠા, શીધરે દીઠા બ્રહ્મચાર રે;
બ્રહ્મભારથીયે બ્રહ્મ રૂપ દીઠા, પ્રસાદપુરીયે ત્રીપુરાર રે આફડિયે જે.
પ્રલંબ પ્રધાને પ્રૌઢ રૂપ દીઠા, મુંડળિકે કાળ રે;
સભાએ દીઠા સુંદર શિરેામણુ, સજ્જને દીઠાં બાળ રે આફડિયે જે.
જોગી ધ્યાનીયે જ્યેાતિરૂપ દીઠા,કુંવરબાઇયેદીઠાપિતાયરે;
મેહેતાજીયે લટકાળા છેાગાળા દીઠા, શ્રીગેાકુળના રાયરે આફડિયે જે.
અણવપા તેને જેવેા તેને તેવેા, વ્યાપી રહ્યેા કરૂણાળ રે;
મેહેતાજીની કંઠે આરેાપી, લઇ મેાગરાની માળ રે આફડિયે જે.
રાગ રાગનું તાન મિલાવે, મેારલી મદનગેાપાળ રે;
જય જયકાર કહે સરવ કેા, હરિ ભક્તવત્સળ પ્રતિપાળરે આફડિયે જે.
લેાક સહુ રાજાને કહેછે, તમે મેાટેા અપરાધ કીધેા રે;
રામાનંદને રીસ ચડી બહુ, શ્રાપ રાજાને દીધેા રે આફડિયે જે.
પ્રભુના જનને તેં બહુ પીડયેા, કાંઇન વિચાર્યુ આપ રે;
ત્રણ જન્મ તું મ્લેચ્છ થઇને, ભેાગવજે તુજ પાપ રે આફડિયે જે.
ત્યારે સુરસેનાએ હાથજ સાહ્યેા, રાજાને શ્રાપ ન દીજે રે;
જેણે આપણું ભુંડું કીધું હેાય, તેનું રૂડું કીજે રે આફડિયે જે.
ત્યારે રાજા પસ્તયેા પેાતે, આવી દંડવત કીધેા રે;
કુમતિયે મેં કાંઇ ન માન્યું, માહારેા એકેઅરથનસીધ્યેારે આફડિયે જે.
આગળ સુવર્ણ બ્રહ્મ પેાળેા આપી, તે કશું નઆવ્યું કામરે;
કળિજુગમાંહી હરિ ભકત મેાટા, વળી નારાયણ નામ રે આફડિયે જે.
એ વાત તે કેાને કહીયે, મળ્યા પ્રધાનને સતરશન્યાસીરે;
નારાયણનેા જન મેં દુભ્યેા હૈયે ન જોયું વિમાસી રે આફડિયે જે.
ત્યારે મેહેતાજી એણીપેરે બેાલ્યા, સાહી રાજાનેા હાથ રે;
વાંક સઘળેા છે તારી માતનેા, તેને પુછ તું વાત રે આફડિયે જે.
રાજા જઇ માતાને કહે છે, હવે શી પેરે થાશે રે;
માતા કહે તેં કહ્યું ન માન્યું, જુનાગઢ તુજ જાશે રે આફડિયે જે.
વળતેા રાજા એણીપેર બેાલ્યેા, મા સઘળે તારેા વાંક રે;

સાચું કહે જે નિપજ્યું હોય તે, હું થઈશ તારો રાંક રે આફડિયે જો.
વળતી માતા એણિપેરે બોલી, કહું છું સાચું હુંય રે;
મ્લેછ શેવકનું મુખ મેં જોયું, પેટે રહ્યો જવ તુંય રે આફડિયે જો.
દુષ્ટતણું મુખ જોત. આવો, નિરદય નિપજ્યો તંન રે;
કહ્યું ન માન્યું પ્રથમ કોઇનું, પીડ્યા હરિના જંન રે આફડિયે જો.
એવું સુણીને મંડળિક મનમાં, પસ્તાયો બહુ આપ રે;
નરસઇયાને પીડા પમાડી, તેથી પામ્યો શ્રાપ રે આફડિયે જો.

પદ ૧૦૯ મું.

શ્રીદામોદરે દયા કરીને, નરસઇયા નાગરનો રાખ્યો રંગ;
સર્વ શેવકના સુખને કારણ, રાય મંડળિક કીધો માન ભંગ શ્રીદામોદરે.
કો કહે કામી ને કો. કહે કપટી, પણ શેવકને તમારી આશ;
રાખી લાજ સભામાં સાચી, દુરિજન સઘળા કીધા નીરાશ શ્રીદામોદરે.
કળિયુગમાંહે પ્રત્યક્ષ દીઠુ, નરસઇયાને ઝીતાડયો હોડ;
કાંને કુંડળ ઘાલ્યાં મેતાને, પીતાંબર આપ્યું કટી છોડ શ્રીદામોદરે.
એ જારજાતે કાંઇ ન જાણ્યું, વૈષ્ણવ સાથે કીધો વાદ;
પ્રજાજનો સહુ એણિપેરે કહેછે, ઉતારયો હરિયે એનો નોદ શ્રીદામોદરે.
જય જયકાર હવો શેારડમાં, મેહેતાને આપ્યો હારજ હરી;
મંડળિકરાયનો મમત હરીને, નરસઇયા નાગરની રક્ષા કરી શ્રીદામોદરે.

પદ ૧૧૦ મું.

મારા ઠાકોર દામોદરે, મારી સાર કરી સંભારીરે;
વૈકુંઠથી વેગે આવીને, આપ્યો હાર ઉતારીરે મારા ઠાકોર.
ભક્તજનને વાલે લાડ લડાવ્યાં, સદાય છે સુખકારી રે;
અનેક ભક્ત આગે ઉદ્ધારચા, કૃપા કરી મુરારી રે મારા ઠાકોર.
નૃપતી નિત્ય દાન દેતા સુવર્ણનું, નહાતો ગંગાનીરરે;
પણ વૈષ્ણથી દ્વેષજ કરતો, તેથી પામ્યો કલંક શરીરરે મારા ઠાકોર.
શુક શૌનકાદીક મુનીવર નારદ, નિગમ ચતુર મુખગાયરે;
હનુમાન સરખા તાલધરે તોએ, હરિ ગુણ કોણે ન ગણાયરે મારા ઠાકોર.
જેનિ રેવા સુરિનર ઇચ્છે, સહસ્ર અઠ્યાશી ધાયરે;
અમર ઇંદ્રાદિક ગાંધર્વ અપ્સરા, ગુણ શ્રીહરિના ગાયરે મારા ઠાકોર.
મામેરૂં મોહને કીધું, આપ્યા વસ્ત્ર શણગારરે;
મંડળીક દેખતાં માહારાજે સુને, હેતે દીધો હારરે મારા ઠાકોર.
સોરઠ જન જોવાને આંવ્યા, પહોત્યા મનના કોડરે;
સકળ સભામાં લજ્જા રાખી, નરસઇયો ઝીતાડયો હોડરે મારા ઠાકોર.
કળિજુગમાંહે કઠણ માનવી, પામર કેને ન પતીજેરે;
ભણે નરસઇયો સુણો નારાયણ, ચરણ શરણ રાખીલીજેરે મારા ઠાકોર.

પદ ૧૧૧ મું.

શ્રી દામોદરે કીધી દયા જે, મુગટ સહિત મુને આપ્યેા હાર;
બાજુ બંધ બેરખા આપ્યા, ત્રિભુવન વરત્યેા જયજયકાર શ્રી દામોદરે.
રાજા તું ઘેલેા થયેા જે, બડગ લઇને આવ્યેા સંગ;
રસિયાજી શું રંગે રમતાં, રમાપતીએ રાખ્યેા રંગ શ્રી દામોદરે.
શાશા ગુણ ગાઉ ગેાવિંદના, ઠામ ઠામ રાખી મુજ વાજ;
અફળ ન થાએ એ અલબેલેા, સારે શેવક જનનાં કાજ શ્રી દામોદરે.
જે જન શેવે સાચા મનથી, તે ત્રિકમજી જાણેરે;
ભીડ પડે જ્યારે સેવકને, સહાય કરે તે ટાણેરે શ્રી દામોદરે.
સજ્જન સરવે સાચું માનેા, એ હરી દીન દયાળરે;
નીજ શેવકની લજ્યા રાખી, કંઠે આરેાપી માળરે શ્રી દામોદરે.

પદ ૧૧૨ મું.

શ્રી દામોદરના ગુણ ગાતાં, નર કેા દુખીયેાં ન હેાય રે;
સદા શામળિયેા શરણે રાખે, સન્મુખ આવી જોયરે શ્રી દામોદરના.
મુરખ મુઢ હીંડે રડવડતેા, નવ જાણે હરિનેા મર્મરે;
સમરણ કરતાં તરતજ આવે, પરિપુરણ પર બ્રહ્મરે શ્રી દામોદરના.
છેલ છબીલેાને છેાગાળેા, નિત્ય નિત્ય તેને ભજીયેરે;
મંડળીક માન ઉતારયું જેણે; કહેા કેમ તેને તજીયેરે શ્રી દામોદરના.
સુખદાતાની પુર્ણ કૃપાથી, અવિચળ પદ હું પામ્યેારે;
નરસઇના સ્વામીને જોતાં, ભવ ભય સઘળેા વામ્યેારે શ્રી દામોદરના.

પદ ૧૧૩ મું.

વાલાના ગુણ શાશા કહું રે, અવસર આવી રાખે લાજ;
પતિત પાવન હરી નામ તમારૂ, પ્રગટ થાએાનેા ભક્તને કાજ. વાલાના
કૃપા કરી મુને હારજ આપ્યેા, મંડળીકરાય થયેા મત ભંગ;
સભાં સઘળી આશ્ચર્ય પામી, કૃપા તમારી પરમાનંદ. વાલાના
સાચી પ્રીત કરે જે હરીશું, તેના મનના પુરે કેાડ;
કૃપા કરી તમે નરસૈયાને, ભક્તવત્સલ પ્રભુ શ્રી રણછેાડ, વાલાનાં

પદ ૧૧૪ મું.

કર જેડીને દાસ વીનવે, હું સંત કૃપાએ સુખ પામ્યેારે;
ભક્તના ચર્ણ રેણુયે નરસૈયેા, સકળ વેદના વામ્યેારે. કર જેડીને
અલ્પ બુદ્ધી અજ્ઞાની હતેા હું દેખાદેખી ચાલ્યેારે;
સાધુ સમાગમ નીશદિન કરતાં, હરજીયે હાથજ ઝાલ્યેારે. કર જેડીને
પ્રજાજન સહુ ચરણે નમીયા, નગર તણા જે વાસીરે;
ભણે નરસૈયેા શ્રીહરી સેવેા, ટળશે ભવ દુઃખ ફાંસીરે. કર જેડીને

પદ ૧૧૫ મું.

ઓળંભો અફળ નહી જાય મ્હારો વાલો, ઓળંભો શ્રી ગોકુળરાયરે;
કૃપા સાગરે કૃપા કરીને, કીધી મહારી સહાયરે ઓળંભો.
ઓળંભો ધ્રુ પ્રહ્લાદ વિભિષણ, અમરિષને હનુમાનરે;
અક્રૂર ઓધવ વિપ્ર સુદામા, વિદુર ભકત વરદાનરે ઓળંભો.
ઓળંભો વેગે ધ્રુપદ તનયા, ચરણે અહલ્યા તારીરે;
કુબજાનું ચંદન માગી લીધું, ગોકુળ રાખ્યું મુરારીરે ઓળંભો.
ઓળંભો વેગે વ્રજ વિનતા, તારણ તરણ ગિરિધારીરે;
ઓળંભો પ્રીત કરી જે ભકતે, લીલા કુંજવિહારીરે ઓળંભો.
સાંદીપને સુત આણી આપ્યો, વેદ વદે એમ સાચુરે;
મારો ઠાકોર એજ દામોદર, અહોનિશ એને જાચુરે ઓળંભો.
ભકતવત્સલ સદા હરી દાતા, દીનોનાથ કહાવેરે;
નરસઈયાના સ્વામીને સમરતાં, પુનરપી જનમનઆવેરે ઓળંભો.

પદ ૧૧૬ મું.

નિરખી લોક નગરના હરખ્યા, ધન્ય મેહેતાનો અવતારરે;
મહિપતિ આવિ ચરણે લાગ્યો, કરે હરખ ઓછવનરનારરે નિરખી.
અમે અબુધ મુરખ અજ્ઞાની, ખોટી કહી વૈષ્ણવની વાત;
સ્વામી સેવકમાં ભિન્ન ન હોચે, સૂતી સ્મૃતિઓલેવિખ્યાતરે નિરખી.
છબિલાજીના વાલા જે જન, તે સાથે ન કરવો દ્વેશરે;
સાચુ પાસુ સામળિયાનું, નિશ્ચે લખ્યો મટે નહી લેખરે નિરખી.
દુરિજન સઘળા દુઃખજ પામ્યા, જેણે કીધાં કુડાં કર્મરે;
ભણે નરસૈયો તમે સુકૃત કરો સૌ, શ્રી ધરણીધર રાખે ધર્મરે નિરખી.

પદ ૧૧૭ મું.

ધન્ય તું ધન્ય તું એમ કહે શ્રીહરી, નરસૈયા તું મારો ભકત સાચોરે;
મેહેલી પુરૂષાતન સખિને રૂપે થયો, તારો પ્રેમ જોઈ હું રે રાચોરે ધન્ય તું.
તુજમાંને મુજમાં ભેદ નહિ નાગરા, માન્ય તું વેદવાણીરે;
હજી પતિત મહારી નથી તુજને, માગતાં મોકલ્યું ટાહાડું પાણીરે ધન્ય તું.
મામેરૂં કીધું તે કેમ ગયો વીસરી, હાર આપ્યો તે પ્રત્યક્ષ ભુપરે;
ચૌદભુવનમાં તુજ સમો કો નહીં, માહરૂં તાહારૂં એક રૂપરે ધન્ય તું.
તાહારો અક્ષર ગાયને સાંભળે, કુળ સહિત પવિત્ર થાયોરે;
ભણે નરસઈયો મિહું બોલી શું રીઝવો, કરજોડી કૃષ્ણજી સમ ખાયેરે ધન્ય તું.

પદ ૧૧૮ મું.

ધન્ય તું ધન્ય તું એમ કહે શ્રી હરો, ત્રિગુણ રહીત મન થયું રે તારૂં;
કોટિ બ્રહ્માંડનો પતિ કરે વિનતી, નરસઈયા માન્ય તું વચન મહારૂં ધન્ય તું.
બ્રહ્મા શંકર શુક સનક આદે જતી શેષ નારદ ધરે ધ્યાન મારૂં;

મનકર્મ વચન તું અનુસરે, કોટી મુકતી તારે ચરણે વારૂં ધન્ય તું.
જેવી વ્રજ સુંદરી તેવો તું નરસઈયો, નિરમળ મને મારો જશ ગાયો;
રાસ ક્રીડા કરી તુજને મેં દાખવી, હાર આપવાને હું હોંસે ધાયો ધન્ય તું.
વૃજલીલા મધ્ય કેલીમાં કાનજી, પુરૂષ નામે કોઇ પાસ નાવે;
આવ્ય એ શ્રીહરી બીજનીનતા ખરી, નરસઇ વિના લાડ કુણ લડાવે ધન્ય તું.

પદ ૧૧૯ મું.

સંસારનો ભય નિકટ ન આવે, કૃષ્ણ ગોપાળને ભજંતાંરે;
ત્રિવીધી તાપ ટળે સહુ તનના, મોહ માયાને તજતાંરે સંસારનો.
ધ્રુવની દ્રઢ ભકિતને જાણી, અવિચળ પદવી આપીરે;
ભકત પ્રેહલ્હાદ ઉગારી લીધો, જનમ જરા જડ કાપીરે સંસારનો.
જે જન સાચો ભાવજ રાખી, જપે શ્રી જગદીશરે;
શરણાંગત રાખે શામળીયો, કાપે સઉ કિલ્મિષરે સંસારનો.
શ્રી દામોદર જેવો દાતા, જગમાં ન મળે કોયરે;
નરસઈયો કહે નિશદિન જપિયે, સકળ કારજ સિધ હોયરે સંસારનો.

પદ ૧૨૦ મું.

મંડળિક આવી લાગ્યો પાય, ક્ષમા કરો હું મંદમતી રાય;
પ્રલંબ પ્રધાન વિનય બહુ કરે, સ્ત્રિયો નઇણે નીરજ ભરે મંડળીક.
શ્રીશ્રાત સરવે મેહેતાજીને નમ્યા, અમો અતિશય તમને દમ્યા;
અમે અજ્ઞાન થયા મહારાજ, રાખી દામોદરે તમ લાજ મંડળીક.
ભીમ મેહેતાજીને પ્રણામજ કરે, શન્યાસી વિનય વચનઉચરે;
દ્વેશી નાગર ઘેરજ ગયા, વૈષ્ણવ સર્વ રળિઆતજ થયા મંડળીક.
એ હરિજનનો મહિમા રહ્યો, રાય મંડળીકે પોતે લહ્યો;
સભા સર્વજન બોલે બેર, મેહેતાજી પધારો ઘેર મંડળીક.
સખિયો સહિત ઉઠ્યા તેણીવાર, સર્વ બોલે ત્યાં જયજયકાર;
મેહેતાજી આવ્યા મંદીર માંહે, વૈષ્ણવ જને વધાવ્યા ત્યાંહે
નરસૈયો કહે જપો હરિનામ, દામોદરને પ્રણામ મંડળીક.

પદ ૧૨૧ મું.

કોણ એ સમાનાં કામની, દત ફળિયલ રામા;
દ્રુપદીની લજ્જા રાખવા, હરી ઉભા છે સામા કોણ એ.
વાલોજી ગયાતારે વાડીયે, સરવે સુંદરી સાથે;
સેલડીનો સાંઠો છોલતાં છરી બેઠીછે હાથે કોણ એ.
માનીતી મંદીર પધારીયાં, ચીંથરડીરે લેવા;
દ્રુપદીએ ચીર વધેરીયું, હરિને પાટો બાંધવા કોણ એ.
ત્રીકમે તેના તાંતણા, લગી રાખ્યા છે લેખે;
નવસે નવાણું ચીર પુરીયાં, સઘળી સભારે દેખે કોણ એ.

ગરૂડે ચડીને ગોવિંદ આવિયા, આવ્યા અંતરજામી;
ભકત ઉદ્ધારણ બુધરો, મેતા નરસઇયાનો સ્વામી કોણ એ.

પદ ૧૨૨ મું.

આવો અમારે દેશડે, મીઠા મોહન માવા;
દહિ દુધને વળી ઘૃત ઘણું, ખીરમાં ખાંડ ખાવા આવો અમારે.
રસોઇ કરી ભાત ભાતની, કાન તમારે કાજે;
પ્રીતમ પ્રીતે પધારિએ, કૃપા કરીને આજે આવો અમારે.
ગંગાજળ મેં તો ગરમ કરયું, નાથ તમારે નાવા;
આપુ પીતાંબર પેહેરવા, ચાલો પરસાદ પાવા આવો અમારે.
અરજ સુણી અલબેલડો, પ્રેમે આવ્યા ધાઈ;
ગોપીયો દેણી ઘેલી થઇ, અતી મન હરણાઈ આવો અમારે.
ભાવેથી ભોજન જમાડીયાં, બીડી પાનની દીધી;
ઘણા દીવસની ગોઠડી, કાન આગળ કીધી આવો અમારે.
પ્રેમની સાંકળે બાંધીયા, હવે નહી દેઉ જાવા;
નરસઇના સ્વામી શામળા ચાલો ગોકુળ ગાવા આવો અમારે.

પદ ૧૨૩ મું.

(મેહેતાની સખી માનબાઇની વીનતી.)

સાંભળો શામળીયા વાલા, મારે તમથી નથી કાંઇ કાચું રે;
દુરીજન સૌ મળી આડું બોલેછે, રખે તે માનતા સાચું રે. સાંભળોને
અંતરની જાણો અલબેલા, મેહેતાજી નાતછે મ્હારેરે;
સઉ મળીને મુજને સંતાપે, શું કહિયે વારેવારેરે સાંભળોને.
નાગર સરવે નાત્ય મળીને, મેહેતાજીનું નોતરૂં ટાળ્યું રે;
કંઠ કટારીને દેહજ પાડું, જો પ્રભુ સામું નવ ભાળ્યું રે સાંભળોને.
જો મેહેતોજી જમવાં ન આવેતો, મ્હારે તમારી શીમાયારે;
જોર નથી બીજું જગજીવન, પાડીશ મ્હારી કાયારે સાંભળોને.
નાગર સઉ નાહિનાહિને આવ્યા, પેહેરયાં પીતાંબરભાવ્યારે;
એકએક નાગરમાં ઢેડ બેઠે, તેવા શામળિયે બતાવ્યારે સાંભળોને.
અંતરજામીએ અરજ સાંભળી, નાગર જમવા બેઠારે;
એકએક કરમાં અસ્થી લઇને, નાગરમાં ઢેડ પેઠારે સાંભળોને.
એક એકના મુખ સામું જોયું, આતે શું કહેવાયરે;
નાગર સઉ નાત બાહાર રહીશું, હવે કયાં નાશી જવાયરે સાંભળોને.
નાગર સરવે નાત મળીને, કીધો એક વિચારરે;
જો મેહેતાજી જમવા ન આવે તો, નાત નિકળોગામબહારરે સાંભળોને.
ભકતરાજને જમવા તેડાવો, મન મનાવી લાવોરે;
કૃપાનાથ કૃપાવંત થઇને, હવે તે જમવાને આવોરે સાંભળોને.

નાંગર સરવે સાથ મળીને, મેહેતાજીને તેડવા પધારચારે;
શું છે મેહેતાજી જમવા નથીઆવ્યા,વાટજોઇજોઇઅમોહારચારે સાંભળોને.
મરડ નથી મેહેતાના મનમાં, તેડચા તતક્ષણ આવ્યારે;
માનબાઇનો સ્વામી અધિક શિરોમણ, સઘળાતેઢેડ સમાવ્યારે સાંભળોને.

પદ ૧૨૪ મું.

પ્રાણપે મુને વૈષ્ણવ વહાલા, અહરનિશ એને ધાઉરે;
તપ તીરથ વૈકુંઠ તજીને, વૈષ્ણવ હોય ત્યાં જાવુરે પ્રાણપે મુને.
અમરીષ મુજનેઅતીશયવાહાલો,દુરવાશાએમાનભંગકીધોરે;
જગત ભગતની રક્ષા કરવા, અવતાર દશવાર લીધોરે પ્રાણપે મુને.
બેઠા ગાય ત્યાં ઉભો સાંભળું, ઉભા ગાય ત્યાં નાચુરે;
વૈષ્ણવથી ક્ષણું નહીં હું અળગો, ભણે નરસઇયો સાચુરે પ્રાણપે મુને.

પદ ૧૨૫ મું.

હરિની ભકિત વિના જે જીવે, તેનો અફળ ગયો અવતાર;
તુલસીની માળાને તિલકજ પાખે, બીજા જુઠડા શાસણગાર હરિની.
દશ માસ ઉદર દુઃખ પામ્યો, કિધું કારજ તે બર ભાર;
દેહ ધરિ હરી દાસ ન કહાવ્યો, તેની જનુનીને ધિક્કાર હરિની.
વૈષ્ણવ જન વાહાલા નહીં જેને, મિથ્યા ગયો તેનો અવતાર;
નરસઇયાના સ્વામી વિના બીજા, અનેક મિથ્યા ધર્મવિચાર હરિની.

પદ ૧૨૬ મું.

ધન્યરે ધન્યરે જીવતરવૈષ્ણવનું,જ્યાંજોઇએત્યાંહરિ ગુણગાય;
ચૌદ લોકમાં પડેલી પુજા, નરનારી તે વૈકુંઠ જાય ધન્ય ધન્યરે.
વૈષ્ણવ કેરા કહું ગુણ લક્ષણ, તિલક છાપ ને તુળસી માળ;
વૈષ્ણવ કેરો વેશ દેખીને, જમકિંકર નાસે તતકાળ ધન્ય ધન્યરે.
જન્મ મરણના ફેરા છુટે, જમ જોખમથી રાખે અંગ,
સંસાર માંહે તે નર જીત્યા, જેને નિશદીન વૈષ્ણવ સંગ ધન્ય ધન્યરે.
માત પિતા કેરૂં કુળ તારે, પાડોશી પાવન પરિવાર;
ભણે નરસઇયો હરિગુણ ગાતાં, પુનરપી તેને નહિ અવતાર ધન્ય ધન્યરે.

પદ ૧૨૭ મું.

નરસઇયાને કીધી દયા, વૈકુંઠ નાથ તે સન્મુખ થયા;
આપી માળા પરમ ઉમંગ, રમાપતીને રાખ્યો રંગ નરસઇયાને.
પંચ શબ્દ વાજે નિશાન, રાય કરજોડી માગે માન;
રાખો મેહેતાજી જાણો મહિમાય, નિચો નમીને લાગ્યો પાય નરસઇયાને.
દ્રષ્ટ થકી દુષ્ટ અળગો જા, થોડે દહાડે મ્લેચ્છજ થા;
વૈષ્ણવ જનની નિંદા કરે, નિચે તે નરકે સંચરે નરસઇયાને.
નિશદિન લેશે હરિનું નામ, તેનાં સરશે સઘળાં કામ;

ભણે નરસઇયો જે શેવા કરે, પુનરપી તે જન નવ અવતરે નરસઈયાને.

પદ ૧૨૮ મું.

તમારી કૃપા હવી મારા વાલા, મુને જે આપો તે થોડું રે;
દીનાનાથ દામોદરનો હું, દાસ થઇ કર જોડું રે તમારી કૃપા.
જયદેવને જે કૃપા કરી તે, સઘળે લોકે જાણીરે;
તેમજ મુજને હાર આપ્યો તે, તમારી કૃપા ગણાણીરે તમારી કૃપા.
ધન્ય સોરઠને ધન્ય એ માળા, ધન્ય આશાવરી રાગરે;
ભણે નરસઇયો ભલે અવતરીયા, કૃષ્ણ ભજ્યાનો લાગરે તમારી કૃપા.

પદ ૧૨૯ મું.

ગુરૂપદ વંદીરે, વાણી ઓચરૂંરે, હું છું બાળક અબુદ્ધ અજાણ;
અપરાધ સામુરે, માં જોશો દયાનિધીરે, બોલ્યું અબોલ્યું કરજોપ્રમાણ ગુરૂપદ.
ભવસાગમાંરે, ગુરૂનાવે હું ચઢયોરે, સહજમાં આવ્યો સાગરપાર;
હોડા ને હિલ્લા તોરે, મુજને નવ નડયારે, સદગુરૂ સાબધ હાંકણ હાર ગુરૂપદ.
વેપારતો કીધારે, હરીના નામનારે, કીધા ગુરૂ રૂપી દલાલ.
માલ હોરાવ્યોરે, સૂગમ સોંઘો કરિરૂં, આ ભવમાં કીધો ન્યાલ ગુરૂપદ.
ગુરૂ મહીમાનોરે, પાર હું કયમ લહુરે, થાકી સરસ્વતી થાકયા વેદ;
શીવ સનકાદિકરે, વરણી નવ શકયારે, એવો ભારે ગુરૂગુણનો ભેદ ગુરૂપદ.
ગોવિન્દથિ અદકારે સદગુરૂ ગુણનિધીરે, અધમ ઉધારણ કહાવે નામ;
તનમન અરપીરે, સેવા સદા કરૂંરે, નમિ નરસિંહ કરેછે પ્રણામ ગુરૂપદ.

પદ ૧૩૦ મું.

એક તું એક તું એમ સૈકો સ્તવે, કોણ હું તે નહી કો વિચારે;
કોણ છું કયાં થકી આવીયો જગ વિશે, જઇશ કયાં છુટશે દેહ ત્યારે.
પ્રતિદિને જડ કને જઈ કરી યાચતો, ઇશ તું સાહ્ય થાજે સદારે;
તોય પણ દુઃખ તો લેશ ટળતું નથી, મથી નથી થાકતો તું કદારે.
કોઈ તો ઉર્ધ્વ મુખ ગગનમાં તાકતો, ભાખતો જોઉં હું નમ્ર વાણી;
કોણ હું કો કને માગુ શા હક થકી, તે નથી જાણતો મુર્ખ પ્રાણી.
એમ કરતાં કદી લાભ જો પામિયો, તો કહે હરિતણી સાહ્ય થઇરે;
કામ કથલ્યા થકી ભવિષ્યને ભાંડતો, પુર્વના કર્મનું નામ લેરે.
પુર્વના કર્મ જો હરી ભજે નવ ટળે, તો કહો કોણ તે કામ કરશે;
સત્ય સમજી કદી પર્મ પદ પરણશે, ભવ ભય ભર્મને તેજ હરશે.
આકના વૃક્ષથી આમ્રફલ વેઠવા, મુરખો જો કદી આશ ધરશે;
શ્રમ વૃથા તેહનો તો જઈ જગ વિશે, જ્ઞાન હીણો સદા તેજ ઠરશે.
જીવ ઇશ્વર અને બ્રહ્મના ભર્મમાં, સત્ય વસ્તુ નહી સદ્ય જડશે;
હું અને તું પણ તજીશ નરસિંહતો, ગુરૂ ગમે હર્ષથી પાર પડશે.

પદ ૧૩૧ મું.

ઊભીરે આળસ મોડે આ જોને કોઇ ઊભી આળસ મોડે; ટેક.
આછો સાળુ શીરપર ઓઢયો, રંગ ભર્યો છે થોડે થોડે આ જોને કોઇ.
ચરણમાં નેપુર ઝમઝુમ બોલે, હીંડે છે વાંકે અંબોડે આ જોને કોઇ.
સોનાની ઝારી સરસ સમારી, માંહી નીર ગંગાજળ જોડે આ જોને કોઇ.
મેહેતા નરસૈયાને પાણી પાવા, મારો વાલોજી આવ્યા છે હોડે આ જોને કોઇ.

પદ ૧૩૨ મું.

મોહ્યા છે મુનીવર રાયરે ગોરી તારે તાજુડે, મોહ્યા છે મુનીવર રાયરે ટેક.
રૂપ સકોમલ દીસે છે સુંદરી, આદ્ય ઈશ્વરી મોટી માયારે ગોરી તારે.
આરે વેણુ તમે કયાંરે ગુથાવી, સણગટ વાજ્યો સુધારી;
આ કંચવો તમે કયાં શીવાડાવ્યો, માંહી છે વ્રજકેરીનારીરે ગોરી તારે.
ઝમઝુમ ઝમઝુમ નેપુર વાજે, ઘુઘરીયો માંહી ઘમકેરે;
હાર ગળામાં એણીપેર ઓપે, ગગનમાં વીજળી ચમકેરે ગોરી તારે.
નિલવટ આડ કેશરની કીધી, મૃગમદ ટીલડી કરેલીરે;
આંખલડી તારી અતી અણીયાળી, લીલામાં હીંડે લાડ ઘેલીરે ગોરી તારે.
ચંચળ દ્રષ્ટે ચારે દીશ જાતી, ચિત ચોરવાનો છે ચાળોરે;
નહીંઅબળાએમેહેતાનરસૈનોસ્વામી, સુંદરીનું વદન નીહાળોરે ગોરી તારે.

પદ ૧૩૩ મું.

હરી આવ્યા છે નારીને વેશેરે, એને કોઇ જુવોરે;
શિવ બ્રહ્મ જેનું ધ્યાન ધરે છે, એને જોઇ દુખડાં ખુવોરે. એને કોઇ.
માતપીતા એના મનમાં વિમાશે, એ ઇહાં કયાંથકી આવીરે;
અચરત સરખું સહુકોને લાગે, એતો જળની ઝારી કયાંથી લાવીરે. એને કોઇ.
ભાઇ પોતાનો તતક્ષણ ઉઠયો, આવ્યો છે મંદીર જાણીરે;
રતનબાઇ ઘરમાં વ્યાકુળ ફરેછે, લ્યો પીયો મેહેતાજી તમે પાણીરે. એને કોઇ.
પુત્રિને પરમેશ્વર જાણી, સભાની મધ્યે આણીરે;
અંતરધ્યાન થયા અલખોલો, ત્યારે વાત તે સઘળે જાણીરે. એને કોઇ.
જયજયકાર થયો જુગ બધે સહુને, હરખ વાધ્યો ઘણો હઇયેરે;
માનબાઇના સ્વામીની સંગે રમતાં, એના ચરણ કમળમાં રહીયેરે. એને કોઇ.

પદ ૧૩૪ મું.

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું નેણન રહે સોકાળ. ઘડપણ કેણે. ટે
ઊંબર તો ડુંગર થયારે, પાદર થયાં પરદેશ,
ગોળી તો ગંગા થઈરે, અંગે ઉજળા થયા છે કેશ. ઘડપણ કેણે.
નોતું જોઇતું તે શીદ આવિયુંરે, નોતી જોઇ તારી વાટ;
ઘરમાંથી હળવાં થયારે, કહેશે ખુણે ઢાળો એની ખાટ. ઘડપણ કેણે.
નાનપણે ભાવે લાડવારે, ઘડપણે ભાવે શેવ;

રોજને રોજ જોઇએ રાણડીરે,એવીબળીરે ઘડપણની એ ટેવ. ઘડપણ કેણે.
આંખે તો સૂજે નહીરે, થરથર ધ્રુજે કાય;
બાધુ તો અન્ન પચે નહીરે, વળી બેઠાં તો નવ રહેવાય. ઘડપણ કેણે.
પ્રાતઃકાળે પ્રાણ મહારારે, અન્ન વિના અકળાય;
ઘરનાં કહે છે મરતો નથીરે, તને બેશી રહેતાં શું થાય. ઘડપણ કેણે.
દીકરા તો જુજવાં થયારે, વહુવર દેછે ગાળ;
દીકરિયેાને જમાઇ લેઇ ગયારે,હવે ઘડપણના શારે હવાલ. ઘડપણ કેણે.
નવ નાડિયેા જુજવી પડીરે, આવી પેાચ્યેા કાળ;
બઇરાં છેાકરાં ફટ ફટ કરેરે, નાનાં મેાટાં મળી દેછે ગાળ. ઘડપણ કેણે.
આવી વેળા અંતકાળની ત્યારે, દિકરા પધાર્યા દ્વાર;
પાંસળીએથી છેાડી વાંસળીરે, તેણે લેઇ લીધી તેણીવાર. ઘડપણ કેણે.
એવું જાણી સઉ હરી ભજોરે, સાંભળજો સહુ સાથ;
પણ ઉપકાર કરી પામશેા રે,જે કાંઇ કીધું હશે જમણે હાથ. ઘડપણ કેણે.
એવું નફટ છે આ વૃદ્ધપણુંરે, મુકી દેા સૌ અહંકાર;
ધર્મના સત્ય વચન થકીરે, મેહેતા નરસઇ ઉતરેા ભવપાર. ઘડપણ કેણે.

સમાપ્ત.



મીરાંબાઈ.

ગુજરાતી ભાષામાં સ્ત્રી કવિમાં પહેલી બાઇ છે. અને ભક્તિનો પ્રેમરસ ઝળકાવનાર રજપુતાણી.

પદ ૧ લું.

મુજ અબળાને મોટી મીરાત× બાઇ, શામળો ધરેણું મારે સાચું રે–ટેક.
વાળી ઘડાવું વિઠ્ઠલ વરકેરી, હાર હરિનો મારે હૈયેરે;
ચિત્તમાળા ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઇયેરે. મુજ.
ઝાંઝરિયાં જગજીવનકેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબીરે;
વિછુવા ઘુઘરા રામ નારાયણના, અણવટ અંતરજામીરે. મુજ.
પેટી ઘડાવું પુરૂષોતમકેરી, ત્રિકમ નામનું તાળુંરે;
કુંચી કરાવું કરૂણાનંદ કેરી, તેમાં ધરેણું મારૂં ઘાલુંરે. મુજ.
સાસરવાસો સજિને બેઠી, હવે નથી કાંઇ કાચુંરે;
મીરાંબાઇ કહે પ્રભુ ગિરિધરનાગર, હરિને ચરણે જાચુંરે. મુજ.

પદ ૨ જું.

કયાં ગયોરે પેલો મોરલીવાળો, અમારા ઘુંઘટ ખોલીરે;
કયાં ગયોરે પેલો વાંસળીવાળો, અમને રંગમાં રોળીરે. ટેક.
હમણાં વેણુ ગુંથી હતી, પેરી કસુંબલ ચોળીરે;
માત જદોસા સાથ પુરે છે, કેસર છાંટયાં ઘોળીરે. કયાં.
જળ જમુનાનાં ભરવા ગયાંતાં, બેડું નાંખ્યું ઢોળીરે;
પાતળિયો પરપંચે ભરિયો, અમે તે અબળા ભોળીરે. કયાં.
પ્રેમતણી પ્રેમદાને અંતર, ગેબની મારી ગોળીરે;
મીરાંબાઇ કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળચિત ચોળીરે. કયાં.

પદ ૩ જું.

બોલ માં બોલ માં બોલ મારે, રાધાકૃષ્ણ વિના બીજું બોલમાં. ટેક.
સાકર સેરડીનો સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળ માં રે, રાધાકૃષ્ણ.
ચાંદા સૂરજનું તેજ તજીને આગીયા સંગાતે પ્રીત જોડ માં રે, રાધાકૃષ્ણ.
હીરા રે માણેક ઝવેર તજીને, કથીર સંગાતે મણી તોળમાં રે, રાધાકૃષ્ણ.
મીરાં કહે પ્રભુ ગિરધરનાગર, શરીર આપ્યું સમતોલમાં રે, રાધાકૃષ્ણ.

પદ ૪ થું.

પ્રેમની પ્રેમની પ્રેમનીરે, મને લાગી કટારી પ્રેમની. ટેક.
જળ જમુનામાં ભરવા ગયાંતાં, હતી ગાગર માથે હેમનીરે; મને.
કાચે તે તાંતણે હરિજીયે બાંધી, જેમ ખેંચે તેમ તેમનીરે; મને.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, શામળી સુરત શુભ એમનીરે. મને.

પદ ૫ મું.

લેહ લાગી મને તારી, અલ્યાજી લેહ લાગી મને તારી. ટેક.
કામકાજ મૂકયું ને ધામજ મુકયું, મનમાં ચાહુ છું મોરારી; અલ્યાજી,
બ્હલે છે કામળી ને હાથમાં છે વાંસળી, ગોકુળમાં ગાયો ચારી; અલ્યાજી.
સોળ સહસ્ત્ર ગોપિયોને તમે વરિયા, તોય તમે બાળબ્રહ્મચારી; અલ્યાજી.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, ચરણ કમળ બલિહારી; અલ્યાજી.

પદ ૬ ઠું.

કાલે પરણાવશું ગોપી, કુંવરને કાલે પરણાવશું ગોપી;
લાજ મરજાદ સર્વ લોપી કુંવરને કાલે પરણાવશું ગોપી. ટેક.
કાનવર મારો ઘોડે ચઢશે, માથે મુગટ આરોપી. કુંવરને.
રાધિકા જ્યારે મંદિર પધારશે, મંદિર રહેશે ઓપી; કુંવરને.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, લીલા વાધા ને પીળી ટોપી; કુંવરને.

પદ ૭ મું.

હાંરે કોઇ માધવ લ્યો માધવ લ્યો, વેચંતી વ્રજનારીરે; હાંરે.
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલીરે; હાંરે.
હાંરે ગોપી ઘેલું શું બોલતી જાય, મટુકીમાં ન સમાયરે, હાંરે.
નવ માનો તો જુવો ઉતારી, માંહી જુવે તો કુંજબિહારીરે; હાંરે.
વૃંદાવનમાં જાતા દહાડી, વાલો ગૌ ચારે છે ગિરિધારીરે, હાંરે.
ગોપી ચાલી વૃંદાવન વાટે, સૌ વૃંજની ગોપીયો સાથેરે; હાંરે.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, જેનાં ચરણકમળ સુખસાગર; હાંરે.

પદ ૮ મું.

થનક થનક તાથેઇરે, નાચે નાચે નંદનો નાનડીયો. ટેક.
તાળબંધ તાળી વાગે ઘુઘરૂ ઘમકે, હાંરે લાલ મોરલી બજાવે લઈ લઈરે; નાચે.
નારદ નૃત્ય કરતારે આગે, હાંરે વળી સાથ રાધાને લઈરે; નાચે.
બ્રહ્મા વેદ ભણતારે આગે, હાંરે ત્યાં તો સૂરજ રહ્યો મોહી મોહીરે; નાચે.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, હાંરે ત્યાં તો કૃષ્ણજીએ મોરલી બજાઈ; નાચે.

પદ ૯ મું.

This પદ is biographical

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો;
મને મારો રામજી ભાવેરે, બીજો મારી નજરે ન આવે.——ટેક.
મીરાંબાઈના મહેલમાં રે, હરિ સંતનનો વાસ;

કપટીથી હરિ દૂર વશે, મારા સંતન કેરી પાસ. ગોવિંદો.
રાણોજી કાગળ મોકલે રે, દેજો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી ઘો, તમ વસોને અમારે સાથ. ગોવિંદો.
મીરાંબાઇ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો.
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે; દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પીગયાં જેને, સહાય શ્રીવિશ્વનોનાથ. ગોવિંદો.
સાંઢવાળા સાંઢ શણગારજો રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળરે પીવાનો દોષ. ગોવિંદો.
ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઇ પશ્ચિમ માંય;
સરવ છોડી મીરાં નીસરયાં જેનું, માયામાં મનડું ન કાંય. ગોવિંદો.
સાસુ અમારી સપુમણા રે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં મારો, નાવલિયો નિર્દોષ. ગોવિંદો.
ચુંદડી ઓઢું ત્યારે રંગ ચુવે રે, રંગ બેરંગી હોય;
ઓઢુ હું કાળો કાંબળો, દુજો ડાગ ન લાગે કોય. ગોવિંદો.
મીરાં હરિની લાડણી રે, રહેતી સંત હજૂર;
સાધુ સંગાતે સ્નેહ ઘણો પેલા, કપટીથી દીલ દૂર. ગોવિંદો.

પદ ૧૦ મું.

કહાં ગયો રે પેલો મોરલીવાળો, અમને રાસ રમાડી રે. કહાં.
રાસ રમાડવાને વનમાં તેડયાં, મોહની મોરલી સુણાવીરે. કહાં.
માત જસોદા શાખ પુરાવે, કેશર છાટયા ઘોળી રે. કહાં.
હવણાં વેણુ સમારી સુતી, પહેરી કસુંબલ ચોળી રે. કહાં.
મીરાંબાઇ કહે પ્રભુ ગિરિધરનાગર, ચરણકમળચિત્તચોરીરે. કહાં.

પદ ૧૧ મું.

અજબ સલુણી પ્યારી મૃગયા નેણી, તેં મોહન વશ કીધોરે. ટેક.
ઓકુળમાં સૌ વાત કરે રે વહાલા, કાન કુબજે વશ લીધો રે. અજ.
મકનો સો કરીને લાલ અંબાડી, અકુંશે વશ કીધો રે. અજ.
લવિંગ સોપારી ને પાનનાં બીલડાં, રાધાશું રાગ્યો કીનો રે. અજ.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ ચિત્ત દીનો રે. અજ.

પદ ૧૨ મું.

ચાલને સખી મહી વેચવા જઇયે, જ્યાં સુંદર વર રમતો રે. ટેક.
પ્રેમતણાં પકવાન લઇ સાથે, જોઇયે રસિકવર જમતો રે. ચાલ.
મોહનજી તો હવે મોંઘો થયો છે, ગોપીને નથી દમતો રે. ચાલ.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, રણછોડ કુણનને ગમતોરે. ચાલ.

પદ ૧૩ મું.—

ચાલને સખી મારો શ્યામ દેખાડું, વૃંદાવનમાં ફરતો રે. ટેક.
નખશિખ સુધી હીરાને મોતી, નવ નવા શણગાર ધરતો રે. ચાલ.
પાંપણ પાધ કલંકી તોરો, શિરપર મુકુટ ધરતો રે. ચાલ.
ધેનૂ ચરાવે ને બેનૂ બજાવે, મન મારાંને હરતો રે. ચાલ.
રૂપને સંભારૂં કે ગુણને સંભારૂં, જીવ રણછોડમાં ભમતો રે. ચાલ.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શામળિયો કુણજનેવરતોરે. ચાલ.

પદ ૧૪ મું.

કઠણ થયા રે માધવ મથુરાં જઈ, કાગળ ન લખ્યો કટકોરે. ટેક.
અહિયાં થકી હરિ હવડાં પધાર્યા, ઓદ્ધવ સાથે અટકયોરે. કઠ.
અંગે સોવરણિયા વાઘા પહેર્યા, શિર પીતાંબર પટકો રે. કઠ.
ગોકુળમાં એક રાસ રચ્યો છે, કહાન કુણજા સંગઅટકયોરે. કઠ.
કાલીશી કુણજા ને અંગે છે કુબડી, એશું કરીજાણેલટકોરે. કઠ.
એ છે કાળો ને તે છે કુબડી, રંગે રંગ બન્યો ચટકોરે. કઠ.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ખોળામાંથી ઘુંઘટખટકોરે. કઠ.

પદ ૧૫ મું.

પુનમ કેરો પૂર્ણ ચંદ્ર છે, રાસ રમે નંદલાલો રે. ટેક.
નટવર વેશ ધર્યો નંદલાલે, સૌ જોવાને ચાલોરે. પુન.
ગાનતાન વાજીંતર વાજે, નાચે જસોદાનો કાલો રે. પુન.
સોળ સહસ્ત્રમાં અષ્ટ પટરાણી, વચ્ચે રહ્યો મારોવાહાલોરે. પુન.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, રણછોડ દીસે છોગાલો રે. પુન.

પદ ૧૬ મું.

આતુર થઈ છું મુખ જોવાને, ઘેર આવો નંદલાલા રે. ટેક.
ગૌ તણાં મીશ કરી ગયા છો, ગોકુળ આવો મારા વાલારે. આતુ.
માસી રે મારીનેગુણિકારેતારી,ટેવતમારીએશીછોગાળારે. આતુ.
કંસ મારી માતપિતા ઉગાર્યા, ઘણા કપટી નથી ભોળારે. આતુ.
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ઘણાજ લાગે પ્યારા રે. આતુ.

પદ ૧૭ મું.

હું જાઉં રે જમનાં પાણીડાં, એકપંથ દો કાજ સરે;
જળ ભરવું બીજું હરિને મળવું, દુનિયાં ભોળી દાઝે મરે. હું જા.
અજાણપણમાં કાંઈરે નવ સૂઝયું, જસોદાજી આગળ રાડકરે;
મોરલી વાજડી વાલો મોહ ઉપજાવે, તલવલ મોરોજીવફડફડે. હું જા.
વૃંદાવનને મારગ જાતાં, જનમ જનમની પ્રીત મળે;
મીરાં કહે પ્રભુ ગિરિધિર નાગર, ભવસાગરનો ફેરો ટળે. હું જા.

પદ ૧૮ મું.

નહિ જાઉં રે જુમનાં પાણીડાં, મારગમાં નંદલાલ મળે;
નંદજીનો રે વાલો આણુ નમાને, કામણગારોનેઇચિત્તડું ચળે. નહિ.
અમે આહિરડાં સઘળાં સુવાળાં, કઠણ કઠણ કાનુડો મજ્યો;
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ગોપીને કાનુડો લાગ્યો ગજ્યો. નહિ.

પદ ૧૯ મું.

હાંરે જાઓ જાઓ રે જીવણ જુઠડા હાંરે વાત કરતાં અમે દીઠડા. ટેક.
સૌ દેખતાં વહાલો આળ કરે છે, મારે મન છો મીઠડા રે. જાઓ૦
વૃંદાવનની કુંજ ગલનમેં, કુબજા સંગે દીઠડા રે. જાઓ૦
ચંદન પુષ્પ ને માથે પટકો, વળી માથે ઘાલ્યાંતાંપીછડાંરે. જાઓ૦
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, મારે મન છો મીઠડા રે. જાઓ૦

પદ ૨૦ મું.

હાંરે મારા શ્યામ કાલે મળજો, પેલાં કહ્યાં વચન તે પાળજો રે. મારા૦
જળ જમનાં જળ પાણી જાતાં, મારગ વચ્ચે વેહેલા મળજો રે. મારા૦
બાલપણાની વહાલી દાસી, પ્રીત કરી પરવરજો રે. મારા૦
વાટે આળ ન કરિયે વહાલા, વચન કહ્યું તે સુણજો રે. મારા૦
ઘણોજ સ્નેહ થયાથી ગિરિધર, લોક લજ્યાથી વળજોરે. મારા૦
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, પ્રીત કરી તે પાળજો રે. મારા૦

પદ ૨૧ મું.

હાંરે ચાલો ડાકોરમાં જઇ વસિયે, હાંરે મને લેહેડે લગાડી રંગ રસિયેરે. ચાલો૦
હાંરે પ્રભાતના પહોરમાં નોબત વાજે, હાંરે અમે દરશન કરવા જઇયેરે. ચાલો૦
હાંરે અટપટી પાઘ કેશરિયો વાઘો, હાંરે કાને કુંડળ સોઇયે રે. ચાલો૦
હાંરે પીળાં પીતાંબર જરકશી જામો, હાંરે મોતન માળાથી મોહિયે રે. ચાલો૦
હાંરે ચંદ્ર વદન અણિયાળી આંખો, હાંરે મુખડું સુંદર સોઇયે રે. ચાલો૦
હાંરે ઝમઝુમ ઝમઝુમ નેપૂર વાજે, હાંરે મન મોહ્યું મારૂં મોરલીયે રે. ચાલો૦
હાંરે મીરાંબાઇ કહેપ્રભુગિરિધરનાગર, હાંરે અંગોઅંગ જઇ મળિયે રે. ચાલો૦

પદ ૨૨ મું.

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા મુખડાની માયા લાગી રે. ટેક.
મુખડું મેં જોયું તારૂં, આ જગતડું થયું ખારૂં;
મન મારૂં રહ્યું ન્યારૂં રે; મોહન પ્યારા.
સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું;
તેને તુચ્છ કરી ફરી રે; મોહન પ્યારા.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શિદ જઇયે રે; મોહન પ્યારા.

પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભે ટાળ્યો રે; મોહન પ્યારા.
મીરાંબાઇ બલિહારી તારી, આશા એક મને ઉરધારી;
હવે હું તો બડભાગી રે; મોહન પ્યારા.

પદ ૨૩ મું.

અરજ કરે છે મીરાં રાંકડી, ઊભી ઊભી અરજ કરે છે મીરાં રાંકડી. ટેક.
માણિગર સ્વામી મારે મંદીર પધારો, સેવા કરૂં દિન રાતડી. ઊભી૦
ફૂલના રે તોરાને ને ફૂલના રે ગજરા, ફુલના તે હાર પુલ પાંખડી. ઊભી૦
ફૂલની તે ગાદી ને ફૂલના રે તકિયા, ફૂલની તે પથારી પછોડી ઉભી૦
પય પકવાન મીઠાઇ ને મેવા, સેવૈયા ને સુંદર દહીડી. ઊભી૦
લવીંગ સોપારી ને એલચી તજવાળી, કાથા ચુનાની પાનબીડી. ઊભી૦
સેજ બિછાવું ને પાસા મંગાવું, રમવા આવો તો જાય રાતડી. ઊભી૦
મીરાંબાઇ કહે પ્રભુ ગિરિધરનાગર, તમને જોતામાં ઠરે આંખડી. ઊભી૦

પદ ૨૪ મું.

આજ મારે સાધું જનનો સંગ રે રાણા, મારા ભાગ્ય ભળ્યાં રે. મારાં૦
સાકુટ જનનો સંગ ન કરીએ પિયાજી, પાડે ભજનમાં ભંગ રે. મારાં૦
અડસઠ તિરથ સંતોને ચરણે પિયાજી, કોટિ કાશી ને કોટિગંઝરે. મારાં૦
નિંદા કરશે તે તો નર્ક કુંડમાં જાશે પિયાજી, થશેઆંધળાંઅપંગરે.મારાં૦
મીરાં કહેગિરિધરનાગુણગાયેાપિયાજી,સંતોનીરજમાં શીર સંગરે. મારાં૦

પદ ૨૫ મું.

કાગળ કોણ લઈ જાય રે, મથુરામાં વસે મેવાસી, મોરા પ્રાણ પિયાજી. ટેક૦
એરે કાગળમાં ઝાઝું શું લખીએ, થોડે થોડે હેત જણાય રે. મોરા૦
મિત્ર તમારા મળવાને ઇચ્છે, જસોમતી અન્ન ન ખાય રે. મોરા૦
સેજલડી તો મુને સુની રે લાગે, રડતાં તો રજની ન જાય રે. મોરા૦
મીરાંબાઈ કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમળ મારૂં ત્યાં જાય રે. મોરા૦

પદ ૨૬ મું.

લેતાં લેતાં શ્રી રામજીનું નામ રે હો, લોકડિયાં તો લાજે મરે છે. ટેક.
હરિ મંદિર જાતાં પાવલીયા રે દુઃખે, ફરી આવે સારૂં ગામ રે. લોક૦
ઝઘડો થાય ત્યાં દોડીને જાય રે, મૂકીને ઘરનાં કામ રે. લોક૦
ભાંડ ભવૈયા ગુણકા નૃત્ય કરતાં, બેશી રહે ચારે જામ રે. લોક૦
મીરાંબાઇ કહે પ્રભુ ગિરિધર ગુણ ગાઉં, ચરણ કમળ ચિત્ત કામ રે. લોક૦

પદ ૨૭ મું.

આવત મોરી ગલીયનમેં ગીરધારી મેં તો છુપ ગઈ લાજકી મારી. ટેક.
કસુંબલ પાઘ કેશરીયા રે જામા, ઉપર પુલ હજારી;

મુગટ ઉપર છત્ર બિરાજે, કંડળકી છબિ ન્યારી. આવત.
કેશરી ચિર હરિઆઇ કેા લેગેા, ઉપર અંગીયાં હે ભારી;
આવત દેખી કૃષ્ણ મેારારી, છુપ ગઇ રાધે પ્યારી. આવત.
મેાર મુગટ મનેાહર સેાહીએ, નથનીકી છબિ ન્યારી;
ગલે મેાતનકી માલ બીરાજે, ચરણકમલ પર વારી. આવત.
ઉભી રાધે પ્યારી અરજ કરત હે, સુનજો કૃષ્ણ મેારારી;
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર. ચરણકમલ પર વારી. આવત.

પદ ૨૮ મું.

મેાહન લાગત પ્યારા રાણાજી, મેાહન લાગત પ્યારા. ટેક.
જીનકી કલાસે હાલત ચાલત, મેાલત પ્રાણ આધારા;
નેનકી કલામેં સબ જુગ ભુલ્યેા, એહી પુરૂષ હે ન્યારા. રાણાજી.
તુમહી જુઠે ને અમહી જુઠે જુઠે જુઠે સબ સંસારા;
સ્ત્રી પુરૂષ કે સબંધ જુઠે, તેા ફુટયા હઇયા તુમારા. રાણાજી.
તુમહી કહેા અરધંગા હમારી, હમકુ લગાયેા કારા;
કેાટી બ્રહ્માંડમાં વ્યાપી રહ્યેા હે, સેા નિજ વર હમારા. રાણાજી.
સાળુ પીતાંબર મેાતનકી માળા, લેઇ અગનમે જલાયા;
છાપ તિલક તુળસીની માળા, સાધુ સંગ નીસ્તારા. રાણાજી.
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, શરણકેા બિરદ સંભારેા;
હરિકે ભજન વિના જે દિન ખેાયે, ધિક સુનશા જનમારેા. રાણાજી.

પદ ૨૯ મું.

મળે તેા હરિજન મળજ્યેા રે, દુરીજન દુરથી ટળજ્યેારે;
ગેાવીંદા તું પ્રાણ હમારેા રે, મુને જુગ લાગ્યેા ખારેા રે.
મુને મારેા રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવેરે;
કહેશે તેને કહેવા દઇશું રે, સંતેાને તેા ધાઇને મળશું રે.

પદ ૩૦ મું.

મીરાં હરીને લાડકી, રહેતાં સંત હજુર;
દુષ્ટ દુરિજન વેગળા, મારા સંતેા માંય હજુર ગેાવીંદા તું.
રાણેા કાળળ મેાકલે, દેજો મીરાંને હાથ;
સાધુ સંતેા તમે છેાડી દેા, તમેા આવેા રાણાની સાથ ગેાવીંદા તું.
લજ્યું મહીયર સાસરી, તમે લજ્યાં માને બાપ;
લજ્યું રાણાજીનું મેહ્યું, તમે લજ્યું મેાશાળઆપ ગેાવીંદા તું.
વિખના પ્યાલા રાણે મેાકલ્યા, દેજો મીરાંને હાથ;
અમૃત સરખા આરેાગીયા, શ્રી કૃષ્ણે ઝાલ્યેા હાથ ગેાવીંદા તું.
રાણે દાસી મેાકલી, જઇ જુવેા મીરાંના મહેાલ;
મીરાં બેઠાં ભજન કરે, શ્રી કૃષ્ણે તે આપ્યેા કેાલ ગેાવીંદા તું.

રાણો રીસે રાતડો, ક્રોધે ચઢીઓ ક્ષુય;
ખડગ તાણી મારતાં, તેણે દીઠાં સાત સ્વરૂપ જોવીંદા તું.
મનવેગી સાંઢણી સુંઢાડી મારે જવું સો સો કોશ;
રાણાજી તારા દેશમાં મારે પાણી પીધાનો દોષ જોવીંદા તું.
સત જુગમાં કહી પ્રીતડી, પ્રભુ નિત્ય નિત્ય દેજોદેદાર;
કળજુગમાં હવે પ્રભુ તમે, રણે કરતા તિરસ્કાર જોવીંદા તું.
મહીયર મારૂં મેડચુ, સાસરીયું ચિતોડ;
મીરાંને ગીરધર મળ્યા, મારા મનના તે પુર્યા કોડ જોવીંદા તું.

પદ ૩૧ મું.

નાથ તુમ જાનત હો સબ ઘટકી,મીરાંભક્તિકરત પરગટકી; નાથ૦ ટેક.
નાહ્યો ધોઇ મીરાં લે સમરણી, તો પુજા કરત સિતા પતકી;
સાલિંગરામકુ તુલશી ચઢાવે, તો ભાળતિલક બીચ ટિપકી નાથ૦
રામ મંદિરમાં મીરાંબાઇ નાચત, તાલ બજાવત ચુટકી;
રૂમઝુમ રૂમઝુમ બાજત ઘુઘરા, લાજ તજી ઘુંઘટકી નાથ૦
વિખના પ્યાલા રાણાજીએ ભેજ્યા, સાધુસંગતમીરાંઅટકી;
કરી ચરણામૃત પી ગઇ મીરાં, અમૃતકી જેસી ઘટકી નાથ૦

પદ ૩૨ મું.

સુરત દોરા પર ચાલીયે બારો, તો શીર ગાગર પર મટકી;
મીરાં કહે હરિ ગીરધરના ગુણ, સુરતા ચલી જેસી નટકી નાથ૦
બોલો મેરી રસના હરી હરી તુમ, બોલો મેરી રસના ફરી ફરી; ટેક.
ગરૂડે બેશીને ગોવીંદજી પધાર્યા, શંખ ચક્ર ગદા ધરી ધરી. બોલો.
હંસ વાહન કરી બ્રહ્માજી પધાર્યા, વેદ ચારની ધુન્ય કરી; બોલો.
ઉંદરે બેશીને ગણપતિ પધાર્યા, સાથે સુંઢ સુંદરી. બોલો.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, એક વાર કહોને શ્રી હરી; બોલો.

પદ ૩૩ મું.

મેરો મન હરી લીયો, રાજા રણછોડ; ટેક.
ત્રીકમ માધવ ઓર પુરૂષોત્તમ કુબેર કલ્યાણકી જોડ; મેરો.
રાધા રૂક્ષમણી ઓર સતભામા, જાંબુકવરણીરે જોડ. મેરો.
ચાર પાસ રત્નાગર ગાજે, ગોમતી કરત કલોલ; મેરો.
મીરાંબાઇ કહેપ્રભુગીરધરનાગર,હરિમારાહલડાનો ચોર. મેરો.

પદ ૩૪ મું.

માગત માંખણ રોટી ગોપાળ, પ્યારા માગત માંખણ રોટી;
મેરે ગોપાળજીકું રોટી બના દેઉ, એક છોટીને બીજીમોટી માગત.
મેરે ગોપાળજીકો બીહા કરૂંગી, ભબુ તે ભાનકી બેટી. માગત.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમળ હુંતો જોતી; માગત.

34783

પદ ૩૫ મુ.

કરના ફકિરી તેરી કયા દલગિરિ, સદા મગનમાં રહેનાજી; ટેક.
કોઇ દિન ગાડીને કોઇ દિન ણંગલા, કોઇ દિન જંગલ વસનાજી. કરના.
કોઇ દિન હસ્તીને કોઇ દિન ઘોડા, કોઇ દિન પાઉ ચલનાજી. કરના.
કોઇ દિન ખાળા ને કોઇ દિન લાડુ, કોઇ દિન ફકમ ફકાજી. કરના.
કોઇ દિન ઢોલીયા કોઇ દિન તળાઇ, કોઇ દિન લોંયપેં લોટનાજી. કરના.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, કછુ આય પડે સો સેહેનાજી; કરના.

પ્રીતમદાસ.

એની કવિતા વેદાંત તથા વૈરાગ્યમાં સરસ છે.

કક્કો ૧ લો.

છપાયાછંદ

કક્કા કર સદગુરૂનો સંગ, હૃદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય.
લિંગ વાસના હોચ્ચે ભંગ, કક્કા કર સદગુરૂનો સંગ.
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રીમુખે કહી સાક્ષાત;
જ્ઞાની મૂની જોગી જતી ગુરૂ કૃપા વણ સિદ્ધિ નથી.
જન્મ મરણની મટશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત;
ગગ્ગા ગુરૂની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પ્રપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શીખામણ ચિત્તમાં ધરો, ગગ્ગા ગુરૂની સેવા કરો;
ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એજ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહ્યાભ્યંતર હરિ ભાળવા;
જોતાં જીવ દશા તો જાય, ઘઘ્ઘા ઘણું કહે શું થાય.
નન્ના નિર્મળ તેની દશા, જેને હરી હૃદયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો હૃદિયે નવ ગણે;
કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા.

ચચ્ચા ચિત્તમાં ચેતી લે, માથે મરણતણો છે ભે;
કાયા ઉપર તાકે કાળ, મોહ પારધિયે માંડી જાળ;
તેમાં હરિ રાખે તો રહે, ચચ્ચા ચિતમાં ચેતી લે.
છછછા છે માયા ગુણમયી, બળવંતી પણ દીસે નહી;
દાનવ માનવ ને દેવતા, આધન થઇ સૌએ સેવતા;
હરિજન આગે હારી રહી, છછછા છે માયા ગુણમયી.
જજજા વિરલા જાણે ભેદ માયા પ્રપંચ વિધી નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપાત ભજવા ભગવાન,
અંતરમાં ઉપજે નિર્વેદ, જજજા વિરલા જાણે ભેદ.
ઝઝઝા ઝાંખી જોને જેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ;
વિના સરોવર અંબુજ સાર, વિના ભમર ઉઠે ગુંજાર,
વિના અર્ક અજવાળું જેહ, ઝઝઝા ઝાંખી જોને તેહ.
નન્ના નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર;
કાળ કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરિનો દેશ;
તે પદ પામે નિરધાર, નન્ના નામ નાવ છે સાર.
ટટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરિના ઘાટ, કાંઇ સૂક્ષ્મ ને કાંઇ વૈરાટ;
હરિને ભજતાં હુંપદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે.
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ન મળે બીજની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજી માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક.
ડડ્ડા ડાપણ મૂકી દે સંતગુરૂને શરણે જે રહે;
વચનતણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધીથી અલગો રહે, ડડ્ડા ડાપણ મૂકી દે.
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરૂષને રદયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાસે માર;
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું.
રેણા રણ ચોરાશીતણું, તેનું વ્યાજ વધે છે ઘણું;
દાણીગણમાં ફુલી ગયો, દેવાળું કાઢીને રહ્યો;
જમકિંકર કરશે તાપણું, રેણા રણ ચોરાશીતણું.
તતા તારૂં આપ તપાસ,ક્યાંથી આવ્યો કયાં તુ જાશ;
ખેપ કરીને ખોળી કાઢ, હરિફ હોય તો લાગે હાડ;
મૂરખના મનમાં નહિ ત્રાસ, તત્તા તારૂં આપ તપાશ.
થથ્થા થિર તો રહેવું નથી, કોણ રંક કોણ પૃથ્વીપતી.
આજ કાલમાં જાવું સહી, કોટિ ઉપાયે રહેવું નહી;
ભાવ ધરી ભજ કમળાપતી, થથ્થા થિર તો રહેવું નથી.

દદ્દા દેહ દેવળમાં દેવ સેવક થઇને કરને સેવ;
પ્રેમ પુષ્પને ચંદન હાર, જ્ઞાન દીપક ઘટમાં અજવાળ;
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ.
ધદ્ધા ધરજે ધારણ ધીર, વાગ્ય કાછ રણે વીર;
શબ્દતણી ઝહજે સમશેર, શતરૂ દળમાં પાડે મેર;
સદગુરૂ બકતર પ્હેર શરીર, ધદ્ધા ધારણ ધરજે ધીર.
નન્ના નિશાન ગુરૂનું છેય, ધીર વીર પગ રોપી રેય;
કાયર નરનું નહિ ત્યાં કામ, શુરવીરનો સાચો સંગ્રામ;
જીત્યા નિરગુણ જગમાં જેય, નન્ના નિશાન ગુરૂનું છેય.
પપ્પા પૂરાની જે પ્રીત, મેરૂ ચળે પણ ન ચળે ચીત;
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ નીંદાને સુખ દુઃખ સહે;
નારાયણને નિરખે નીત, પપ્પા પૂરાની જે પ્રીત.
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઇ હરી સ્મરણ કરે;
જન્મ મરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિમહીં;
જઠરાવાસ ન નિસ્ચે કરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે.
બબ્બા બોલે તેને જાણ, મૂકી દેને મનની તાણ;
હું મારૂં હૃદિયાથી ટાળ, પરમારથમાં પિંડજ ગાળ;
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ.
ભભ્ભા ભજનથકી ભય ટળે, નિશ્ચય કાલ કરાળ ન ગળે;
લેખ ધરે જો સિદ્ધિ થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવો ભાવ તેવા હરિ ફળે, ભભ્ભા ભજનથકી ભય ટળે.
મમ્મા માયા મનની જાણ, મારૂં તારૂં ખેંચા તાણ;
સઘળે સરખો આત્મારામ, સાંધા વાંધા મનનું કામ;
માટે મન હરિ ચરણે આણ, મમ્મા માયા મનની જાણ.
યયયા ઓળખ નહિ જેહને, સંશય શોક સદા તેહને;
આતમ બુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા;
દેહ ધારણ દેખે દેહને, યયયા ઓળખ નહિ જેહને.
રરરા રામ ભજનમાં રહે, બીજું બકવું મુકી દે;
વળતો શીઢ વહે છે વાદ, નીર વલોવે ના આવે સ્વાદ;
હરિનું હારદ હેતે રહે, રરરા રામ ભજનમાં રહે.
લલલા લે તું આતમ લાવ, ફરી ફરી નહીં આવે દાવ;
જીતી બાજી હારિશ નહીં, સમજુને ફીણામણ કહીં;
હવે ન ચુકીશ આવોદાવ, લલલા લે તું આતમ લાવ.
વવ્વા વેદ વચન નિરધાર, જે પ્રીછે તે પામે પાર;
ઉંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદગતી;
સંશય સૌ તજવો અહંકાર, વવ્વા વેદ વચન નિરધાર.

શસ્શા સાધન સર્વે થયું, જેનું ચિત હરિ ચરણે રહ્યું;
હરતાં ફરતાં હરિનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દામ;
કોટિ વિઘન ભય દુકૃત ગયું, શસ્શા સાધન સર્વે થયું.
ખખ્ખાં ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડો કુંજળ કરે;
મીન મગર બહુ જળચર જાત, જેવું બીબું તેવી ભાત;
મિસરી જોતાં તો મન ઠરે, ખખ્ખાં ખાંડનાં બીબાં ભરે.
સસ્સા સઘળે સુંદર શ્યામ, હરી વિના નહિ ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદે અંતે એકજ રામ;
જો સમજે તો પૂરણ કામ, સસ્સા સઘળે સુંદર શ્યામ.
હહહા હરી ભાળો ભરપૂર, દોષ કર્મ તો રહેશે દૂર;
રવિને રજની નહિ કો કાળ, તેમ આતમા પૂરણ ભાળ;
નિર્મળ નયણે નિરખો નર, હહહા હરી ભાળો ભરપુર.
સૌ અક્ષર સંપૂરણ થયા, હરિ ગુરૂ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આતમ બોધ, જો સમજે તો ટળે વિરોધ;
કક્કામાં કહ્યું કપરૂં જ્ઞાન, માને મન તો ચિતમાં આણ.
સંવત અઢાર બત્રીની સાલ, ચૈત્ર સુદી સાતમ સોમવાર;
સંઘેસર સાધુંનું ધામ, ઠાકોર કુંજણિહારીં નામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરી ગુરૂ સંતે કીધી મયા.

કક્કો બીજો.

રાગ ધોળ.

કરીએ કૃષ્ણ ઉપાસના, ધરીએ હૃદયામાં ધ્યાન;
ફરીયે નહી ગર્ભવાસમાં, ઠરીયે ઠીક નીંદાન કરીએ.
ખોટ્ટો ખેલ સંસારનો, આતસ બાજીનો રંગ;
કરતાં વર્ષ વિત્યાં ઘણાં, ક્ષણમાં થાશે તે ભંગ કરીએ.
ગુરૂ ગમ ગાઇએ ગોવિંદને, જીવનું જોખમ જાય;
દયા દીનને દિનતા તે તરવાનો ઉપાય કરીએ.
ઘટ ઘટ પ્રત્યે રચના ઘણી, ભરીયા રત્ન ભંડાર;
હીરા મોતીની હાટડી, સદગુરૂ બોળણ હાર કરીએ.
નીરમળ નામ નારાયણનું, જુગતે જપસે જે કોય;
અવીચળ પદવી તે પામશે, આવાગમન ન હોય કરીએ.
ચિતવન કરીએ ચિત રૂપનું, ઇશ્વર બોલે છે આપ;
એને સમર્યે સુખ ઉપજે, ટળે ત્રીવીધના તાપ કરીએ.
છે છતી વસ્તુ દેખે નહી, જીવનું જોને અજ્ઞાન;

માયા પડદા મધ્યે પડયેા, ભુલવણીનું એ ભાન કરીએ.
જન્મ મરણ તણી આપદા, નથી કાંઇ સંકટ છેલ;
ધંધેા કરતાં ઢળી પડયેા, જેમ કાંઇ ઘાણીનેા બેલ કરીએ.
આઠે લેાભે લાગી રહ્યેા, માયાની મધ લાળ
તેમ તેમ તૃષ્ણા વધી ઘણી, કુટાયેા કંઇક કાળ કરીએ.
નઉતમ દેહ દુરલભ દેવને, પ્રાણી પામ્યેાછુ તેહ;
હીરેા નીછારે નાંખીયેા, એમાં ન રહ્યેા સંદેહ કરીએ.
ટેક ધરીયે નિજ નામની, સેવા સ્મરણ ધ્યાન;
હેતે હરીરસ રસ પીજીયે, મુકી માન ગુમાન કરીએ.
ઠીક ઠરીનેરે બેશીયે, રાખીનેરે વિશ્વાસ;
જઠરામાં જેણે જાળવ્યેા પરહર પારકી આશ કરીએ.
ડગમગ ઠાલી શાને કરે, તારૂં ધાર્યું નહી થાય,
ગમતુ થાશે ગેાવીંદનું કેાઇનુ જાણ્યું નહી જાય કરીએ.
ઢાંકયેા પાવક ધુમરે, ઢાંકયેા વાદળે સુર;
માયાએ ઢાંકયેા આતમા, સમજણ રહી ગઇ છે દુર કરીએ.
રણ સંબંધે આવી મળ્યા, સુતવિત દારાને દેહ;
લેવા દેવા જ્યારે મટે, મારગ લાગશે તેહ કરીએ.
તેાળ્યું તત્વ ત્રીલેાકમાં નહી હરી સમાન નામ;
બીજુ સરવે એ બાદલું, અંતે આવે નહી કામ કરીએ.
થીરતા કરીને તું ન્યાળજે, રૂદે કમળમાં રૂપ;
પ્રાહ્યાભ્યંતર ભાળજે, હરિનું અકળ સ્વરૂપ કરીએ.
દેહ તણું ફળ એહ છે, ભાવે ભજીએ ભગવાન;
બીજા સાધન સંસારનાં, નહી હરી નામ સમાન કરીએ.
ધ્યાન ધરજે પરીબ્રહ્મનું, જેમ કેાઇ લેાભીને ધન;
કામીને જેમ કામની, એવું કરીયે ચિતવન કરીએ.
નિશ્ચે જાણેા રહેવું નથી, જુઠેા જગત વિશ્વાસ;
એથી રહેજે તું અળગેા, આઠે પહેાર ઉદાસ કરીએ.
પ્રિત નિરંતર કીજીએ, સદગુરૂ સંતની સાથ;
રખે તું ઢાળી નાંખતેા, અમૃત આવ્યું છે હાથ કરીએ.
ફેાગટ ફંદ સંસારનેા, સ્વારથનેા છે સ્નેહ;
અંતે કેાઇ કેાઇનુ નથી, તું તેા તેનેારે તેહ કરીએ.
બાવન ઉપનીશદ વેદના, તેનું તત્વ વિચાર;
તતપદ ત્વંપદ ત્યાગીને અસી પદમાં ચિત્તધાર કરીએ.
ભારે ભેદ ગુરૂ દેવનેા, કેાઇ નવ પામેરે પાર;
શીવ વીરંચીને સારદા, સેવે પદરજ સાર કરીએ.
માયા મુળ વીના વરખડી, મેારી ત્રીભેાવન માય;

નીત્ય નઉતમ ખુલે ફરે, તાતી શીતળ છાંય કરીએ.
જીવ અનેક નીપજાવતી, સેવે સુરનર વૃંદ;
આણુની આદે અજાઇશ, સઉનેા સરખેા આનંદ કરીએ.
રહીયે ઇશ્વરને આશરે, ધારણ ધારી તે ધીર;
સુખ દુખ એણીપેરેઆવશે, જેમકાંઇનાળીએરમાં નીર કરીએ.
લીલા કેાઇયે લેતું નથી, એની ભુલવણી સેાય;
નટ જેમ નજરણ'ધી કરે, કળી શકે નહી કેાય કરીએ.
વિશ્વ રહ્યું સઉ મેાહીને, જુઠી બાજીને જોય;
તેનેા કરતા કેારે રહયેા, જાણે તે જન કેાય કરીએ.
શશા શેાધ સ્વરૂપને, તેને સમજે સુખ થાય;
નિંદ્રા માંહી દુખ ભેાગવે, તે તેા જાગેથી જાય કરીએ.
ખેાળે ખેાટું સરવે પડે, ન જડે નામને રૂપ;
બાંધી રૂંધી ઉભુ કર્યું, જેવું કાષ્ટ સ્વરૂપ કરીએ.
શંશય તેનેા શાનેા રહયેા, જેને બ્રહ્મવિચાર;
અગ્નિને ઉધેઇ અડે નહી, રવીને નહીં અંધકાર કરીએ.
હરીનેા મહીમા અપાર છે, નિગમ નિરંતર ગાય;
અજ ઉમયાપતિ અહીપતિ, નિશદીન ધ્યાનમાંધાય કરીએ.
પ્રેમ પયેાધરે ઝીલીયે, સદગુરૂ સતેાને સંગ
પ્રીતમ તન મન તે થકી, પ્રગટે પુરણ રંગ કરીએ.

પદ ૧ લું.

મનમાં જાણેછે મરવું નથીરે, દેહને અભિમાને, બહુ ગેાઠવણ કરતા ગમારરે, દેહને.
ય ં મંદિર માલીયાંરે, દેહને; કેહે મારા પુત્ર બારંવારરે, દેહને;
મ જાગ્યારે મારી જુવતિરે, દેહને, ઉઠી ચાલવું છે આજ કાલરે, દેહને.
ત વરાતી આવશેરે, દેહને, ઉઠી ચાલવું છે આજ કાલરે, દેહને.
ધ્રહ્મા કેશ તારારે, દેહને, તે તેા કરશે ઘડીમાં ઘાતરે, દેહને;
વિચારીશ જીવડારે, દેહને, ઘણું ઘસવા પડશે હાથરે, દેહને.
પ્રીત,કરૂ આવી કંઠ રૂંધશેરે, દેહને, નહીં આવે ઉપર લવલેશરે, દેહને;
ધાર્યું ધાર્યું રેહશે મનમાંરે, દેહને, પ્રાણી પામશે કષ્ટ કલેશરે, દેહને.
પ્રધાન છે જીવનેરે, દેહને, ફળ શુભ અશુભ દેનારરે, દેહને;
કરચાં તેવાં ભેાગવેરે, દેહને, ધરે ઉંચ નીચ અવતારરે, દેહને.
પશુ પંખી જાતમાંરે, દેહને, ચારે ખાણ ચેારાશિ લક્ષરે, દેહને;
અંત આવે નહીંરે, દેહને, કેહે નિગમ પુરાણ પ્રત્યક્ષરે, દેહને.
વિંદ સેવ્યા નહીંરે, દેહને, કેઇ પેરે કર્મનેા નાશરે દેહને, દેહને;
બીજ બળ્યું નહીંરે, દેહને, ત્યાં લગી ઉગરવાનિ શી આશરે, દેહને.
માયાના મેાટા મેારચારે, દેહને, જાતરૂપ જુવતીનું જેરરે, દેહને;
પ્રીતમ કેાયક જીતશેરે, દેહને, જેહને સદગુરૂ શબ્દ અકેારરે, દેહને.

પદ ૨ જીનું.

જતન કરયે જીવવું નથીરે, ચીતમાં ચેત્ય ચોંપે; તજ દેહપણું અભિમાનરે, ચીતમ
સો વરસ જીવ્યો તો શું થયુંરે, ચીતમાં; શરવાલે મરણ નિદાનરે, ચીતમ
આયુષ નિરંતર અંજલીરે, ચીતમાં, તે ટળકે સાસ ઉસાસરે, ચીતમ
દુરસતી શે નથી દેખતોરે, ચીતમાં; આંખ્યો આગળ થયા નર નાશરે, ચીતમ
દિન દશ પાંચ મુકામ છેરે, ચીતમાં, પછે કુચના નગારાં કેહવાયરે, ચીતમ
સેન્યાપતિ ચઢી ચાલશેરે, ચીતમાં; ત્યાં પાણી પીવા નહીં રેહવાયરે, ચીતમ
તું તારૂં સજી બેસજેરે, ચીતમાં; પ્રાણી પછે પસ્તારો ન થાયરે, ચીતમ
પુણ્ય કરયું તે પલ્લે બાંધીયુંરે, ચીતમાં; કને ખરચી વિના શું ખાયરે, ચીતમ
શુરાને શી શોચનારે, ચીતમાં; સતીને કેહોનો સંધાતરે, ચીતમ
એક ધણી શ્રીરંગ રાખજેરે, ચીતમાં, કેહે પ્રીતમ પ્રેમની વાતરે, ચીતમ

પદ ૩ જીનું.

લંપટ શે નથી લાજતોરે, કુબુદ્ધિ શું કહીએ; તુંને સમજાવ્યો સો વારરે, કુબુ
તોયે મૂઢમતી માને નહીંરે, કુબુદ્ધિ; ધીર પામર પશુ ગમારરે, કુબુ
તારૂં ચતુરપણું પડો ચુલમાંરે, કુબુદ્ધિ; જો પ્રભુની પેરરે કુબુ
તારી જનુની ન રહી વાંઝણીરે, કુબુદ્ધિ; શે જણતા ન દીધું ઝેરરે કુબુ
તને નાળ વધેરતાં નાવડયુંરે, કુબુદ્ધિ; શેં પ્રથમ ન છેદું શિશરે, કુબુ
તું લત ધણી કોટિક પાતકીરે, કુબુદ્ધિ; જો વિસાર્યા જુગદીશરે, કુબુ
તું શીદ અપરાધી અવતર્યોરે, કુબુદ્ધિ; કરવા લોભીને ભારરે, કુબુ
શુભ કારજ કીધું નહીંરે, કુબુદ્ધિ; તેં લોગવ્યો ભવ સારરે, કુબુ
જમરાજા લેખું માગશેરે, કુબુદ્ધિ; શો દેશો તેને જવાબરે, કુબુ
આંધી રૂંધીને નરકમાં નાખશેરે, કુબુદ્ધિ; આવી વળગશે ગ્રોઢા પાપરે, કુબુ
હરી વિના બીજો બેલી નથીરે, કુબુધિ; તાહારૂં કુડું કુટુંબ પરિવારરે, કુબુ
કેહે પ્રીતમ ચીતમાં ચેતજેરે, કુબુદ્ધિ; છે માથે મરણનો ભારરે, કુબુ

પદ ૪ થું.

હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શિશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મૂકી, દિલની દુધા વામે જોને;
તીરે ઉભો બુવે તમાશો, તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જ્વાલા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડયા તે મહા સુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહી સહેલ જોને;
મહા પદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ જોને.

રામ અમલમાં રાતા માતા, પુરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દન નરખે જોને.

પદ ૫ મું.

સંત સમાગમ જે જન કરશે, તેને પ્રગટે પ્રેમ જોને;
જે ધાતુને પારસ સ્પરશે, તે તો હોયે હેમ જોને.
કથીર કાંસુ હેમ ન હોયે, કોટી પારસ સ્પરસે જોને;
શુન્ય છીપ તે ઉપર નાવે, સોમણુ સ્વાતી વરસે જોને.
અચેતને ઉપદેશ ન લાગે, શિવ બ્રહ્મા સમજાવે જોને;
જેનાં અવળાં અંતઃકરણો, તેને સમજણ નાવે જોને.
કુબુદ્ધિ કાળપ જેને હૃદે, તેને ન લાગે રંગ જોને;
અડદ ઉજળા કયમે ન થાયે, જઇ ઝબોળો ગંગ જોને.
કુશકા કુટેથી શું થાય, કણ ન જડે તેમાંથી જોને;
મંદ અભાગી મુરખ નરને, સમજણ આવે કયાંથી જોને.
પાપીને પરબોધ ન કરિયે, મુન્ય ગ્રહીને રહિયે જોને;
કહે પ્રીતમ તુલસી દલ તોડી, પ્રેત ન પુજવા જઇયે જોને.

પદ ૬ મું.

હરિ મહિમા મોટા જન જાણે, સનકાદિક શુકદેવ જોને;
અજતનયા ઉમયાપતિ વંદે, કરે કમળા પદ સેવ જોને.
વેદ વિરંચી વ્યાસ વખાણે, અપાર લીલા એની જોને;
નાથ વિના બીજો નહિ બળિયો, જોયું ચિત્તમાં ચેતી જોને.
માટે મારૂં મનડું મોહ્યું, રશીક વરને રંગે જોને;
સદા સરવદા સુખમાં ઝીલું, સુંદર વરને સંગે જોને.
અમૃતકેરા સાગરમાંહે, મગન થયું મન મીન જોને.
એક નિમિષ ન્યારૂં નવ થાયે, રહ્યું તે રસમાં લીન જોને.
અગરચંદનના વનમાં જઇને, લોભી ભમરો બેઠો જોને;
ઉડીને અળગો નવ થાયે, સ્વાદ સુખમાં પેઠો જોને.
કમળનેનની સુંદર શોભા, નિરખું નિત્યે નિત્ય જોને;
પ્રીતમના સ્વામીની સાથે, બાંધી પૂરણ પ્રીત જોને.

પદ ૭ મું.

સંત કૃપાથી છુટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસોશ્વાસે સમરણ કરતાં, પાંચે પાતક જાય જોને.
કેસરીકેરે નાદે નાસે, કોટી કુંજર જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સૂથ જોને.
અગનીને ઉધઇ ન લાગે, મહામણીને મેલ જોને;
અપાર સિંધુ મહાજળ ઊંડાં, મરજીને મન રહેલ જોને.

બાજીગરની બાજી તે તો, જંબૂરો સઉ જાણે જોને;
હારની માયા બહુ બળવંતી,સંત નજરમાં નાણે જોને.
સંત સેવતાં સુકૃત વાધે, સહજે બીજે કાજ જોને;
પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડ રાજ જોને.

પદ ૮ મું.

ભજન કરી લે ભાવેરે, ભવ ભટકણ ભાગે;
સંસાર સાગર તરતાંરે, ક્ષણું વાર ન લાગે.
માયા મોહ નિંદ્રામાંરે, ગાફલ શું ઘોરે;
પાંચ ચોર વસે પાસેરે, આતમ ધન ચોરે.
અચેત શું ઉંઘેછેરે, જોને આંખ ઉઘાડી;
વેગે વણશી જાશેરે, કાયાની વાડી.
ચેત ચિદાનંદ મળશેરે, ટળશે અંધારૂં;
આ અવસર છે રૂડોરે, હોય કારજ તારૂં.
મહાં પુરૂષનો મારગરે, તે પગલું સહાજે;
પ્રીતમ પ્રેમ ધરીનેરે, હરિના ગુણ ગાજે.

પદ ૯ મું.

જા સદગુરૂને શરણેરે, સૌ સંશય હરશે;
જીવ દશાને ટાળીરે, હરિ સરખો કરશે.
ઉગ્ર દશા અનુભવીરે, છે સમજણ મોટી;
મન કંચનને કસવારે, ગુરૂ જ્ઞાન કસોટી.
હોય હેમ લોહ કેરૂંરે, જેને પારસ પરશે;
થાય મહા મુક્તાફળરે, જળ સ્વાતી વરશે.
છીપ રહે સાગરમાંરે, માંય મોતિ નિપજે;
જ્ઞાન મીનકા પરશેરે, તેને ઋતુ ઉપજે.
સતસંગે નર સણજેરે, સૌ દુઃખા જાશે;
પ્રીતમ તે પ્રાણીનુંરે, સૌ કારજ થાશે.

પદ ૧૦ મું.

કર હરિ સમરણ સાચુંરે, કાચું તન તારૂં,
મનથી મુકી દેજેરે, માયાનું લારૂં.
માયા છે મહા ઠગણીરે, ઠગ વિદ્યા કરશે;
જ્ઞાન ધ્યાન ધન ધીરજરે, હેલામાં હરશે.
માયા બંધન બહુ છેરે, તેને તું તજને;
મોહ ઉપજાવે સોનેરે, સુર નર મુનિ અજને.
અપાર બળ માયારે, ડાહ્યા જન જાણે;
જેણે ગોવિંદ ગુણ ગાયારે, તે ભય નવ આણે.

ભજન પ્રતાપે ભવજળરે, ગોપદની પેરે;
અખંડ અભેપદ માણેરે, આનંદની લેંહેરે.
સદા સરવદા સૂખમાંરે, દુખમાં નવ દેખે;
પ્રીતમ સરવે પ્રભુનુંરે, પરમારથ લેખે.

પદ ૧૧ મું.

જે પરમારથ પ્રીછેરે, તેને પાપ ન પરશેં;
રૂપ અનૂપમ હરિનુંરે, સચરાચર દરશેં.
સૌ સામગ્રી હરિનીરે, હરિનો થઇ રહેજે;
હરિને અર્પણ કરીનેરે, ઉગરે તે લેજે.
સાચે રાચે રસિયુંરે, પરપંચ પરહરજે;
હેતારથ હરિજનશુંરે, દુરજનથી ડરજે.
હું મારૂં હૃદયેથીરે, ટાળીને રમજે;
વિશ્વ આત્મા વિષ્ણુરે, નિરખીને નમજે.
અસત્ય આલાપ નકીજેરે, સત્ય વચન ઉચરજે;
પ્રીતમ પ્રેમ નિરંતરરે, પ્રભુજીશું કરજે.

પદ ૧૨ મું.

શું કર્યું ગીતા ગાઇને રે, તેં શું કર્યું ગીતા ગાઇને; ટેક.
ભણ્યો ગણ્યો પણ ભેદ ન જાણ્યો, ધિક પડ્યો પંડિતાઇનેરે; તેં શું.
પોથી વાંચિને પરમારથ ના કીધો, કુટુંબ પોંખ્યું કમાઇનેરે, તેં શું.
ભાગવત ભાંખ્યું હેત હૃદે ન રાખ્યું, રહ્યો આપ સ્વારથ સાઇનેરે; તેં શું.
શેષને માથે મણિ છે તોયપણ, જીવે છે જીવ ખાઇને રે, તેં શું.
કહે પ્રીતમ પોતાના ડહાપણથી, ગયો ચોરાશિમાં ખેંહેંચાઇનેરે; તેં શું.

પદ ૧૩ મું.

શાં માટે તું સુઇ રહ્યો છે, અચેત પામર પ્રાણી;
માથા ઉપર મરણ ભમે છે, તેની ખબર ન જાણી.
મહા મોટા જોદ્ધા જોરાવર, ફૂટી નાખ્યા ફાળે;
ક્ષણું માત્રમાં ફૂકી જાતા સમુદ્રને એક ફાળે.
જેને ચાલે ધરતિ ધ્રુજે, આભ ઉંડળમાં ભરતા;
જેની ફૂંકે પર્વત ફાટે, તે નર દીઠા મરતા.
મધુ કૈટભને મારી નાંખ્યા, દીતી સુત સંહાર્યા;
અતિ બળિયા અહંકારી આગે, તેના ગર્વ ઉતાર્યા.
રાવણ કુંભકરણ દુર્યોધન, કાળજવન ને કંસ;
ખપીગયા તે ખોળ્યા ન જડ્યા, જેવા અર્કના અંશ.
મધુસૂદન છે નામ હરિનું કોઇનો મદ નવ રાખે;
કાંકરડાની પેરે તેને, કડાક કાઢી નાંખે.

અરે બાપડા જીવ અભાગી, શીદ ફરે છે ફૂલ્યો;
મિથ્યા સુખમાં મોહિ રહ્યો ને, ભજન હરિનું ભૂલ્યો.
હરિ હીરો હારીને બેઠો, કુડું કામજ કીધું;
અમૃતરસને ઢોળી દેઇને, ઝેર હળાહળ પીધું.
સુરતરૂ સીતાવર મૂકી, સંસાર શીમળો સેવ્યો;
પથ્થર સાટે પારસ ખોયો, મૂઢ નહિ તુજ જેવો.
સો ગાડાં શીખામણ દીજે, મૂરખ રતી ન રાખે;
સાર વસ્તુ તો સમજે નહિ ને, અસાર ઉરમાં નાંખે.
જાણે નહિ જે હાણ વૃદ્ધિને, તેને શું સમજાવે;
કહે પ્રીતમ ચેતીલે ચીત્તમાં, ફરિ અવસર નહિ આવે.

પદ ૧૪ મું.

હીરા મોતી નામ હરીનું, પથ્થર બીજી વાતો;
કહે પ્રીતમ મૃગજળ દેખીને, રખે તું પીવા ધાતો.
ધાયા તેતો ધુળ ફમાયા, ડાહ્યા થઇ દંડાયા;
કહે પ્રીતમ માયાને મૂશળ, મુખ તરે બંડાયા.
બંડાયા તે બોળ્યા ન જડ્યા, આટો થઇ ને ઉડ્યા;
કહે પ્રીતમ સંસાર સિંધુમાં; બહુ વાર તે બૂડ્યા.
બૂડ્યા તેને કોણ બચાવે, આપે અવળા ચાલે;
કહે પ્રીતમ પોતાને હાથે, ફાંશી ગળામાં ઘાલે.
મહા-માયાના મોટા ફાંસા, તે તોડ્યા નવ તુટે;
કહે પ્રીતમ હરિ દયા કરે તો, જગત જાળથી છુટે.
કાળે કૂટ્યા જમડે લૂટ્યા, ચોરાશીમાં પડિયા;
કહે પ્રીતમ અજ્ઞાની એવા, આપે તે આથડીયા.
આથડતાને કોણ ઉગારે, કર્મ તણો ફૂટારો;
કહે પ્રીતમ સેવો સદ્‌ગુરૂને, એ તરવાનો આરો.
જ્ઞાન વિનાનો ઘેલો થૈને, નહિ કરવાનું કીધું;
કહે પ્રીતમ અમૃત ઢોળીને, ઝેર હળાહળ પીધું.
અમૃતતે ઉપદેશ ગુરૂનો, ઝેર અવિદ્યા જાણો;
કહે પ્રીતમ પરમારથ મૂકી, સ્વારથને શીદ તાણો.

પદ ૧૫ મું.

ચેત મન ચેત મન, ચાલવાની ચાલ છે;
કેડા મોરે સૌ કો ચાલે, કોણ બુદ્ધા બાળ છે;
દિવસમાં ત્રણ વાર તાકે, શિર સીચાણો કાળ છે;
તેને ત્રાસે સૌકો કંપે, ભલા ભલાને ફાળ છે.
કાયાનોછે ફાચો પાયો, ધરતી વસમો ઢાળ છે;

ઘરધંધામાં સૌ ગુંચવાયું, માયાની મધ્યલાળ છે.
આજ માયા મીઠી લાગે, અંતેતો જંજાળ છે;
દાતરડાં ગળતાં તો સેલાં, વળતાં તો વિકરાળછે.
બાપા કહિને શૌ બોલાવે, જમવા શાળ દાળછે,
સ્નેહ વધારે સુંદરીને, રહેવા મેડી માળ છે;
દુખ વેળાએ દૂર રહેશે, જેવો તુટો વાળ છે;
પ્રીતમનાસ્વામીનેસમરો, બીજું આળપંપાળછે.

પદ ૧૬ મું.

હરિ સમરણ કર હેતમાં, ચેત ચેત અચેત;
આ અવસર ચેત્યો નહી મુખમાં પડશે રેત. ટેક.
કાયાનું કંઇ નહી નીપજેરે, મેલ મિથ્યા અહંકાર;
તનનાં તે ત્રણણુ વાનાં થશે, કીટ વીટ કે સાર. હરિ.
રહ્યા નહીને કોઇ રહેસે નહીં, શશી સુરજ વંશ;
ખડભડ કરતાં ખપી ગયા, કઉરવ રાવણુને કંશ. હરિ.
જેનો સુજસ સંસારમાંરે, તે નર અમર જાણુ;
પ્રીતમ એ પરમાણુજે, હરી હઇયામાં આણુ. હરિ.

પદ ૧૭ મું.

જંજાળી જીવડે મુક્તિની જુક્તિ ન જાણી;
મિથ્યા માયા મૃગજળ સરખી, મોહ કરીને માણી. જંજાળી.
ધામ ધુમ ધંધામાં ધાયો, સચ્ચિદાનંદ ન ગાયો;
આવ્યો તો પરમારથ કરવા, ઉલટો દોષ કમાયો. જંજાળી.
વિષય વાસનામાં વિંટાયો, જેમ ઝીંટાયો ભમે;
મરતા સુધી કામ ખુટયું, મન બહુ લોચા વાળે. જંજાળી.
ગાશી તીર ગડે તન માંહી, એમ મનમાંની માયા;
છેદે પણ છેટે નવ થાયે, જેમ કાયાની છાયા. જંજાળી.
દશ ઇંદ્રિયે દોષ કમાયો, ઉલટો બંધાયો આપે;
કામ, ક્રોધ, મદ, મોહ, અગ્નિમાં બળી રહ્યો બહુ તાપે. જંજાળી.
શ્રવણુ દગ્ધ થયાં નિંદા સાંભળી, તેણે દગ્ધ થયાં નારી;
દગ્ધ્યા દગ્ધ થઇ જુઠું બોલી, સર્વસ્વ હિંડયો હારી. જંજાળી.
વાણી દગ્ધ થઇ દુષ્ટ મનથી, હસ્ત થયા દુષ્કૃતિથી;
સુકૃત બીજ બળી ગયું સર્વે, ક્ષેત્ર પડી રહ્યું ખાલી. જંજાળી.
રાગ દ્વેષ રહ્યો રૂદિયામાં, અનેક દુઃખ ઉપજાવે;
કલ્પ દ્રુમ ચિંતામણી સરખી, તે ભક્તિ નવ ભાવે. જંજાળી.
બ્રહ્મ ભજનનું દામ ન બેસે, કામ આપણું થાશે;
પ્રીતમ મન પ્રમોદ કરે તો, સફળ કલ્પના જાશે. જંજાળી.

પદ ૧૮ મું.

બ્રહ્મ સ્મરણ કર હેતમાં, ચિતમાં અચેત નર ચેત;
આ અવસર ચેત્યો નહી, મુખમાં પડે રેત. બ્રહ્મ.
કામાનું ઠાંઇ ન નીપજે, મુકી મીથ્યા હંકાર;
તનનાં ત્રણવાનાં થશે, કીટ, વિટ કે છાર. બ્રહ્મ.
રહ્યાં ન કોઇ રહેશે નહી, શશીને સુરજ વંશ;
ખટ પટ કરતાં ખપી ગયા, કંઇ કૌરવ ને કંશ. બ્રહ્મ.
જેનું ચિત્ત પરિબ્રહ્મમાં, તે નર અમર જાણ;
પ્રીતમ તે પરમાણ જે, બ્રહ્મ હૈયામાં આણ. બ્રહ્મ.

પદ ૧૯ મું.

આમાં વસ્તુ અનુપમ છે, જાણે વિરલા જન કોય;
ભવ વિશે ભટકે નહી, જેને ગુરૂગમ હોય સતસંગ કીજેરે સ્નેહશુ.
પડવાની આ સહુ સૃષ્ટિ છે, માટે બ્રહ્મનેરે જાણ;
જેણે ન ભજ્યા પરિબ્રહ્મને વંઝા પયોધર જાણ. સતસંગ.
બીજે શું મોહ્યો બાપડા, મિથ્યા માયા વ્હેવાર;
તે દેખી રખે રીઝતો, સ્વપ્ના સરખો સંસાર. સતસંગ.
ત્રીજેરે સદગુરૂના શબ્દથી, ભવજલ પેલેરે પાર;
આવો વખત આવે નહી, મોઘો મનુષ્યાવતાર. સતસંગ.
ચોથા પદ તણી સંગના, સદગુરૂ શબ્દે સમજાય;
જન્મ મરણ તણી આપદા, તેતો તત્ક્ષણ જાય. સતસંગ.
પંચમ સાર શીરોમણી, જેણે જાણ્યા જુગદીશ;
સરવ સહાય છે તેહને, વંદે વિષ્ણુ અજ ઇશ. સતસંગ.
છઠે છોડી પરમાત્માને, કીધા અવર ઉપાય;
બીજ બોયાં અંબોલનાં, અંબફળ કયાંથીરે થાય. સતસંગ.
સાતમી ભુમીકા જ્ઞાનની, સદગુરૂ શબ્દથી થાય;
સંશય, શોક, ભવસોચના, સર્વ સમુળાંરે જાય. સતસંગ.
આઠ અંગ છે જોગનાં, સાધન કઠણ ગણાય;
સદગુરૂના ઉપદેશથી, સહેજે સુલભ થાય. સતસંગ.
નવ પલ્લવ દેહ દ્રુમચાં, પક્ષી બેઠાં છે બેય;
કોઇ કોઇને દેખે નહી, જે તેના રંગ માંય. સતસંગ.
દસદળ પુષ્પની પાંખડી, મધુકર બેઠાં છે માંય;
સુખનો ભોગી ભાવે થયો, ભેખમ જાણ્યું ન કાંય. સતસંગ.
એકાદશમાં તું આવજે, ભગવત ભકિતની માંય;
શીવ વીરંચીને શારદા, જાણી જોડી કરી પાંય. સતસંગ.
બારશ સ્કંધમાં જે કહ્યું, શ્રીમુખ શુકજીની વાંણ;
તેને તપાસી તું દેખજે;, ઉઘડે અનુભવની ખાંણ. સતસંગ.

તે રસ પીતાં કો તરી ગયા, ઉધર્યા અનંત કરોડ;
ગુરૂ ચિદ્રુપની ઉપાસના, બીજાં બંધન તોડ. સતસંગ.
ચૌદ ભુવનમાં તું ચીનજે, કરજે સમરણ સાર;
પરપંચ મુકજે, પરહરી, કરજે તત્વ વિચાર. સતસંગ.
પુર્ણ પુન્યે તું પામીયેા, સદ્ગુરૂ કેરેા સંગ;
પ્રીતમ પ્રેમે પાવન થયા, હૃદયે લાગ્યેા બ્રહ્મરંગ. સતસંગ.

પદ ૨૦ મું.

હરિ ભજન વિના, દુઃખ દરિયા સંસારનેા પાર ન આવે; ટેક.
જડ બુદ્ધિ જીવ સંત વિના સુધ મારગ કેાણ બતાવે;
તેં અનેક વાર અવતાર ધર્યા, બહુ કર્મતણા કેાઠાર ભર્યા;
અધ ઓધ તણા અંબાર કર્યા હરિ ભજન વિના.
ફર્યેા ચાર ખંડ લખચેારાશી, થયેા જળચર સ્થળચર ગર્ભવાશી;
માયા બંધનથીનશકયેાનાશી હરિ ભજન વિના.
તું ઝાડ પા'ડ જડરૂપ થયેા, તેં શિત વરષા બહુ તાપ સહ્યેા;
તારાં કષ્ટ કેણે નવ જાય કહ્યાં હરિ ભજન વિના.
કહે પ્રીતમ ચેતી લ્યેા પ્રાણી, દુઃખ જન્મ મરણ એવું જાણી;
તું શું બેઠેા આળસ આણી હરિ ભજન વિના.

પદ ૨૧ મું.

હરિ ભજન થકી, છેાટા હેાય તે સૌથી મેાટા થાય;
જન તાપ ટળે, જન્મ મરણનાં સંકટ સર્વે જાય; ટેક.
જુએા એકલસંગી હરણીના, એવા વ્યાસમુનિ વણ પરણીના;
કહેા સુતપુરાણી કુણ પરણીના હરિ ભજન થકી.
જુએા શુકજી કેરૂં મૂળ શેાધી, જાતે પક્ષી સુરીએા લેાધી;
થયા આપે ઇશ્વર અક્રેાધી હરિ ભજન થકી.
જુએા માંડવની મેડકી માતા, એવા વશિષ્ઠ વિસ્વે વિખ્યાતા;
એવા ચતુરાનર કંજ જાતા હરિ ભજન થકી.
જુએા વાલ્મિકજીની વાત અરી, જેણે દર્ભશાળામાં દેહ ધરી;
જેણે સેા કેાટિ રામાયણ કરી હરિ ભજન થકી.
જુએા દાસી સુત વ્યાસ હિણપણું, એનું પુન્ય પવિત્રચરિત્રઘણું;
થયા નારદ મન ગેાવિંદ તણું હરિ ભજન થકી.
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તેતેા ગંગા સરખું થઇને ફળે;
જેમ પારસ પરશે લેાહ ટળે હરિ ભજન થકી.
જાત ભાતતેા નવ જાણી, હરિ ભજે એ હરિ સરખેા પ્રાણી;
કહે પ્રીતમ ઓળખેા એ ધણી હરિ ભજન થકી.

પદ ૨૨ મું.

હરિ ભજન થકી છેટા હોય તે મોહોટા સઉથી થાય એ રાગ.
મન માને નહીં, સેા ફેરા સમજાવું તોયે શું થાય;
મન કઠણ કઠોર, ચંચળ ચિત્ત ચપળ ચિત્ત ચોદશ જાય ટેક.
મન ભુત તણી પેઠે ભમતું, મન માયામાં રેહેછે રમતું;
તુને હરિ ભજવાનું નથી ગમતું મન.
જમકિંકરનેા ભય જાણે, તેા મિથ્યા સુખને શિદ માણે;
ગયેા અવસર ઉંરમાં નવ આંણે મન.
મળ્યેા મનુષ દેહ તેમાં નહીંમણા,તુંતેાગાનેગુણગેાવિંદતણા;
અવ ઓઘ તણા અંબાર ભરચા મન.
મુદગળના માથે માર પડે, તોયે ફરી ફરી તે દુવાર અડે;
ફળ દેખી મરકટ ગાડ ચહડે મન.
કહે પ્રીતમ ચેતી લે પ્રાંણી, શું સુતેા શેાડજ ઘણી તાંણી;
તારે માથે મરણનેા ભય જાણી મન.

પદ ૨૩ મું.

(એકાદશીના વૃત વિષે, દેશી ચાલતી.)

આવી એકાદશી, વૈષ્ણવ જનને વ્હાલની કરનારી;
જેને હરી વાહાલા, ઉર અંતરમાં સદાય તેને પ્યારી ટેક.
ભાઇ જે કેાઇ કરશે એકાદશી, તેને હરીની ભક્તિ રૂદે વશી;
તે જનને મણા નવ રહી કશી આવી.
જે હરી દીવસને ચાહ્ય છે, તેના દુઃખ દાળીદ્ર સઉ જાય છે,
તેના પિત્રાઇ સુખીયા થાય છે આવી.
જે હરી મંદીર દરસન જાય, મહા સુખીયાથી સુખીયેા થાય;
તે અક્ષર ધામ વૈકુંઠ જાય આવી.
જેના કુળમાં એકાદશી ચાહ્યછે, તે વૃત્ત કરી હરિગુણ ગાયછે;
વળી હરીરસ પીયેને પાય છે આવી.
એક રાજ કુંવરીએ રસ પીધેા, તેણે તે દિવસતેા સહી કીધેા;
પછી સ્વામીને મરવા દીધેા આવી.
તેને ચતૃભુજે કીધેા સીધેા, તેને આરતીએા કરીને લીધેા;
જેણે એકાદશી કાળ કીધેા આવી.
જેમ જગ યજ્ઞ તીરથ જાશે, જે કાસીમાં જઇને નાહાશે;
તે વૃત્ત એકાદશી કરતાં થાશે આવી.
જે લક્ષ ગાયેાનું પુન્ય કરશે, તે જન મુકતીમાં ભળશે;
એ એકાદશી કરતાં વળશે આવી.
જે કેાઇ હેત ધરી જાગરણ કરશે,આઠેપેાહેારહરીનુંધ્યાનધરશે;
તેના કરમતણું પાનું ફરશે આવી.

જે બાર મહિનાની ચોવીશ કરશે, તે છેલ છબીલો વર વરસે;
કહે પ્રીતમ પ્રેમ ભાવે તરશે આવી.

પદ ૨૪ મું.

(મામેરૂં મોધા મુલનું, એ રાગ.)

તું તો રામ રટણ કર રંગમાં, હવે રાખ હરિ સાથે હેત;
અવસર આ'વો નહિ મળે ટેક.
વિષયાભુતે તે તુજને ભમાવીઓ, ક્ષણું એક બેઠો નહિ ઠરી ઠામ; અવસર.
બોટા બેલમાં શું રે ખુંથી રહ્યો, ઉઠ આળસ મે'લ અચેત અવસર.
પ્રાણી પરપંચમાં શું પચી રહ્યો, માની સ્વપ્ન તણું સુખસાર; અવસર.
કાળ બાશે જે કે'શે કહ્યું નહિ, નથી માનતો ગાફલ ગમાર અવસર.
અંતે રંગ પતંગ જાશે ઉતરી, કાચી કાયા નહિ આવી કસે કામ; અવસર.
તું તો સ્મરણ કરજે શુદ્ધ ભાવશુ, ટાળિ તન મન કેરા વિકાર અવસર.
ભજો પ્રીતમ બ્રહ્મ સ્વરૂપને જેનો મહિમા છે અગમ અપાર; અવસર.

પદ ૨૫ મું.

સંત પારસ ચંદન ભાવના, કામધેનુ કલ્પતરૂ સાર; સમાગમ સંતના. ટેક.
એક સમજમાં રે અંતર ઘણો, તરૂ પારસ ત્રણ પ્રકાર; સમાગમ.
એક પારસથી રે પારસ બન્યો, એક પારસથી હોયે હેમ; સમાગમ.
એક પારસ લોહને કંચન કરે, સત વર્ષે એમનું એમ; સમાગમ.
એક ચંદનથી વીખ ઉતરે, એક ચંદને અગ્નિ ઓ'લાય; સમાગમ.
એક તલભર તેલમાં બે પડે, ફરી તેલ તાતુ નવ થાય. સમાગમ.
સર્વે સેન્યા શુરી નવ જાણવી, સર્વે નારી સતી નવ હોય; સમાગમ.
સર્વે ગજશીર મોતી ન નીપજે, તેની જુક્તિ વિચારીને જોય. સમાગમ.
જ્ઞાનહિણા ગુરૂ નવ કીજીયે, વંઝા ગાય દોયે શું થાય; સમાગમ.

પદ ૨૬ મું.

તું તો રામ રટણ કર રંગમાં, તારા અંગમાં ઉપજે આનંદ; ગોવિંદ ભજ ભાવશુ. ટેક.
પરમારથ અર્થ વિચારિયે, તજ સ્વારથ માયાનો ફંદ; ગોવિંદ.
કાયા માયા તે તો કારમી, તેને વણસતાં ન લાગે વાર. ગોવિંદ.
મૃગ તૃષ્ણાનાં જળરે, જાશકભર્યો, એવો જાણુસકળસંસાર; ગોવિંદ.
ગુંજ વહુનની મરકટ માણિયા, તેણે ટાઢ ટળે ન લગાર. ગોવિંદ.
ઉસ ઉદક બીડી બરાસની, તેને ઉડ્યા તણો ઇતબાર; ગોવિંદ.
સ્વપ્નામાં રે સમૃદ્ધિ પામિયે, જાગી જોતાં નર હે જરાય. ગોવિંદ.
ધુમાડાના ઢગ રે શોહામણા, ભર્યે મુઠી નવ્ય રે ભરાય; ગોવિંદ.
સાચી સંગત સદગુરૂ સંતની, તેથી જીવપણું ટળીજાય. ગોવિંદ.
કહે પ્રીતમ પ્રભુને સંભારતાં, મહા પાપી પાવન થાય; ગોવિંદ.

પદ ૨૭ મું.

પરપંચ મુકેા મારા પ્રાણીયારે, અંતે સાચ હશે તે ફળશે જો;
કેાટિક આગીઆ અજવાળુ કરેરે, રવિવિનાતેરજનિકેમટળસેજો.ટેક.
માયા મીસરી ખાંડસી તેને; મુરખ માંસ લઈ વળગ્યેા જો;
તન તુટે પણ છુટે નહીં, મુઢમારે તેાયે ન રહે અળગેા જો. પરપંચ.
પરમ ચતુર અંતર જામી હરી, તે કેાનેા વાંયેા તે કેમ જાશેજો;
કરમ સૂભ અસૂભ કર્યા હસે, અંતે આવીને હાજર થશે જો. પરપંચ
મુકે હંશતણા પર કાતરાં રે, એવું મન આતમનું હેતું જો;
પ્રીતમ પેાતાના અજ્ઞાનથી, દેાષ પારકા દલમાં લેતું જો. પરપંચ.

પદ ૨૮ મું.

આ અવસરમાં હરીને ઓળખેા, જ્ઞાન પામવા તતપર થાજો જો;
ચુકેા તેા ચેારાશી માંયેા, એવું જાણી ગેાવિંદ ગુણ ગાજો જો. ટેક.
જેવેા સ્વારથમાં સુરેા થયેા, એવેા પરમારથ આદરજો જો;
તેા તું અવિચળ પદ પામતેા, મરતેા ને અવતરતેા જો. આ.
આગ્રહના સુખમાં શું રાચિ રહ્યેા, ઊંમર ફળ જંતુની પેરે જો;
હરિ માયાનું બળ જાણ્યું નહીં, લીધી ભવસાગરની લેરેા જો. આ.
હરીના નામ તણી નૈાકા મલે, પ્રાણી સેજે પામીશ પારજો;
પ્રીતમ જે પરમારથ પ્રિછશે, પુનર્પી નહીં તેને અવતાર જો. આ.

પદ ૨૯ મું.

સમરણ કરને સીતા રામનું, મુકી મન તણેા અહંકાર જો;
આ સઉ જુઠી બાજી જાણજો, જેવેા સ્વપ્ન તણેા વેવાર જો. ટેક.
જેવા ધુમાડાના બાચકા, જેવાં ઝાંઝવાનાં નીર જો;
શીશુના સરણેા સરવે ખેલ છે, ક્ષણુમાં વણશી જાયે શરીર જો. સમરણ.
સેર ગુજરીની પેરે શૌ મળ્યું, તેને વિસડતે શું રેાય જો;
માટે સમજીને સેાદેા કરે, તેમાં અંતે હાણ ન હેાય જો. સમરણ.
હેતે પ્રીતે હરીને સંભારજો, એ છે તરવાનેા ઉપાય જો;
પ્રીતમ પ્રભુનુ ભજન ન ભુલીયે, તારેા જન્મ અકારથ થાયજો. સમરણ.

પદ ૩૦ મું.

ત્રીભેાવન પાવન તુલસીજીનેા વિહાવારે, પ્રેમી જનનેા, પ્રેમતણેા રસ પીવારે;
શિવ ચતુરાનન, ધારયું લગન વિચારીરે; કારતકશુદ્ધ, એકાદશી ઉત્તમ સારીરે.
વરકન્યાના, જોયા મળતા વિશેકરે; જેનાં રૂપ, કરમ ગુણ નામ અનેકરે.
વરતેા છેલ, છબીલેાસાળંગ રામરે; કન્યા તેતેા, તુલસી નીરમળ નામરે;
જનેયાતેા, જાણેા હરીના જનરે; જેને તુલસી, વરછે તન મનધનરે.
પ્રીતમનેા, સ્વીમીછે પુર્ણા નંદરે; અખીલ લેાકને, ઉપજાવે આનંદરે;
ગગન મંડળમાં, અનહદ વાજા વાજેરે; સુંદરતાનેા, સાગર સ્યામ વિરાજેરે.

જાણે દીસે, રાજ ઘણું રૂપાળારે; કંઠે આરોપી, સુંદર વરમાળારે,
પ્રેમતણે, પટકુળે પાડી ગાંઠીરે; ઓટીછે ઉપરણી, કેસર છાંટીરે.
વરકંન્યાતો, વરત્યાં મંગળ ચારરે; સુરીનર મુનીવર બોલે જે જે કારરે;
જેણે સરજ્યો, આ સઘળો સંસારરે; વર કંન્યાતો આરોગે કંસાર.
અલબેલોજી, પ્રેમે પરણી ઉઠયારે; મંગળકારી, મોતીડે મે વૃઠયારે;
પ્રીતમનો સ્વામીછે પ્રેમ સ્નેહીરે; ભુવન પધારયા, લાલ લાડણી લેઈરે.

પદ ૩૧ મું.

આજ સખી અલબેલોજી ઘેર આવ્યારે; પ્રેમ ધરીને, મંદીરમાં પધરાવ્યારે;
રતન સિંઘાસન, આસન લેઇ આવ્યારે; જનમ જનમનાં,સંકટ સઘળાં કાપ્યારે.
ઓરડીયોમાં, દીવડિયા અજવાળોરે; નેણ ભરીને, નંદ કુંવરને ન્યાળોરે;
આગણે મ્હારે મોતીચોક પુરાવોરે; કેશર કુમ કુમ, છાંટણિઆં છંટાવોરે.
બારણે બારણે, તોરણિઆં બંધાવોરે; અતિ સુંદર સૂગંધ, સિચાવોરે;
પેં પકવાન, મંગાવ્યા મીઠા મેવારે; લ્હેરે તોરંગી, લક્ષ્મીવરને લેવારે.
અંગે મ્હારે, સોલે સણગાર સાજ઼ંરે, અગર કપુરે, આરતિ ઉતાજ઼ંરે;
પ્રેમ સ્નેહી, જન પ્રીતમનો સ્વામીરે, ઉર અંતરમાં, વશિયા અંતર જામીરે.

પદ ૩૨ મું.

તજ દેહ અભીમાન, મિથ્યા સૂણ સાજ઼ં શુ ફોગટ કુલે;
સત વચન વિચાર, ઘેરઘેર સંસાર વિશે શુ ભુલે. ટેક.
તારી કાયાનો કાચો પાયો, તે દેખીને શુ લોભાયો;
રવી નંદન દલમા છે ડાહ્યો. તજ
તારી જમકીંકર હણશે છાતી,ત્યારે કયાં જશે તારી કુળ જાતી;
જઇ અવતરશો પશુની જાતી. તજ.
દુઃખ હેશી પત્રના દીઠારે નથી,તેતો પંચમ સ્કંધમાં કહ્યાં કથી;
તે ભોગવશો તમે રતી રતી. તજ.
કહે પ્રીતમ કંઇક સાધન કરજે, ભાઇ હરી નામ રૂદીયે ધરજે;
નામ નાવ માંડી ભવ સીંધુ તરજે. તજ.

પદ ૩૩ મું.

તમે હરી બોલો મિથ્યા ભાષણ મનથી મુકી દીજે;
ચિતવો હરીરૂપ, બીજું તે ચિતવન શું કરવા કીજે. ટેક.
આવી વાણી વૃથા નવ બોઇયે, હરી હીરો દલ દોરે પ્રોઇયે;
રોતાં દેખીને નવ રોઇયે. તમે હરી.
હરી નામ વિના વંઝા વાંણી, તે નવ રાખો ઉરમાં આંણી;
તેં કંથની કાગતાણી જાણી. તમે હરી.
કોઇ આગે બોટુ નવ ભાખીયે, કોઇને કુડુ નવ દાખીયે;
એક રામ રૂદેમાં રાખીયે. તમે હરી.

વાંણીથી વ્હેરપણું વાધે, વાંણીથી સ્નેહપણુ સાધે; તમે હરી.
વાંણી છોડે ને વાંણી બાંધે.
એવી વાંણી વીચારી જે બોલે કોઇ નાવે તે નરને તોલે; તમે હરી.
અહીં બોલ્યાથી બંધને બોલે.
કહે પ્રીતમ ધન્ય તે પુરૂષ કહીયે,જેને સદા વિચાર વશે હઇયે; તમે હરી.
તેના ચરણ ચિત આરોપી રહીયે.

પદ ૩૪ મું.

પડવે પંડ છે કાચોરે, પરમારથ પ્રીછો, હરીગુરૂ સંતની સંગેરે, આ આત્મલાભે ઇછો.
બીજે બીજી વાતોરે સહુ મનથી મેહેલો; ચિત્તમાં ચેતી ચાલોરે, અવસર છે છેલ્લો.
ત્રીજે ત્રઇણે ગુણનીરે, આવી છે આંટી; આગળ છે મહા અઘરીરે, માયાની ઘાંટી;
ચોથે ચાર દીવસનોરે, દુનીયામાં લટકો, તે સુખને સતમાનીરે, કાં ભવમાં ભટકો.
પાંચમે પંચ વિષયનુંરે, પરીબળ છે મોટું, સુધ વિચારીને વરતોરે બેલોમાં બોટું;
છઠે છો ખટ રસમાંયરે, સઠ સમજો ન કાંઇ આઠ પહોર એમ ઝીલેરે; માયા જળમાંહી.
સાતમે સુરત નુરતથીરે, સાહેબશું બેલો; મન ઇંદ્રીની માયારે, રદ્દેથી મેલો;
આઠમે અખંડ વર વરીએરે, ફરીયે નહી ફેરા; ધ્યાન પ્રભુનુ ધરીએરે, ટળે તાપ અનેડા.
નુમે નથી હરી અળગોરે, ગુરૂ ગમજે જડશે અંતરમા અનુભવનીરે આંખો ઉઘડશે;
દશમે દશા પરહરીયેરે વિહંગમ વાટે ગગન ચડી ઘર કરીયેરે, માહાસુખ છે માટે.
એક દશામાં આવોરે, અમૃતરસ પિવા; તિમર ટળી જાય તારારે પ્રગટે બહુ દીવા;
દવાદશ આગુલ ઘરશેરે, પરશે કોઉ પુરા; અણી અગરપર બેલેરે, સાચા સંત સુરા.
તેરશે તાર ન તુટેરે, લગી તે શુ તાળી; ભલા ભલા મહા મુનીરે, રહ્યા ભવમાં ભાળી;
ચૌદશે એકચરાચરસેરે, અખંડઅવિનાશી, બધા ભીંતર ભરીયારે,જુઓ તનમાં તપાશી.
પુનમે પરમાતમાનેરે પ્રગટ કરી દેખો; એમ વશે પ્રભુ તનમાંરે, આસ્તામાં દેખો;
પંદર તિથો થઇ પુરીરે, શીખેને ગાય; કહે પ્રીતમ એ પીંડમાંરે પ્રભુ પરગટ થાય.

પદ ૩૫ મું.

હરિ ભજવાનું ચોઘડિયું તને ફરી ફરી કયાં મળશે. એ રાગ.
ચેતીલે ચેત્યાનો અવસર, ફરી ફરી નહી મળશે;
જોબન જતાં વાર ન લાગે, જર આવીને ઢળશેરે. ચે.
ઢળશે તારે નહીં ધારણ, થરથર કાયા ધ્રુજે;
આ માયાની અંધારીનાંખી, તેમાં કંઇ નવ સુજેરે. ચે૦
સૂજે કયાંથી સમજણ નથી, કુટુંબ કળિલે વ્હાયો;
અવળે સવળે બંધે બાંધ્યો, આપે શું બંધાયોરે. ચે૦
ડાહ્યો છે પણ ડાહાપણ ભૂલ્યો, ફોગટ શાને ફૂલ્યો;
અકકલ તહારી કયાં બળી ગઇ,ખોયો હીરો અમૂલ્યોરે. ચે૦
આ જીંદગી જોબન તાહારૂં, જેવો રંગ પતંગી;
વ્હાલાં સગાં સહુ ભેગાં મળ્યાં પણ એમાં કોણતારૂસંગીરે; ચે૦
સગાં સંબંધી બેશી રેહેશે, કાળ લેસે કાઢાડી;
પ્રીતમ કહે હૈયાના ફુટા, કહુંછું ઢોલ વગાડીરે. ચે૦

ધીરોભકત.

પદ ૧ લું.

સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે;
ભાવે ભેટું તેને રે, સરવે મારૂં કાજ સરે-સંત ટેક.
ઉલટી સરિતા પડે ગગનપર, વિના વાદળ વરસાય;
વિના આભ વિજળી ચમકે, ગેબી ગરજના થાય;
ધીરે ધીરે વરસે રે, વરસીને અમર ભરે. સંત.
તેતરડે સિંચાણો પકડયો, શશે સપડાંયો સિહું;
કાયર બડું કહાડીને દોઢયો, ત્યારે શુરે પાડી ચીહું;
મંઝારી ચૂવે મારીરે, રઈયતશું રાજા ડરે. સંત.
વિના વાજીત્રી વાજાં વાજે, વિના કંઠ હોય ગાન;
દો કર વિના તાળી વાજે છે, તોલ વિના જડે માન;
વિના વાડી પુષ્પજરે, પગ વિના ભમર ફરે. સંત.
વિદેહની વારતા મરજીવા, માની માની હરખાય;
ગુરૂ ગમવાળા સંત મળે તો, તેને લળીલળી લાગું પાય;
દાસ ધીરા કહેછે રે, ત્યારે તો મારૂં મનડું ઠરે. સંત

પદ ૨ જું.

તરણા ઓથે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહીં;
અજા જુથ માંહેરે, સમરથ ગાજે સહી. તરણા–ટેક.
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગ રાજન;
તલને ઓથે જેમ તેલ રહ્યુંછે, કાષ્ટમાં હુતાશન;
દધી ઓથે ઘૃતજરે, વસ્તુ એમ છુંપી રહી. તરણા.
કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમકેરી ગમ નહીરે, વાણિ ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહી. તરણા.
મન પવનની ગતી ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મપુરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહિ કો ઠાલોરે, એક અણું માત્ર કહિ. તરણા.
સદ્‌ગુરૂજીએ કૃપા કરી ત્યારે, આપ થયારે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરા કહેછે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી તરણા.

પદ ૩ જું.

મન તુંહી તુંહી બોલેરે, આ સુપના જેવું તન તારૂં;
અચાનક ઉડી જશેરે, જેમ દેવતામાં દારૂ. મન–ટેક.
ઝાકળ જલ પળમાં વળિ જાશે, જેમ કાગળને પાણી;

કાયાવાડી તારી એમ કરમાશે, થઇ જાશે ધુળધાણી;
પાછળથી પસ્તાસેરે, મિથ્યા કરી મારૂં મારૂં મન.
કાચનો કૂંપો કાયા તારી, વણુસતાં ન લાગે વાર;
જીવ કાયાને સગાઇ કેટલી, મુકી ચાલે વનમોઝાર;
ફોગટ ફુલ્યાં ફરવું રે, ઓચિંતુ થાશે અંધારૂં. મન.
જાયું તે તો સરવે જાવાનું, ઉગરવાનો ઉધારો;
દેવ ગાંધર્વ રાક્ષસ ને માણુસ, સઉને મરણનો મારો;
આશાનો મહેલ ઉચોરે, નિચું આ કાચું કારભારૂં. મન.
અંચલ ચિતમાં ચેતીને ચાલો, ઝાલો હરીનું નામ;
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ;
ધીરો ધરાધરથી રે, નથી કોઇ રહેનારૂ. મન.

પદ ૪ થું.

અંતે સંતને તેડાવોરે, હરીનુ ભજન કરવા;
કરમાં માળા ઝાલીરે, મુરખ જ્યારે બેઠો મરવા. ટેક.
નાનપણે ઘર—ઘંઘામાં ધાયો, વ્રધ્ધપણે હરી ગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હારયો રે, પથ્થરને નાવે બેઠો તરવા. અંતે.
અંતસમે છાપાં તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરીને સોયનુ દાન, એમ કેમ આવે વૈમાન;
ગુરૂ જ્ઞાન નાખ્યુંરે, બુધ્ધિ તારી ગઇ ચરવા. અંતે.
જુવતી તારીને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃધ્ધ નારીને નહી પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવારે, બેંશી વર્ષે વર વરવા. અંતે.
વીશ વર્ષ વિશ્વંભર મળે, ભક્તિ કરે ભૂખ જાય;
હરિશુ ધાયા તે બહુ કમાયા, તેને મળીયા નિરંજન રાય;
દાસ ધીરો કહેછેરે, મટયા ચોરાશિ ફરવા. અંતે.

પદ ૫ મું.

બબડદાર મનસુબાજી, બાંડાની ધારે ચઢવું છે;
હિમત હથિયાર બાંધી રે, સત્ય લડાઇયે લડવું છે. ટેક.
એક ઉમરાવને બાર પટાવત, એક એક નિચે ત્રીસ ત્રીસ;
એક ધણિને એક એક ધણિયાણી એમ, વિગતે સાત ને વીશ;
સો સરદારે ગઢ ઘેર્યો રે, તેને જીતી પાર પડવું. બબડદાર.
પાંચ પ્યાદલ તારી પુંઠે ફરેછે, ને વળી કામને ક્રોધ;
લોભ મોહ અને માયા મમતા, એવા બુલબી જોરાવર જોધ;
અતિબળીઢ સ્વારી રે, એ સાથે આખડવું છે. બબડદાર.

પ્રેમ પલાણ કરી જ્ઞાન ઘોડે ચઢી, સદગુણ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડગ ધરી, ભજન ભડાકે રામ;
ધર્મ ઢાલ ઝાલીરે, નિરખે નીશાને ચડવું છે. ખબડદાર.
સુરત નુરત ને ઇડા પીંગળા, સુમણા ગંગસ્નાન કીજે;
મન પવનથી ગગન મંડળ ચઢી, ધીરા સુધારસ પીજે;
રાજ ઘણું રીઝે રે, ભજન વડે ભડવું છે. ખબડદાર.

પદ ૬ ઠું.

મુનીવર મોહ્યા રે, મહા મસ્તાની માયા;
લોભાવીને લીધા રે, કંઇક નર ડાહ્યા ડાહ્યા. ટેક.
અંતરલેદી એવા પંડિત પુરાણી, એમ છેલ્લી કીધા ચકચુર;
માયા તણિ મોહ જાળમાં, એમ ફરે ઘેલા તુર;
વિવેકીના સાગર રે, ગયા વિષીયામાં વિંટાઈરે. મુની.
પારાશર પુંડરિક એવા ડાહ્યા, મુની નારદ વશ કીધા;
ચાંદા સૂરજ લલચાઇ ગયા, એમ લક્ષણવંતા લુટી લીધા;
એકલ શૃંગી સરખારે, ગયા વનમાં લલચાઇ રે. મુની.
જોગી સંન્યાસી સેવડા, એમ જતી ન જાણે મલેચ;
એટલા દળમાં લલચાઈ ગયા, ભલા ભલા લુંટી લીધા લેખ.
સરભંગીના સરખારે, ગયા મનડામા લલચાઇ રે; મુની.
સઘળા તારા ખપ્પરમાં, એસ જાણે સઘળા લોક,
બ્રહ્મા વિષ્ણું નમાવીઆ, તારૂં ડહાપણ જાણે કોક;
દાસ ધીરો કહેછેરે, કાયા ત્યાં સુધી માયા. મુની.

પદ ૭ મું.

થાણદાર થયારે, થાણાને રાખો ઠેકાણે;
મોજદુર્લભ દેહ નગરીરે, માંહિ બેઠો માણે.–ટેક.
કૂડા પાંચ પચીશ ઠગારા, રઇયતને રંજાડે;
ચંચળ ચોર કરે માંહી ચોરી, ભવન બહુ ભંજાડે;
ધરપત ન ધારેરે, ધરાયો નહી ભરે ભાણે.–થાણદાર.
સત્ય ધરમ રૂપી સટાવાળા, હુકમ કરો તો બાંધી આણે,
તસ્કર સઘળાને વશ કરીને, નાંખોને બંધીખાણે;
દંડ દેઇ તેનેરે, ઘાલો અવળે ઘાંણે.–થાણદાર.
છુપિ રહ્યા છે દોતિયા બે રૂડા, તેને તું નવ જાણે,
જે જે કર્મ કરેછો પ્રતિદિન, તે લખિ લેશે તે ટાણે;
દફતર દેશે ધણીનેરે, હિસાબ લેશે દાણે દાણે.–થાણદાર.
પાંચ પ્રકૃતિના કર શુભ બાંધી, વૃત્તિ રાખો વિર થાણે,
ધીંગો ધણી છે દાસ ધીરાનો, એને ઓળખિ લેજો એ ધાણે;

અવિચળ ગાદિ આપેરે, આપ રૂપ પરમાણે.–થાણુદાર.

પદ ૮ મું.

અનુભવી આવો રે, જ્ઞાન ગતિ ગોઠનારા;
ભેદ બતાવો રે, બ્રહ્મ માંહી ભળનારા. અનુભવી.
કહો પવનનું મૂળ અમને, ક્યાંથી આવ્યું મન;
ઠીક કરી ઠેકાણું બતાવો, ક્યાં રહે છે મન પવન;
શબ્દ કયાંથી ઉઠે રે, ગગન માંહી ચઢનારા. અનુભવી.
નાદ બુંદનું રૂપ બતાવો, કહો કયાં રહે છે જીવ;
જૂજવા અર્થ કરી સમજાવો, શે સ્વરૂપે છે શિવ;
અખંડ જ્યોતિ ઝળકે રે, અભેદ બ્રહ્મ છે ન્યારા. અનુભવી.
પ્રગટપિંડપડયોપૃથ્વીપર,ત્યાંજીવશિવનોનીકયાંજાય;
નાદ બુંદ મન વાયુ સુધ્ધાં, એ સર્વે કયાં સમાય;
રીત બતાવો રે, અગમ વાતે વઢનારા. અનુભવી.
અનુભવી આવો ભેદ બતાવો, વિશ્વંભર વિસ્તાર,
લંબા ચોડા કે પંચ રંગે, કરે છે કિરતાર;
ધણી ધીરાના રે, સ્વામી સરજનહારા. અનુભવી.

પદ ૯ મું.

માયાનો મર્મ મોટો રે, મોહોટપ પદ માંયા વડે;
સમર્થ સંત શુરા રે, પલકમાં પાર પડે. માયાનો.
હેત પ્રીત રીત ગતિ માયા, કહીયે ચાતુરીવિવેક વિચાર;
લાલણા માયા બોલણા માયા, માયાહરિનોહરિનો દેદાર;
શક્તિ માયાની રે, માયા તો મન રાખે ઘડે. માયાનો.
ગાન ધ્યાન હરિ સ્મર્ણ શક્તિ, માયા તણું પ્રમાણ;
કુરાન પુરાણ વેદ ભેદ ભારે, માયા મૂળ મંડાણ;
આદ્યદેવી શક્તિ રે, ગુણવંત ઘાટે ઘડે. માયાનો.
બ્રહ્મા માયા શંકર માયા, માયા વિષ્ણુ રૂપ,
માયા કરંદા માંકર હો માયા, માયાનું અકળ સ્વરૂપ;
જંતુ જીવ જાયજ રે, અજાણ્યા અરણ્ય મધ્ય આથડે. માયાનો.
મૂરખ કહે મેં માયા મૂકી, ત્યાગ કર્યો સંસાર,
માયા ત્યાં સૂધી કાયા રહેશે, સંગે સરજનહાર;
કાયા વડે ધીરો રે, માયા વસ્તુ જડે. માયાનો.

પદ ૧૦ મું.

બ્રહ્માનંદ ભાસ્યો રે, આત્મા અનુભવજ પોતે;
સોહમ સાધે સાધન રે, પ્રગટે પોતામાંથી પોતે. બ્રહ્માનંદ.
એકબીજા હજાર છે ઉઠે અજાપા જપે બ્રહ્મા વિષ્ણુશિવ દેવ,

ચૌદ બ્રહ્માંડ જપે જડ ચેતન્ય, સિધ્ધ સાધક કરે સેવ;
સુર નર સાધે રે, જે તે જ્ઞાની મુનિ ગોતે. બ્રહ્માનંદ.
રવિના તેજ વડે રવિરૂપ ભાસ્યું, મણિનેતેજ મણિજ્યોત,
આત્માને તેજે આત્મા ઓળખાયો,ઉગ્યો અંતર અર્ક ઉદ્યોત;
થયું અજવાળું રે, વસ્તુ મળી મનમાં તે. બ્રહ્માનંદ.
પંદરમી ભોમી રમે પૂરણ બ્રહ્મ, ખેલે અખંડ નિશદિન,
શુનું શિખર ગઢ અનહદ ગડગડે, ઉન્મુનિએ મન મગન;
પાળ બાંધી પોતે રે, પ્રીતિ બાંધી ચિત્ત પ્રોતે. બ્રહ્માનંદ.
આળપંપાળ કાળ જે મર્યાજ મટમટી,ઉલટ પુલટ ચોટયું ચિત્ત,
જે જેમ હતું તેમનું તેમ થયું, રહ્યું આનંદ પદ અદ્વૈત;
ધીર મરજીવા રે, અણછતા રમે આણું ઓથે. બ્રહ્માનંદ.

પદ ૧૧ મું.

જગત પિતા ગતિ અદ્વૈત રે, અકળ કળા અવિનાશી;
સભર્યાં ભર ભરીઆં રે, ચરાચર ચર વાસી. જગત.
શીશ અશમાન રવિ શશિ લોચન, શેષ પગ પાતાળ,
પૃથ્વીપિંડનવસેંનવાણુંનદીનાડી, નિર્મળઉદરઅર્ણવ બાળ;
અઢાર ભાર રોમજ રે, નવ લગ્ન તારી બાદલ બાશી. જગત.
તેત્રીશ ક્રોડ સુરીનર કર કહીએ, વર્ષે પાણી પ્રકાશ,
અષ્ટ કુલ પર્વત અસત્ય આનંદ, બનવાયુ દનવાયુ દવ નિઃશ્વાસ ઉચ્છ્વાસ;
બ્રહ્માંડ રૂપ ભાસ્યું રે, પ્રસિધ્ધ જ્યોતિ પ્રકાશી. જગત.
નાભી બ્રહ્મા પીઠમાં રૂદર, એ હૃદિયા ઉમીયા નાથ,
વપન વિષ્ણું કંઠ કૃષ્ણ જી, શ્રવણ રસની શક્તિ માત;
મહા મર્મ મોટો રે, આનંદ પદ ઉલ્લાસી જગત.
અચલિત અકલિત ગતિ તમારી, પરાને પામે પાર,
પરમેશ્વર વિશ્વંભર ઇશ્વર, વારી વારી વાર હજાર;
ધીર ગણી ધાર રે, કહી કાળ કટી ફાંસી. જગત.

પદ ૧૨ મું.

આત્મા શોધ્યા વિના રે, જે જન સાધન સાધે;
સાચે પ્રભુ બુડાના રે, જશ કેમ જગે વાધે. આત્મા.
રવિ રવિ રટ રજની મટત નહીં, એમ તિમિર નવ બાય;
આત્મા અર્ક ઉગ્યો અંતરમાં, ત્યારે અજવાળું થાય;
ભોજન ભોજન ભાખે રે, ભાંગે ન ભૂખ વિના બાધે. આત્મા.
મીઠા મેવા વખાણે મુખથી, તેને સ્વાદ ના આવે લગાર,
જલ જલ ઝંખે તૃષા નવ છીપે, પોકારે વાર હજાર;
અંધારે વસ્તુ શોધો રે, અંજવાળાં વિના કયાંથી લાધે. આત્મા.

પોતાના પિંડની અબર નવ જાણે,વાતો શીખી વાતે બાઝે,
વ્યોમ ઉપરની તો આછી બનાવે,ભીતરની નથી કેમ રાજે;
હદનો ભેદ નવ જાણે રે, બેહદ માંહે જઈ બાંધે. આત્મા.
શીલ સંતોષ ને ક્ષમા ગરીબી, ગુરૂ જ્ઞાન નિજ નામ,
એ કામ ક્રોધ લોભ મોહ તજે ત્યારે,વીશ વશા થાએ કામ;
ધીર મરજીવા રે, તુંહી તુંહી આરાધે. આત્મા.

પદ ૧૩ મું.

આદિ અંત્ય મધ્યે રે, અખંડાનંદ આનંદા;
વિગત ગત વિગત રે, વેદા ભેદા તું જાણુંદા. આદિ.
કોટિ બ્રહ્માંડનું મધ્યે વ્યાપી,વિશ્વંભર સરજનહારસંસાર;
વિરંચી, વિષ્ણુ,શિવ;સુર, શકિત,હુવો માંહિ રમણહાર;
અલખ નિરંજન રે, કરંદા બેલંદા. આદિ.
તું ચૈતન્ય મણિ માળા મુકતાફલ,તે મધ્યે પોતે સૂત્રનો તાર,
જેમ જલમાં તોરંગ બુદબુદા એમ વિશ્વમાં વિશ્વાધાર;
અદ્વૈત અવિનાશી રે, હાલદા બદ બોલંદા. આદિ.
વાવ તળાવ કૂપ સરિતા સિંધુ, પ્રગટ ઉદક એક પેખ,
દ્રુમમાં બીજ બીજમાં દ્રુમ લતા,સૂત્ર તાણો વાણો એક દેખ;
વિશ્વ વિશ્વંભર રે, જાણુંદા મધ્યે માણુંદા. આદિ.
એક હેમના ઘાટ જુજવા, નામ ધરાવો ધરી નેમ,
બેટો તે બાપ, બાપ તે બેટો, તદ્વત્ નામ ઘાટ નેમ;
ધીરા ધણીએ બેલે રે, લેવંદા બંદા દેવંદા. આદિ.

પદ ૧૪ મું.

શરીર વિના શોધન રે, પાર કોઇ પાવે નહી;
મલોણાં મીઠાં કાજે રે, સ્વાદ કંઇ આવે નહી. શરીર.
થડ મૂકીને ડાળે વળગતે, ટોચે કેમ ચઢાય,
અધવચથી જો પાંખડી તુટે તો, પાછો આવી પછડાય;
સંગત સમ સમજે રે, ચઢીને થડ મૂળી ગઇ. શરીર.
શાસ્ત્ર પુરાણુના મત જુજવા, ઘણો કરે સંવાદ,
બત્રીસ ભોજન રૂડી રસોઇ બનાવી,ચાટવાને શાનો સ્વાદ;
વારીને વલોણે રે, નહી માખણ જો મહી. શરીર.
નથી જમ્યો ને નથી જમાડયો, દીઠા વિના ચલવે જૂઠ,
પારકા મોદિકનો સ્વાદ વખાણે,એ તો મિથ્યા માથાકૂટ;
વિવેક વિના વસ્તુ રે, વિચાર વિના દૂર રહી. શરીર.
અંતર ઘરમાં આણી ઉજાળો, નિહાળો નિરંજન નૂર,
મરજીવા એ મર્મની જાણે, ભરપૂર ભર્યો નથી દૂર;

ધોર ધર એલે ધીરા રે, લક્ષણવંત એ લહી. શરીર.

પદ ૧૫ મું.

સલેલ સઠ સાકુટ રે, હરિભજનમાં ભંગ પાડે;
તેનો સંગ તજીએ રે, બુદ્ધિ બીજાને બૂડાડે. સલેલ.
કૂડ કપટ ઘટ ભીતર ભરિયું, દંભ પાખંડ અપાર,
સો સો વાર તેને સંત સમજાવે, પણ માને નહી લગાર;
દૂધે ધોયા કોયલા રે, ઉજળા તે કયાંથી કાઢે. સલેલ.
અમૃત પાઈને સાપ ઉછેરે, તોય તજે નહીં ઝેર,
પાલણ પોષણ નિશ દિન કરતાં, કોઈક સમે કરે કેર;
જાતિ સ્વભાવ ન જાય જ રે, પોતાનું પોતે દેખાડે. સલેલ.
હરિ ભજન જેને ભોવન નહીં, મંદિર તેનું મસાણ,
સ્મરણપુણ્યસમણેનવસમજે,તેપાપી પાખંડીપશુ પ્રાણ;
ધિક્કાર તેની જનુની રે, એવાં સંતાન જે જીવાડે. સલેલ.
ગુરૂજ્ઞાન હીણા વિશ્વાસઘાતી, તે કૃતઘ્ની કહેવાય;
દાસ ધીરા તેને વાસ નવ વસીએ, સ ગ અનુકુલ થાય;
અદીઠ મુખ તેનું રે, ધીંગડમલ ધીંગા ધણી; સલેલ.

પદ ૧૬ મું.

ધાહ સુણી ધાજો રે, ધીંગડમલ ધીંગા ધણી;
પ્રભુનું પત પાળો રે, ભાવે ભાળો ભકતો ભણી. ધાહ.
હું પતિત તમો પતિત પાવન, હું દીન તમો દયાળ;
હું ચાકર તમો ઠાકર મારા, પ્રભુતણા પ્રતિપાળ;
સંભાળી લીજે સ્વામી રે, અંતરજામી આશાં ઘણી. ધાહ.
ભૂમિગરૂમાનતણોત્રાસણ ધાણો,વાળ્યું જલપવનઅગન;
દાંડી વિરંચો વિષ્ણુ શંકર તમે, તોળ્યાં ત્રણ ભૂવન;
સ્વેદજ ઉદ્ભિજની રે, બાજી તો તારે હાથે બણી. ધાહ.
કોટી અપરાધ કોટી ગુના અમ, બક્ષો ગરીબનીવાજ;
તું તારા બર્દ સામું રે જોજે, કરો કરૂણાનિધિસુખકાજ;
લજજા મારી રાખો રે, મહાનત સંત ચિંતામણી. ધાહ.
ભારેભરોસોવિશ્વાસવિશ્વંભર,આશાપૂરોઅનાથનાનાથ;
દુઃખ વિલાપ સંકટકપટટાળો,હરિહેતકરીનેઝાલોહાથ;
ધીરાની વારે ધાજો રે, તારે ને મારે પ્રીત બણી. ધાહ.

પદ ૧૭ મું.

ચાતુર ચિત્ત ચેતો રે, અચળ વસ્તુ ખોળી કાઢી;
અટ અડ બારી મેલી રે, પંદરમી બારી ઉઘાડી. ચાતુર.
પંદરમી ભોમી ને પંદરગીબારી, ત્યાં દા રમે રંગીલો;

પાંચ મહેલને પાછળ મેલ્યા ત્યારે, છઠે મેહેલછે છબીલો;
અલબેલો એકીલો રે, ખેલંદા ખેલ ખેલાડી. ચાતુર.
ગંગા જમુના સરસ્વતી, રૂડી ત્રીવેણી તીરે રંગ રેલી;
ઇંગળાપિંગળાસુષમણારાણિભરેપાણી,ઉન્મુનિએઆનંદહેલી;
ઝરમર ઝરમર મોતી વરસે રે, વિનાવેલીણીલીકૂલવાડી. ચાતુર.
સૂનું શીખર અમર અજર નર, વિશ્વંભરજ ણીરાજે;
સોમદલકમલઉપર કરેલીલાત્યાં,અનહદછંદવાજાંવાજે;
ગેડેડે સિંધુ ગાજે રે, ફેરવ્યાં જળ પાળ ફાડી. ચાતુર.
પૃથ્વીથીપેહેાળું આકાશથીઉંચું,એવું પ્રવિતઅધરફરેપંણી;
બેબચ્ચાંતેનીબગલમાંબિરાજે,બોલેપિઉપેઉ જજંણી;
ધીરા મરજીવા રે, સાકર દૂધ પીએ દહાડી. ચાતુર.

પદ ૧૮ મું.

પ્રભુ તમ સાથે રે, નાથ મારે પ્રીત બણી;
ભાવ કરીને ભેટો રે, મુજને રાંક ગણી; પ્રભુ.
પ્રહલાદની તમો પ્રતિજ્ઞા પાળવા, ધરિયું નરસિંહ રૂપ;
ફાટયો સ્થંભ ને પ્રગટયા મુરારી, થરથરકંપેમોટોભૂપ;
હિરણ્યકશિપુ નાંખ્યો રે, વહાલે મારે હાથે હણી. પ્રભુ.
ભરી સભામાં દ્રૌપદી આવ્યાં,તાણવામાંડ્યાતેના ચીર;
નવસેં નવ્વાણું વહાલેનવનવાંપૂર્યા,તોયનાદેખ્યાયશરીર;
પ્રતિજ્ઞા રાખી રે, પાંડવોની નારતણી. પ્રભુ.
નરસીમેહેતાનીવહાલેહુંડીશીકારી,હેતેકરીઆપ્યેા હાર;
શ્યામળશાહસંતનેજઈપિરેવિનવ્યા,ભેટયા વિશ્વાધાર;
રૂપૈયા રોકડા રે, ગિરિધર ભટને આપ્યા ગણી. પ્રભુ.
સુદામાનાં વહાલે સંકટ કાપ્યાં, લઇનેઆપીરેનવરિદ્ધ;
કંચનના વહાલે મેહેાલજ કીધા, દુજી દ્વારામતિ દીધ;
દારિદ્રય કાઢી નાંખ્યું રે, દયા જાણી રાંકતણી. પ્રભુ.
આરેવેળાનીપ્રભુઅરજઅમારી,માની લઇએ મહારાજ;
શરણે આવે તેને ઉગારી લેજો,બાંહેગ્રહ્યાની પ્રભુ લાજ;
દાસ ધીરો કહે છે રે, નાથ મારે તુંહી ધણી. પ્રભુ.

પદ ૧૯ મું.

પંચરંગી બંગલો રે, શોભા તેની સરસ બણી;
તેમાં તો બિરાજે રે, આપે અલખ ધણી. પંચરંગી.
એ બંગલાને દસ દરવાજા, દસ દરવાજે નિશાન;
બ્રહ્મા વિષ્ણુ અરજ કરે છે, શેષ ન પામે કંઇ જ્ઞાન;
અકલિત એવો રે, શી કહું વાતો એહ તણી. પંચરંગી.

સાચા દેવ દેવલમાં બેઠા, સદ્‌ગુરૂશું નિશાન;
અજંપા દોરી ખેંચી પકડે, લઇ ચઢયો આસમાન;
દેખો તમાસો રે, ઘટમાં રસના ધણી. પંચરંગી.
માળાતિલકનો પાખંડરચિયો,આપ ચિન્યો નહીં કોઇ;
જ્યાંલગીત્રિવિધીતાપટળ્યાનહીં,ભૂલ્યોભમ્યો છે સોઇ;
ભૂલ તારી ભાંગે રે, શુદ્ધ લે આપ તણી. પંચરંગી.
મનકું મુંડયા તનકું મુંડયા, તને પાયા ભેદ;
દાસ ધીરો દીલમાં પેખે, આપ નિરંજન ચેદ;
પાષાણ કોણ પૂજે રે, મને મળ્યા તમો ધણી. પંચરંગી.

પદ ૨૦ મું.

કર્ત્તાનો પંથ કરડો રે, ઉલટી અટપટી આંટી;
શિર સાટાનો સોદો રે, ઓઘર ઘાટ ઘડી ઘાંટી. કર્ત્તાનો.
હાંસીખેલનાંકામનહોયે,હિમ્મતવાળાશુરનોએસંગ્રામ;
સુરતનુરતસત્યગતિવાળાજ્ઞાની,એમાંનહોયકાયરનુકામ;
અગમ પાંખે ઉડે રે, અલક્ષમાં લક્ષ ચોંટી. કર્ત્તાનો.
દેખા દેખી જોગ આરાધે, તાન વિના મેળવે તાળ;
કઠણ દૂધ એ સિંહણ કેરૂં પીએ સિંહણનું બાળ;
બીજો પીવા ઇચ્છે રે, મિથ્યા એ વાત ખોટી. કર્ત્તાનો.
કાચના મંદિરમાંજેમ શ્વાનજ પેઠું,દીઠાપોતાનોદેદાર;
પ્રતિબિંબ દેખીને કરી ગર્જના, ભરયાં શ્વાન હજાર;
અભ્યાસે અકલાણો રે, મદમાં ફરી ફરી જાશ પોડી. કર્ત્તાનો.
મન બુદ્ધિવાણીએમનમાંરે,નાઆવેગુરૂગમનેએ ધામ;
અખંડ અજર અમર અવિનાશી, કરવાનો છે ઠામ;
ધિરાના સુખ સિંધુ રે, રહ્યા છે ઘટ ઘટ ગોડી. કર્ત્તાનો.

પદ ૨૧ મું.

અલખ લેડે લાગી રે, જાગીને જોયું આ ઘટમાં;
ભ્રમણા તો ભાંગી રે, સોહાગી ભેટયા ઉલટમાં. અલખ.
અંબાડીએ ગજરાજ ગળીઓ, ઘોડાને ગળીગયું જીણ;
વસ્ત્ર ઉપર વાડ સુકાણી, સમુદ્રને ગળી ગયું પ્રીણ;
શશલો તો શાણો થઇને રે, શાર્દલને નાંખે પટમાં. અલખ.
આંબે તો ફળ શ્રીફળલાગ્યાં,કદલીએકેરીઓની લુંબ;
નાગરવેલે દ્રાક્ષ બીજોરાં, એવી ખુબી બની છે ખુબ;
ગગન દોહ્યો ઘટમાં રે, દૂધ પીધું છઠ્ઠ છટમાં. અલખ.
પાવકવરસ્યાનેપાષાણપલાળ્યા, ચોદશ થઇગયું પાણી;
તેપાણીમાંદેવી દેવતા દુબ્યાં, રાજ રંકને ગયું તાણી;

બ્રહ્મા વિષ્ણુ શંકર રે, ઇંન્દ્ર ડુબ્યા ઝપટમાં. અલખ
વિદુર વ્યાસજી ને શુકજી જેવા, આપે દાસશું ધીર;
ઘણી ધીરાનો છે ધીરવંતો, એવા તો શ્યામ શરીર;
જીવન્મુક્ત થઇએ રે, મુનિ તો જન માને મઠમાં. અલખ.

પદ ૨૨ મું.

દુનિયાં દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્ત્તા વસે પાસે રે, બાજી કાંઈ નવ બૂજે. દુનિયાં.
જીવ નહીં એને હરિ કરી માને, પૂજે કાષ્ટ પાષાણ;
ચૈતન્યપુરૂષનેપાછળમૂકે, એવી અંધી જગત્ અજાણ;
અર્કને અજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સૂઝે. દુનિયાં.
પાષાણનું નાવ નીરમાં મૂકે, સેા બાર પટકે શીશ;
કોટી ઉપાએ તરે નહિ એ તેા, ડુબે વસા વીશ;
વેળુમાં તેલ કયાંથી રે, ધાતુની ધેનુ શું દૂજે. દુનિયાં.
અંતર મેલભર્યોઅતિપૂરણ,નિત્યનિર્મલજ્યમાંનહોય;
મહોં મણિધર પેઠો રે દરમાં તો,રાફડો ટીપે શું થાય;
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રૂઝે. દુનિયાં.
સદગુરૂ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ.
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુધ્ધે દેદાર દેખ
ધુરંધર એલે ધીરા રે, જાહેર જગત મધ્યે જુઝે. દુનિયાં.

પદ ૨૩ મું.

પ્રગટ એલ એલું રે દેદાર તેને દેખાડું
મૃત સંજીવન રે માહ મંત્ર સહેજે શીખવાડું. પ્રગટ.
વિના પાંખ ઉડી અસમાનપર, ચર્ણ વિના મેરૂ ચડું;
નવસેં નવાણું એક ઘેર આણું સીંધુ કુદી પાર પડું,
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમાડું. પ્રગટ
પાવક વરસાવી પાષાણ પલાળું, સાત પેકુંડને તારૂ,
જલ મધ્યે પ્રજલંધર ધીકાવું, મરે નહીં તેને મારૂ;
ચૌદને ચેતાવું રે, પંદરે રહી પાર પાડું. પ્રગટ.
કહો તો વિના અર્ક કરૂ અજવાળું, માહા નિધિમાં માણું
શિવ વિરંચી વિષ્ણુ વિવેકે, ત્રણેને તાણી અહીં આણું;
અક સંગે આનંદ રે, ભણેતા એને ભૂલાડું. પ્રગટ.
વિના બૂટીએ વૈદ્ય બનું ધન્વંતરી, કાયા કરૂ નીરોગી,
સતજુગ દ્વાપર ત્રેતા ને કલજુગ, ચાર જુગના અમો જોગી;
ધીરા ઘર ધારણા રે, સીંધુ ગઢમાં સંતાડું. પ્રગટ.

પદ ૨૪ મું.

પ્રશ્ન એક પુછુ રે, જ્ઞાનિ મુનિ પંડિતા;
આત્માની ઉત્પત્તિ ક્યાંથી રે, કોણ એનાં માત પિતા. પ્રશ્ન.
અતલ ઉત્સવ કીધો દાનવ, હર્યા વિરંચીના વેદ;
તે વેદમાંથી શું હરી લીધું, તેનો બતાવો મુને ભેદ;
નહીં બ્રહ્મા વેદ દાનવ રે, વિવેક વદો આત્મવેત્તા. પ્રશ્ન.
હિરણ્યકશિપુ હાથે હણીઓ, નિર્ભયરૂપ નરસંઘ;
પ્રલ્હાદની પક્ષ કીધી પૂરણ, ધણી તણા તો એવા ઢંગ;
વાતોની ગતી ન્યારી રે, ચતુર વિચારો ચેતા. પ્રશ્ન.
લાખા ગૃહમાં પાંડવ બળતાં, સેયડો દેખાડે સહદેવ;
બાવન મણની શીલા બસેડી, પાર હુવા પાંડવ તતખેવ;
નહીં લાખાગૃહ પાંડવ શીલા રે, અધ્યાત્મજ્ઞાન જૂઓ ગીતા. પ્રશ્ન.
સિંધુ બાંધી ને રામે રાવણ રોળ્યો, સેનાનો કર્યો સંહાર;
આવે જાવે મે એકવીહજારછસેં,તેનોકોણુસ્થંભાવી રાખનાર;
સિદ્ધાંતે શોધો ધીરા રે, નહીં રામ રાવણ સીતા. પ્રશ્ન.

પદ ૨૫ મું.

વાડો વાળી બેઠો રે, પોતાનો પંથ કરવાને;
નવા ખેલ ઉઠાવે રે, ઉપાય ઉદર ભરવાને. વાડો વાળી.
અન્નનોવાડોકુકડાનોવાડો,ગાયોનોપાડોવળિભેસુંનોવાડો,
અબંધ સ્વારી બંધમાં નાંખે, મુને વાઘનો વાડો દેખાડો;
દીવસ ને દહાડો રે, અગમ ઠામ ઠરવાને; વાડો વાળી.
નામાનંદી ને નીમાનંદી, વલ્લભ સેજાનંદસમજાવે;
કબીર પંથી ને તારજ તુંબી, ભણી ભણીને ભુલાવે;
ગુરૂ થઈને ગાજે રે, પારકું ધન હરવાને. વાડો વાળી.
પ્રીત કરીને પ્રેત પૂજાવે, પીતળ ને પાષાણ;
વૈશ્યસેવા ને કબર પૂજાવે, એમાં કોણ કરશે કલ્યાણ;
તીર્થ વ્રતે ડોલે રે, અકળાઇ મરવાને. વાડો વાળી.
સિંહરાયથી ડરે સૌદુનિયા,સિંહનેડરનહીંકોનોસબંધ;
સોહમશબ્દસચ્ચિદાનંદસ્વામી,એવોઅખંડ આત્મા બ્રહ્મ;
ધીર શુર વિરા રે, આત્મધ્યાન ધરવાને. વાડો વાળી.

પદ ૨૬ મું.

ગુરૂ વિના જ્ઞાની રે, તે તો નર અંધ ઠર્યો;
દીપક છે ઘટમાં રે, જો તે પર છાર ઠર્યો. ગુરૂ વિના.
ભેખ લીયો પણ ભેદ ન પાયો, મનમાં મેલ ભર્યો;
માળા તીલકનો પાખંડ રચીને, ફોકટ ફેરો ફર્યો;

ગાયો ગળ્યો સ્વાદ રે, ભોજન ભક્ત ઠર્યો. ગુરૂ વિના.
પૂજા કરે તેની પુંઠ ન મૂકે, આવર્ણમાં આવર્યો;
પરનારીશું પ્રીત કરીને, આપે અધમ ઠર્યો;
નિંદા કરીને રે, ઘટ કુંભ પૂરણ ભર્યો. ગુરૂ વિના.
સદ્‌ગુરૂની સેવા તજીને, દુષ્ટનો સંગ કર્યો;
મોક્ષ અમૃત પાન તજીને, વિષય રસમાં ભર્યો;
ભમે ને ભટકે રે, પાષાણરૂપ આપે ઠર્યો. ગુરૂ વિના.
મારૂં મારૂં કરી માયા ન મેલે, દામ લેખન કરે;
અજાણ્યું અણચિંતવ્યું આવશે, તેનો ભયન ગણે;
લાલ કહે લુંટાણો રે, બળાપો ખરા ચંતથી કરે. ગુરૂ વિના.

પદ ૨૭ મું.

ફૂલ્યો શું ફરે છે રે, ભૂલ્યો ભવ કૂપમાં પડયો;
મનુષ્ય દેહ રૂપી રે, ખોયો મણી હાથે ચઢયો. ફૂલ્યો.
ડાહ્યો થઈ દુનિયામાં ફરે છે, તેણે શું સર્યું તારૂ કાજ;
તેં ન જાણ્યું જે જાવું પલકમાં, કેમ કરી રહેશે લાજ;
ડહાપણ તારૂં જાણ્યું રે, જ્યારે જમ હાથે ચઢયો. ફૂલ્યો.
વાંકી મૂછપર વાટજ ઉઠી, નરકની વાટે સંચર્યો;
મિથ્યા જનુનીને ભારે મારી, અલ્યા જન્મ ધર્યોનધર્યો;
માટે જોને જાગી રે, અવસર આવી અડયો. ફૂલ્યો.
શું થયું જો સંપત્તિ ઘણી મળી, મળ્યાં મોટાં ઘરબાર;
નિશ્ચિત થઈને હરિ નવ ભજ્યા, ધિક્કક પડયોઅવતાર;
ધિક્કક તારૂં જીવ્યું રે, હરિએ તને શાને ઘડયો. ફૂલ્યો.
મનમાં લે શિખામણ મારી, મમતા મૂક પરી;
કર સ્મરણ સરજનહારનું, જનમ સફળ લે કરી;
દાસ ધીરા કહે છે રે, સૌથી તું સરસ નીવડયો. ફૂલ્યો.

પદ ૨૮ મું.

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે;
અવર નહિ દેખું રે, બીજો કોઇ પ્રભુ પેખે. જેને.
ચાહે અમીરને ભીખ મગાવે, ને રંકને કરે રે રાય;
સ્થલને સ્થાનેક જલ ચલાવે, જલ સ્થાનકસ્થલ થાય;
તરણાનો તો મેરૂ રે, મેરૂનું તરણું કરી દાખવે. જેને.
લીંબડાની બળતાં રાખ્યાં, મંજારીનાં બાળ;
ટિટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ;
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે. જેને.
બાણ તાણીને ઉભો પારધિ, સીંચાણો કરે રે તકાવ;

પારધિને તો પગે ડશિયો, સીંચાણા શીર નહી ઘાવ;
બાજ પડયો હેઠો રે, પંખી ઉડી ગયાં સુખે. જેને.
ગજ કાતરણિ લેઇને બેઠા, હરજી તો દીન દયાળ;
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હેકે. જેને.

પદ ૨૯ મું.

ભરપૂર વિશ્વ ભાસે રે, બ્રહ્મજ્ઞાની કયમ ભટકે;
અનુભવ અજવાળું રે, આત્મા દૃષ્ટિ કેમ અટકે. ભરપૂર.
સ્થાવર જંગમ ને સચરાચર, પશુ પંખી જંતુ જીવ;
પોતે કરતા પોતે હરતા, સબ ઘટ દેખ્યા શીવ;
ભ્રમણા તો ભાંગી રે, અકલ લ્હે લાગી લટકે. ભરપૂર.
મા મેડકિયે મણિધર માર્યો, સમુદ્ર પી ગયો મીન;
અજાએઆભને ઉદરમાં રાખ્યું, એમધણીપ્રજાનેઅધીન;
ખગે બાજ ઝડપ્યો રે, સ્વાન ભયથી સિંહ સટકે. ભરપૂર.
નાવ ઉપર નીર ચઢી ચાલ્યું, જેમ ચરૂપર ચઢીયોચૂલ;
અશ્વાર ઉપર તુરંગ ચઢીયો, એ તોભારેભૂલવણીનીભૂલ;
કાયરે ક્રોધ કીધો રે, જોદ્ધાને ઝાલીને પટકે. ભરપૂર.
ધણીના ધાર્યા વિના વસ્તુ ઘડાણી,જેમકાદવેઘડયોકુંભાર;
ક્રીડી કુંજરને નૃત્ય કરાવે, એમ સોનાએઘડયોરે સોનાર;
ચિંત ચોટી ધીરા રે, ચડયો તે રંગ કયમ ફટકે. ભરપૂર.

પદ ૩૦ મું.

હીરાની પરિક્ષા રે, ઝવેરી હોય તે જાણે;
મૂરખ મનમાં મોટા રે, અજાણે ઉતારણ આણે. હીરાની.
મગ ભરી બરોબર મૂરખ જાણે, ગોળ ખાંડ એક ઘાટ;
પુષ્પની વાસના પત્ર ન જાણે, એવો જગતભગતનોઠાઠ;
સો વાર સમજાવું રે, પતીજ તોય નવ આણે. હીરાની.
મૂરખ હાથે હીરલો લાધ્યો, તે છાણ સાથે વેચાય;
કોઇ ઝવેરી મળ્યોતેણેઝડપીનેલીધો,તોતેનીકિંમતથાય;
ગુણ ગાયે જનવર વાડી રે, પૂરણ પરમાણે. હીરાની.
ભગત થયા પણ ભેદ ન જાણ્યો, કરે તરવાનો ઉપાય;
તન જોગી મન કંચન કામની, એવે તરણેકેમ ઉતરાય;
ઘર ધંધાની ધાણી રે, તેમાં તેલિયા તાણે. હીરાની.
જાગ જગન જપ તપ નેતીરથ,તેમાંસૌથીમોટો સત્સંગ;
સુકી ડાળ વેલ થઇ રસપીલે,તોયઅધુરોરહોબાળ જોરંગ;
ધીરા શોધ હીરો રે, રટ રાત દિવસ વહાણે. હીરાની.

પદ ૩૧ મું.

ભાગી ગઇ ભવ બેડીઓ, ઉઘડયાં ભ્રમ ભોવનનાં તાળાંરે;
તીમર ટળ્યાં ગુરૂ અંજન જળહળ, ભાળ્યાં ભડઅજવાળાંરે.
ચંદા સૂરજનાં ઘર પાછળ, ઝળમળ જ્યોતિઓ ઝળકે રે;
ત્રિકુટિ આસનપર બેઠા તેડી છે, ઉલટાં ઉદાન સળકે રે.
અણ પડે જે વાજે ઝાલરી, સેથરી નાદમાં ઘમકે રે;
વિના અર્ક અજવાળાં, ગગન વિના વિદ્યોત ચળકે રે.
વસુધા વિના સરિતા વહે, સિંધુ વિના જળ નેય રે;
વાજિત્ર થાયે નાદ ને, મહા જન જાણે છે કોય રે.
હરિ વિના ઠામ ઠાલો નહીં ને, જપે અજપા જાપ રે;
અહાર ભીંતર રમી રહ્યા, અમર અખંડ અપાર રે;
મુંગો તે ગાળા ઘાલી ગાય, કેને એ ગુણ ગરવા ગાયરે.
દાસનો દાસ ધીરો સદ્‌ગુરૂ ગમથી, એ ગુણ ગરવા ગાયરે;

પદ ૩૩ મું.

કળિયુગ તો આવ્યો રે, દુનીયામાંથી ઘટી દયા;
મોટા મોટા માંહાને રે, લક્ષપતિ લોભી થયા; ટેક.
ધરતીમાંથી ધરમ ગયું, પાપનું વાધ્યું પુર;
પરજનતો પાંગળા થઇને બરશે, મેદની થઇ ચકચુર;
ધરતીએ રસ ચોરયો રે, વાવવા કુણ વણશી ગયા. કળિયુગ.
શુરાનું શુરાપણ ગયું, ગયું સતિનું સત;
વેદી ભેદી પંડીત પુરાણી, સહુની મટિ ગઇ મત;
કળજુગનું એવું કારણ રે, લોભમાં લાગી રહ્યા. કળિયુગ.
પૃથ્વીમાં પાખંડ પુજાશે, વીપ્ર કરે વેહેપાર;
સંન્યાશી ધન સંચન લાગ્યા પતિવ્રતાં નહીં નાર;
સત્ય ના જડે સોધ્યું રે, અસત્યના ઓધ થયા. કળિયુગ.
છત્રપતિ તો વાચાને ચુકે, તે દુઃખ કેને કહેવાય;
કથા તો કુપાત્રની સુણશે, પ્રશ્ન તો ગરોડાને પુછાય;
દાસ ધીરો કહેછેરે, જ્ઞાન તે તો અંધ થયા. કળિયુગ.

પદ ૩૪ મું.

કક્કા કૃષ્ણતણી ભક્તિ કરીએ, સાચા સ્વામીનું ધ્યાન હૃદે ધરીએ;
ખખ્ખા ખાર વિષવાદને તજીએ, ભાવે ભૂધરજીના ગુણ ભજીએ.
ગગ્ગા ગુરૂજી કેરી સેવા કરીએ, જ્ઞાન બુદ્ધ આપે તે પૂંઠે ફરીએ;
ઘઘ્ઘા ઘેલી બુદ્ધિને નવ રાખીએ, શ્રીરામ શ્રીરામ જીભે જપીએ.
નન્ના નારાયણ નામ હૃદે ધરીએ, સત સંગત સાધુતણી કરીએ;
ચચ્ચા ચતુરાઇ ચિત્તમહિ રાખીએ, હિણીબુદ્ધિહૈયેથીકાઢી નાખીએ;

છછછા છંદ ભણતાં નવ છપીએ, અહો રાત્રિ પ્રભુ પ્રભુ તે જપીએ;
જજજા જોણનને જાળવી ચાલીએ, નિત્ય રામતણા રંગમાંમહાલીએ.
ઝઝઝા જીભ ઝાઝેરી નકો કરીએ, વહાલાશું વિરોધ કદી ના લડીએ;
ટટ્ટા ટેક કામી તે સેવીએ, જેના આધારથી જુગમાં જીવીએ.
ઠઠ્ઠા જૂઠ થકા વેગળા ખસીએ, જ્ઞાન ગીતા સુણવા સામા ધસીએ;
ડહ્ડા ડહાપણ દિલમાં લીજીએ, પ્રભુનો રસ રૂડો પ્રેમે પીજીએ.
ઢઢ્ઢા ઢીલ હવે તો નવ રાખીએ, ફરીફરીમનુષ્યાદેહકયાંહાંચાખીએ;
ણણ્ણા રામતણા સંગમાં રહીએ, મુખે કૃષ્ણ કૃષ્ણની કથા કહીએ.
તત્તા તસ્કર વિદ્યા તજી મૂકીએ, ચતુરા ચક્ષુમાં ન કો ચુકીએ;
થથ્થા થોડું ઘણું પરમારથ આપીએ,અંગમાંથીઅભિમાનકાપીએ.
દદ્દા દેહને દુર્લભ જાણીએ, દીલમાં દયા તે માટે આણીએ;
ધદ્ધા ધારણ ધણી કેરી ધરીએ, આશા અંતરમાં કેની ના કરીએ.
પપ્પા પાપ કરંતા થકી બ્હીજીએ, સાચી વાત સંસારમાં કીજીએ;
ફફ્ફા ફેલીની સંગ ફલા કરીએ, તો નિશ્ચે વણ મોતે માર્યામરીએ.
બબ્બા બળ વિના જોર ના કરીએ, વિચારી વિચારી ડગલાંભરીએ;
ભભ્ભા ભાર પોતાનો રાખી રહીએ,જ્યાંલીતીહોયત્યાંજાળવી જઇએ.
મમ્મા મદ મોહ મત્સરને મારીએ, રામનું નામ કદી નવિસારીએ;
રરરા રામ તણા રંગમાં રહીએ, પરનારી ગુંજ કરવા ના જઇએ.
લલ્લા લખિત પદારથ લઇએ, તેમાં દોષ દયાળને શો દઈએ;
વવ્વા વળાવો થઇ લૂટી લીજીએ, તે તો હત્યા જૂગોજૂગોનાછુટીએ.
શશ્શા સત્ય તણાં પગલાં ભરીએ, કુડાં ખાળ કોઇ શિર નાખરીએ;
ષષ્ષાં ખરેખર તાજુએ તોલીએ, પારકી થાપણ નવ ઓળવીએ.
સસ્સા સરોવર પાર ન ભાંગીએ, હોડ પાડી કૂવો નવ ઓળંગીએ;
હહહા હરિ કેરા ગુણ ગ્રહીએ, દાસ ધીરા કહે હરિવર રાખોહઇએ.

નરભેરામ.

નીતિ પ્રેમ વિષે છપ્પા.

નથી નિપજતો પ્રેમ, વાડિમાં પાણી પાતાં;
નથી નિપજતો પ્રેમ, તેલ ચોળ્યાથી તાતાં.
નથી મળતો કાંઇ પ્રેમ, ગાંધી દોશીને હાટે;
નથી મળતો કાંઇ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે.
નથી મળતો પ્રેમ તપાસતાં, ગુજરી ગામો ગામની;
કહે નરભો પ્રેમ પુરો મળે, કૃપા હોય શ્રીરામની.

મળ્યો પ્રેમ વજનાર, મગન થઇ મનમાં ફૂલી;
કહાન કહાન કહિ ફરી, ભાન ગઇ દેહનું ભૂલી.
પ્રેમિ વિદુરની નાર, નાહતાં નાગી ધાઈ;
એ લક્ષણ પ્રેમનું, જઇ ભેટી જદુરાઇ.
તે ગભને કાઢી નાંખતી, છોડાં મુખે ધરાય છે;
કહે નરભો પ્રેમનું પારખું, છબિલો છોડાં ખાય છે.

જ્યારે પ્રગટયો પ્રેમ, તુલસીના દળથી રાજી;
જ્યારે પ્રગટયો પ્રેમ, ખાધિ ખીચડીને ભાજી.
જેને પ્રગટયો પ્રેમ, પ્રેમને, તે નર જાણે;
જેને પ્રગટયો પ્રેમ, તેહને વેદ વખાણે;
મનમાં જો પ્રેમ પ્રગટ થયો, એક રતીભર જેહને;
કહે નરભેરામ ગુરૂથકી, નિત્ય બલિહારી તેહને.

કરીને યજ્ઞ અનેક, વ્રત વિધી બહુ પાળે;
વળિ આપે ગૈાદાન, હાડ હિમાળે ગાળે.
ગીત વેદનાં ગાય, તિર્થ બધુ બહું ફરી આવે;
દધી દૂધ ઘૃત ખાંડ, વિપ્ર પોષે મન ભાવે.
એવાં સુકૃત કીધાં ઘણાં, શું આપું જોને ગણી;
કહે નરભેરામ એ સર્વથી, જ્ઞાન દાન શિરોમણી.

ખારાં જળનો જીવ, મિઠા જળમાંહી મરે છે;
મિસરી મીઠી ઘણી, ગધાના પ્રાણ હરે છે.
સિંહણકેરૂં દૂધ, કનકને પાત્રે જામે;
બીજી ધાતુ બહુ, માંહી વિરામ ન પામે.
છે એમ હરી રસ આકરો, પ્રેમીને દિલ બહુ હરે;

કહે નરસૈરામ ગુરૂથકી, દુરજનને વિસ્મય કરે.
નથી મૃત્તિકામાં પ્રભુ, નથી પિત્તળમાં પેઠો;
કનકની મૂર્ત્તી કરે, નથી ઈશ્વર મહિ બેઠો.
નથી ઘોરોમાં પીર, નથી જૈનોને દેરે;
અસલ જુવે નહિ કોય, સહુ નકલોને હેરે.
છે રામ નામ અક્ષર અસલ, બિજું નકલ કહેવાય છે;
કહે નરસૈરામ ગુરૂથકી; પ્રેમે પ્રગટજ થાય છે.

શાસ્ત્ર પુરાણો, વેદ, કમાવા કારણ શિખે;
આઠ પહોર દિન રાત, જઈને ઝિકણું ઝીકે.
વાણી મધુરી વદે, મોરના જેવી કહીયે;
સર્પ બિછીને બાયે, ઝેર એવું છે હૈયે.
જો રામ રટણ કાંઇ નહિ કર્યું, તે ગવાર છે તેડીયા;
કહે નરસૈ ગરને લાભ શો, મિસરી ભર કે મેડિયા.

જુવતી જળને કાજ, જુવો પનઘટપર જાએ;
જેને જેવો અર્થ, તેટલું તે જઈ લાવે.
ભાણે ભર્યા પકવાન, ભૂખ સમ ભોગ કરે છે;
હુદ આવી જે વાર, હાથ આડા જ ધરે છે.
ભાગવત પકવાન પણ ભટ કહે, અક્ષર એક જેથી ખળે;
કહે નરસૈરામ ગુરૂથકી, સત્ય વસ્તુ તેને મળે.

પ્રજાપતીની ઘોડી, રાંક શિર દુરિજન જાયો;
પેટ ભરે કરિ વિષય, એહમાં શું એ કમાયો;
નિદ્રા મૈથુન આહાર, માંહિ તું થયો રાજી;
એ પ્રાણી સર્વને, વિચારી જોને પાજી:
જો રામ રટણ કાંઇ નવ કર્યું અંતે કારજ શાં સર્યા;
કહે નરસૈ પેટ સર્વે ભરે, ગધાં બિલાડાં કુતરાં.

મેગળ નિસરી બહાર, ચાલતો મહાસુખ માણે;
નહિ શત્રુ નહિ મિત્ર, વિશ્વને સરખું જાણે.
પુઠે ભસે બહુ શ્વાન, કેટલાં બેશિ રહે છે;
મેગળને મન નહીં, માન અપમાનજ દે છે;
એમ હરીજન મેગળ રૂપ છે, જેને હરિનું ધ્યાન છે;
કહે નરસૈરામ ગુરૂથકી, દુરિજન સઘળા શ્વાન છે.

ભઠ્ઠ પડયો અવતાર, જેની પરનારે પ્રીતી;
ભઠ્ઠ પડયો અવતાર જેહની ચાલ અનીથી;
ભઠ્ઠ પડયો અવતાર, હરી ગુણ ગાતાં લાજે;
ભઠ્ઠ પડયો અવતાર, પરાયાં સુખ જોઇ દાઝે;

વળિ ભઠ્ઠ પડયો અવતાર જે, મોહ્યો મોટમ માનને;
કહે નરસૈરામ રટચા નહીં, શિદ વણસાડયું ધાનને.

ધાન ખાધું તે ધૂળ, નહીં વહાલા રઘુરાય;
ધાન ખાધું તે ધૂળ, વળી જે વિષયી થાય;
ધાન ખાધું તે ધૂળ, પાપ કરિ પેટ ભરે છે;
ધાન ખાધું તે ધૂળ, ઘાત વિશ્વાસ કરે છે;
સામાનું સુખ જોઇ દાઝતો, નરકે જશે નિદાનરે;
કહે નરસૈ ફટ ગધેડીના, શિદ વણસાડયું ધાનરે.

કર જોડી કહું કૃષ્ણ, સાંભળો અક્ષર મારો;
મનુષ્ય દેહ દઇ ભલે, શીદબ્રાહ્મણનો અવતાર્યો;
અણસમજુને એમ, જન્મ બ્રાહ્મણનો મોટો;
મુજને ભાસે એમ, જન્મ બ્રાહ્મણનો ઓટો;
જે જમે ઊધાર સાથે થયું, તેનો ધરૂં છું શોકરે;
કહે નરસૈ હાથ ધરી સહુ, સાધન સોંપ્યું લોકને.

કોઇ કેહેશે રે એમ, હાથ તો શિદને ધરિયે;
હાથ ધર્યે જીવાય, નહીં તો પેટ ન ભરિયે;
ધરિયે નહીં જો હાથ, નવઆં કેમ ફેરાય;
હાથ ધર્યા પરતાપ, ટાઢ તડકો તે જાય;
જે હાથ ધર્યા વણ મ્હેનતે, જિવવું તે તો ઠીક છે;
જન નરસૈ તો નિશ્ચય કર્યું, હાથ ધર્યામાં ધીક છે;

વગર મેહેનતે આય, પારકા માગી મેવા;
વગર મેહેનતે ખાય, હરાયા સાંઢા જેવા;
જીવે પારકું ખાઇ, એહ અવતાર ન સારો;
જોતો નથી વિચારી, લાભ લૂટાયે મારો;
જે ખાલ પારકો ખાઇને, મૂર્ખ હૈયે હરખાય છે;
કહે નરસૈ લાભ જોયો જુવે, નાગો શું લૂટાય છે.

આતરવિન ભૂમિમાં, સહસ્ર મણ બાજરી વાપી;
બાર બધું આઇ ગયો, પાછિ પાશેર ન આવી;
વિવેક સમજ્યો નહીં, પાત્ર કુપાત્ર ન જોયું;
આપું તેને ના પચ્યું, અવરાવ્યું તેણે નાખ્યું;
સઘળી ભૂમિ સરખી નથી, કંઇ છાયા કંઇતાપની;
કહે નરસૈ કુપાત્ર થાય તો, દમુંઢ આવે પાપની;

જાચક જીવન ધીક, વગર મહેનત જે જીવે;
જાન જાચકે થાય, બુવો ઢેખાળું દીવે;
માગે આકર ગોળ, તનુજને ટપલી મારે;

જાચકને નોતરી, જમાડે ઘીની ધારે;
જાચક તો તે નથી જાણુતો, જન અતિશે થાય છે;
કહે છે નરસૈા મોટમ પણે, લાખેા જર લૂટાય છે.

પદ ૧ લું.

સરસ્વતી વસેા જીભેરે, વેહેવાર વાતે વધવું છે;
આંતીલે નહાવું આજ્યુંરે, તાતની હડીએ ચઢવું છે, ટેક.
ગેામતી નાહ્યાનુ નાણુ જો આપુ, શાની તમારે મારે પ્રીત;
પીતા થઇ પુત્રપાસેનાણુમાગેા છેા,કહેાકીયાતે દેશની રીત;
માફ કહી ઉત્તર આપેારે, ત્યાં સુધી અડવું છે. સરસ્વતી.
કેટલુ નાણુ આપ્યું દુરવાસા જી, બળ-દ્વારાથી આવ્યા જદુવીર;
તેમના પ્રેમ તમે જણ્યા સુવર્ણના, બીજાના જાણ્યા કથીર;
વિચારી જુએા વહાલારે, પછી પાએ પડવું છે. સરસ્વતી.
કંચન દ્વારિકાં પિતાને દેણાડી, છાપ મેાકલી નાથ;
શું જોઇ મેાકલી શું જોઇ આણી, તે વહાલા કહેા મનેવાત;
શુરૂથી કહે છે નરસૈારે, એ એાષડ કડવું છે. સરસ્વતી.

પદ ૨ જું.

નાણું આપે નરસૈારે, વાવરને છેાગાળા;
ગાંઠ બાંધને તાણી રે, ધેાળી ધજા વાળા; ટેક.
કપટીકેશવજાણુતેા તેા,શાનેઆવત પચાસ જોજન;
સાંભળ્યું શ્રવણેસાધુનેછાપેછે, માટે મળવા ધર્યુ મન;
દરશન દેાને રે, દુર કરી પાળા. નાણુ.
જોણ દેખીને અજર નથી કરતા, છાપ આપેા હરી;
પાઘડી ભાળી છાપ આણી છબીલા;પરિક્ષા તેા એવી કરી;
સમસ્યા લેજો સમજીરે, જે કહી કાનડ કાળા. નાણુ.
હારેા છેા જનથી નથી હરવતા, માટે હરી હઠ મેલ,
કહે નરસૈા છેાટાલાલ પ્રતાપે, નથી એ તલમાં તેલ;
લેવાનુ મુજ પાસેરે, હરી હરી જપ માળા. નાણું.

પદ ૩ જું.

કે દહાડાના સુખીઆરે, સુતાછેા પલંગ ઢાળી;
ઘણા દિવસ ગેા ચારીરે, શ્રી વંદ્રાવંદ ખાલી. ટેક.
આગલા દનતેતેાગયાવીસરી,આંવુંખાતાગેાવાળીનીસંગ;
કદમના ઝાડ તળે બેઠક તમારી,એવા હતા તમારા ઢંગ;
ઓઢતાતા નિત કેસવરે, કામળી તમે કાળી. કે દહાડાના.
આજ અમરીત રસભેાગકરેાછેા,પ્રભુમેાંનીતે માગી મીઠાઇ;
પંચવટીમાં કંદમુળજ જમતા, બેારાં ખાધાં રઘુરાઇ,

ભાજી તો સુંદર આપીરે, ત્રણ લોવન ભાણી. કે દહાડાના.
ઉઠો છબીલા આળસ દુર કરી, મનેછાપો આપોનેજ દુવીર,
કયાંરે લગી તમે વારજ કરશો, ઓછીતે જાત આહીર;
પ્રીતલડી ના જાણીરે, અંતરનીજ અજવાણી. કે દહાડાના.
કહે નરસોંઠોટાલાલ પ્રતાપે, રથ હાંકયો અરજુનનો સારથી,
ગાજુજીભ્યાથકીશુરેકહેવરાવો, લાને લાનેહો લક્ષ્મીપતી;
આજ તમારીરે મેં વાત જાણી વનમાણી. કે દહાડાના.

પદ ૪ થું.

અમરીશ જન એવારે, હરી ચરણે જેની ગતી,
રૂજની દિવસમાંરે, ક્ષણુ પરવાર નથી. ટેક.
પાછલી દોઢ પહોર હોએ જ્યારે, ત્યારે અમરીષ જાગે સહી;
અણોટ પાટલાને વાંસણ માંજે, પછી પહોર એક રહી;
શેવામાં પહોર એક વીતેરે, ભક્તિ કરે એમ અતી. અમરીશ.
પોહોર એકનું ધ્યાન ધરે, ને પહોર એક રસોઇએ જાય,
પ્રભુને જમાડીને પરસાદ લેતા, પછે નરત કરે ને ગુણ ગાય;
કાંકરા વેણે ઘઉં નારે, ઉથાપન વેળા થતી. અમરીશ.
ઉથાપન કરે અતી ઉમળકે, જ્યારે ધેનુ આવે લોવન,
આરતી ઉતારી પછી સ્તુતી કરતા, અમરીશ ઉજ્વળ મન;
વેણું ગ્રહે કરમારે, પડે જ્યારે દિવે ખતી. અમરીશ.
સાડાપાંચ પહોર શેવામાં વીત્યા, પહોર એક સેન ભોગ ધરાય,
પ્રભુને જમાડીને પોઢાડે ત્યારે, સાત પહોર પુરણ થાય;
પછી પહોર ઉઘેરે, આઠ પહોર એમ જતી. અમરીશ.
અષ્ટ પહોર એણીરીતે પરવારતાં, કૃષ્ણતણા ગુણ ગાય,
કહે નરસૈંયો છોટાલાલ પ્રતાપે, તેને ભણી ભણી લાગુ પાય;
ભક્તિ એક સાચીરે, બુડી બ્રહ્મ રાજનીતી. અમરીષ.

પદ ૫ મું.

શેવાની સામગ્રીરે, રાજા અમરીષ હાથે કરે,
ના આપે કામ ચાકરનેરે, નીર રાજા હાથે ભરે. ટેક.
હાજર ચાકર હાજર રાણી, ને હાજર રહે સહુ ગામ,
પ્રભુની શેવામાં ભાગ શો પરનો, માટે ના સોંપે કામ;
વેણે પુષ્પ હાથેરે, હાર હરી કંઠે ધરે. શેવાની.
અમરીષજીએ પોતે એમ વિચાર્યું, પહોર સાત શેવામાં થાય,
એક પહોર ઊંઘાએછે, તે પહોર અવરથા જાએ;
તે પાકુ મજરેરે, તો મુજ કારજ સરે. શેવાની.
શેવાની સામગ્રી સરવે હાથેથાયછે, ને દરણુ દળેછે કોઇ ઓર,

તે દરણુ કદી હાથે દળીએ તો, પ્રમાણુ આઠે પહોર;
માટે માંડી ઘંટીરે, કોમળ થકી કેમ ફરે. શેવાની.
કોમળ અમરીશ ઘંટીએ બેઠા, ધીરજ આણી હૃદએ,
કહે નરસો છોટાલાલ પ્રતાપે, ભક્તતો તેને કહીએ;
એ રસ સાંભળતાંરે, ત્રીવેદી તાપ હરે. શેવાની.

પદ ૬ ઠું.

કોમળ રાજા અમરીષ રે, ઘંટીએ બેઠા સહી;
છુટ્યો પરશેવો રે, તે વરણ્યો જાએ નહી. ટેક.
કોમળ રાજાને કોમળ રાણીઆ, કોમળ દેહ અતુલ્ય,
દેહરંગ જાણે કસુંબો ચઢીઓ, સુંવાળુ ગુલાણનું ફુલ;
અમરીશ જન એવા રે, ઘંટીએ બેઠા જઇ. કોમળ.
કોમળ એવાને ચેનછે કેવાં, ઉનવળતાતો ગંગ,
બળ કરીને જ્યારે ઘંટી તે ખેંચી,તારે વળ્યો પરશેવો અંગ;
લીલાવટ તણો રે, રહ્યો જાણે પરલા વહી. કોમળ.
કોમળ પત્રપર જળીલ શોભે, મેઘ તણાં બીંદુ,
મોતીઆ છુટ્યા તે તારાની તોલે, મુખ અમરીષનુ ઈંદુ;
હરીતો વશ જેને રે, એવી તો જેણે ટેક ગ્રહી. કોમળ.
શ્રી કૃષ્ણજી તે તો પલંગે પોઢ્યા, દાશી ઢોળેછે વાય,
અમરીષમાટેહરીઝણકીનેજાગ્યા,મારેભક્તનીકરવીસાહાય;
કર વાય વીંઝણો રે, અમરીષ પુંઠે રહ્યા. કોમળ.
લક્ષ્મી કર થકી લીધો વીંઝણો, ધાયા ધસમશીને નાથ;
કહે રૂક્ષમાણી પ્રભુ કંઇ પધારો, મુને તો અચરત વાત;
પછી મુને પુછોરે, જ્યારે ત્યાંહાં હું આવું જઇ. કોમળ.
અમરીશ પુંઠે હરી વીંઝણો કરતા, આદેહરી જુગદીશ,
તે હરી ડાકોર મંદીરમાં જો જો, સર્વ ઇશનો ઇશ;
મુરખ નવ માને રે, સાચાને તો સંશય નહી. કોમળ.
ઘંટી મુકીને જોયું અમરીષે, પુંઠે ત્યારે દીઠા શ્રી જગરાય,
કહે નરસો છોટાલાલ પ્રતાપે,નમ્યો અમરીશ હરીને પાય;
તમો કરો વીંઝણો રે, તે તો અણઘટતી થઇ. કોમળ.

પદ ૭ મું.

પોઢાડ્યાતા કેશવરે, સુખ પલંગ ઢાળી;
પુષ્પ વેણી પાથરયાં રે, વજરજની ટાળી. ટેક.
સુખ પલંગથી સ્વામીકેમજાગ્યા,તેતોકહો મુજને વાત,
ડાકોર.ચાકરને વીંઝણો કરોછો,તેતો અણઘટતી થઇ;
નેવાંનાં પાણી મોભેરે, તે તો અચરજ ભાળી. પોઢાડ્યાતા.
શ્રીકૃષ્ણ અમરીષ પ્રતે કહેછે,એક પહોર ઉંઘને તુંય,

પહેાર એક તારી શેવા માનું, વચન આપું હું'ય;
ત્યારે અમરીષેરે, પ્રભુની વાચા પાળી. પેાઢાડયાતા.
સનકાદીક ઈંદ્રાદીક જેનું, ધ્યાન ધરે શિવ શેષ,
શહસ્ર ફેણાએ શેષ રટણ કરેછે,વિસામેા નપામે લેશ;
સીદ્ધ જોગીનેરે, લાગી ધ્યાનની તાળી. પેાઢાડયાતા.
રાજનીતીનીઅમરીષનેણબરનથી,કરેશેવાસભરણનેનેમ,
કહે નરસેા છેાટાલાલ પ્રતાપે, હરિયે વિચાર્યું એમ;
રાજ રક્ષણનેરે, મેલ્યું ચક્ર વનમાળી. પેાઢાડયાતા.

પદ ૮ મું.

લેને લેને લાહાવ જીવને, જોતાં નહીં જડે;
જોતાં નહીં જડે જીવને ખેાળ્યાં નહી મળે. લેને લેને.
કસ્તુરીને કેવડા લઇ, તેલમાં તળે;
આવેા રૂડેા મનખેા મેલી, ભુતમાં ભમે લેને લેને.
મેાતી સરખેા દાણેા લઇ, ધંટીમાં દળે;
બાવળીઆનું બીજ વાવે, આંબેા નહી ફળે. લેને લેને.
સંત બેાલાવે બેાલતેા નથી,અભીમાનમાં ફરે;
મારી ધક્કે આગળ કરશે, વેઠે ભાર ભરે. લેને લેને.
માયા તને મીઠી લાગે, ગેાળસેં ગળી;
નરસૈંયારામના સાથમાં તેા, કુડ નહી મળે. લેને લેને.

પદ ૯ મું.

શેલેા શેલેા બહુ શેલેા, રણછેાડરાય બહુ શેલેારે;
વાત કરતાં વાલેાજી આવે, મેાઢે ચડેછે વેહેલેા વેહેલેા. રણછેાડ.
ભગસ બરશી જમવાને જોઇયે,વેંચવા કહાડાવે વેહેલેા;
ભગત જનનાં સંકટ હરવા થાયછે, ગાંડેા ને ઘેલેા. રણછેાડ.
હરદે કમળરૂપી હેમની દાબડી, તે વસ્તુ મહી મેલેા;
કહે નરસૈંયારામ ગુરૂ પરતાપે, એના ખેલમાં ખેલેા. રણછેાડ.

પદ ૧૦ મું.

રંગભીના રંગભીના, રણછેાડરાય રંગભીનારે;
આવા ગમન અમરીષનેા વારયેા,દશ અવતારને લીના. રણછેાડ.
સેનાને માટે તમે નાપીક થયા, કુણ કરે તવવિના; રણછેાડ.
બાહીર મુખીનેા મુગટ લીધેા, અવગુણ ન જોયા એના. રણછેાડ.
કહે નરસૈંયારામ ગુરૂ પરતાપે, આદે અનાથ નાથ દીના. રણછેાડ.

પદ ૧૧ મું.

છેાગાળા છેાગાળા, રણછેાડરાય છેાગાળારે;
મસ્તક મુગટને કાંને કુંડળ, આંખનેણાં અણીઆળાં. રણછેાડ.

મળે ગળચવા ઉતરી સાંકળી, ઉર મુકતાફળ માળા; રણુછોડ.
શંખ ચક્ર ગદા પદમ ધરોછો, ભકતતણી પ્રતીપાળા. રણુછોડ.
કહે નરસૈરામ ગુરૂ પ્રતાપે, ઠાકોર ડાકોરવાળા. રણુછોડ.

પદ ૧૨ મું.

વનમાળી વનમાળી, વીઠલ વર વનમાળી રે;
અઢાર ક્ષોણી તમે દળ વરતાવ્યું, ટીટોડી મેલી તમે ગારી. વીઠલ.
ચક્ર ધરયું તમે ભિષ્મની માટે, તેની પ્રતીજ્ઞા પાળી; વીઠલ.
રાસ રમ્યાને રંગ રમાડયા, તેડી તે વ્રિજની નારી. વીઠલ.
કહે નરસૈરામ ગુરૂ પ્રતાપે, સુખની ક્ષેમા વાળી. વીઠલ.

પદ ૧૩ મું.

રામ રટણમાં સારછેરે, સીતારામ રટણમાં સારછે;
મુનશાદેહ પાંમીને રામ વિસાર્યા, ધિક તેનો અવતારછેરે. સિતા.
મુનશાદેહ પાંમીને સમરણ ભુલ્યો, તેને કલ્યાણની વારછેરે;
કુસંગકુ નારનો સંગ કર્યાથી, જમનો મોટો મારછેરે. સિતા.
લખ ચોરાશીના ફેરારે ફરતાં, મુનશાદેહ છેલો જવારછેરે;
કહે નરસૈરામ ગુરૂ પ્રતાપે, રામ રટયાથી પારછેરે. સિતા.

શામળભટ.

ભદાવા જીલ્લાનાં ગોમતીપુર-જેને પુર્વમાં વેગણપુર કહેતા હતા ત્યાંનો વતની-જ્ઞાતે શ્રીગોડ માળવી બ્રાહ્મણ હતો એની ઘણીક કવિતા દોહરા ચોપાઇ છપ્પામાં છે.

અન્નપુર્ણા માહાત્મ્ય વિશે.

જગત અન્ન આધાર, અન્ન દૈવત એ મોકું;
અન્ન વણ ન રહે જીવ, અન્ન વણ સરવે ખોકું;
દેવ દનુજ નર નાર, જીવે છે અનને જોરે;
અન્ન વિનાનું સર્વ અતિ અંધારું ઘોરે;
પાલ પોષણ પૃથ્વી વિષે, કર્ત્તા રે કૃત કુરણા;
સામળ કહે છે સેવો સહુ, આદ્યશક્તિ અન્નપુરણા;
સિતા રામ તે એજ, એજ શ્રીરાધા કૃષ્ણ;

એ ઉમયા ને ઇશ, પંડિને કીધું પ્રક્ષ;
એ રોહીણીને ચંદ્ર એજ બ્રહ્મા સાવીત્રી;
મંત્ર જંત્ર ને તંત્ર, એજ ગુણનિધી ગાયત્રી;
અન્ન પૂર્ણા સૌની ઇષ્ટ છે, બુદ્ધિવંત જન બૂજશે;
સામળ કહે અન્ન આધારથી, સર્વે ડહાપણ સૂઝશે.
અન્નપૂર્ણા વડી માત, જગત જીવાડણ જાણી;
અન્ન વિના સઉ શુન્ય, અન્ન વિણ જીવે નપ્રાણી;
અન્ન વિના સુખ અલ્પ, અન્નવિણચરણુન ચાલે;
અન્ન વણ ભાવે ન ભક્તિ,અન્નવણ મોજન માલે;
ઇશ્વર વહાલો નહિ અન્નવણ,ગાનતાનગુણનવ ગમે;
સામળ સેવો અન્નપુરણા, સકલ દુઃખ એથી શમે.

પેટ ભરવા વિશે.

પેટ કરાવે વેઠ, પેટ વાજાં ગજડાવે;
પેટ ઉપાડાવે ભાર, પેટ ગુણ સૌના ગાવે;
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરે છે;
પેટ કરે છે ચોર, પેટ તો સત્ય હરે છે;
વળી સંચ પ્રપંચ અધિક કરે,પેટ કાજ નકે પડે;
સામળ કહે સાચું માનજો, પેટ પાપ નરને નડે.

વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચે ને શિખે;
વિચરી વળી વિદેશ, ભણેલા થઇને ભીખે;
વણિક પેટને કાજ, ગાડિને વહાણે ચડે છે;
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડે છે;
વળી કાસદ કરે છે કાસદું, શિર કપાવી તસ્કરમરે;
કહે સામળ પેટને કારણે, કુલાચાર સૌકો હણે.

પેટ ચડાવે વાંસ, પેટથી મસ્તક નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઊંચ નીચાને જાચે;
પેટ કરે છળ કપટ, પેટ રણમા રખડાવે;
પેટ કરે વિખવાદ, પેટ તો શીશ કટાવે;
ચોરી ચાડી ને ચાકરી, અધર્મ સૌ આપેટના;
સામળ કહે સાચું માનજો, પ્રપંચ પાપી પેટના.

કિયા નીચ ને ઊંચ, કિયા રોગી ને સાજા;
કિયા અબળ ને સબળ, કિયા દુર્બળ ને તાજા;
કિયા અજાણુ ને જાણુ, કિયા પથ્થર ને હીરા;
કિયા અજા ગજરાજ, કિયા વરી ને વીરા;
જુઠા બોલાં સાચા કિયા, નીચ બુદ્ધિ કરે નેટને,

સામળ કહે ગાન ગમાવિયા, પ્રપંચ પાપી પેટને.
પેટ કરાવે પાપ, પેટ પરદેશો કાઢે;
પેટજ કરે પ્રપંચ, ચલાવે મારગ આડે;
પેટ કરે પાખંડ, પેટ વાણુ વાંકે ઢંડે;
પેટ સંકટ થાય, પેટ મહેનતમાં મંડે;
સતી નારીને ગુણકા કરે, શા અવગુણ કહું શેઠના;
સામળ કહે છે સૌ જાણજો, પ્રપંચ પાપી પેટના.

કિયા ધડકણ ને ધીર, કિયા ગુણહિણ ને જ્ઞાતા;
કિયા કૃપણ ને કર્ણ, કિયા દંભી ને દાતા.
કિયા રંક ને રાય, કિયા અકરમી ઇંદર;
કિયા પાપી પુણ્યવંત, કિયા ચખહિણ નેચંદર;
વળી અણપંડિત પંડિત કિયા, ગેશીપારકે બારણે;
સામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે.

કિયા દરીદ્રી દિવાન, કિયા કુરૂપ રૂપાળા;
કિયાં યુધિષ્ઠિર જોર, કિયા ભિક્ષુક ભૂપાળા;
કિયા બુદ્ધિ બળવંત, કિયા ગદ્ધા ને ઘોડા;
કિયા કપુત સપુત, રામ લક્ષ્મણના જોડા;
નર નાર જાર ને સતી કિયાં, જાણજોને વારણે;
સામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે;

કઇ લછ ને અલછ, કઇ રંજિત ને રંગા;
કઇ રૂપહિણ ને રત્ન, કઇ ગંદી ને ગંગા;
કઇ મૃગનેણી નાર, કઇ વળી આંખે કાણી;
કઇ દાસી તો દેખિયે, રીઝવાળી કઇ રાણી;
છે લપોડશ ખ લેખા વિના, દક્ષણાવંત વળી કહ્યા;
સામળ કહે કવિ કોવીદ પણ, પેટતણેવશસહુરહ્યા.

વિદ્યા વિશે.

સદ્વિદ્યાથી સુવર્ણ, શરણ સદ્વિદ્યા સત્યે;
સદ્વિદ્યાથી સ્વર્ગ, વીણ ઊતારણ વિત્તે;
સદ્વિદ્યાથી સિદ્ધિ, ફળે વચનો વર વાણી;
સદ્વિદ્યાથી રિદ્ધિ, જગતમાં સઘળે જાણી,
સદ્વિદ્યાથી વશ સર્વ છે, સદ્વિદ્યા ત્યાંથી મણા;
સામળ કહે સદ્વિદ્યાથી વિના, ભટકે ગુણ દીણાધણા.

લક્ષપતી તો લાખ, દિઠા નિર્ભાગ્ય પ્રમાણે;
જાય રાયનું રાજ્ય, રૂપ પણ રહે ન ટાણે;
કુળ પણ હોય કલંકી, જોર જોતામાં જાયે;

જોખન પણ વહી જાય, વંશ નિર્વંશી થાયે;
નહિ રાજ ચોર કે અગ્નિ ભય,ભાગ મુકાવે બહુ થકી;
સત પુરૂષો મન માનજો,.સદવિદ્યા છે શુભ સહુ થકી.
વિદ્યા મુકાવે ભાગ, પૂર્ણ જશ વિદ્યા પામે;
વિદ્યા સોહે વાન, નૃપતી વિદ્યાને નામે;
વિદ્યામાંહિ વિવેક, વિમળ વિદ્યાથી વાણી;
વિદ્યાને વશ વિશ્વ, જગતમાં મોહિની .જાણી;
સદવિદ્યા રત્નવિશાલ છે, વિદ્યાથી વડું નહિ કશું;
સદવિદ્યા આગળ ધન કશું,વિદ્યા વિહિન નર તે પશુ;
પંડિત આગળ મૂઢ,હંસ આગળ જ્યમ બગા;
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગા;
પંડિત આગળ મૂઢ, રાય આગળ જ્યમ રંકા;
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જ્યમ ટંકા;
પંડિત પ્રાક્રમી પૂરા, પંડિત સહુ શિર મોર છે;
સામળ કહે પંડિત આગળે, મૂઢ તો ચાકર ચોરછે;
મૂરખને વાહન, પંડિત અડવાણો ચાલે;
મૂરખ મોતનમાલ, પંડિત કુલમાળા ઘાલે;
મૂરખને બહુ માન, પંડિત કદી ગરીબ કહાવે;
મૂર્ખને અક્ષત મોજ,પંડિત ખડધાન્યજ ખાવે;
પણ મૂરખ કાંચ કથીર છે, દીસતાં તો દિલ હરે;
પણપંડિતરત્નઅમૂલ્ય છે,સામળઝવેરી પરીક્ષા કરે;
મૂરખને નહિ માન, મૂર્ખ આજ્ઞામાં ઝુરે;
દે ન મૂર્ખને દાન, મૂર્ખમાં અક્કલ અધુરે;
મૂરખ હલકો હોય, બહુ ગુણવંતો બોલે;
મૂર્ખ ન લેખામાંહિ, નહીં પંડિતને તોલે;
જેમ હંસમધ્ય બગલાંપડયાં,કારણ શું જાણે કશું;
સામળ કહે છે સાચું કહું,વિદ્યા વિહીન તેનર પશુ.
પંડિત જોય વિદેશ, તોય જશથી જાણીતો;
પંડિત પ્રાક્રમ પૂર, મહીપતિનો માનીતો;
પંડિતને પરણામ, કરે જન સૌ કર જોડે;
પંડિતને સન્માન, માન અનમીનાં મોડે;
જે અગમ નિગમછે ગુણ ઘણા. લક્ષ કોટિધા તે લહે;
છે વિદ્યા મોટી વિશ્વમાં, કવિ સામળ સાચું કહે;

વચન પાળવા વિશે દ્રષ્ટાંત અલંકાર.

વચન કાજ હરિશ્ચંદ્ર, નીચ ઘર ભર્યું છે પાણી;

વચન એકને કાજ, કૃષ્ણે કુબ્જાને આણી;
વચન એકને કાજ, હરે, હરે હલાહલ પીધું;
વચન એકને કાજ, દેવ વર દૈત્ય લીધું;
શુભ ધર્મ કર્મને શર્મ શૌ,વચન જતાંતે વહિ ગયું;
કવિ સામળ ભટ સાચું કહે,વચન ગયું તો થઇ રહ્યું;
એક વચનને કાજ, રંક રાવણ થઇ બેઠો;
એક વચનને કાજ, બળી પાતાળે પેઠો;
એક વચનને કાજ, વેચિ હકિશ્ચંદ્રે નારી;
એક વચનને કાજ, પાંડવો હાર્યા પ્યારી;
વળી એક વચનને કારણે, ભંડ પાંચે વનમાં ભમ્યા;
કહે સામળ વચનજ કારણે, સો કીચક સાથે શમ્યા;
બહુ કરે જે બાપ, વચન બદલીને બોલે;
બહુ કરે જે બાપ, બોટું મુખ વાયક બોલે;
બહુ કરે જે બાપ, આપને ગુણ વખાણે;
બહુ કરે જે બાપ, આપ આપ્યું ઘર આણે;
કરથી જિહ્વા ભલી કાપની,મોત ભલું મહા મૂલ્યનું;
સામળ કહે ભુંડું સર્વથી, વચન જાય તૃણ તુલ્યનું.
વચન ન પાળ્યું જેણ, તેજ સુકૃત વ્રત હાર્યો;
વચન ન પાળ્યું જેણ, કર્મોતે તેને માર્યો;
વચન ન પાળ્યું જેણ, તેહ નર દૈવે દંડ્યો;
વચન ન પાળ્યું જેણ, તેહ શિર અગ્નિ મંડ્યો;
જો વચન વ્યર્થ જેનું થયું, તો દૈવત તેનું ગયું;
કવિ સામળ ભટ સાચું કહે,વચન ગયું તો થઇ રહ્યું.
પાળે વાયક શુર, જેહ રણમાં બહુ જુઝે;
પાળે વાયક સિદ્ધ, જેહને આગમ સૂઝે;
પાળે વાયક ભક્ત, કરે ઇશ્વર વસ આપે;
પાળે દાતા વચન, વૃષ્ટિ જેને પરતાપે;
પાળે જે વાયક પ્રેમથી, વેદે વિવિધ વખાણિયો;
સામળ વાયક સંભાળતાં, જશે જગતમાં જાણિયો;
વચન પાળે તે રાય, બાકી તો રાંડીરાંડો;
વચન પાળે તે શાહ, બાકી ગુણહીણો ગાંડો;
વચન પાળે તે વિપ્ર, ધર્મ સઉ ધાર્યો તેણે;
વચન પાળ્યું તે વીર, જગત જશ લીધો જેણે;
પાળે સદ્વાયક પ્રેમદા, બાંધે પૂરણ પક્ષણી;
સામળ કહે વચન ન સાચવે, લલના એજ કુલક્ષણી.

મોત વિશે.

કોઇ આજ કોઇ કાલ, કોઇ દિવસે કોઇ રાતે,
કોઇ જોબન, કોઇ વૃદ્ધ,બાળ જન જુવતી જાતે;
કોઇ તાવે તરફડી, આપઘાતે કોઇ મરતાં;
કોઇ ભોગ કોઇ રોગ, કોઇ તો સર્પ કરડતાં;
કોઇવાસિ વિકારકે હડકવા,કોઇ ભમતે લડિને મુઓ;
પણ કાળ નં મૂકે કોઇને,સામળ કહે સમજી જુઓ.

કોઇ આજ કોઇ કાલ, કોઇ માસે ઘટ માસે;
કોઇ વર્ષે દશ બાર, કોઇ પચીસ પચાસે;
કોઇ સાઠ સીત્તેર, કોઇ પોણોસો એશી;
જે જાયું તે જાય, નથી રહેવાનું જેસી;
જે નામ તેહનો નાશ છે, ધર્મ જ એવો ધારવો;
કવિ સામળ કહે મૂરખ કરે, ગંદી દેહનો ગારવો.

ઘડી પલક કે પહોર, સાંજ સવાર કે વહાણું;
એ દીપક ઓલાય, ન આવે સાથે નાણું;
રહે ઘરમાં કે ગામ, દેશ પરદેશે પડશે;
જલ પરપોટો જેમ, એક દિન નિપ્ચે નડશે;
રાણી કોઇની રહેશે નહીં, દિવસ નક્કી નહિ દેહનો;
સામળ કહે કાચો કુંભ છે, તો ભરૂંસો શો તેહનો.

માત તાત ને મિત્ર, પુત્ર પરિવારજ પ્રૌઢા;
અલખત અપરંપાર, ઘણા હસ્તી ને ઘોડા;
સેવક સાથે શુર, પરીપૂરણ પરતાપે;
બળવંતા બહુ બાહુ, છત્ર છાંયે છત છાપે;
અધિકાર અયુત લખ ઇંદ્રનો કોડ ભાર શું કહું કથી;
પણ મોતથકી મુકાવવા, સામળ કોઇ સમર્થ નથી.

જે જાયું તે જાય, ફૂલ ફૂલ્યું તે ખરશે;
ભર્યું તેહ ઠલવાય, ચઢયું તે તો ઉતરશે;
લીલું તે સૂકાય, નવું તે જુનું થાશે;
આવરદા વશ સર્વ, કાળ સૌ કોને ખાશે;
જો કિન્નર જક્ષ ને રાક્ષસો, દેવ ગાંધર્વ ને દાનવી;
મઘવાદિક પણ પોતે મરે, કોણ માત્રમાં માનવી.

ગયા ઇંદ્ર કઇ કોડ, ગયા બ્રહ્મા કઇ ભૂલ્યા;
ગયા કરોડો કામ, અડગ શુરા પણ ડુલ્યા;
ગયા દેવ દિગ્પાળ, ગયા માન્ધાતા મહિપત;
ગયા જિલિય હરિશ્ચંદ્ર, ગયા છાકેલ છત્રપત;

વણી ગયા જનકને જાદવો, જે વણી લાવ્યા જાદવી;
સ્થિર થાવર કોઇ રહ્યાં નહીં, કોણ માત્રમાં માનવી.
ચિરંજીવી નહિ કોઇ, ગયા માન્ધાતા મહિપત;
ચિરંજીવીનહિકોઇ,ગયાવહીઅગણિત અહિપત;
ચિરંજીવી નહિ કોઇ, ગયા અધિકારી ઇંદ્ર;
ચિરંજીવી નહિ કોઇ, ગયા કઇ સૂરજ ચંદ્ર;
વણી ગયા રામ ને રાવણા, ગયા દેવ ને દાનવી;
સતવાદી સલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવી.
પેસે અરણવ નીર, તીર ગંગાને ઘેસે;
ચઢે જો પર્વત મેર, કદી પાતાળે પેસે;
પર્વતમાંહિ પ્રવેશ, કરે આપે બહુ એકાંતે;
ઓષડ અમૃતાહાર, ભમે ભલાભલા ભ્રાંતે;
કિંકર રાખે કઇ કોટિધા, સંચ પ્રપંચ ઘણા કરે;
સામળ કહે સૌ સાંભળો, મોત આવ્યે નિશ્ચે મરે.
જાય જોરાવર શરણ, પ્રીતે પાતાળે પેસે;
પેસે અરણવ નીર, મેરૂ માથે જઇ બેસે.
જાય શેઝને શરણ, રવીરથ આગળ ચાલે;
મંત્ર જંત્રના જાપ, કરી મઘવા સંગ માલે;
કદી સંચ પ્રપંચ કરે ઘણા,રવિ મંડળ આખું અટે;
પણ સામળ ભટ સાચું કહે,મરવાનું તો નહિ મટે.
રાખે લખ રખવાળ, લોહ પિંજરમાં પેસે;
અરણવ વિચ આસન, વાળીને જો કોઇ બેસે;
વજર ચુકા ગંભીર, માંહી કોરાવી માણે;
ઇંદ્રજાલ વિદ્યાય, જુગતથી જો વણી જાણે;
સંભાળી સાચવી સાંચરે, કોટિ જતન કોડે કરે;
જાળવતાં પણ જીવે નહિ, મોત આવ્યે નિશ્ચે મરે.
માત પિતાનો ભોગ, જોય વીરજ બંધાયું;
રૂધિર માંસ ને હાડ, શરીર તેનું સંધાયું;
નસો જળ નખ વાળ, સંગ લઇ સાંધા મેલ્યા;
પંચ ભૂતના ભાગ, લાગ ભમવાને ભેળ્યા;
મમતા માયા અહંકાર અતિ,વાયુરૂપ કોઇક વરત્યે;
સામળ જળ પરપોટો જથા, કહો ગર્વ તેનો કરત્યે.
મારૂં મારૂં કહે, મુઢ, કારમી કાયા માયા;
અજ્ઞાને આરૂઢ, અંધ થઇ ધંધે ધાયા;
આ મારૂં ઘરસૂત્ર, પુત્ર મારો પરણાવું;

ઘડપણ પાળે મને, આજ ભલિભાત ભણાવું;
પણ જેમ દીપક વશ છે વાયુને,કાચો કૂપો કાચનો;
સામળ કહે મુઢ મમતા કરે,એવા શરીર અસાચનો.
કોઇ કહે આવ્યો તાવ,કોઇ કહે થયું કોગળિયું,
કોઇ કહે કરડયો નાગ,કોઇ કહે વાસી વળિયું;
કોઇ કહે વાધ્યો રોગ, કોઇ કહે શસ્ત્રજ વાગ્યું;
કોઇ કહે મારી મુંઠ, કોઇ કહે પાપજ લાગ્યું;
ઇશ્વર માથે લેતો નથી,જગતમાંહિ મહિમા જુએા;
સામળ કહે સૌ સાંભળો, મોત આવ્યું તેથી મુએા.
નાઠે ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ જાય;
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે પણ થાય;
નાઠે ન મુકે તાવ, પાપ નાઠે નવ છુટે;
નાઠે ન રહે લાજ, ચોર કે હાકમ લૂટે;
દહિ નાઠે મોત મુકે, નહીં, પ્રસવ્યો ત્યાંથી પાસ છે;
કવિ સામળ ભટ સાચું કહે, નામ સર્વનો નાશ છે.

સ્ત્રીના દોષ વિષે.

નારી નીચ સ્વભાવ, અજીત નવ જાયે હારી;
પર પુરૂષાસું પ્યાર, મરદને નાખે મારી;
વિહવલ ચિત્ત મન મદન,રૂદન કરતી વણ વાકે;
સાચી કોઇ ન દીઠ, જુઠ અતિ આડે આંકે;
શિખામણ તેની સાંભળી, મનમાં તુરત ન માનિયે;
સામળ કહેકદી શાણી ઘણી,પણ પ્રમદા બુદ્ધિ પાનિયે.
સ્ત્રીચરીત્ર બહુ લાખ, નીચ મતિ જુગતે જોડે;
લાખ દિવસની પ્રીત, રીત રંજકમાં તોડે;
હશે વિના પ્રસ્તાવ, ભાવ હિણુ ભલપણ છંડે;
કઠણ હૃદય વણી કુમતિ, મમત પોતાને મંડે;
વળી ગરજ પડેગરૂવી ઘણી સ્વામિ સાથ સમર્થસદા;
વળી સહજ વાતમાં શાપદે, કલંક વાત કહે કદા.
અતિ લાલચ ને લોભ, થોભ જુગતે જુઠાનો;
આળસ નિંદ્રા અંગ, રંગ હૃદયે રૂડયાનો;
નિર્દય ન ગણે નેહ, દેહ મેલી મેલું મન;
સ્વસુર પક્ષ પર ખાર,ઘણો આહાર જુવતિ જન;
નિર્લજ્જ શબ્દે નહિ નમ્રતા, અતિ સ્વભાવે જાણવી;
વળી આપ મતે ડાહી ઘણી,અધિક નીચ ઉર આણવી.
મુખ ઉપર નહિ મૂછ, તુચ્છ દીસે નહિ ડહાડી;

કરે નીચનો સંગ, અંગ હીંડે ઉઘાડી;
નદી તળાવે જાય, ધાય પર મંદિર પેસે;
પરપુરૂષ મગ્ન, નગ્ન થઇ નહાવા બેસે;
મુખ બિંદુ શ્યામ નાકે નથન,કથન જુઠ જોતાં કહે;
ચિત્ત ચતુર પુરૂષ ચેતી જુઓ,માનનીસું મન કેમ રહે.
સ્ત્રી વશ સૂર્ય ને ચંદ્ર, ઇંદ્ર તરૂણી વશ જ્યારે;
સ્ત્રી વશ દેવ મહાદેવ, મોટિ માયા તે ત્યારે;
સ્ત્રી વશ રૂડા ગામ, સ્ત્રી વશ મુનિવર મોટા;
સ્ત્રી વશ સઘળી સૃષ્ટિ, છેક મોટા નેં છોટા;
વશ વરતે નર સહુ તે તણે, જુવાની જ્યારે ઘણી;
કવિસામળકહે અજિતએ,તરાતેમ ઘણી તરૂણીતણી.
ઘડિમાં આપે સૂખ ઘડિકમાં દુઃખ દેખાડે;
ઘડિમાં ચાંપે ચરણ, ઘડિકમાં મરણ પમાડે;
ઘડિમાં ભોળવી લહે, ઘડિકમાં સરવશ આપે;
ઘડિ એકમાં કહે વીર, કંથ ઘડિમાં કરી થાપે;
વળી ઘડીએકમાં વિખ દિયે,પરણ્યો તજી પરસું રહે;
કવિ સામળ ભટ સાચું કહે,બુદ્ધિહીણી તે કયમ ગિહે.
સ્ત્રીના વાંક હજાર, તોય તેને નવ હણવી;
ડહાપણ દેશ હજાર, તોય મૂરખમાં ગણવી;
સતી શિરોમણિ શુદ્ધ, તોય જશહીણી જારી;
હઇડે અધિકું હેત, તોય તે નાંખે મારી;
નારી અવગુણ ગણવા નહી,ચતુર ન ગણવી ચુકવી;
સામળ કહે છે હણવી નહીં,માનનિ જિવતિ મુકવી.
કૈકે માર્યા કંથ, કૈકે પરણ્યા પરહરિયા;
કૈકે ઉંચ અમીર, તજી કિંકર વર કરિયા;
કૈકે કુટુંબ પરિવાર, તજી ચિત્ત બીજે ચાલી;
કૈક મહિપતિને મેલી, માનની ગમતે મહાલી;
કૈક સાસુ નણંદ સંહારિયાં,માત પિતા મર્દન કર્યાં;
એ જુવતિ જાત છે જક્ષણી, જોર જોરાવરનાં હર્યા.
ઉંચતણી અર્ધાગ, નીચ નીચાને ન્યાળે;
ઉંસ રાખે દિલમાંહી, વેર કોઇક દિન વાળે;
પાપથી ન બિહે પલક, બાપના પરિયા બોળે;
પોતે હોય પાંસરી, તરૂણિ તો પર્વત તોળે;
હઠ કરતી સાથ હઠે નહિ, પુત્ર પતી ભા બાપની;
કામની કલંક ભરી બરી, સામળ શાસ્ત્રે છાપની.

34783

જન્મ સમે તે જનનિ,જુવતી નેણનમાં ભાણું;
લોમ કાળ ભારજા, પેટ પુત્રી પરમાણું;
બહુ સગપણના બોલ, રૂપ માયા એ મહાલે;
અગમ રૂપ આકાસ, ક્ષિતીરૂપે ચિત્ત ચાલે;
આદ્ય શક્તિ એ આદિ તે, આગળ શું ડાહ્યા થવું.
છે કાળરૂપ એ કાલિકા, ત્યાંથી થયા તેમાં જવું.
લજ્જાને નહિ લાજ, સત્ય તેને નવ સૂજે;
કરે ન રૂડું કાજ, પ્રભૂને પણ નવ પૂજે;
સ્યામાને શી શર્મ, ધર્મ કે ધ્યાન ન ધારે;
નારીને નહી જ્ઞાન, હોડ કરતી નવ હારે;
કામનિ આંખે દેખે નહીં,જાણે નહિ દિન જામની;
સામળ કહે સૂજ પડે નહીં, કામાતુર જે કામની.
નારી તે તો નીચ, ન રહે પોતાને ધર્મે;
નારી તે તો નીચ, કલંક ચઢાવે કર્મે;
નારી તે તો નીચ, પતિવ્રતપણું ન પ્રીછે;
નારી તે તો નીચ, અન્ય નરને જે ઇચ્છે;
નીચમાં નીચ તે નારિયો, પર નર સાથે પ્રીતડી;
સામળ નારી સમસ્તની, રૂડી નહિ કો રીતડી.
નીચ નમેરી નાર, પિયુને મારી નાંખે;
ખાધું પીધું ખરિખાંત,સ્નેહ સગપણ નવ સાંખે;
વિનતાનો વિશ્વાસ, કરે તે જઠ જન જાણો;
નારી ન ગણે નેહ, રંક કે ન ગણે રાણો;
સઉ નાર સતી છે સાધવી,સ્નેહ સ્વામી સાથે સદા;
પણ દુશ્મનપણું તે દાખવે, કલંક કહિએ જો કદા;
રાખે બહુ રખવાળ, પાળ લોઢાની બાંધે;
મેલે અરણ્યમાંહિ, સહસ્ત્ર પ્રપંચે સાંધે;
ઓગઢ કરે અનેક, વિવેકે વનિતા રાખે;
પલક ન મેલે પુંઠ, ભલપણે ભાષા ભાખે;
નર શુર પૂર સંગ્રામમાં, ત્રાસે નહિ રિપુ તાપથી;
તે સ્ત્રીને રાખી નવ શકે, રહે નારી નિજ આપથી;
સ્ત્રીની બુદ્ધિ કુબુદ્ધિ, સવળાનું અવળું ધારે;
રિપુને રાખે શરણ, મિત્રને મરડી મારે;
કુલહીણો કે કપુત, જુવતી તેનો જશ જાણે,
દાતા હિલ દરિયાવ, તેના અવગુણ ઉર આણે;
મૂરખ કેરા જે મહિયતી, સ્ત્રીનું વાત કરે છાનિયે;

સામળ કહે સ્ત્રી હોય સાધવી, પૂર્ણ બુદ્ધિ પણ પાનિયે.
રામા ન જુએ રૂપ, નહિ વિદ્યા કે વાણી;
જાત ભાત નવ જુએ, પરાક્રમ કે નહિ પાણી;
ન જુએ કુળ કે શીળ, નહીં પંડિત કે પૂરા;
નહિ ભિક્ષુક કે ભૂપ, નહીં કાયર કે શુરા;
વિદ્યા વનિતા ધન વેલડી, ચપળ ગમે ત્યાં જઇ ચડે;
જે પાસ વસે ત્યાં પ્રીતથી, ફોકટ ફાંદામાં પડે;
પંડિત કેરી નાર, મૂરખનું મોળે માણે;
કુળવંતાની નાર, નીચને પુરૂષ પ્રમાણે;
જરવંતાની જુવતિ, વાણોતર સાથ વળુંધે;
નરપતિ કેરી નાર, ગમાર ગોલાશું ગંધે;
શુરા કેરી જે સુંદરી, કાયરને કાયા દિયે;
સામળસ્વભાવ શ્યામાતણો, બુદ્ધિહીણ તેકયમ થીયે.
સ્ત્રીના પેટમાં વાત, છેક તો ન રહે છાની;
કરે ઉજજડ બધું ગામ, હોય જો મનની માની;
સ્ત્રીને છાની વાત, કહે તે મૂરખ માનો;
સ્ત્રીને છાની વાત, કહે તે શાણો શાનો;
સ્ત્રી આગળ છાની વાત તે, જગ બધે જાહેર થશે;
સામળ કહે સ્ત્રી વિફર્યા થકી, અનર્થ વધતો વાધશે.
સ્ત્રીના પેટમાં વાત, રહે ન ભલી કે ભુંડી;
સ્ત્રીએ જાણી જો વાત, દેશમાં વાગે ડુંડી;
સ્ત્રીને છાની વાત, કહે તો કાળજ ખુટયો;
સ્ત્રી સાથે એકાંત, કરે તો રામ જ રૂઠયો;
પ્રમદાએ બહુ નર પરભવ્યા, મમતે કઈને મારિયા;
અનમી શુરા અહંકારી પણ, હોડ હઠીલા હારિયા.
ઇંદ્રે અહલ્યા નાર, ભોગવી ભારે ભૂપે;
શિવજી સમો સમર્થ, રિઝયો ભિલડીને રૂપે;
પારાશર પુણ્યવંત, મુનિ મચ્છગંધા માણી;
ચંદ્ર સરખો ચતુર ભુલ્યો ગોરાણી જાણી;
હરિ હર રાજા રાજેંદ્ર પણ, પ્રમદા દેખી બહુ પડયા;
સામળ કહે સાધક સિદ્ધ નર, નારીએ સહુકો નડયા.
સીતા સતી સ્વરૂપ, રણે રાવણ રોળાવ્યો;
દ્રુપદી દેવી દયાળિ, કુરૂકુલ નાશ કરાવ્યો;
રૂડી રેણુકા રૂપ. ઠીક નહિ બુદ્ધિ ઠરાવી;
નક્ષત્રિ અવની એહ, વાર એકવીશ કરાવી;

કૈયાકિચક સ્ત્રીથી મુઆ, હાડ કોડ સહુ હારિયા;
સામળ શુરા પૂરા સહુ, માનનિયે બહુ મારિયા;
એવા લાખ કરોડ, કુળવંતાને કળિયા;
કૈયાકિચક શત ભ્રાત, એક ચિતામાં બળિયા.
કૃષ્ણ જગત્કર્ત્તાર, જુવો કુબ્જાને વરિયો;
કપટે બાળ્યો કામ, જગત તેમાં શો કરિયો;
ભામનિયે સૌને ભોળાવ્યા, દેવ મુની ને દાનવી;
સામળ કહે જીત્યા દેવતા, કોણ માત્રમાં માનવી.
નારીને વશ નાથ, બુદ્ધિ તેની તો બાળો;
નારીને વશ નાથ, કર્મમાં, અક્ષર કાળો;
નારીને વશ નાથ, મરદ જીવતો તે મૂઓ;
નારીને વશ નાથ, હડકવા તેને હુઓ;
નારીને વશ જે નાવલો, અધમ કામમાં એ અડયો;
સામળ કહે એમાં શું વળ્યું, પરાક્રમે નરકે પડયો.
કામનીને વશ કંથ, તોલ પણ ન રહે તેનો;
કામનીને વશ કંથ, જગતમાં જશ નહિ જેનો;
કામનીને વશ કંથ, પુણ્યની પેર ન પ્રીછે;
કામનીને વશ કંથ, ઉપાસન એક ન ઇચ્છે;
કામનીને વશ જે કંથડો, પતિજ તેની નવ પડે;
સામળ કહે છે સત્ય માનજો, જશ તેને તો નવ જડે.
મૂરખનો સરદાર, જેહ ધન જુગટે ખુએ;
મૂરખનો સરદાર, પરાયું પાપ જ પુએ;
મૂરખનો સરદાર, ભૂતનું સાધન સાધે;
મૂરખનો સરદાર, શિવ વિણ અન્ય આરાધે;
જન મૂરખનો સરદાર જે, પ્રભુ ભજતાં આળસ કરે;
સામળ કહે મહિપતિ મૂર્ખનો, નારી નેહ હૃદે ધરે.
નારી વશ જે નાવ, તેની બુદ્ધિનું બુડયું;
નારી વશ જે નાવ, તેહ ભુંડામા ભુંડું;
નારી વશ જે નાવ, રાય પણ રાંડ સરીખો;
નારી વશ જે નાવ, પુરૂષ પણ પશુ પરીખો;
નારીને વશ જે નાવલો, દુઃખિયો દીસે દેહનો;
સામળ કહે જીત્યો સુંદરી, અફળ જન્મ તો એહનો;
જુવતી જીત્યો જેહ, તેહ જોખમમાં જાણે;
જુવતી જીત્યો જેહ, તેહ પાપી પરમાણે;
જુવતી જીત્યો જેહ, કરે નહીં સુકીત કોડે;

જુવતી જીત્યો જેહ, હારી બેસે તે હોડે;
જન જે જુવતીએ જીતિયો, ગણતિમાંથી તે ગયો;
સામળ કહે શ્યામાજીત નર, તરણાથી હળવોથયો.

સ્ત્રીના વખાણ વિષે.

મળે કામની કંથ, પ્રથમ તો લજ્જા પામે;
મળે કામની કંથ, નેણ તે નીચાં નામે;
મળે કામની કંથ, સ્નેહનાં વાયક સૂઝે;
મળે કામની કંથ, જોર જોબનનું જુઝે;
જ્યાં મળે કંથ ને કામની, હાવ ભાવ મનમાં ભરે;
પકડે તે તરૂણથી તોલ ત્યાં સામળ કહે શોભા ધરે.

રામા રત્નની ખાણ, જાણ એ રંભા રૂડી;
ધરે સોળ શણગાર, હાર કંઠે કર ચુડી;
શોભે જળહળ ગેહ, દેહ કોમળ શુભ સાજી;
શોભા કેરૂં સદન, વદન હસી રાખે રાજી;
ભડ ભોજ કરણ વિક્રમ અને, હરિશ્ચંદ્રની હારના;
પંડીત ચતુર પુર પાટવી, નૃપતિ નેટ પર નારના.

જે ઘરમાં ઘરનાર, દામ ઊધારે દેશે;
જે ઘરમાં ઘરનાર, પિંડ પિત્રી પણ લેશે;
જે ઘરમાં ઘરનાર, તોજ મેણું શિર ટળશે;
જે ઘરમાં ઘરનાર, માન માણસમાં મળશે;
ઘરનાર જેહને ઘર હશે, શોભિત શાહસરસજ્જસો;
ઘરનાર વિના નર નિર્બળો, શાહ તોય તસ્કરતેસો;
નાર વિના નર રંક, સંગ રાખે નહિ કોઇ;
નાર વિના નર ચોર, જોર જર બેસે બોઇ;
નાર વિના નર નિર્બળ, સબળ રાખે નહિ સંગે;
નાર વિના નર દીન, હીન સુખ એકલ અંગે;
ચતુરા વિણ ચાલે નહીં જગતમાંહિ રહે જ્યાહરે;
સામળ કહે છે શ્યામા કશી, તજે જગતતોત્યાહરે.

જોબનમાં દે રંગ, સંગ સુખ ટાઢક તનની;
વાલપણે કરી વાત, મટાડે પીડા મનની;
સુખ દુઃખમાં સમ ભાગ, રાગ રૂડે ગુણ ગાતી;
ચતુરા ચિત્ત હરનાર, સાર ઉરમા મદમાતી;
વળી વૃદ્ધપણે સેવા કરે, દેખ્યાથી દિલ દુઃખ ટળે;
એ અંતકાળ અળગી નહિ, બહુ સ્નેહે સાથે બળે.
રાખે કંથની રીઝ, કામ કરતા દિલ દાખી;

પિયું ઘર કામ, પ્રધાન, હોય મધુરીમુખહાસી;
કંદ્રપ વેળા કામ, ખરૂં દિલ રિઝવે ખાંતે;
વેલી સેવામાંહી, ઘણી રૂપાથી ઘાટે;
પતિવ્રતપણું પાળે ઘણું, નર ઉપર દિલ નેહનું;
કવિ સામળ કહે શોધી મળે, તરૂણીનામજતેહનું;

નારી તેનું નામ, કરે સ્વામીની સેવા;
નારી તેનું નામ, દીલથી જાણે દેવા;
નારી તેનું નામ, દુઃખ સુખ ઘટતાં લહિયાં;
નારી તેનું નામ, સ્વામીના અવગુણ સહિયાં;
વળિ નારી જે નમી ચાલશે, નારી સફળ ફળે ફળે;
જીવે ત્યારે જશ જીતિ લે, અંતકાળ બાંહે બળે.

નારી દેખી નર લાખ, ભોળવણા કઈ ભટકયા;
જોગી મૂકયા જોગ, કંઈક સંન્યાસી સટકયા;
સિદ્ધ તજી સિદ્ધાઈ, બ્રહ્મચારી કઈ ભમિયા;
પંડિત તજી પુરાણ, રંગ રામાસું રમિયા;
વળિ વ્રત મૂકયાં કઈ વરતિયે, વગોવ્યોવેષવેરાગિયે;
સઉ સ્ત્રી સુખમાંહી શમીગયા, તરૂણીનતજીત્યાગિયે.

પશુ ચરે છે તરણ, રહે છે રણમાં રમતાં;
નર નારીની જોડ, ભાળિયે સાથે ભમતાં;
ઉડે પંખી આકાશ, જુઓ તેનું પણ જોડું;
કોણ ઉંચ કે નીચ, ગધેડું કે કાં ઘોડું;
સુર અસુર નાગ કિન્નર વિષે, દેવી નાગણ દાનવી;
મન ગર્દ કર્યો છે મેરિયે, કોણ માત્રમાં માનવી.

નાર વિના નર રંક, દામણો દીસે દેહે;
નાર વિના નર રંક, દિસે ગુણહીણો ગેહે;
નાર વિના નર રંક, નહીં ધન ધીરે કોય;
નાર વિના નર રંક, હરી પૂજન નવ હોય;
નિર્બળ છે નર નારી વિના, ભોગ કશા તે ભોગવે;
અવગુણ અદકાઅયુતેગણા, જુવતીવણુનર જોગવે.

નારી નરનું અંગ, સુખ દેયણ કર સેવા;
ભળે પુણ્યમાં ભાગ, લાભ જશ લાખો લેવા;
શ્યામાથી સંતાન, ધર્મ બુદ્ધિ તે ધારે;
પ્રગટે પુત્ર સપૂત, કુળ ઇકોતેર તારે;
કુળ શુદ્ધ મળે જો કામની, સ્વામીને સુખ દેસતી;
હું એમ વિચારૂં આપથી, પુણ્યવંત તેનો પતી.

માનનિ મોટે મૂલ્ય, મહા માયા એ મોટી;
જિતવા ઇચ્છે, જેહ, તેહની ખાંતજ ખોટી;
સ્વર્ગ મૃત્યુ પાતાળ, લેઇ ભારત જે ભણિયા;
ઊંચ નીચ ને અમિર, સર્વ જુવતીએ જણિયા;
સ્ત્રી ખરા રત્નની ખાણ છે, મોટી પુરૂષથીપ્રીછનો;
સઉ શાસ્ત્ર શાક્ષી સામળકહે,અંતરમાંસઉ ઇચ્છનો;
નિર્મળ મનની નાર, સ્વામિને સ્વર્ગ પમાડે;
જુવતી જોબનમાંહિ, રીઝથી રંગ રમાડે;
ઢાંકે કૂલ કલંક, સરસ ચલવે ઘરસૂત્ર;
વધે તેહથી વંશ, પ્રસવે પૂત્ર સુપુત્ર;
વળી હોય સતીશુભસાધવી; પુન્યવંતિ તે પારખી;
છે નીચ કોઇકજ નારિયો,સ્વભાવેસઉનહિ સારખી.

ભિક્ષુક અને રાજકન્યાનો સંવાદ.

બ્રાહ્મણ–હું કુશકા તું શાળ, શિયાળ હું તો તું સહિયે;
હું પડતર તું ક્ષેત્ર, પટંતર એવો કહિયે;
હું કથીર તું કનક, કૂપ હું તો તું સિધુ;
હું આગિયો તું અરૂણ, ળું તારો તું ઇંદ્ર;
હું કીડી કુંજર તુલ્ય તું, કયાં પાષાણ ઝવેરડી;
ફટ ફટરે રાજકુમારિકા, દીપક લેઇ કુવે પડી.

રાજકન્યા–જયમ ગૌતમ અહલ્યા, જયમ સીતા ને રામ;
જયમ રૂકમણી ને કૃષ્ણ, કહું જયમ રતિ નેકામ;
જયમ તારા ને વાળિ, જયમ નળ ને દમયંતી
જયમ પાંડવ પંચાળિ, ચંદ્ર રોહિણી ગુણવંતી;
વળિ જેમ વસિષ્ટ અરૂંધતી, જેમ રત્નાદે ને રવી;
ત્યમ તું વર ને હું કન્યકા, કહી ગયા મોટા કવી.

બ્રાહ્મણ–મારે માગવી ભીખ, સદાવ્રત તું તો આપે;
હું જાચું જન નીચ, કષ્ટ તું કઇનાં કાપે;
હું ચોળું તન રાખ, તું તો સોને શોભાવે;
મારે જીરણ વસ્ત્ર, તું તો પટકુળ ઓપાવે;
વળી હું તો કરંછું કાસદું,તું ચડી સુખ પાલે ફરે;
ફટ ફટરે ઘેલી ગોરડી, વિપ્ર ગરીબને કયમ વરે.

રાજકન્યા–જયમ ખીચું ને ભાત, છડી અક્ષર જયમછાપે;
જયમ અરણ્ય મરજાદ,વજન તોલા મણ માપે;
રાત દિવસ જે રીત, જેમ વાદળ ને તડકો;
જેમ પવન આકાશ, ઘડી પાણીવળ પલકો;

આવરદા આખી સૃષ્ટિની, સુખ દુઃખ ટાળ્યાં નવ ટળે;
હું ભામનિ ને ભરથાર તું, નાઠે મારગ નહિ મળે.

બ્રાહ્મણ—ન ગમ્યો કોઇ નરેશ, ગમ્યો ન પ્રતાપિક પૂરો;
ન ગમ્યો કરમી કોઈ, ગમ્યો નહિ સામદ શુરો;
ન ગમ્યો કોઈ વણીક, ગમ્યો નહિ નૈાતમ નાગર;
દાતા કે દેશાઇ, ગમ્યો નહિ સુમતી સાગર;
કો ન ગમ્યો ગામ ગરાસિયો, નગમ્યો મેહેત્રાસી તને;
પ્રધાન પાટવી પરહરી, ખોળી કાઢયો તેં મને.
ઘડા જેવડું રત્ન, છેક રહેશે ક્યમ છાનું;
તમે કહ્યે પ્રતિ બોલ, તેહ હું તો ક્યમ માનું;
તમ માટે મુજ જીવ, જરૂર જોતામાં જાય;
તારે શીર કલંક, દેશથાં દર્શીત થાય;
બે મુજને હોય મરાવવો, પરવશ પડવું તાહરે;
અરે હાણ અને હસવું થશે, જગત જાણશે જ્યાહરે.

રાજકન્યા—ઇશ્વરકેરી આણ, નામ લેવા દેઉં તારું;
તારું પડે જ્યાં ચુંક, મળે રૂધિર ત્યાં મારું;
કુદૃષ્ટિ તુજને જુએ, ચક્ષુ બે તેનાં કાઢું;
વાઢે નખ દે દુઃખ, વેધી તેનું શિર વાઢું;
બે કદાપિ જીવ જોખમ થશે, ભકિત તારીમાં હું ભળું;
હાકમ પટેલ હાજર છતાં, શરીર તુજ સાથે બળું.

કવિ—રામા ન જુએ રૂપ, જુએ નહિ કુળ કે કાયા;
ભામની ન જુએ ભૂપ, મળે જ્યાં મનની માયા;
જુવતી ન જુએ જાત, નહિ પંડિત પૂરો;
ન જોએ ઉંચ અમીર, તથા સતવાદિ શુરો;
કામની તો કામાતુર જુએ, કે મન માને કામની;
વધિ જાય નિમિષમાં નીસરી, ભુંડી હોય જે ભામની.
રૂડી રાજકુમારિ, હિંચે હીંચોળા બારે;
પરિમળ પુષ્પો પાન, પોઢતી પલંગ પારે;
સજે સોળ શણગાર, અંબેરે જુગત જડાવે;
અમા અમા કહે અલક, લક્ષ્મણા લાડ લડાવે;
તેવી તરૂણીનું તો જુઓ, વિપ્ર સાથ મનડું વસ્યું;
ભિક્ષા માગી ભોજન કરે, કહે સામળ કારણ કશું;
લે કામિનીની કેડ, વગર મોતે તે મરશે;
લે કામિનીની કેડ, હરખ હિત હારદ હરશે;
લે કામિનીની કેડ, જીવ જર જશ તે જાશે;

લે કામિનીની કેડ,અધિક અતિ અનર્થ થાશે;
દુઃખ દેશે કે દંડાવશે, મરશે કે તે મારશે;
જે કેડ કામિનીની લહે, સામળ હોડે હારશે.
સુરા પિયે જે નાર, જુએ વનવાડી સરવર;
જત્રામાં નિત્ય જાય, તેહ સાથે પરઘર નર;
વાલાં અતિ વાજિત્ર, ગાન ઉપર દિલ દોડે;
અતિ ચપળાઇ ચિત્ત,હાંસ અતિ માણે મ્હોડે;
જતિ લોભી અને લાલચી,અતિનિઃશંક પરઘર મટે;
સામળ કહે કુળ શુદ્ધ કામની,એ લક્ષણથી ગુણ ઘટે.

જુવાનીના જોર વિષે.

જેને જુવાની જોર, પુન્યની વાત ન પ્રીછે;
જેને જુવાની જોર, કંશ અર્થ કંઇ નહિ ઇચ્છે;
જેને જુવાની જોર, પરસ્ત્રી ઉપર પ્રીતિ;
જેને જુવાની જોર, રૂડી નવ રાખે રીતિ;
છે જોર જુવાની જેહને, અંધ તે આડે આંક છે;
સામળ કહે ચુકયા ચતુર નર,વણ બુદ્ધિનો શો વાંકછે.
હસ્તી જોબન હોય, જ્યારે મદમાતો મહાલે;
અશ્વનું જોબન હોય, મશાલા ચરી જ્યાં ચાલે;
ષેંશનું જોબન હોય, ભલો જ્યારે ભાદરવો;
નરનું જોબન હોય, પુત્ર દોલત તન નરવો;
રાજાનું જોબન રાજ્ય છે, પરિપૂરણ સમરથપણું;
કામનિનું જોબન કંથ છે,સામળ કહે શું કહું ઘણું.
કઇ જોબનમાં જર, રૂડી રામાશું રમિયા;
કઇ જોબન જશવંત, ભાગ્યશાળી થઇ ભમિયા;
કઇ જોબન જર,કાજ, જુઠ કરતાં નવ જોયું;
કઇ જોબન જશ લીધ, ધર્મ કરી પાપજ ધોયું;
કઇ જોબનમાં જીતી ગયા, હરામી હોડે હારિયા;
જોબનમાં તે જીવતા રહ્યા, કંઇ માયાએ મારિયા.
કઇ જોબનને જોર, જગતમાં બનિયા જોગી;
અડસઠ તિરથ અટન, ભાવ ભરપૂરે ભોગી;
કઇ જોબનને જોર, પ્રસિદ્ધિ પામ્યા પ્રાણી;
કઇ જોબનને જોર, ભણ્યા વિદ્યા રસ વાણી;
જે સત્ય અસત્ય ભુંડું ભલું,જોબનમાં સ્થિર થાયછે;
સામળ કહે જોબન જોરમાં, વેગે જન વહિ જાય છે.
રમઝમ કરતી રંભ, રહે પાણી ને પોષી;

થયાં શિથિલ ગુણ માત્ર, દેશ જન કે હશે ડોશી;
હતું નેણનનું નેર, નર ગુણ તેના ગાતા;
પડી ગયા પછી દંત, મોટપદ કહે સહુ માતા;
વાંકા અંબોડા વાળતી, શુભ શણગાર ધરે સહુ;
ધોળે કેશે કર લાકડી, બુઢ્ઢી થઇ દીઠી બહુ;
ધોળા થાશે કેશ, ડાડી કહેવાશે ડોશી;
વિપરિત થાશે વેશ, તનુ પાણી ને પોશી;
થર થર ધ્રુજશે થુળ, નમી જાશે બે નેણાં;
પડે દેહમાં વેહ, વદાશે વિપરિત વેણાં;
વળી લીંટ ચુશે બહુ નાકથી, બેય કાન બેરા થશે;
સેવો પ્રભુને સામળ કહે, નેણન નેર ઝટ વહી જશે.

જ્યમ વાદળની છાંય; ચાર પળનો છે ચટકો;
મનમાં ચેતો મનુષ્ય, ખરો રાખીને બટકો;
રાખ્યું તો નહિ રહે, રૂપ ને નેણન રૂડું;
વૃદ્ધ થઇ જશે વેષ, કલંક રહે તે બહુ કુડું;
છે કોણ રંક કે રાણિયો, રૂપ વૃદ્ધ ને બાળનું;
સામળ કહે રાખ્યું નવ રહે, સર્વ ચવેણું કાળનું.

સદ્‌ગુણ દુર્ગુણ વિશે.

ઇંદ્રવારણાં હોય, કોય બાંતે નવ બાય;
આવળકેરાં ફૂલ, તેથી શિવ નવ પૂજાય;
ઝાકળકેરાં નીર, તૃષા તેથી નવ ભાંગે;
બગલા ઉજ્જવલ હોય, હંસને કામ ન લાગે;
દેખાય કરા મોતી સમા, આભ્રણ નવ ઓપે અશાં;
કવિસામળકહે સાંભીન્નુઓ, ગુણ વિણ રૂપ કહોકશાં.

કામ ક્રોધ ને લોભ, મોહ માયા નવ મંડે;
અહંકાર અભિમાન, છક્ક છળ ભેદ જ છંડે;
પરધન ને પરનાર, તજે પરનિંદા પ્રીતે;
સત્ય સાથ સંબંધ, રનેગુણ રાખે રીતે;
દે દાન માન સન્માન શુભ, પરમારથ પ્રીતે કરે;
જો ગૃહસ્થમાં ગુણ એટલા, તો ઇકોતર ઉદ્ધરે

પ્રતિદિન પ્રાતઃકાળ, સ્નાન સંધ્યા શુભ શેવા;
ગંગાજળ સમ ગણે, પિતા માતા ગુરૂદેવા;
ગાય વિપ્રનાં વૃંદ, તુળસી પીંપળને પૂજે;
જીવે આઠે જામ, સત્યની વાણી સૂજે;
ભોજન કરાવી ભોજન કરે, યથાશક્તિ દાતા દયા;

સામળ સદગુણી ગૃહસ્થ તે,સહજમાંજ સ્વર્ગે ગયા.

લોભીને પ્રિય લોભ, જારને વહાલી જારી;
સુભને વહાલું દ્રવ્ય, પુરૂષને વહાલી પ્યારી;
શુરને વહાલું શસ્ત્ર, મૂરખને મૂર્ખ વખાણે;
રાગીને પ્રિય રાગ, જોગી જોગીને જાણે;
ગુણ સાથે ગુણ જેના મળે, તો ત્યાં પૂરણ પ્રીત છે;
કહે સામળભટ સહુ માનજો, એજ અનાદિ રીત છે.

છાનું ન રહે પુન્ય, રહે નહિ છાની છત્યે;
છાનું ન રહે ખુન, છાની ન રહે ગુણ ગત્યે;
વિદ્યા છાની ન રહે, રહે નહિ છાની પ્રીતી;
છાનો ન રહે શુર, રહે નહિ છાની રીતી;
દાતા ઝુઝાર જ્ઞાની ગુણી, વ્યસન વાદ વિદ્યા વિધી;
વળિ દાન માન સનમાન શુભ,ન રહે સિદ્ધિ રિધી.

છાની ન રહે છેક, રીત ભુંડી કે રૂડી;
ઘરમાં કરિયે ગુહ્ય, દેશમાં વાગે દુંડી;
છાનો ન રહે પુરૂષ, શુર કાયર કે દાતા;
છાનું ન રહે છીદ્ર, ભ્રાત ભગની કે માતા;
વણી વિદ્યા છાનિ નહિ રહે,લિલા લેહેર લક્ષ્મીતણી;
કદિ છાનું પાપ રહે નહીં,ખોદી ઘાલ પૃથ્વી ખણી.

નમે આપને જેહ, સમધા તેને નમિયે;
દમે આપને જેહ, તેહને દશધા દમિયે;
પાય આપને નીર, દૂધ તેનેં તો દઇએ;
કરે આપણો ઘાત, જીવ તેનો તો લઇએ;
ઘાસે આપણુને દામ દશ, જર ઝાઝો દઇએ સહી;
જે ગુણ અવગુણ નહિ જાણશે,પિત્રિ પિંડ લેશે નહીં.

રાજાને છે સાલ, ફટાયો ભાઇ ફૂટે;
એક પ્રજાને સાલ, ભૂપ, વણ વાંકે લૂંટે;
વેપારીને સાલ, પટંતર પટકુળ નાંખે;
પુરૂં પુરૂષને સાલ, ભામની ભુંડું ભાંખે;
શ્યામાને સાલ જ સોકયનું, મૂરખને વિદ્યાતણું;
જે નર નવ માને નારને, સ્ત્રીને સાલે તે ઘણું.

જેમ મચ્છને નીર, જેમ વહનીને વાયુ;
જેમ ભક્ત ભગવાન, જેમ જીવતને આયુ;
જેમ સતીને નાથ, જેમ જાચકને દાતા;
જેમ લોભીને લછ, જેમ બાળકને માતા;

પ્રીતિ અનેક એવી વિધે, બહુ પ્રકાર સૂઝે બહુ;
કવિ સામળભટ સાચું કહે, લેણુ દેણુ લે છે સહુ.

નાગો નવ લૂંટાય, સુમે નવ દાન અપાય;
સાચો નવ દંડાય, ક્ષમાધર કની ન કપાય;
વૈદ્ય જુએ શું નાડ, નિરોગી જેની કાયા;
ગુણુકાથી ન ઠગાય, મેલિ જેણે જગમાયા;
મૃત્યુ પણુ મારી નવ શકે, આયુષ છતાં આપને;
જમથી પણુ નર્ક નખાય નહિ,સામળ નર નિષ્પાપને.

ભલે જ જાયો જન, જેથિ સુખ પ્રાણી પામ્યા;
ભલે જ જાયો જન,જેથિ દુનિયાં દુઃખ વામ્યાં;
ભલે જ જાયો જન, દાનદાતા કહેવાણો;
ભલે જ જાયો જન, સદા સદગુણી ગણાણો;
જનનીએ જંન ભલે જણ્યા, શુર પૂર દાતા ભગત;
સામળ તે ભલેજ જનમિટા,જેથીસુખ પામ્યું જગત.

ધન્ય તેહની માત, પુન્ય ઉપર જો પ્રીતી;
ધન્ય તેહની માત, જેહ ઘર રૂડી રીતી;
ધન્ય તેહની માત, જેહ સદાવ્રત આપે;
ધન્ય તેહની માત, પરાયાં કષ્ટ જ કાપે;
ધન્ય ધન્ય તો માતા તેહની,દરીદ્રતા કવિની દળે;
કહે સામળ તે સાથી વડો,બાકી બીજા બહુ મળે.

ધિક્ક માતાની કૂખ, કરી ચોરી કે ચાડી;
ધિક્ક માતાની કૂખ, અકલ ફેલાવી આડી;
ધિક્ક માતાની કૂખ, દુઃખ દુનિયાંને દેતા;
ધિક્ક માતાની કૂખ, જગતમાં અપજશ લેતા;
સામળ કહે શિદને જનમિયા,ભુંડિ વાત ભાવે ભણ્યા;
વિનતા ન રહી શે વાંઝણી,લપોડશંખ જેણે જણ્યા.

સાસૂકેરૂં કલંક, પાપણી વહુ પ્રકાશે;
કુમિત્ર મિત્ર કલંક, વિશ્વ સઘળામાં વાશે;
શેઠતણું જ કલંક, ધુની વાણોતર બોલે;
કંથતણું જ કલંક, બુદ્ધિહીણી સ્ત્રી બોલે;
આપણે ઠામ દેખાડિયે, કલંક બોલે આપણું;
સામળ કહે તેનું પરખિયે,પ્રથમથી જ લુચ્ચાપણું.

હાસથકી બહુ હાણ, હાસથી ગરૂઆ ગાંજે;
હાસથકી હોય કલેશ, હાસથી ભવન જ ભાંજે;
હાસથી રૂઠે રાય, હાસથી હીમ્મત હારે;

હાસ થકી જશ જાય, હાસ વણુ મોતે મારે;
હસવાથી હુંશ પહોંચે નહીં, હસે ખોડે લાગે ખરી;
સામળ કહે શાણા સમજજો,કરશો નહિ કદિ મશ્કરી.

સામળ રત્નમાળા સમાપ્ત.

જીવરામ ભટ.

પ્રેમાનંદ ભટના વિવેક વણજારાની નકલ કીધીછે

જીવરાજ શેઠની મુસાફરી.

હીરછંદની ચાલ.

શિવરાજ શેઠ પુત્ર જીવરાજને, મોકલે વિદેશમાં કહી સુકાજને;
જાઓ મૃત્યુ લોકમાં ગુમાસ્તા લેઇને, માલ વેારજો પુત્ર શુદ્ધ જોઇને.
સાથ રાખજો દલાલ સંત કોઇને, લેવરાવશે સુમાલ સારો જોઇને;
આગવો સુસંગ લેઇ રાખજો કને, ધીરશો માં કામ ક્રોધ લોભ ચોરને.
મૂકજો કુસંગ ફાંસિયાતણી પુરિ, આવશે અપાર મોહિની નદી ખરિ;
બેસજો વેરાગ્ય નાવમાં ફરી ફરી, ચાલજો સુવાટ પેલિ પાર ઊતરી.
વિકટ છે અવાટ બીજી વાત ચુકશો, જાણુ દેશ રહિ જશે અજાણુમાં જશો;
વિષય ધુર્ત મધ્ય જાળમાંહિ ડુલશો, કામરૂપ દંભ ત્યાં વિવેક ભૂલશો.
પરખ્યા વિના પ્રપંચ માલ વેારશો, લાભ કાળ વહિ જશે દેવાળુ ફુકશો;
તો ત્રસાળે બોટ દેખી પોક મૂકશો, કોઇ ધીરશે નહીં વિદેશ શું કરશો.
દેશ દેશ કાઢજો દુકાનો ધર્મની, છાંડજો પ્રપંચ વાત દૂર કર્મની;

ધારશો ન કર્ણે વાત વિષય ઘાતની, કાવજો ભડાઇ આપ સારી વાતની.
યત્ન રાખજો શરીર વાટ ઘાટમાં, તાપમાં ન ચાલશો કુકર્મ સાથમાં;
જ્ઞાન ચેાગ્ય ભક્તિ માલ જો ગમે તને, ખેાટ લાભ પૂછજો ને વેારજો તમે.
એટલી વિવેક વાત ચિત્ત રાખશો, તેા ભવાટવી તરી સ્વપૂર આવશો;
એક વાર સર્વ વસ્તુ લેઇ આવશો, તેા પ્રદેશ પરહરી સ્વધામ બેસશો.
શીખ લેઇ શેઠજી પ્રદેશ સંચર્યા, નાત જાત નગર લેાક સર્વને મળ્યા;
નગર શેઠ પુત્ર જીવરાજ નીકળ્યા, રામ રામ જેગેાપાળશબ્દકહીવળ્યા.
જીર્ણ મૂકીને નવા પેાશાક પેરિયા, દેખતાં પિતાએ નેત્ર નીર ભેરિયાં;
ત્યાં કુટુંબ નાત લેાક તેા રહી ગયા, જીવરાજ શેઠ ત્યાંથકી વિદા થયા.
શેહેર બહાર સર્વ સાથ એકઠેા થયેા, શિવરાજ શેઠ ત્યાં વળાવવા ગયેા;
પુત્રને વળાવિ શિવરાજ ત્યાં રહ્યેા, જીવરાજ ત્યાં થકી વિદેશમાં ગયેા.
જીવરાજ વ્યસનના તરંગમાં ચઢયેા, મનેાવેગ તુર્ત મૃત્યુલેાકમાંપડયેા;
કર્મયેાગત્યાંભવાબ્ધિ પાર ના જડયેા, ઘણિકવારજીવરાજતીર્થ આથડયેા.
દૈવયેાગ એક દેહુ નાવ સાંપડયું, દ્વારસમ ઉર્ધ કાળ શિલ્પિનુ ઘડયું;
પંચ પાટિયાં પ્રપંચ લેાહનું જડયું, જે ભવાબ્ધિ નીલ પંકજળમાંપડયું
સ્ત્રી જુવાન એક બેઠી દીઠી નાવમાં, બુદ્ધિ આગળી સ્વરૂપ હાવભાવમાં;
મંદહાસ ચતુર છે વિચાર વેણમાં, મધુરીવાણિમાં અને મૃગાક્ષીનેણમાં.
શેઠ પાસ આવિ વાત પૂછિ સાનમાં, કેાણ માત તાત કેાણ નાતજાતમાં;
કેાણ નામ ઠામ વાસ કેાણ દેશમાં, કેમ છેા ઉદાસિઆવિચિત્ર વેશમાં.
સ્વસ્થ ચિત્તે સેઠજીકહેવિચારિવાત, કેાટિલક્ષજન્મકેાટિલક્ષ માત તાત;
કેાટિ લક્ષ નામકેાટિલક્ષનાતજાત,મૂળ નામ એકછે સુણેા પિતાની વાત.
શિવરાજ છે વિદેહિ નગર શેઠીયેા, પુત્ર તેમનેા હું જીવરાજ વેઠીયેા;
ઉદ્યમાર્થ અર્થમૃત્યુલેાક આવિયેા, ભૂલમાં હું આભવાબ્ધિમધ્ય ભટકિયેા.
પારનાજડીયેાહું દેખતેાજઆંધળેા, ભૂલમાંભમ્યેાહું ચાલતેાજ પાંગળેા;
જાત નાત તાતથી થયેા હું વેગળેા, વાત છે સમીપ તેમનેહું નામજ્યેા.
આશરા વિના ગયેા ઘણેા હું આકળેા, વાટ ઠામતું મળીથયેાહું બેાકળેા;
ઘણીક નાર મેં કરી તથાપી એકલેા.દુઃખ સેાચના થકી થયેા હું દૂબળેા.
નવ મટે થનાર વાત કર્મની લખી,આજ દુઃખ વિસર્યું થયેા ઘણેા સૂખી;
ગુહ્ય વાત મેં કહી તને ન ઓળખી, મેં કહ્યું તને તમે મને કહેા સખી.
તે નિવૃત્તિ નાર શેઠને કહે કથી, ઓળખેા મને પવિત્ર માત તાતથી;
મનપિતા સુબુદ્ધિને કુબુદ્ધિ માતથી, ત્રણ બેન નીપની અને ન મૂળથી.
મનપિતાનું હેતઝાઝુ માકુબુદ્ધિથી, મારી મા સગી સુબુદ્ધિ તેથકીનથી;
હું નિવૃત્તિને તમે સ્વયંવને હરી, શેઠ જે વિદેહ નામ શેહેર જઇ વરી.
માત તાત પાસ હું નિવૃત્તિને ધરી, નાથ મૃત્યુલેાકમાં ગયા તમે ફરી;
ત્યાં ગયા પછી પ્રવૃત્તિ ભ્રાંતિને વર્યા, તેમનું સ્વરૂપ જોઇને તમે ઠર્યા.

લંપટિ કુબુદ્ધિ સાસુના કહ્યાગરા, મૂળથી ખરી સુબુદ્ધિ સાસુ વિસર્યા;
તવ સુબુદ્ધિ માત મારિ પાસે આવિયાં, માત દિકરી વિદેહ શેહેરમાંરહ્યાં.
શિવરાજસ્વસુરઆશરેસુખી થયાં, સ્વસુર સાસુનાં પવિત્ર ચરણ સેવિયાં;
ત્યાં તમારી શાંતિ મા રડી રડી મરે, શિવરાજ તાત તે ઉદાસમાં ફરે.
દેહ વસ્તુ સાક્ષિરૂપ ગર્વ ના ધરે, રોજગાર ના કરી વૈરાગ્ય આદરે;
સમર્પણ ધર્યું હશે નવું ન સંધરે, આગલી કમાઇ સંતને મુખે ધરે.
ગુણથી અતીત પંથ એકલો ફરે, બાય ના પિયે ના પુત્ર પુત્ર ઉચરે;
એકવાર હું નિવૃત્તિ ઘેર આવિયા, સ્વસુરજીઅગારીપાસગળગળાથયા.
કહેવહુજી તમપતિ વિદેશમાં ગયા, કોટિ કલ્પ વહીગયાહજુનઆવીયા;
કયમથયું હશેમળ્યાશું વિષયીફાંશિયા,કામક્રોધલોભ તસ્કરે શું લૂંટિયા.
કે શું લેવું દેવું અધિક ન્યુન્યથી રહ્યા, કે કુસંગ ધુર્તસંગથી વહીગયા;
જા વહુ નિવૃત્તી બાપ મૃત્યુલોકમે, બદ્ધ આ મુનીમસુસંગસાથલોતમે.
સાથ લો દયા સખીથી વાટનીગમે, તું ગયા વીના નથાયઅર્થ આ સમે;
લેઈ આજ્ઞા થયાં સવાર તે સમે, આ દયા સખી સુસંગ સાથ બે અમે.
મૃત્યુલોક આવિયાંભવાબ્ધિ તીરમે, દેશ દેશ ખોળીયામળ્યાનહીં તમે;
ઘણિકવાર ખોળી ખોળી થકીયાં અમે, હાલું નાવદેખીયું ભવાબ્ધિ નાળમે.
જોયું ન કોઇને હું બેડી આ સમે, તેટલેજ શેઠ દૃષ્ટિયે પડયા તમે;
ઓળખું તમોને મને ન ઓળખી તમે,શીદઓળખોગરીબનારછું અમે.
હું વીના અનેક નાર ઇશકીને ગમે, આજ કાળભ્રાંતીનારમાં રમો તમે;
કયાં ગઇ પ્રવૃત્તી વ્હાલી નાર આ સમે, માતતાત વિસરયાંપ્રવૃત્તીનારમે.
હું નીવૃત્તિ વીસરી ભલીજ ભ્રાંતિમે, આવડાઅજ્ઞાનશેઠકયમ થયા તમે;
ક્રમ જેવી દયાની વાત કાનમાં ધરો, મુનીમવૃદ્ધઆસુસંગનું કહ્યું કરો.
પૂર્વ નાર હું નિવૃત્તચિત્તમાં ધરો, શીવરાજ શાંતી માની સેવના કરો;
શાંતિ પ્રવૃત્તિ નારી વેગળી કરો તો ભવાબ્ધિ આ શરીર નાવથી તરો.
ઘાટ ઘાટ ફેરબો સુમાલવી ભરો, વસ્તુ સારી લઇને સ્વદેશ સંચરો;
છેલ્લું છેલ્લું શેઠજી ચડો શરીર વ્હાણ, હું નિવૃત્તીનારહાથમાંગ્રહું સુકાણ.
આગુવા ભલા દયા સુસંગ છે પ્રમાણ, પૂર્વદેશ જાતાં વાટ રોકનાર કોણ;
જીવરાજજી થયા પ્રસન્ન ચિત્તથી હાથ સાહી નારને ચડયા સુમાનથી.
પંચ માસનું કળેલ વ્હાણ નાળથી, હાલતું થયું તથાપિનીતળતું નથી;
જીવરાજ ફેરવે ઘણું ઘણું અથી, નાળ સાંકડેથી લાગ લાગતો નથી.
તે રુમે અનેક બહંગી કરે કથી, કાઢ વ્હાણ કાઢ વ્હાણ નાથ નાળથી;
વ્હાણ નિકળ્યાપછી છ માસ દૂધ પીશ, ચાર પાંચવર્ષપાવડીવિનાફરીશ.
વર્ષ એક બે મૂનીવૃત્તને ધરીશ, કાઢ વ્હાણ કાઢ વ્હાણ હે કૃપાળ ઇશ;
મુનીમ વૃદ્ધ આ સુસંગનું કહ્યું કરીશ,મનસ્વસુરથકીસુબુદ્ધિસાસુનેળવીશ.
સ્ત્રી નીવૃત્તિ સંગ પતિવ્રત આચરીશ, શીવરાજશાંતમાનિસેવનાકરીશ;

આ દયારાખીનીવાત કાનમાંધરીશ,મનસ્વસુરથકીકુબુદ્ધિસાસુપરહરીશ.
ભ્રાંતિ ને પ્રવૃત્તિ નાર વેગળીકરીશ,આજથીપરાંગનનાને દૂરથીતજીશ;
એકવાર વહાણસાથબહારનીકળીશ, તો ફરીથીરોજગારવહાણનોતજીશ.
દુરથકી કુસંગ ફાંશીયાથકી ડરીશ, કામ ક્રોધ લોભ ચોર વેગળાકરીશ.
એ પ્રકારે જીવરાજ બહંગીકરે, શ્રીનિવૃત્તિ સાથ ભકિત ભાવને ધરે.
તે સમે પ્રસૂતી કાળ વાયુ સંચરે,.દેહ વહાણ નાળમાં અહીં તહીંફરે;
નાળમાં નવેક માસ એકલું બડયું, સૂતીકા પ્રચંડ વાયુડોલમાં પડયું.
ત્યાંથકી મહા ભવાબ્ધિ પૂરમાં પડયું,મોકલું થયું અનેકબડકે આથડયું;
પૂર્વના ગુમાસ્તા શીવરાજના હતા, એ નવાણ શેઠજીની બબર પુછતા.
જીવરાજ કહે હું ઓળખું છું લૈ જતાં, નિર્વીકારને લેઇ વીકાર મુકતાં;
ગુહ્ય અર્થ સમજીયા વિવેકી રીઝિયા, દેહ સાધના કરી વિદેહમાં ગયા.
બુદ્ધિહીનમૂર્ખલોક તે નસમજીયા,વિષયતુચ્છલોભથી ભવાબ્ધિમાં વહ્યા;
એ કથા દ્રહી પછી વીચાર શા થયા, મૃત્યુલોક વાયુ જેટલેજ લાગીયા.
કેટલેક માસ વહાણ ચાલતું કરે, કરે, બાર વર્ષ બાળપણમાં જઈ ફરે;
તે પછી પલાણ જોબન અશ્વનું કરે, નવનવા પોશાક બાન પાનશું ભરે.
કારમો કુસંગ મિત્ર સાથે સંચરે, તેવી વાત ચીત કર્ણે દેશમાં કરે;
ભ્રાંતિને પ્રવૃત્તિ નારી ચિત્તમાં વસે,મનસ્વસુરકુબુદ્ધિસાસુથી ઘણું હશે.
વહાણ ફેરવે જુવાની અશ્વ બેલવે, ઘાટ ઘાટથી પ્રપંચ દ્રવ્ય મેળવે;
દેશ દેશમાં નવી દુકાન બુપવે, ત્યાં મુનિમ છે ઘણા હીસાબ ચૂકવે.
નાત શેઠ પારકી લડાઇ શીજવે, કારમું કુટુંબ માત નાત રીઝવે;
મુબ્ય સાહુકાર લાબે લેબું લેબવે, અન્યની હુંડી પાછી નવ ફરે.
દેશપાળ હાથમાં દિવાન જઈ નમે, અમલનો છકેલો સર્વ લોકને દમે;
કીર્તી લોભીયાની વાત આપને ગમે, દ્રવ્યને મદેથો સાધુ સંતને દમે.
ઉદ્યમે અજ્ઞાણ પલક નીર્ગમે વ્રથા, ધર્મ વાસના ન થાય કૃષ્ણની કથા;
દામ સાહેબીનું અભીમાન સર્વથા, સ્વાર્થમાં બુશાલ પરમાર્થમાં વ્રથા.
નવનવી મીઠાઇ દૂધ દૂરશું જમે, રંગ મહેલમાં પ્રવૃત્તિ નારીશું રમે;
લોભ લાભ પુત્ર પાસ લેઇને ભમે, ભાવહીન આપ કીર્ત્તી સર્વથા ગમે.
જરકશી પોશાક કીનબાબ બોળિયાં, પામરી રૂમાલ રંગચોળ મોળિયાં;
વેઢ વાંકડાં અમુલ્ય કર્ણ ચોકડાં, હીમરૂ ગલેચા શેઠ ગાદીએ પઢયા.
રંગ તાન નાચ થાય.છે બડા બડા, થયા ભાઈસાહેબતોઅમલથી બડા;
ઘેર તાયફા અબંડ નાચતા વડા પ્રેમથી વેચાય રોજ પાનના પડા.
ચૌદ માળની હવેલી બુબ બંગલા, હીંચકો પલંગ ત્યાં સુવર્ણસાંકળ્યા;
ભાગ્ય પાંશરેથી સર્વ વૈભવો મળ્યા, વાંકડું થતાંજ વૈભવેથકી ટળ્યા.
દેવ કોપતાંજ દેશપાળ કોપિયો, સેજ વાંકમાં અનંત માલ લૂંકિયો;
દેશ દેશની દુકાન સર્વ અટકિયો, માલ બોટ જોઇ જીવરાજ પટટિયો.

ઉધરાણિ ણંધ કરજ તો ખરૂં થયું, કોઇ ધીરનાર નહીં નામ કુણીયું;
કરજદારે ઘેરિયેા દીવાળું ફુકિયું, એ પ્રકારે પાપ દ્રવ્ય વ્યસ્ત થઇ ગયું.
હાય દૈવ હાય દૈવ કાંઇ નવ રહ્યું, છપન ઉપર ખેરતાન ભુંગળું ગયું;
નાત સેઠ તે હવે ન કેા કરે કહ્યું, બ્રહ્મભોજ્ય દાન પુન્ય કાંઇ ના થયું.
ભાગતી દશાયે તોલ ભાગતો ગયેા,મહા દરિદ્રતામાં આહાર ચેાગણેા થયેા;
બહુ બરાણદસ્ત કારભાર ના રહ્યા, માન હીન બાપડેા ફરે વહ્યો વહ્યો.
એ સ્થિતિમાં જુવાની ઘેાડી ગુજરી,સ્ત્રી પ્રવૃત્તિએ જણી બરાણી દીકરી;
લેાભ લાભ પુત્ર તે સમે ગયા મરી, દુઃખમાહી સાંભર્યાજ શ્રીહરી.
કાળ ચેંગડેથિ વૃદ્ધ ઘેાડલે ચડયેા, ટેક લાકડી લગામ શ્વેત કાડેા;
વેગહીન ચાલતેા તે જો કદી પડયેા, માર ચાબખાનિ ચેાંપથી કરે બડેા.
કાળનું ભરેલ દેહકુહાણ પૂરિયું, આ ભવ બ્ધિ તીર નામ નર્મદા ગયું;
ચક્રપાણ ચેારસંધ ઘાટ છીપિયું, શ્રી કુબેર સેામનાથ ભેટવું થયું.
તીર્થવાસી વિષ્ણુ ભક્તને મળ્યેા જઇ, તેમને સમાગમે કથા રૂચી થઇ;
તે સમે સુસંગ મિત્ર તે મળ્યેા જહીં,ભેટતાં પ્રવૃત્તિ ભ્રાંતિ વેગળી રહી.
વરણ વેષ ફેરવ્યેા નવેા ધર્યેા તહીં, વૃદ્ધ જયેષ્ઠ જોઇ લાજપૂરમાં વહી;
તે વહ્યા પછી પટંતરેા રહ્યેા નહીં, તે પછી સુસંગ મિત્ર ચેાળખ્યેા સહી.
ચેાળખ્યા પછી ફરીવળ્યેા હસીધસી,ભેદભાંગતાં પ્રવૃત્તિભ્રાંતિ ગઇખશી;
પૂર્વની વિવેક વાત ચિત્તમાં વસી,સાંભરી નિવૃત્તિ નાર ને થયેા ખુશી.
મિત્ર મેળવેા નિવૃત્તિ નાર આ સમે, શીવરાજ શાંતિ માત ભેટવેા તમે;
દેહબંધથિ લઇ જશેા વિદેહમાં કયમે,તેા તમારેા પાડ ખુબ માનશું અમે.
એ પ્રકારે જીવરાજની ફરી મતી, તે સમે સુસંગ તે થયેા દયા પતી;
સૂણિ બેાધ જીવરાજને થઇ ગતી, બ્રહ્મભાવથી જડી પ્રકાશ પદ્ધતી.
મનસ્વસુર સુબુદ્ધિ સાસુ એકઠાં કર્યાં,પૂર્વની નિવૃત્તિરાણી ચિતમાં ધર્યા;
કેાટિ વર્ષના વિયેાગ દુશણાં હર્યાં,અસલનું મળ્યું કુટુંબ દુઃખ વીસર્યાં.
નિવૃત્તિ નાર સંગ પ્રિતડી થઇ ઘણી,જીવરાજ વશ કર્યેા નિવૃત્તિયે ઘણી;
પ્રથમ ભક્તિ દીકરી નિવૃત્તિયે જણી, જીવરાજ શેઠને ગઇ વધામણી.
તે સમે આનંદી ચિત્ત શેઠનું થયું,કાંઇ ન રાખિયું કને સહુ સમર્પીયું;
એ પ્રકાર ભક્તિનું સ્વરૂપ સાધિયું, તે સ્વરૂપ જોઇ પ્રેમરૂપ વાધિયું.
મનેા ભરેલ શેઠ નાચતેા ફરે, રેામહર્ષ થાય ગાય ગદગદ સ્વરે;
ત્રય ઘુઘરા સતાર વાજતા ફરે, સપ્તસ્વર ભલાથી તાનગાન ઉપરે.
ભક્તિ પાંચ વર્ષની થતાં પિતા ડરે,સ્ત્રી નિવૃત્તિથી વૈરાગ્ય પુત્ર અવતરે.
હર્ષનેા ભર્યેા વધાઇ મસ્તકે ધરે, વણ સુસંગ વાત ચિત્ત કાંઇ ના કરે.
જ્ઞાન પુત્ર તે પછી થયેા નિવૃત્તિને, ગઇ વધામણી વિવેક શેઠની કને;
સમર્પણ કર્યું સહુ તદા વિવેકને, વિધિ નિષેધના વિવેકની થઇ બને.
જ્ઞાન ને વૈરાગ્ય પુત્ર હાથમાં ધરે,સ્ત્રી નિવૃત્તિ ભક્તિ પુત્રિ સાથ સંચરે;

યોગમાર્ગમાં સુસંગ આણુવો કરે, લિંગ દેહ ત્યાગને વિદેહ પરવરે.
ત્યાં ગયા પછી સ્વધર્મમાં ધસ્યો વળી, જીવરાજશીવરાજમાંગયોગળી;
પરમશાંતિ–માત આવિ તે સમે વળી,શોક મોહ જન્મમરણની પિડા ટળી.
જીવરામ– ભટ્ટ નામ ગામ ધોળકું, ટોળક દ્વીજાત ણામણેાલનું પખું;
તે નરે વિવેક વાત જોઇને લખ્યું,આ અધ્યાત્મ દીપ જીવ શીવ પારખું.
આ વળી નવીન ગ્રંથથી વિચારજો, ઘણીક વાતનો પટંતરો ખુલ્લી જજો;
લિંગદેહ જીવને વણિક પ્રમાણજો, શેઠ ને વણિક વિષે ન ભેદ આણજો.
ધામ જે વૈકુંઠ પૂર્વ દેશ જાણજો, શીવરાજ નામ વિષ્ણુ દેહ માનજો;
જીવરાજ તેજ લિંગ દેહ માનજો,શાંતિ માત તેજ મુક્તિ દેહ જાણજો.
મન મળેકુબુદ્ધિમાતદામલીન થાય,મન મલિનમાંપ્રવૃત્તિભ્રાંતિ જેભરાય.
તે પ્રવૃત્તિ ભ્રાંતિથી કુકર્મ કાંઇ કરાય,ન કુકર્મ બાંધિ જીવ દેહમાં ભરાય.
ભ્રાંતિતામસીથીભ્રમણતાઅજ્ઞાણથાય,રજગુણીપ્રવૃત્તિથીવિચરમાંપડાય;
મનમળેસુબુદ્ધિમાંનદામલીનથાય,નિર્મળી નિવૃત્તિ શુદ્ધસાત્વિકીજણાય.
પ્રથમ મુખ્ય મુખ્ય તીર્થ સેવના હજો, તીર્થ સેવતાં કથાતણી રૂચીથજો;
કથા રૂચી થતાં સુસંગ મિત્ર ભેટજો,મિત્ર ભેટતાં પ્રવૃત્તિ ભ્રાંતિ છાંડજો.
પ્રવૃત્તિભ્રાંતિનિવૃત્તિચિત્તરાખજોનિવૃત્તિચિત્તરાખેભક્તિસ્વાદચાખશો.
ભક્તિને નવે પ્રકારમાં રમાડજો, તે રમાડતાં પ્રભૂથી પ્રેમ આણજો.
પ્રેમ આણતાં વૈરાગ્ય તુર્ત ભાવશે, તે સમે પ્રપંચ વાત તુચ્છ લાગશે;
જ્ઞાન આવતે વૈરાગ્યમાં ઠશી જશે, તે સમે વિવેક સત્યદાર્યનો થશે.
વિધિનિષેધના બધા અનિત્ય જાણશો,તે સમેસમાધિયોગ માર્ગ ઝાલશો.
યોગમાર્ગ ઝાલીલિંગ દેહત્યાગશો,લિંગ દેહ ત્યાગેજીવ શીવથઇ જશો;
સંવત અઢાર પડવો પોષ માસનો, આ નવીન ગ્રંથ પૂર્ણ તે સમે બન્યો;
હું કવી અજ્ઞાણ દોષ હસ્વ દીર્ઘનો, જાણતો નથી સુધારજો કવીજનો.

જીવને ઉપદેશ.

જીવ તું શિવને સંભારને, બીજી મુકીદે આળ;
ઘડિ એક જાયરે સોના સમી, સીર ફરેછે રે કાળ. જીવ તું.
આંખ તણેરે ફડકડે, ઘડિયે વરાંશો થાય;
મુરખ મનમાં નવી જાણતો, ઘડીયે ઘુંટ ભરાય. જીવ તું.
જાણ છે કાળના હાથમાં, નાંખતાં દેટલી વાર;
મોહ માયામાં વીંટાઈ રહ્યો, કેમ ઉતરશો પાર. જીવ તું.
જમ પરપેાટોરે નીપન્યો, જોતાં પરગટ થાય;
મૂરખ મનમાં નવી જાણતો,પાંચ જળમાં સમાય. જીવ તું.

જેવું મોતીરે ઉસનું, તેવો ખોટો સંસાર;
દેખાતુ રે રળિયામણું, ખરતાં કેટલી વાર. જીવ તું.
જેવા ફેળના થાંભલા, તેવો સકળ સંસાર;
જેવા ધુમાડે બાચકા, જેહેવું વલોણું વાય. જીવ તું.
જેવું ચાંદરણું ખેરીયું, જેવી વેળુની ભીંત;
મુરખ મનમાં નથી જાણતો, એવી કાયાનિ રીત. જીવ તું.
જેવી છાયા બપોરની, જેવું અંજળીનું નીર;
જેવું કવાયું વાદળું, એવું મિથ્યા શરીર. જીવ તું.
નદી કીનારે રૂખડાં, નિશ દિન ધોવાયે મુળ;
જીવ માયામાં વિંટાઇ રહ્યો, અંતે મળશે સૌ ધુળ. જીવ તું.
સંજોગ નદીને નાવનો, એવો સકળ સંસાર;
પછી કોઇએ મળે નહીં, જ્યારે ઉતરીએ પાર. જીવ તું.
શમણું લાધ્યું રે ઉંઘમાં, પામ્યો લીલા વિલાસ;
જાગ્યો ત્યારે દેખે નહીં, અંતે થયો નિરાસ. જીવ તું.
જેવો વાસો પંખી તણો, સંજ્ઞએ એકઠાં થાય;
પછે કોએ મળે નહીં, પરભાતે ઉડિ સૌ જાય. જીવ તું.
ધંધો કરી ધન જોડિયું, લાખ ઉપર કરોડ;
મરતી વેળા રે માનવી, કેડનો કંદોરો છોડ. જીવ તું.
જેવાં પાનરે વૃક્ષનાં, દીસે સોભાયમાન;
જોગ સંજોગરે પ્રગટીયાં, એવા રાંક રાજન. જીવ તું.
ગયા રાણાને રાજીયા, મુકી ગરથ ભંડાર;
તારૂં આયુષ્ય અલ્પનું, શાને કીધો શિર ભાર. જીવ તું.
ડાટયું સાટયું સરવે રહ્યું, ન થઇ કર્મની છુટ;
પુન્ય દાન ન નીપજ્યું, હેવી દૈવની લુટ. જીવ તું.
મારૂં મારૂં કરી આવ્યું, તારૂ નથીરે કોય;
આપ સ્વારથે સહુ મળ્યું, મન વિચારી જોય. જીવ તું.
સુખ સોનાનું રે પાંજરૂં, રત્ન જડીયાં છે નંગ;
મુરખ મનમાં નથી જાણતો, ઘડીમા થાશેરે ભંગ જીવ તું.
પોપટ ભણતો રે પાંજરે, બહાર ઉભો મંજાર;
મૂરખ મનમાં નથી જાણતો, ઝડપતાં કેટલી વાર. જીવ તું.
કાળા સિંચાણો રે શિર ફરે, મુરખ કરે પ્રપંચ;
ઓચિંતો તુજનેરે મારશે, વણસશે સઘળા સંચ. જીવ તું.
પાંચ ચોર કેડે પડયા, લુટે દિવસને રાત;
મુરખ મનમાં નથી જાણતો, તારે કોનો સંગાથ. જીવ તું.
કાયાનગરીમાં ઘેરીયો, લુટે ઠામો રે ઠામ;
દશ દ્વારેરે રોકીયાં, ત્યારે રૂંધાણા પ્રાણ. જીવ તું.

જોબન મદ ભર્યો ચાલતો, ધરતો હૃદયામાં ગર્વ;
ફાટી આંખે સામુ જુએ, જ્યારે રૂંધાણો કંઠ. જીવ તું.
બાળાપણુ તો રમતાં ગયું, જોબન નારીની સાથ;
ઘડપણે રે થયો આકળો, વીસાર્યા વીશ્વંભર નાથ. જીવ તું.
હીંડે મુછો રે મરડતો, મુઠે ઢળકંતી પાઘ;
મરણ કાળે રે ઘેરીયો, ખોયા ચારે રે ભાગ. જીવ તું.
વીશ્રમ મારગે ચાલવું, આગળ અંધારી રાત;
મુરખ મનમાં નથી જાણતો, તારે કોનો સંગાત. જીવ તું.
કાચો કુંભ જળે ભર્યો, ગરપતાં કેટલી વાર;
કાગળ પલળ્યો રે પાણીએ, એવો ખોટો સંસાર. જીવ તું.
ચેત્યા ભવજળ ડુબતાં, લીધાં શીવજીનાં નામ;
સંસાર સાગર તે ઉતર્યા, પામ્યા અલેપદ ઠામ. જીવ તું.
શિવ કથા જેણે સાભળી, જોયાં પુરાણ શાસ્ત્ર;
બ્રહ્મતારક તો તેણે કર્યા, ધરિયાં ભસ્મ રૂદ્રાક્ષ. જીવ તું.
તીરથ સઘળાં રે ઢુંકડાં, સેવો ગીરજાનો નાથ;
મુક્તી પદારથ પામશો વ્રત કરો શીવરાત્ર. જીવ તું.
સંગ કીજે શીવ ભક્તનો, ઉપને સેવાનો નીમ;
અલેપદ મુક્તી પામશો, કાશી કુશળી ધામ. જીવ તું.
શીવ ઓછંગે બેસાડશે, ત્યારે ફરશેરે મંન;
જીવ ટળીને શીવ થઈ જશે, ઉપજશે બ્રહ્મજ્ઞાન. જીવ તું.
વાયક વેદ પુરાણનાં, પોતી મનનીરે રીજ;
શિવ શીવ ભાવેરે ઓચરો, મોટું બંધાયું બીજ. જીવ તું.
પાપી જન બહુ નિર્મળ કર્યા, તેનાં ખોયારે પાપ;
શીવના નામે તે ઓધર્યા, જોયાં પુરાણ શાસ્ત્ર. જીવ તું.
જે અપરમાએ શું કર્યું, પાંચ વર્ષનો બાળ;
વનમાં શંકર પુજ્યા, કીરપા કીધી દયાળ. જીવ તું.
શિવે ભક્ત ઓધારીયા, જીણે લીધાંરે નામ;
ભાવે શકરને સેવીયા, આપ્યાં અલેપદ ઠામ. જીવ તું.
વાજે ભીલરે આંધળો, ગુણકા અધમ નાર;
શુક સરખાને સુખી કર્યા, ચાંડાળી તારી કીરતાર. જીવ તું.
જાણ્યે અજાણ્યે બહુ તર્યા, રૂષી મહા સુખદેવ;
નરમદા તીરે જઇને રહ્યા, પોતે પુન્ય મહાદેવ. જીવ તું.
જે કોઇ ભાવે કરી જાણશે, પોંચશે મનનીરે આશ;
કર જોડીને જીવ વીનવે, ફરિ નહીં આવે ગર્ભવાસ. જીવ તું.

ભોળો ભકત.

જ્ઞાનના ચાબકા.

પદ ૧ લું.

દેસિ સંતતણી લાવીરે, ભેળાં ફરે બાવો ને બાવી.—ટેક.
મોટાં કપાળે ટિલાં કરે ને વળી ટોપી પટકાવી;
કંથો ને ઝલતો માળા ગળામાં, કાને મુદ્રા લટકાવીરે. દેસિ.
સંત સેવામાં સુખ ઘણું'ને, કરે સેવા મન ભાવી;
તન મન ધન સોંપેા એ સંતને, પ્રીતિયેા લગાવીરે. દેસિ.
એવું ને એવું જ્ઞાન દિયે, બહુ હેતે બોલાવી;
ભોળો ભગત કહે રાખ્યા ચાહુમાં, ભેખે ભરમાવીરે, દેસિ,

પદ ૨ જીું.

ભેખ તો ભાવર થકી ભુંડારે, મેલા અંતરમાં ઉંડા.—ટેક.
ટકો પૈસો ટેલ ગામ ગામ નાંખે, વળી ખેતર ખેતર ડુંડાં;
જેની વાંસે થાય તેનો કેડો ન મેલે, જેમ કટકનાં લુંડાંરે. ભેખ.
ત્રાંબિયા સારૂ ત્રાંબું કરે ને વળી, કામ ક્રોધના ઉંડા;
ધન ધુતવા દેશ દેશમાં ફરે, જેમ મલકમાં મુંડારે. ભેખ.
ગામ બધાની ચાકરી કરેને, ઘેર રાખે અગન કુંડા;
ભોળોભગત કહે કર્મની કોટી, પાપતણા જુંડારે. ભેખ.

પદ ૩ જીું.

જોઇ લેા જગતમાં બાવારે, ધર્યા ભેખ ધુતીને બાવા.—ટેક.
જ્યાં પ્રેમદા ધણી પાણી ભરે,ત્યાં જાય નિત નિત નાવા;
રાંડી છાંડીનારનોનરઘરનહોયત્યારે,બાવોજીબેસે ગાવારે. જોઇ લેા.
લોકનાં છોકરાંને તેડી રમાડે, વળી પરાણે પ્રીત થાવા;
ગૃહસ્થની સ્ત્રી રીસાવી જાય ત્યારે,બાવોજી જાય મનાવારે. જોઇ લેા.
ધુપ કરે ને બાવેા ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા;
ભોળો ભગત કહે ભાવેસું સેવે એને, જમપુરીએ જાવારે. જોઇ લેા.

પદ ૪ થું.

ભરમાવી દુનીયાં ભોળીરે, બાવેા ચાલ્યેા ભભુતિ ચોળી.—ટેક.
દોરા ધાગા ને વળી ચીઠ્ઠી કરીને, આપે ગણકારૂ ગોળી;
જીવને હણતાં દયા ન આણે, જેમ ભીલ કાફર કોળીરે. ભરમાવી.
નિત નિત દર્શન નીમ ધરાવે, ઘેર આવે ત્રિયા ટોળી;

માઇ માઇ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળીરે. ભરમાવી.
સઘળાં શિષ્યને ભેળાં કરી બાય, ખીર ખાંડને પોળી;
લોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યા બોળીરે. ભરમાવી.

પદ ૫ મું.

મૂરખો રળી રળી કમાણોરે, માંથે મેલશે મોટો પાણો.—ટેક.
ધાઇ ધુતીને ધન ભેળું કીધું, કોટીધ્વજ કહેવાણો;
પુણ્યને નામે પા જૈ ન વાવર્યો, અધવચ્ચથી લૂટાણોરે. મૂરખો.
ભર્યા કોઠાર તારા ધર્યા રહેસે,નહિ આવે સાથે એક દાણો;
મસાણુનીરાખમાંરોળાઈગયાકઇક, કોણુરંકનેકોણુરાણોરે. મૂરખો.
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઇ ઠેરાણો;
લોજો ભગત કહે મુવા પુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણોરે. મૂરખો.

પદ ૬ ઠું.

મૂરખો માની રહ્યો મારૂં રે, તેમાં કાંઇયે નથી તારૂં.—ટેક.
સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નીર ખારૂં;
ચૌદ ચોકડીનું રાજ્ય ચાલ્યું ગયું, રાવણાદિક વાળું રે. મૂરખો.
દુઃખને તો કોઇ દેખે નહીં, ને સુખ લાગે સારૂં;
વેળા વેળાની છાંયડી તારી, વળી જાશે વારૂં રે. મૂરખો.
હરી ભજનમાં હેતજ રાખો, સ્મરણ કરો સારૂં;
લોજો ભગત કહે રાખો હૃદયમાં,પ્રભુનું ભજન પ્યારૂં રે. મૂરખો.

પદ ૭ મું.

ભક્તિ શિશતણું સાટું રે, આગળ વસમી છે વાટુ—ટેક.
એક દિવસ તો આવી બની, રાજા મૂરધ્વજને માથે;
કાશિએ જઇને કરવત મુકાવ્યું, હરિજનને હાથે રે. ભક્તિ.
સત્યને કાજે ત્રણે વેચાયાં, રોહીદાસ ને રાણી;
ઋષિને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણી રે. ભક્તિ.
પેરો પટોળાં પ્રેમનાં રે તમે, શુરવીર થઇ ચાલો;
લોજો ભગત કહે ગુરૂ પરતાપે, અમરાપર માળો રે. ભક્તિ.

પદ ૮ મું.

દુનિયાં દીવાની કહેવાશેરે, ભુંડી ભિંતોમાં ભટકાશે.—ટેક.
પાપ જ્યારે એનું પ્રગટ થશે ત્યારે,ભૂવા જતી ઘેર જાશે;
ધુણી ધુણી એની ડોકજ દુઃખશે,ને લેનારો લેઇ ખાશેરે. દુનિયાં.
સ્વરગમાં નથી સૂપડું ને, નથી ખાંડણિયો ને ઘંટી;
દૂધ ચોખાના જમનારાં તમે, કેમ કરી જમશો બંટીરે. દુનિયાં.
ઢોંગ કરીને ધુતવાને આવે ત્યારે, હાથ બતાવા સૌ જાશે;

કયારે આના કર્મનું ચક્રું ફરસે, અને કયારે પુત્રજ થાશેરે. દુનિયાં.
કીમીયાગર કોઇ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ઘાશે;
ભોળો ભગત કહે ભ્રમણામાં ભમતાં, ગાંઠની મૂડિ ગમાશેરે. દુનિયાં.

પદ ૯ મું.

ભક્તિ સુરવીરની સાચીરે, લીધા પછી નહી મેલે પાછી ટેક.
મન તણો જેણે મોરચો કરીને, વઢીયા વિશ્વાસી;
કામ ક્રોધ મદ લોભ તણે, જેણે ગળે દીધી ફાંસીરે. ભ.
શબ્દના ગોળા જ્યારે છુટવા લાગ્યા, મામલેરહ્યા ભડ મચી;
કાયર હતા તે કંપવા લાગ્યા, એતો નિશ્ચય ગયા નાશીરે. ભ.
સાચા હતા તે સન્મુખ ચડયા, ને હરી સંગે રહ્યા રાચી;
પાંચ પથીરાથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભાશીરે. ભ.
કર્મના પાસલા કાપી નાંખ્યા, ભાઇ ઓળખ્યા અવિનાશી;
અષ્ટ સિદ્ધને ઇચ્છે નહીં, થઇ મુકિત તેણી દાસીરે. ભ.
તન મન જેણે તુચ્છ કરી જાણ્યા, અહોનિશ ઉદાશી;
ભોળો ભગત કહે ભડ થયા એ તો વૈકુંઠના વાશીરે. ભ.

પદ ૧૦ મું.

મોજુ કોઇ ભરજીવા માણેરે, શીશ સાટે સોંઘા હરિ જાણે. ટેક.
રણ ક્ષેત્રમાં રીડયું થયું, તન વેધ્યું વરેહને બાણે;
સત્યને મારગે ચાલીયા તેને, વેરી વખાણેરે. મોજુ.
પોતાના દેહનું પેન્યું રોપ્યું, કેની મનમાં ભયન આણે;
ધર્મ ધીંગાણે ભળી ગયા, તન તુંટયા લગી તાણેરે. મોજુ.
પ્રભુની પાસે પાખંડ નહીં ચાલે, તમે ચેતી લેજો ટાણે;
કુડીયા હશે તેને ત્યાં યમ રાજા, ઘાલશે લઇ ઘાણેરે. મોજુ.
ભોળો ભગત કહે ભજન કરીને, નર નિપજ્યા નિવાણેરે.

પદ ૧૧ મું.

મુરખા જન્મ ગયો તારોરે, બાંધ્યો તે પાપ તણો ભારો. ટેક.
નામ સાંભળતાં નિંદ્રા આવે, હરી રસ લાગે ખારો;
અમૃત રસને અળગો કરીને, કર્યા વિષયના વેપારોરે. મુરખા.
મોહાંધ થઇને માયા ખરચે તેમ, સગાં કહેછે સારોરે;
સાધુ દેખીને મોઢું સંતાડે, એતો ધુવે ગારોરે. મુરખા.
હમણા તારો હુકમ ચાલેછે, દેછે સહુને ડારો;
ઘરમના કુતરાયે ધકા દેશે, ત્યારે ઉગર્યાનો નથી આરોરે. મુરખા.
તલે તલનો હિસાબ લેશે, મોકમ દેશે મારો;
ભોળો ભગત કહે હરિ ભજ્યા વિના, કોઇનહી રાખણ હારોરે. મુરખા.

પદ ૧૨ મું.

મનવા રહેની ભજનમાં ભળીરે, આતો વેળા જાયછે વળી. ટેક.
જોબનના દહાડા જતા રહેશે, જેમ કરમાય છે કળી;
જરા આવે કાંઇ જોર નહી ચાલે, પછી વિખાશે પળીરે. મનવા.
સંઘરયું હશે તે સાથે નહી આવે, સરવે જાશે સળી;
હેતે કરીને વાવરજે હાથે, બાકીનું જાસે બળીરે. મનવા.
માનવી ઝાડ છે મુળ વિનાનું, ધર્મ વિણ જાવું ઢળી;
આગળ ખાવા સારૂ અભાગીયા, કાંઇક મુડીલેને મેળવીરે. મનવા.
કાળનું દળતો કારમુ આવસે, દેહ નાંખશે દળી;
ભોળો ભગત કહે ધર્મ રહેશે, બીજુ સરવે જાશે ટળીરે. મનવા.

પદ ૧૩ મું.

મુરખો કાલની વાતુ કરેરે, માથે કાળનું ચકર ફરે. ટેક.
કહે કઇકને નહીં કરવું એવું, નિજ કરતો નવ ડરે;
વિષય વિકારમાં ફરે વલખતો, પારકા ઘરમાં ગરેરે. મુરખો.
સ્વારથમાં જીવ ચાલે ચોધારો, અસત્ય ઘણું ઓચરે;
છળ છેતરી દગાબાજી કરી, પારકા ઘરમાં ધરેરે. મુરખો.
ધર્મને માર્ગ ડુકડો ન આવે, પાપનાં પગલાં ભરે;
સુખની માયા સંઘરી રહેશે, કાં વેધ્યા નારીમાં વાવરેરે. મુરખો.
તેથી ચોરાશી સહી કરી જીવ અલપ થઇ અવતરે,
ભોળો ભગત કહે ભજન કર્યા વિના ભુંડે હાલે મરેરે. મુરખો.

પદ ૧૪ મું.

લોભ રહ્યો હૃદયમાં વશીરે, મુરખને શીખામણ તે કશી. ટેક.
સંતની નીંદા સારી લાગે, જીવ તેમાં રહેછે મચી;
પરમાર્થેથી પાછો ભાગે એતો, ત્યાંથી જાયછે અશીરે. લોભ.
ધર્મનું કામ કોઇ કહેવા આવે, તેને સામો ઉઠે ભશી;
રામના નામ વિના ગીજુ લવેતેનીજીભકાપવીજોઇએઘશી. લોભ.
વખાણુ પોતાનાં બહારાં લાગે, જીવ તે શું બોલે હશી;
કોઇકનું રૂડું કાને સાંભળતાં, જાણે વાગી બરછીરે. લોભ.
મોતથી બચવા મથ્યો ઘણું તોય, કાળે લીધો ઘશી.
ભોળો ભગત કહે ભુત થઇને જીવ, ભમિયો મુવા પછીરે. લોભ.

પદ ૧૫ મું.

જગતમાં શું રહ્યા માલીરે, ભરાણી પાપ તણી પાલી. ટેક.
ભામની મળી જાણે ભગવાન મળ્યા, એવીઅંતરમાં વાલ;
કામની તારે કામ ન આવે, સુખ જાશે ચાલીરે. જગતમાં.
અલેક ધણીની ઓળખાણ પાડ, એ એપ નહીંનયખાલી;

ભરમે થાકી જીવ ભુલી ગયેા, એને જમડા જાશે ઝાલીરે. જગતમાં.
પેટ ચોળીને શુળ ઉપજાવ્યું, ને જીવને ઘાત ઘાલી;
ભોજો ભગત કહે ભજન કર્યા વિના ઠકરાઇ છે ઠાલીરે. જગતમાં.

પદ ૧૬ મું.

મુરખે મારૂ મારૂ કરી જાણ્યું, બ્રહ્મનું ભજન રૂદે નવ આણ્યું;
જુઠી માયા શું જોર કરીને, મરતા સુધી તાણ્યું. મુરખે.
શાંચ્યું હશે તે શાંનું રહેશે, ડાટયું રહેશે નાણું;
જાણ્યું જનમારો જીવશું રે, પછી અધવચ આવ્યું આણું. મુરખે.
પાંચ લાખતો પોતે કમાણેા, પામ્યેા નહી પાંચ પાંણુ;
હાંણ્યેા નહી કંઇ માણ્યેા નહી, એમ કુટતી આવશે કાંણ્યું. મુરખે.
બ્ર ધનીઆને ધનજ વહાલુ, ધન જોણન નહી તારૂ;
ભોજો ભગત કહે ભજો ઇશ્વરને, આગળની ઓળખાણ્યું. મુરખે.

પદ ૧૭ મું.

મુરખાની દાઢી થઈ છે ધોળી, મૂરખે જોયું ન હૈયું ખોલી.
ખાંતે કરીને ખડ વઢાવ્યું, વાંહે પડી રહી કોલી;
ભાવ હતો ત્યારે વેચી ન શકીયેા, પીઠ પડી છે મોલી. મુરખા.
ઘાંચીને ઘેરે બળદ સરજ્યેા, ચાલ ચાલેછે બહુ મોળી;
ચાલી ચાલીને એના ટાંગારે દુખશે, મરશે કાંધડાં ઘોળી. મુરખા.
હરીઆના બેટમાં બગલેા સરજ્યેા,ચાંચ રાખે બહુ પોહોળી;
ભક્ષ ન મળ્યેા ત્યારે બગલેા, મુઓ સમૂહર ડોહોળી. મુરખા.
વારતા વારતાં વારે ચઢીયેા, માલ લાવ્યેા છે ગોળી;
ભોજોભગત કહે એને ત્રણુમાર લાગશે,તીર બરછીને ગોળી. મુરખા.

પદ ૧૮ મું.

અબતો ભજન કરેા ભાઇ, અબતો ભજન કરેા ભાઇ;
દુજુ બકણીલેા તારે કામ ન આવે એક સાચી બ્રહ્મ સગાઇ. અબતેા.
દુર્ખ જીવે ધન ભેળું કીધું, ઠાંસી ભરીયું પરબાઇ;
કા હમડી તેરે સંગ નહી ચાલે, હાથ ઘસંતેા જાઇ. અબતેા.
ભ્રમ ક્રોધ મદ મોહમાં મોહ્યો, ચઢીરે કર્મકી કાઇ;
મંદે ધણા તેરે આરે મુલકમાં, લુંટી લેશેરે લૂગાઇ. અબતેા.
આ તન તેરેા કલ ઉડ જાયગેા, જેસે વંટોળકા વાઇ;
અબકા દાવા ફીર નહિ આવે, પછે મન પસ્તાઇ. અબતેા.
સર્વ શ્રેષ્ટ એસે પ્રભુજીકે ચરણે, જાકે સીસ નમાઇ;
કાળકેા ત્રાસ કદી નહી લાગે, આ તન અનભય થાઇ. અબતેા.
શું સુતેા તું ચેત અભાગી, આ દેહુ તે ઉત્તમ પાઇ;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, એક લેની બ્રહ્મ ગુણગાઇ. અબતેા.

પદ ૧૯ મું.

મુરખા મતી ફરી તારીરે, મેલ્યા વિઠ્ઠલનાથ વિસારી. ટેક.
જન્મ થતા પહેલાં જઠરામાં, તું કરતો હતો પોકારી;
બહાર આવ્યા પછી બુદ્ધિહીણ તું, બ્રહ્મ હીરો ગયો હારીરે. મુરખા.
દોલત જોઇ જીવ થયો દીવાનો, બોલે અવળું અહંકારી;
પુન્ય કર્યા વિના પછે તો થાશે, ભવોભવ ભીખારીરે. મુરખા.
ભાત ભાતનાં ભોજન તજીને, થયો અખજનો યારી;
ચોરી છીનાળીને સુરાપાને, ગયાં નરકે નરનારીરે. મુરખા.
સાચો થઇને જઇશ પ્રભુ ચર્ણે, તો તે લેશે ઉગારી;
ભોજો ભગત કહે સત્ય કરીને, જ્ઞાન શીખામણ મારીરે. મુરખા.

પદ ૨૦ મું.

પ્રાણિયા ભજી લેને કીરતાર, આતો સ્વપ્નું છે સંસાર. ટેક.
ધન દોલતને માલ ખજાના, પુત્ર અને પરિવાર;
એમાંથી તું જઇસ એકલો, ખાઇશ જમના મારરે. પ્રાણિયા.
ઉંચી મેડીને અજબ જરૂખા, ગોખ તણો નહિ પાર;
કોટીદ્વજને લક્ષપતી તેનાં, ણાંધ્યાં રહ્યાં ઘરબારરે. પ્રાણિયા.
ઉપર પુલડાં ફરફરે ને, હેઠળ શ્રીફળ ચાર;
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે પુઠે પડે પોકારરે. પ્રાણિયા.
સેજ તળાઇ વિના સુતો નહીને, કરતો હુન્નર હજાર;
ખોરી ખોરીને બાળશે જેમ, લોહ ગાળે લુહારરે. પ્રાણિયા.
સ્મશાન જઇને ચેહ અડકી, તે ઉપર કાષ્ટનો ભાર;
અગ્નિ મેલીને ઉભા રહ્યા, પછે અંગે ઝરે અંગારરે. પ્રાણિયા.
સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નર અને વળી નાર;
ભોજો ભગત કહે દસ દી રોઇને, વળતી મુકયો વિસારરે. પ્રાણિયા.

પદ ૨૧ મું.

ખુટેલ ખરેખરો થાશેરે, બાજી તારા હાથમાંથી જાશે. ટેક.
કોઇનું કહ્યું નથી માનતા પણ, દેહ દુઃખ બહુ સહેશે;
ભડા ભલાઇયો કરી લેજો, આરંગ જાતો રહેશેરે. ખુટેલ.
હુક નથી ચાલતો બ્રહ્મ ભજ્યા વિણ, કાળ ગળી જાશે;
સોએ દીશા નાસે ઉપર પછી, વાહોલીયાં વાહાશેરે. ખુટેલ.
વિચાર કરીને વાવ્યા વિનાનાં, ફળ કયાંથી ખાશે;
ભોજો ભગત કહે ભજન કર્યા વિણ, નિર ખારે નહારો. ખુટેલ.

પદ ૨૨ મું.

મન તું હજી શિખામણ માનરે, એક દીન જવું છે સમશાન. ટેક.
લક્ષ ચોર્યાશીમાં અવતર્યા ને, ખરી તે ભોગવી ખાણ;

એતો અવગુણ અતી ઘણો એક,બ્રહ્મ ભજ્યા વિણ હાણુરે. મનતું.
ભજન કરો તો ભય મટે, તન શબ્દ ધરજો કાન;
અમર દેવને આરાધી લેજો, સમજ સદગુરૂ નિશાનરે. મનતું.
શુદ્ધ વિચારીને ચાલજો, ભાઇ રહેવું પડશે સાન;
મુવા પછી નથી માણવું, વાંસે સગાં કરશે સ્નાનરે. મનતું.
રાજા પરિક્ષત પામિયો, ભૂવનપતી ભગવાન;
સાત દીવસમાં ભળ્યું એવું, ગોવિંદ કેરૂં જ્ઞાનરે. મનતું.
પ્રેમ પદને પામવા તું, મેલી દે મનની તાંણ;
ભોજો ભગત કહે સત્ય કરીને, ભક્તિ છે નિર્વાણુરે. મનતું.

નારણ ભકત.

પંડીત પુરાણીરે, કુરાની તમે કયાંરે જુવો;
ભણીને શું ભાળું રે, અજ્ઞાનીને આથડીમુઓ. ટેક.
પોથી વાંચીને પરને દેખાડે, કરે ઉદરનો ઉપાય;
કહેણી કહેને રહેણી ન રાખે, તેણે અરથ ના થાય;
સામા શું દોડોછો રે, પુંઠે તમે ધારી જુઓ. પંડીત.
ગુરૂ થઇને જ્ઞાન બતાવે, ફોગટ કુકાવે કાન;
શીષ્ય પાસે સેવા કરાવે, તોયે ન આવે સાન;
પ્રેમ પુરૂષ જાણીરે, કાયર જેમ લાજે જુવો. પંડીત.
ટોપી પહેરેને તીલક ચીરે,બેરખા રાખે બબે જોડ;
ધોતી ધુવેને પોતી પશાળે, ખોટો થઇ કહે ખોડ;
માયાને અંધારેરે, અલ્યા તું તો આથડી મુવો. પંડીત.
માળા તીલક પાખંડ કરેછે,આત્મ ચીન્યા વિના ફોક;
મોતી પ્રતાપે નારણ કહેછે. પાખંડ કરે સહુ લોક;
ભ્રમ નવ જાણેરે, જ્ઞાની આપ શોધી જુવો.



દયારામ. ૧

શૃંગાર રસમાં આ કવિના જેવો ગુજરાતી ભાષામાં એક પણ કવિ નથી.

ચિત્ત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે--ટેક.
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું જન્મમરણ જાય પરે. કૃષ્ણને.
નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કરયું ત્યારે, લક્ષ ચોરાશી ફરે. કૃષ્ણને.
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું. શરે;
ધણીનો ધારયો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને.
દોરી સરવની એના હાથમાં, ભરાવ્યું ઠગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, સુર તેવો નિસરે. કૃષ્ણને.
થનાર વસ્તુ થયા કરે જયમ, કૃષ્ણ ફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણીપેરે જાશે, જયમ ગજ કોહું ગરે. કૃષ્ણને.
જેહવું જેટલું જે જયમ કાળે, તે તેહને કર ઠરે;
એહેમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુટાઈ તું મરે, કૃષ્ણને.
તહારૂં ધારયું થતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપપણું અજ્ઞાનકુળ એ, મૂળ વિચારે ખરે. કૃષ્ણને.
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનીષદ એચરે;
શાખ ભરેંસો રાંધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણને.

પદ ૧ લું.

સાંભળ શિક્ષા તું મન મારી, સાચી કહું એક વાંત.
મનુષ્યા દેહ દુર્લભ ભજ હરિને, જ્યાં લગી તન કુશલાત,
સમો ગયે પસ્તાઇશ પાર કયાં, ચોરાશી અથડાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં,
ખર અવતાર થશે હરિ ભૂલ્યે, પીઠ લાદશે તારી;
ભૂખ્યો તરસ્યો કોઇ નહીં પૂછે, શીત વૃષા તપ ભારી,
પાછળ માર ધડાધડ પડશે, કાંઇ એક મંદ ચલાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમા ગોવિંદ ગાતાં,
શ્વાન થઈશ ભગવાનને ભૂલ્યે, હંકાઇશ ઘેર ઘેર;

---

૧ વિશેષ માહીતી માટે અમારૂ દયારામકૃત કવીતા નામનું મોટું પુસ્ત
મંગાવી વાંચી આત્રી કરો. કીંમત. ૦-૮-૦ ટપાલ ખરચ ૦-૩-૦

મળ મુત્રાદિક ખાનપાન બહુ. કષ્ટ સહીશ શી પેર,
કહ્યું નહીં આ જન્મ જશે એમ, જ્ઞાત લાકડી ખાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.
ઘણું ગંદુ તન વિટવરાહનુ, હરિ ન ભજે તો થાશે;
મુત્ર પુરીષની હાર વાસ ત્યાં, તને અડી સહુ નાશે.
નાશે દિને જ્ઞાની ભુંડા, જ્યાં ત્યાં ફરે મરાતા;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.
કૃષ્ણકીર્તનમાં આળસ આણે, અજ કુર્કટ પડે થાવું;
વણ વાંકે પાળે ને વેચે, કસાઇ કરમાં જાવું.
અકાળ મૃત્યુ શસ્ત્રમાર પીડા, અતિશય કંઠ કપાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.
હરિ ન ભજે ઇત્યાદિક અધમ તેનો, ગણતાં આવે પાર;
નરક કુંડની અખંડ આંચનો, કેમ કરૂં ઉચ્ચાર.
કેશવ વણ કોઇ શકે ન છોડવી, જમ કિંકર લઇ જાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.
દયા પ્રિત વિણ રહ્યું ઉંધ્યું, ને ચેત હજુ તો ચેતાય;
વિષય સુખ સહુ યોનીમાં ત્યાં કૃષ્ણ ભજન નહિ થાય.
આ અવસરમાં લે સમરી, પછી પાર નથી પસ્તાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે ઘરમાં ગોવિંદ ગાતાં.

પદ ૩ જું.

જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટેક.
સિંહણકેરૂં દુધ હોય તે, સિંહણ સુતને જરે;
કનકપાત્ર પાખ સહુ ધાતુ, ફોડીને નિસરે. પ્રેમરસ.
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જ્યમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ.
સોમવેલી રસપાન શુદ્ધ જે; બ્રાહ્મણ હોય તે કરે;
વગરવંશીને વમન કરાવે, વેદવાણી ઉચરે. પ્રેમરસ.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થના સરે;
મરજીવો વગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ.
એમ કોટિ સાધને પ્રેમવીના, પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રીગોવરધનધર, પ્રેમ ભક્તિયે વરે. પ્રેમરસ.

પદ ૪ થું.

સાધુ:શ્રમના કરશોરે, કોટી પ્રયત્ને ગરધવ થશે નહીં ગાય;
માટે શ્રમ ના કરશોરે, કઠણ બોલી કાળજ બાળે;
હરીજન ભુલાય, માટે શ્રમ ન કરશોરે. ટેક.

કામળા કેરી કાળપ સોમણું સાબુથી ના જાય,
શ્વાનની પુંછડી થાય ના સીધી, કરે અનેક ઉપાય. માટે.
કુલક્ષણથી શિથળ પડયેા, પુરૂષે પુરૂષ થાય;
પણ વંડલ મરદ હેાય ન કદા, સેામણ ચારેા ખાય. માટે.
કસ્તુરી કયારે વાવેા તેાહે, લસણ તેા ગંધાય,
ફૂલે ના ફૂલે ન નેતર, સૂધા જો સીંચાય. માટે.
આઠે પ્રહર ઉકાળીયે તેાહે, કાંકણું ન બફાય,
વાંસ એરંડેા થાય ન ચંદન, મળીયાચળને વાય. માટે.
જેહને કાજે જે સરજ્યાં છે, તે તેહમાં લેાભાય,
હરીના ભકતેા હરી વિના, બીજે નહીં અંધાય. માટે.
પરાપુરવથી પ્રભુના છે તે તેા, પ્રભુતણા ગુણ ગાય;
દયેા દુષ્ટને ડાબા મૂકી, ભજે શ્રીવ્રજરાય. માટે.

પદ ૫ મું.

સાચું તે સગપણરે, સમજ મન શ્યામતણું;
બાકી સહુ જુઠું રે, કશું નથી કામતણું. ટેક.
માત તાત સુત ભ્રાત ને ભગિની, સગાં સહેાદર સેાય;
કુળકુટંબ સબાગેાત્રનેજ્ઞાતી, એહમાંતારૂંછેનહીંકેાય;
સગું એ તેા સરવે રે, સુખ તે દામતણું. સાચું તે.
જનની જનક એવાં કરચાં કેટલાં, તેં જેટલી ધરી દેહ;
લ્હેણાદેણીનેા સંબધ તુટયેા, ત્યારે મુકી ગયાં તેહ;
કેાઈએ ના બતાવ્યુંરે, ઠેકાણું વિશ્રામતણું. સાચું તે.
જોનીઆ હરીવણ હેતધરીને, કેાણઆપેમનુષ અવતાર.
પશુ પક્ષી કેડીને આપ્યેા, તને ભજનતણેા અધિકાર;
ભજે તેને આપે રે, પદ નીજ ધામતણું. સાચું તે.
આણું આસક્તિ કયહું મા રાખીશ, માયામનથી છેાડ;
નિશ્ચિત થઇ સહુ શેાક તજીને, પ્રીત પ્રભુજીશું જોડ,
દયા દિનરજની રે, રટણ કર રામતણું. સાચું તે.

પદ ૬ ઠું.

મનજી મુસાફર રે, ચાલેા નીજ દેશભણી;
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઇ છે ઘણી. ટેક.
સ્વપુર જવાનેા પંથ આવ્યેા છે, રખે ભુલતા ભાઇ;
ફરી આ મારગ મળશે નહીં, એહેવી છે અવળાઈ;
સમજીને ચાલેા સીધારે, ના જાશેા ડાબા કે જમણી. મનજી.
વચે ફાંશીઆ વાટે મારવાને, બેઠા છે ચાર;
માટે વળાવા રાખેા બે ત્રણેક, ત્યારે તેનેા નહીં ભાર;

મળ્યો છે એક ભેદી રે, કહેલી ગતી સહુ તે તણી. મનજી.
હાવાં માલ વેડોરો તો વોહરો શેઠના નામનો, થાય ના કયહુ અટકાવ;
આપણો કરતાં નેયમ આવે, ફાવે ધણીનો દાવ;
એટલા સારૂ રે, ના થાવું વોહરતના ધણી. મનજી.
જે જે જુગથકી જાવું છે, કરજો સંભાળીને કામ;
દાસ દયાને એમ ગમે છે,હવાં જઈએ પોતાને ગામ;
સુઝે છે હાવાં હેવું રે, અવધ થઈ છે આપણી. મનજી.

પદ ૭ મું.

માતાજીરે આજ આનંદ મારે અંગેરે, શ્રીકૃષ્ણ પરણ્યા મારે સંગેરે. ટેક.
માતાજીરે આજ સપન એવું દીહુંરે, અમૃતથી લાગે મુજને મીહુંરે;
માતાજીરે જાણે વૃષભાન મૂજ તાતેરે, બ્રાહ્મણ મોકલ્યો પરભાતેરે. આજ.
માતાજીરે તમે જાણે નંદઘેર વીવા કીધોરે,મેં જાણે હરિવરમાગી લીધોરે;
માતાજીરે રૂપવંતો ગુણવંતો હું નરખુંરે, હૈડામાં ચેને જોઇ હરખુંરે. આજ.
માતાજીરે તમેજાણે જમાઇતેડયોજમવારે,હું દેખીલજવાણીગઇરમવારે;
માતાજીરે તમે જાણે લગન મારાં લીધાંરે,સગા સંબંધી ભેળાં કીધાંરે. આજ.
માતાજીરે બારણીએ તોરણ બંધાયરે, માનની મંગળ ગાયરે;
માતાજીરે સગાં સબંધી મળી આવ્યાંરે, લાડકા--લાડુ સરવે લાવ્યાંરે. આજ.
માતાજીરે જાણે નટવર ચઢિયા વરઘોડેરે, આવીને ઉભા તારે ટોડેરે;
માતાજીરે તમે ચોંખી પધરાવ્યા પ્રીતેરે, માંડવો શોભ્યો રૂડી રીતેરે. આજ.
માતાજીરે મનેજાણેહરિસંગે પધરાવીરે,મેંજાણ્યું માયરામાં હું આવીરે;
માતાજીરે કંથે કંસાર જમાડયો રીતેરે,મેંપણપ્રભુજીને જમાડયા પ્રીતેરે. આજ.
માતાજીરે વૃષભાનજી મૂજ તાતેરે, પેરામણી આલી ભલી ભાતેરે;
માતાજીરે તમે જાણે કુળની રીત કરાવીરે, મુજને શાસરિયે વળાવીરે. આજ.
માતાજીરે જશોદા સાસુને પાયે લાગીરે, એટલે હું ઝબકીને જાગીરે;
લાડકડીરે તારૂં સપન જે કોઇ ગાશેરે, દયાનો સ્વામી પરસન થાશેરે. આજ.

પદ ૮ મું.

રાણી કીર્તીજી પૂછેરે, કુંવરી કયાં ગઇ રે;
મારી લાડકડી કયાં લાગી આવડી વાર; મારીલાડસઘેલી.
હું તો તુજપાખેઘર આંગણુલું કરતીહતીરે;
મારી રાંચા મારા લોચનનો શણગાર. મારી લાડસ.
તારી વેણ જોતાં વાસુકી પાતાળે પેઠોરે;
તારૂં ભાળ જોતાં ભાગે દુઃખ પરચંડ. મારી લાડસ.
કીર ચંચુને લજવે તારી નાસિકા રે;
તારી ભ્રકુટી લજવેછે કોદંડ. મારી લાડસ.
તારા મુખડા ઉપર વારી કોટી ચંદ્રમારે;

તારા નેત્ર ઉપર વારૂં મૃગ ને મીન. મારી લાડસ.
તારા અધર પ્રવાળ બિંબ-ફળ જેવા રે;
તારો કંઠ શુણી કોકિલા થઇ દીન. મારી લાડસ.
તારૂં હસવું જાણે વરસે મિઠડાં પુલડાં રે;
દીપે કુંદ-કળી સરખા તારા દંત. મારી લાડસ.
તારૂં ગળસ્થળ સઉ શોભાનું સદન છેરે;
તારૂં ચીબુકનું ટપકું ચોરે ચંત. મારી લાડસ.
તારી ગ્રીવાયે કપોત કંબુ રેખા રાજે રે;
તારૂં ઉદર જાણે પોયણીનું પાન. મારી લાડસ.
હસ્ત મનાળને ચંપકકળી આંગળીરે;
તારી કટી જાણે કેશરી સમાન. મારી લાડસ.
જંઘા કદળી સ્થળ સરખી જાણે શોભતીરે;
પરમાનંદ-કંદ પાવન પંકજ પાય. મારી લાડસ.
તારી નખશીખ શોભા ને શી વરણુવુંરે;
તારી સમોવડ કોઇએ નવ કહેવાય. મારી લાડસ.
ત્રયીલોક સુંદર વપુ ચંપક વરણુ છે રે;
કોની ઉપમાં આપું સૌમાં દીશે ખોડ. મારી લાડસ.
ગુણ રૂપનો સમુદ્ર મારી રાધિકા રે;
નથી વિશ્વ મધ્યે વર કોઈ તારી જોડ. મારી લાડસ.
મુજને એ ચિંતાછે મોટી મારા મનમહીંરે;
તારી તુલ્યનો દેખું વર તો હરખે મન. મારી લાડસ.
એવું શુણી બોલ્યાં દાસ દયાનાં શામનીરે;
હલેતાં સરખાં થઇ ગર્ભીત વચન. મારી લાડસ.

પદ ૯ મું.

હું તો આજ સખિયો સંગે રમતી ગોકુળ ગઈરે;
ત્યાં મેં રૂડો દીઠો નંદનો કુમાર, માતા પ્રત્યે.
માડી સ્વરૂપ તેનું તે તુજને શું કહું રે;
ઘણો ચતુર-શિરોમણિ શુણ ભંડાર. માતા પ્રત્યે.
માડી મુખડું જાણે શરદનો ચંદ્રમા રે;
ભાગ્યશાળી મોટું દીસતું કપોળ; માતા પ્રત્યે.
માડી રતનાળી રઢિયાળી મોટી આંખડીરે;
એના અધર અરૂણ રંગચોળ. માતા પ્રત્યે.
દીપક શીખા સરખીદીપે નિર્મળનાસિકારે;
દંત પંક્તી જાણે દાડમનાં છે બીજ. માતા પ્રત્યે.
ચારૂ ચીબુક ઉરસ્થળ અનુપમ અતી રે;

કુરકટ પદ જોતાં ઉપજે રીજ. માતા પ્રત્યે.
ઘનશ્યામ કાંતિ રવી શશી કરતાં ઘણીરે;
કોટી કંદ્રપ લજાવે નટવર વેષ; માતા પ્રત્યે.
મીઠાં અમૃત કરતા વચન સોહામણાંરે;
ઘુઘરવાળા મૂગ ઉપર ઝુંએ કેશ; માતા પ્રત્યે.
મન મોહન છબીલી છબી છેલડી રે;
એની સામું જોતાં સેજે ઉપજે વહાલ. માતા પ્રત્યે.
એવો જશોદાના આંગણીયામાં દીઠડો રે;
મુજને દેખી સંગે રમવા આવ્યો લાલ. માતા પ્રત્યે.
રમતાં રમતાંમાં પરસ્પર પ્રેમ ઉપનો રે;
મુજને ઘણો વાલો લાગ્યો એ ગોપાળ. માતા પ્રત્યે.
એની કંઠે મેં પેરાવી સુવરણ સાંકળી રે;
એણે મુજને આરોપી મોતી માળ. માતા પ્રત્યે.
એવું જોતાંજશોદાએઅમનેઘરમાં તેડયાંરે;
બન્યો બેસાર્યા છે પોતાને ઉછંગ. માતા પ્રત્યે.
નંદજીને કહ્યું જુઓ જોડી કેવી શોભે રે;
નંદે નીરખ્યાં અમને રાખી બેઉને સંગ. માતા પ્રત્યે.
રોહીણીજીઆદેઆડોશીપાડોશીઆવ્યાંરે;
સઉ કહે એ કાનને કન્યા જુકતી જોડ. માતા પ્રત્યે.
ઉપનંદે કહ્યું કહાવો વૃષભાનને રે;
ઘટીત છે એ વાત રખે કરતાં મોડ. માતા પ્રત્યે.
નંદ રાણિયેરૂદિયા શું અમને ચાંપિયાંરે;
મેવા મીઠાઇ આપી જોયા મારા હાથ. માતા પ્રત્યે.
રોહીણીજીયે મામુજને હેતેચુંબન કીધુ રે;
વળી હું અહિ આવી સંગીયો મારી સાથ. માતા પ્રત્યે.
એવું સાંભળી કીર્ત્તીયે વૃષભાન તેડયારે;
સાંભળો આ સહુ માંડી કીધી વાત. માતા પ્રત્યે.
વૃષભાને કહ્યું મુજને પણ એતો ગમ્યું રે;
નંદજીને હું બે સમોવડ વિખ્યાત. માતા પ્રત્યે.
વર્ષ બેએકે મોટી છે રાધા એટલું રે;
બાકી તો છે સગળી હળની મળતી રીત. માતા પ્રત્યે.
કિર્ત્તીજીકહેતેનીનહીંચિંતાઆવીમળશેરે;
પણ છે પુત્રીની દયા પ્રીતમ શું પ્રીત. માતા પ્રત્યે.

પદ ૧૦ મું.

માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે;
ઝુલે લાડકડા પુરૂષોતમ આનંદ ભેર.

હરખી નરખીને ગોપીજન જાએ વારણે;
અતી આનંદ શ્રીનંદાજીને ઘેર; માતા જશોદા.
હરિના મુખડા ઉપર વારૂ કોટિક ચંદ્રમા,
પંકજ-લોચન સુંદર વીશાળ કપોળ;
દીપક સરખી તો શોભેછે નિર્મળ નાસિકા,
કોમળ અધર અરૂણ છે રૂડા રાતા ચોળ. માતા જશોદા.
મેઘશ્યામ કાંતી ભ્રકુટી છે વાંકડી,
ખીટલિયાળા ભાળ ઉપર ઝુમે કેશ;
હસતાં દંતુડી દીસે બેઉ હીરાકણી,
જોતાં લાજે કોટીક મદન મોહણ વેષ. માતા જશોદા.
સિંહ નખ જડેલું સુવર્ણ શોભે સાંકલું,
નાજુક આભરણ સગળાંકંચન મોતીહાર;
ચરણ અંગુઠો ધાવેહરિજી બે હાથે ગ્રહી,
કોઇ બોલાવે તો કરે કિલકિલાકાર; માતા જશોદા.
લાલ લલાટે કીધો કુમકુમકેરો ચાંદલો,
શોભે જડિત જાણે મસ્તકમણિની માળ;
જનનીજુકતેઆજેઅણિયાળીબેઉઆંખડી,
સુંદર કાજળકેરૂં ટપકું કીધું ગાલ. માતા જશોદા.
સરવે સોનાનું જડિત મણીમય પારણું,
ઝુલાવે રમઝમ વાજે ઘુઘરીનો ઘમકાર;
માજીવિધવિધવચનેહરિગુણગાએહાલડાં,
બેંચે કૂમતીયાળી રેશમ દોરી સાર. માતા જશોદા.
હંસ કારંડ ને કોકિલ પોપટ પારણે,
બપૈયા સારસ ને કાંઠ ચકોર મેનાં મોર;
રમકડાં મુકયાં રમવાને મોહન લાલને,
ઘમ ઘમ ઘુઘરા વગડે નંદકિશોર. માતા જશોદા.
મારા કાનાની સમાણી કન્યા લાવશું,
પ્યારા લાલને પરણાવું મોટે ઘેર;
મારો જાયો વરરાજા થૈ ઘોડે બેશશે,
મારો કાનો કરસે સદા લિલાલેર. માતા જશોદા.
મારો લાડકવાયો સખામાં રમવાજશે,
સારી સુખડલી હું આપિશ હરિને હાથ;
જમવા વેળા ઝુમઝુમ કરતો ઘેર આવશે,
હું તો ધાઇને તેને લેટિશ રૂદયા સાથ. માતા જશોદા.
જેનો શેષશંકર સરખા પાર પામે નહીં,
નેતી નેતી કહેછે નિગમ વારોવાર;

તેને નંદરાણી હુલરાવી ગાએ હાલરાં,
નથી નથી એના ભાગ્યતણો કાંઇ પાર. માતા જશોદા.
વ્રજવાસી સૌ સરવેથી સુભાગી ઘણું,
તેથી નંદ જશોદાકેરું ભાગ્ય વિશેષ;
તે સરવેથી ગોપીજનનું ભાગ્યઅતી ઘણું,
જેની કરે પરિક્ષા બ્રહ્મા શિવ ને શેષ; માતા જશોદા.
ધન્યધન્યવ્રજવાસીગોપીજનનંદજશોમતિ,
ધન્ય ધન્ય વૃંદાવન હરિકેરો જ્યાંછેવાસ;
સદા જુગલ-કિશોરે ત્યાં લીલા કરી,
સદા બલિહારી જાયછે દયારામ દાસ; માતા જશોદા.

પદ ૧૧ મું.

જો વિચારિ જીવ તારી શી ગતિ થશે;
જન અમુલ્ય જનમ વ્રથા ગયો કાંઇ હશે જો વિચારિ.
ચેતના હજુ ન કાળ અચેત આવશે;
ન ભજ્યા શ્રીકૃષ્ણ ત્યાં કોણ છોડાવશે. જો વિચારિ.
છળ કરી અધર્મ દ્રવ્ય મેળવ્યું દુખે;
પોષ્યું નીજ કુટુંબ કણ પડયો ન પરમુખે. જો વિચારિ.
નિત્ય હાય દૈવ પલક નવ ઠરયો સુખે;
રાધિકા-રમણ ન રટયા રહ્યો સ્ત્રી-રૂખે. જો વિચારિ.
સ્કંદ પંચમે પોકારી નરક દુઃખ કહ્યું;
ત્રાસ ઉપજે શુણ્યેથી કયમ જશે સહ્યું. જો વિચારિ.
માટે હજુ ચેત સેવ કૃષ્ણ કર કહ્યું;
ત્યાં તો પછે વાહાડયું તેને જોઇશે વહ્યું. જો વિચારિ.
તું જાણે જંતળી છું કયમ ભજન કરું;
પણ વિચારિ વેઢ સર્વ મનથી કર પરું. જો વિચારિ.
કૃષ્ણ નામ રટણ ચિત રાખ્ય અધરું;
બળતે ઝુંપડેથી ખેંચી કાઢ તે ખરું. જો વિચારિ.
ભજન વિના વાત સર્વ માનને વૃથા;
મૂકિ કુંથલી ને સાંભળ કેસવ-કથા. જો વિચારિ.
આતમ-ઘાતી તું જ તારો ન થા અન્યથા;
દયા શ્રીજી વીના ગતી નથી સર્વથા. જો વિચારિ.

પદ ૧૨ મું.

વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે;
શીદ ગુમાનમાં ઘુમે, વૈષ્નવ નથી થયો તું રે. ટેક.
હરિજન જોઇ હેડું નવ હરખે, હરખે ન હરિગુણ ગાતાં;

કામા દામ ચટકી નથી છટકી, ક્રોધે લોચન રાતાં. વૈષ્નવ.
તું સંગે કોઈ વૈષ્નવ થાયે, તો તું વૈષ્નવ સાચો;
તારા સંગનો રંગ ન લાગે, ત્યાં લગી તું કાચો. વૈષ્નવ.
ભજનારૂઢ નથી મન નિષ્ચે, નથી હરિનો વિશ્વાસ;
જગલતણી આશા છે જ્યાં લગી, જગત ગુરૂ તું દાસ. વૈષ્નવ.
પર-ઉપકારે પ્રીત ન તુજને, સ્વારથ છુટયો છે નહિ;
કહેણી તેવી રહેણી ન મળે, કયાં લખ્યું એમ કહે નહિ. વૈષ્નવ.
પર દુઃખ દેખી રૂદે ન દાઝે, પરનિંદા નથી ડરતો;
વહાલ નથી વિઠ્ઠલવર સાથે, હઠે ન હું હું કરતો. વૈષ્નવ.
મનનો ગુરૂ મનનેજ કરિશ તો, સાચી વસ્તુ જડશે;
દયા દુઃખ કે સુખ માન્ય પણ, સાચું કહેવું પડશે. વૈષ્નવ.

પદ ૧૩ મું.

હરિ જેવો તેવો હું દાસ તમારો,કરૂણા સિંધુ ગ્રહો કર મારો;
હરિ જેવો તેવો હું દાસ તમારો. ટેક.
આંકડાના સાથી સામળિયા, છો બગડયાના બેલી;
શરણ પડયો બળ અમિત કુકરમી, તદપિ ન મુકો ઢેલી. હરિ.
નિજ જન જુડાની જાતિ લજ્યા, રાખોછો શ્રીરણછોડ;
શુન્ય ભાગ્યને સફળ કરોછો, પૂરો વરદ બસ કોડ. હરિ.
અવળું સવળ કરો સુંદરવર, જ્યારે જાય જન હારી;
અયોગ્ય યોગ્ય પતિત કરો પાવન, પ્રભુ દુખ દુકૃત-હારી. હરિ.
વિનતિ વિના રક્ષક નિજ જનના, દોષતણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, જરો ન મોટો વહાનો. હરિ.
વિકળ પરાધિન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો;
આરત-બંધુ સહીસનું અભય કર,અવગુણ ઉર નવ આણો. હરિ.
સરવેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયાપ્રીતમ ગિરિધારી;
શરણાગત-વત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી. હરિ.

પદ ૧૪ મું.

પ્રભુ તને પ્રસંન તે કેમ થાય,તારા દિલનું કપટ નવ જાય; પ્રભુ.
પ્રભુ કીરતન પ્રભુ નામ સ્મરણમાં, અતીશે આળસ તારે;
હાચા ફુટ લવ પર નિંદામાં, આખો દિવસ ન-હારે. પ્રભુ.
પ્રભુનું પૂજન કરતી વેળા, કાયા તારી કંપે;
ગંજીફો સોગટાં કુટતાં, આઠ પહોર નવ જંપે. પ્રભુ.
હરીનું ચંદન ઘસતાં તારૂં, શ્રમથી શરીર બગડે;
કુંડી કદકું લઇ મરી મશાલો, ભાવે ભાગ્યજ રગડે. પ્રભુ.
એકાદશી ઓછવનાં જાગરણ, અતી કઠણ તને લાગે;

ભાંઠ ભવૈયા જેવા સારૂં, સારી શતજ જણે. પ્રભુ.
હરિના ભગતને લુખું સુકું, વેઠજ વળગી જણે;
સગા સંબંધી પરણ્યા આવે તેને, પીરસે મિષ્ટ પરાણે. પ્રભુ.
બે પૈસાની શુરૂ સેવા બતાવે, ત્યાં ગણુગણતું બોલે;
ઘરની સ્ત્રી જ્યારે માગે ઘરેણું ત્યાં, હસી મગન થઇ ડોલે. પ્રભુ.
બોટાં-મોતી કાચ કીડિયાં, ભગવત ભુષણ ઘાલે;
સોનું રૂપુ મણી મુક્તા વિન, સુત સ્ત્રીને નવ ચાલે. પ્રભુ.
જગ દેખતાં જપવા બેસે, બાકી નાહ્ય ન ખાવા;
ગળાં કાપે ત્યાં થાય ગળગળો, એ વૈશ્નવના ભાવા. પ્રભુ.
આ કરવું આ ના કરવું એમ અન્યને શિક્ષા દેછે;
તે પરમાણે તું નથી કરતો, અનુચિત કરમ કરેછે. પ્રભુ.
અંતરના છળ અન્ય ન લે પણ, જાણે અંતરજામી;
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી. પ્રભુ.

પદ ૧૫ મું.

તારો અમુલખ અવસર જાયરે ગોવિંદ ગારે;
ગોવિંદ ગા ગોપાળ ગા ગોપીજન વલ્લભ ગારે;
જોને ક્ષણે ક્ષણે હાની થાય ઓરવરધારી ગાને. ટેક.
મૂરખ તું સમજે નહીં, આયુષ ઓછું થાય;
જ્યમસરોવરનીમાછલી,સમજેનહિસલીલ સુકાયરે. ગોવિંદ.
તેનું તે ભાસે તુંને, ભોર અપોર શરીર;
વહી જાતું જાણે નહીં, જ્યમ નદીયેાનું નીરરે. ગોવિંદ.
અમુલખ લટકું લાભનું, ચેત્યા તે પામ્યા પાર;
ચાર દિવસની ચાંદની, જાતાં નહિ લાગે વારરે. ગોવિંદ.
માયાની મધ-લાણથી, કોણ ધરાયું તું ધરાશે;
દુગ્ધામાં બંને જશે, પાછળથી પસ્તાશેરે. ગોવિંદ.
ઠાલાં થેાથાં પુટતાં, ખુટયું દીપક તેલ;
મનના મનોરથ રહી જશે,ઓચીંતો તુટી જાશે એલરે. ગોવિંદ.
માયા મેવો મીઠડો, જ્યમ જવરમાં ઘીજ;
હરી રસાયણ ગુણ ઘણો, ઔષધ જાણીને પીજરે. ગોવિંદ.
પ્રભુ પાખે હે પ્રાણીયા, કોઈમાં પ્રીત કરીશ;
તારૂ ઢાંકયું અંતર ધીકશે,ટટળીને તલશિ મરીશરે. ગોવિંદ.
અંતે આવી પળ નહી મળે, જો કરે કોટી ઉપાય;
વિચાર વીઠ્ઠલ વણ ભજે, વૃથા વહ્યું સૌ જાયરે. ગોવિંદ.
તને અનેક વાતની એક કહું, સમખાઇ મા બાપ;
દયા નામ શ્રીકૃષ્ણથકી, સમશે સૌ પરિતાપરે. ગોવિંદ.

પદ ૧૬ મું.

હરિ હું શું કરું રે, મારો માયા ન મૂકે કેડો; ટેક.
કોટી કલ્પ સુધી એણેભમાવ્યો,ભમું હજુ નહી છેડો;
મુજથી ન છુટે ન આપછોડાવો,મારોકિયેકાળનવેડો. હરિ.
સેવા સમરણ કામ કરું, મારો ક્ષણુએ ન છાંડે હેડો;
શું ગજું મારૂં એઅવિદ્યાજીતી,કરૂંચરણકમળેનેડા. હરિ.
આપ વીના એના સહુ ચેલા,કોને કહું દુખ દેડો;
દાસી તમારી જાય પ્રેરો ત્યાં,પાછી ફરે જ્યારે તેડો. હરિ.
કરગરીકહું છું કૃષ્ણકૃપા-નિધી,ચરણપડયોન ખશેડો;
માયા કાળ અગ્નીથી બચે દયો,કૃષ્ણ કૃપા-જળ રેરો. હરિ.

પદ ૧૭ મું.

ભજને શ્રીહરીને કરી કલ્પના પરી,
તારી કલ્પનાયે વાત કહે કશી સરી. ભજને.
નાણી જોયું નિત્ય તોયે શીદ મથે મરી,
આ અમુલ્ય જન્મ ગયો નહિ આવે ફરી. ભજને.
દુઃખ મૃત્યુ કોણ માગવાને જાયછે,
જે સમે આવી તે સહેજ પ્રાપ્ત થાયછે. ભજને.
એજ રીતે સૂખ સર્વ શાસ્ત્ર ગાયછે,
માની હું પણ તું શીદ દુઃખમાં દળાયછે. ભજને.
જેનું નીમીત નીરમ્યું જ્યાં તેહ ત્યાં જશે,
પૂર્વ ભવે સંચ્યું તે પ્રમાણે પામશે, ભજને.
ધાર્યું ધણીયે તેજ થયું થાયછે થશે,
વૃથા વીટંબના કરીશ તેજ ઉગરશે. ભજને.
કરવો ઉદ્યમ કહ્યોછે પણ રૂડિ રીતીનો,
તું તો છેક ભજન ભૂલી કરે અનિતિનો. ભજને.
એકો અંશ પ્રભુ વિષે તુંને ન પ્રીતનો,
લાજનો વીચાર ચીત રાખ્ય જીતનો. ભજને.
રાખ્ય દૃઢ ભરૂંસો એક નાથજીતણો,
અવળું સવળું કરશે જન જાણી આપણો. ભજને.
દીનવત્સળ દેવ તે દયાળુ છે ઘણો,
ટેક-ધર દયા બહુ શ્રીકૃષ્ણથી બણો. ભજને.

પદ ૧૮ મું.

ગર્ભવાસ રાખ્યોરે, કૃપા તને બહુ કરી;
સદા સુખ આપ્યું રે, તેને કેમ ગયો વીસરી. ટેક.

દશપંદર સુધી પુરણ પાળ્યો પરણાવ્યો બહુપેર;
તોયેએકેઘડીઈશ્વરનગાયા,મનમાંનઆણીકાંઇમેર,
વીસે વહ્યો પુરોરે, હૈયામાં ન લાવ્યો હરી. ગર્ભવાસ.
વરણાગીમાં વાંકો હીંડેછે, પચીશ થયાં પરમાણુ,
છેલાઇમાંતું છાકી ફરેછે, અહંકારને અભિમાન;
ત્રીસે મોહ્યો સ્ત્રીનેરે, ઘણા ઘણા નેહ ભરી. ગર્ભવાસ.
નાતજાતમાં નામજ કહાવ્યું કુબુદ્ધિજાત કઠોર,
ધનને કાજે ધુતતો ફરેછે, જેમ હરાયું ઢોર;
ચાળીસે તું ચાલીરે, છતમાં તું રહ્યો છરી. ગર્ભવાસ.
થર ઘરઘરમાંતું ઘેલોફરે છે, આયા નહીંજગપાળ,
પરાક્રમતારાનોમારન આવેપૂઠે બહુથઇ જંજાળ;
પચાસે જશ પહોંચ્યેરે, ઠેકાણે ન બેઠો ઠરી. ગર્ભવાસ.
દયાદાનને પુન્યનં લાવ્યો, જ્ઞાન અને ગરિબાઇ;
અહંકારમાંતું ગયો અફળાતોલોભલાલચમાંલેવાઇ,
સાઠે બુદ્ધિ નાઠીરે, તારણ કાંઇ ન આવ્યું તરી. ગર્ભવાસ.
સીતેરથયાંત્યારે શુદ્ધરહીનહી, લાગ્યોપોતાનોભાર,
કુટુંબકણીલો કોઇનવ માને,તોયેન મેલે અહંકાર;
સુમારગ ન ચાલ્યોરે, ડગલું નવ મેલ્યું ડરી. ગર્ભવાસ.
એશીથયાંત્યારેઆંખેનસૂઝે, થરથર ધ્રુજે તારીકાય,
કાયામાં કંપવાયુ પ્રગટયો,તોએ ભજન નહીથાય,
સુરખ નવ ચેત્યોરે, માયાએ તને લીધો ઘેરી. ગર્ભવાસ.
ઘરડો થયોત્યારે ગતજભાગી,ગાયા નહીપરિગ્રહ,
દાન પુણ્યનું નામન જાણ્યું,સમજ્યોનહીકાંઇમર્મ;
મારૂં મારૂં કરતાંરે, વર્ષ નેવું ગયાં વહી. ગર્ભવાસ.
કુકર્મનાંબહુ બંધનછુટવા,આપ્યો મનુષ્યઅવતાર,
સોયે વર્ષેતારીઅવધજ આવી,ભર્યો ભુંડાઇનોભાર;
ભૂલ્યો બધા ભવમાંરે, ફોકટનો ફેરો ફરી. ગર્ભવાસ.
ઇશ્વરને અંતર નવ ધાર્યા, જાણ્યાના જગદાધાર,
અંત્યસમેજ્યારેબાંધીનેઆણ્યો,પડ્યો કરશેપોકાર;
દારૂણ દુઃખ દેખીરે, રોયો બહુ નયણું ભરી. ગર્ભવાસ.
સત્યપુરૂષેસિદ્ધિમાંનિયુતાઇ, પાનું પુસ્તકનીરધાર,
ખાતામાં ઘણી ખોટજ દીઠી,નાંખ્યો નરક મોઝાર;
પાપી એછે પુરોરે, પુછો એને ખોટી કરી. ગર્ભવાસ.
કાયર થયોત્યારે કાલાવાલા, કરવા માંડયા અપાર,
હરી હવેભજનનચુકુ તારૂં,એકવાર કાઢોને બહાર;
દાસ દયા રામનારે, હરી હાથે ઝાલો ફરી. ગર્ભવાસ.

પદ ૧૯ મું.

હરિ તને પ્રસંન તે કયમ થાય, તારા મનનું કપટ ન જાય;
તાહારા દિલનો છળ ન જાય, પ્રભુ તને પ્રસન્ન તે કયમ થાય. ટેક.
હરીકિરતન હરીનામ સ્મરણમાં, અતિશે આળસ તાહારે;
ઠાચાકુટ લવ પરનિંદામાં આખો દિવસ ન હારે. હરિ.
પ્રભુનું પુજન કરતી વેળા, કાયા તારી કંપે;
ગંજીફો સોગટાં કુટલાં, આઠે પહોર ન જંપે. હરિ.
પ્રભુનું ચંદન ઘસતાં તારૂં, શ્રમથી શરીર બગડે;
કુંડી કુતકે મરી મશાલે, ભાવે ભાંગજ રગડે. હરિ.
એકાદશી ઓરછવનુ જાગણ, અતિ અઘરૂં તને લાગે;
ભાંઠ ભવાયા જેવા સારૂ, અખંડ આંખે જાગે. હરિ.
બે પૈસાની ગુરૂ સેવા બતાવે, ત્યાં ગણગણતું બોલે;
ઘરની બી ને માગે ઘરેણું તો, હરખી મગન થઈ ડોલે. હરિ.
ખોટાં મોતી કાચ કીડીયાં, ભગવત ભુષણ ગાલે;
સોનું રૂપુ મણિ મુકતા વિણ, સ્ત્રી સુતને નવ ચાલે. હરિ.
હરિના ભકતને લુખુ સુકું, વેઠ વળગી હોઠ જાણે;
સગા સંબંધી પ્રોહોણા આવે તો, મિષ્ટાન પિરસે પરાણે. હરિ.
જગ દેખે તાંહાં જગને ભેસે, બાકી નાય ન બાવા;
ગળાં કાપે ત્યાં થાયે ગરગળો, એ વૈષ્ણવના વાહાવા. હરિ.
આ કરવું આ ના કરવું એમ સહુને શીક્ષા દેછે;
તેમાંનું કાંઇ તું નથી કરતો, અનુચિત કરમ કરેછે. હરિ.
અંતરનો છળ અન્ય ન લહે પણ, જાણે અંતરજામી;
એતો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામી. હરિ.

પદ ૨૦ મું.

મીરાં ચરીત્ર.

મીરાંમન મોહનસું માન્યું.

વરિયા વરિયા શ્રીમીરધરલાલ, જાણે જગ નથી કંઇ છાનું. ટેક.
જેમલ રાઠોડની દીકરીરે સુણો, મીઠતા એનું ધામ;
રૂપગુણ કોઇ સમોવડ નહી રૂડું, ધરયું મીરાંબાઇ નામ. મીરા.
જોશીએ વાંચી જનમોતરીરે, તેમાં લખ્યું નિકળ્યું એહ;
વરશે વિશ્વંભર નાથનેરે કરશે, નંદકુંવરજી નેહ. મીરા.
ઉદેપુરનો રાણો રાજીયોરે, તે સાથે કરીછે સગાઇ;
પરણાવીને વળાવ્યાં સાસરે કંઇ, લૌકિક રીતે મીરાંબાઇ. મીરા.
ઠેરીને ઠેરા વધામણારે આવ્યાં, વરકન્યા સહુ જંન;

રાણે પારવતીજી પુજીયારે, મીરાંનુ તો મોહનમાં મંન. મીરા.
સાચુ કેહે સૌભાગ્ય વધેરે વહુ, નમો શક્તીને પાય;
મીરાં કેહે મસ્તકમારૂં નહી નમે,વીનાં એક શ્રીગિરીધરરાય. મીરા.
સાસુ કેહે સામું બોલી આજથીરે મારે,નથી એ વહુનું કામ;
પુત્રને કહ્યું એહેને રાખો પરી એક, ન્યારૂ રચાવો એનું ધામ. મીરા.
એવું સુણીને મીરાં મગ્ન થયારે, ભલુ થયું ભાગ્યો જંજાળ;
સાધુનીસંગે દીનરેત નિર્ગમશું સુખે,સેવીશું ગાઇશું ગોપાળ. મીરા.
નંદાનંદન સાથે ન્યારાં રહ્યારે મીરાં હરીજન આવે ઘણાઘેર;
નિત્ય ભજન કથા કીરતન ઓચ્છવ, હરીને લડાવે કરે લેહેર. મીરા.
નણદરઆવી મીરાંબાઇની પાસેભાભી,આશેા માંડયેાઉતપાત;
સાસરેરાણાજીનું કુળલજાવ્યું વહુ,મહીએર લજાવ્યામાતતાત. મીરા.
અંબર આભરણ પેહેરેા અનુપમ, સજે સુંદર સણગાર;
મેહેલે પધારેા રાણાજી તણેરે રમી, રીઝવી લ્યેા ભરથાર. મીરા.
છાપાતીલક આશીતુળશીની માળા,નાચેા ખુંદેા વેરાગીને વેશ;
સંગ મુકીદેા સાધુ સંતનેારે, રાણેાજી તેા કરે સુણી કલેશ. મીરા.
મીરાં કેહેરે બાઇ કલેશ ટળવાનેા, એકજછે ઉપાય;
કેહેજો રાણાજીને સાધુને સેવે પ્રેમે, નૃત્ય કરીને હરિગાય. મીરા.
વળીસેાનુંરૂપુંપેહેરેશું સધરયુંરે,કાહાડી નાખેા એડાકડમાળ;
છાપા તીલક ધરી સાધુમાં બેસેા આલેા,હેપેરેાતુળસીનીમાળ. મીરા.
તમેા પણ જાઓ શિઘ્ર સાસરેરે બાઇ, વૃથા વટાળેાશાને દેહુ;
મનગમતા મેાહન વર સાથે તમેા, સરવતજીને કરેા સ્નેહુ. મીરા.
કેહેજો તમારી માતનેરે વૃદ્ધ, થયાં ગેાવીંદ ગુણ ગાએ;
હરીવના કેાટી દેવ સેવશેા તેાએ, જનમ મરણ નહીં જાએ. મીરા.
સુણી એમ છણુકતી બીજતીરે બાળા, આવી બંધવની પાસ;
ઓ:ભાઇ ભાભી કેહેછે થાએવેરાગી સહુ,મુકીનેારાજઅવાસ. મીરા.
એવું સુણીને આવ્યેા રેાસરાણાને પ્રેરયેા,સેવકમીરાંને અવાસ;
લાંવેા ખબર છે શા રંગમારે, કેાણ કેાણ બેહુંછે એની પાસ. મીરાં.
અનુચરે આવી એમ કહ્યું જે નથી, ત્રીજું માણસ આ વાર;
રાણીજી સાથે કેાઈ પુરૂષ બીજોછે, ઘરમાં થઈ રહીછે થૈકાર. મીરા.
સુણતામાં રાણેા થયેા રાતડેા, ખેંચી ખડગ ધાયેા તેણીવાર;
પેઠેા મીરાંને મેહેલે એકલેારે, કેાઇ આવે ના ધાઇ દીધાં દ્વાર. મીરાં.
આવી જોયું તેા મીરાં એકલીરે, પ્રભુએ એને નાદીધું દરશન;
પૂછયું મીરાંને પેલેા પુરૂષ કયાં છે, તારે લાગ્યું છે જેશુલગન. મીરાં.
કયાં છે પુછેાશુ રાણા રેાષમારે, તે તેા સઘળે વસેછે ભરપુર;
ધ્યાનમાં જુવે જોગી પ્રેમી પ્રત્યક્ષ દેખે, રહેછે દૃષ્ટ થકી દુર. મીરાં.

કાઢી નાંખોજી આ કલેશ કપટ સઘે, નિર્મળ કરોને મન;
પ્રેમ ભકતીએ પરબ્રહ્મ ભળે તો, તમને થાય તેનાં દરશન. મીરાં.
એવું સુણીને આજ લાગી ઘણીરે, પણ ભાવના આવ્યોરે ભુપ;
ક્રોધ કરીને સસ્ત્ર વાવરે, એવે દીઠાં-મીરાંનાં બે રૂપ. મીરાં.
તોએ મુરખ સમજ્યો નહિરે, મન સાથે ના કીધો વિચાર;
બીજું ખડગ એણે ચીયુરે, ત્યારે હરીએદેખાડી મીરાંચાર. મીરાં.
ચોભો પડયોને પાછો ફરયોરે, રાણો આવ્યો પોતાને ઘેર;
વીખનોપ્યાલોમીરાંનેમોકલ્યોરે, પીએકહાવ્યુરાણાએઆણીઝેર. મીરાં.
લીધો મીરાંએ મન મગ્ન થઇરે, પ્રભુનેદેખાડીકરયુવીખપાન;
અમૃત સરખુ થઇ ગયું રે, એને સમરથ ધણી ભગવાન. મીરાં.
મીરાંબાઇ આવ્યાં વૃદાવનમાંરે, પ્રેમે નિરખ્યા શ્રી વ્રજરાય;
શ્રી જમુનાજીનું પાન કર્યું ને કરી જીવ ગોસાઇને શિક્ષાય. મીરાં.
હરીજનજાણીમીરાંમળવાનુંકહાવ્યુંતેણેકહાવ્યું નાજોજોસ્ત્રીનું મુખ;
મીરાં કહે સારૂં થયું સવાયું, મુજનેપરપુરૂષથીજોએથીદુઃખ મીરાં.
આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં, કૃષ્ણ પુરૂષ છે એક;
વૃદાવન વશી હજી પુરૂષ રહ્યાછો તેમાં, ધન્ય તમારો વિવેક. મીરાં.
એવું સુણીનેજ્ઞાન પામીઆરે, જીવ ગોસાઇમળ્યાછેસામા બાઇ;
હળીમળીને હરીની વાત કરી આવ્યાં, મેવાડ દેશ મીરાં બાઇ. મીરાં.
કરી તૈયારી ચાલ્યાં દ્વારકાં, પ્રેમે નિરખ્યા શ્રી રણછોડ;
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાં સદા, પોંચ્યા છે મનના કોડ. મીરાં.
પાછળ પસ્તાવો રાણાને થયોરે, ગયું ઉતરી મનનું ઝેર;
મુખે માગે તે આપુ તેહને, જે કોઇ લાવે મનાવી મીરાં ઘેર. મીરાં.
ઉપરા ઉપરી તેડાં મોકલ્યાં રે, આવી લાગ્યામીરાંનેસહુપાય;
માજી પધારો મેવાડમાં વહેલાં, રાણોજી અંન ન ખાય. મીરાં.
જ્યાં લગી રહેશો તમો દ્વારીકાં રે, ત્યાંહાં લગીકરશે અપવાસ;
આગ્રહ દેખી મીરાં વિદાયમાગવાને, આવ્યાંશ્રીપ્રભુજીનીપાસ. મીરાં.
હરીએ હકીકત સાંભળીને હસ્યો, ચાંપી હૃદયા સાથ;
શ્રી કૃષ્ણ સ્વરૂપમાં સમાઇ ગયાંરે મીરાં, જેજેશ્રીદ્વારકાંનાથ. મીરાં.
ચરીત્ર એ મીરાંબાઇનું રે, જે કોઇ શીખે, સુણે ને ગાય;
પ્રેમભક્તિ તેને મળે ને વરે, દયાપ્રીતમ વ્રજરાય. મીરાં.

પદ ૧ મું.

રૂકમણી વિવાહ.

પ્રથમ શ્રી ગુરૂ પદ પ્રણમુ પ્રીતે, શ્રી કૃષ્ણરૂપ હૃદે ધરૂંરે;
શ્રી રૂકમણીજીનો વિવાહ સંક્ષેપે, પદબંધ પ્રેમ ધરી કરૂંરે.

શ્રી ભાગવત દશમસ્કંધ મધ્યે, ત્રેપનમા અધ્યાય વિષેરે;
શુકજી કહે સુણો રાય રૂકમણીજીનું હરણ કરયુ દ્વારિકાંધીશેરે;
વૈદ્રભ દેશ વિક્ષાતરે રાજળ, કુંડનપુર ત્યાં કોડામણુરે;
રાજ કરું ભીમક રાય ભુપતજી, ભાગ્ય શું વરણવું તે તણુરે;
પુત્ર પાંચ તેમાં જેષ્ટ રૂકમૈયો, પુત્રીછે એક શ્રી રૂકમણિરે.
પ્રગટયાં છે શ્રી મહાલક્ષ્મીજી પોતે, ગુણ શા શકુ તેના ભણીરે.
કન્યાકાળ કુંવરીજીને આવ્યો, માતપિતા બંધુ ધારીયુંરે;
રૂપગુણે સમોવડ સહુ રીતે, શ્રીકૃષ્ણ વર એ વિચારીયુંરે.
કુટુંબ સહોદર સૌકોને ભાવ્યું, એક રૂકમૈયાને ના ગમ્યુંરે;
એરે ગોવાળ કેમ વરે મારી ભગની, કન્યા દીધી ત્યાંઠરૂંન હુંરે.
દમઘોષનો સૂત શિશુપાળ રાજા, કુળવંત છે જગ નામનારે;
તેની સાથે મારી બેની પરણાવું, સમરથ કો સમે કામનારે.
એમ કહીને તતકાળજ ઉઠયો, વેગે કહાવ્યું શિશુપાળનેરે;
લગ્ન ઉપર જાન લઇ વેહેલા આવે, લાવે સંગે બહુભુપાળનેરે.
સુણી એમ સનમના થઇ સહુ ઉઠયા, ઉધમમાંડયોવેહેવાતણોરે;
સુણી રૂકમણીજીને તો ગેર લાગ્યું, ઉર પરિતાપ થયો ઘણોરે.
જે જે દેશથી જે દ્વિજ આવે, સહુને પુછી નિશ્ચે કર્યુંરે;
સરવે કહ્યું નહી કો કૃષ્ણ તોલે, સાંભળીને ચિત્ત ઠર્યુંરે.
નારદે પણ કહ્યું સહુ ગુણ પુરણ, એક શ્રી કૃષ્ણ નિશ્ચે કરીરે;
એમ સુણીને દેહ આત્મા પોતાનો, મન થકી અરપ્યો શ્રીહરીરે.
અન ના ભાવે ને નિંદ્રા ન આવે, કેવાય નહી દુઃખ કોઇનેરે;
નાથ સંભારે ને નિશવાશ મુકે, રાત દિવસ ઝાડે રોઇનેરે.
એવામાં જાન લઇ શિશુપાળ આવ્યો, સાથેછે રાજાઓના બહુરે;
કાશીરાજ દંતવક્ર જરાસન, શાલ્વ સહીત સેન્યા સહુરે.
સામા જઇ ભુપે સનમાન કરીને, લાવી ઉતારચાછે બાગમાંરે;
આવ્યોછે કોડે પણ જશે માથે બોડે, ધિઃકારફટએનાભાગ્યમાંરે.
દુષ્ટ આવ્યો સુણી કુંવરીજીને, તાલાવેલી લાગી તનમાંરે;
કયમ કરૂં કોની સંગે હું કહાવું, ધારે વિચારેછે મનમાંરે.
એવામાં એક આશ્રિત દ્વિજ ઘરનો, આવ્યો દેખીધાર્યુંચિત્તમાંરે;
સાન કરી તેડયો સુકુમારી, આવો ગુરૂજી એકાંતરે.
તેડી બેસાડી કર્યો મનસુબો, પત્ર લખીને એક આપીયુંરે;
દ્વારમતી પતીને જઇ આપો, કહેજો દુઃખ જેવું વ્યાપીયુંરે.
ત્રણ દિવસમાં છે લગન તે કહેજો વહેલા વળજો પેખુ પંથનેરે;
અંબીકા પુજી પાછી વળુ ત્યાંથી, મુજને હર કહેજો કંથનેરે.
શીખવી સંદેશોને વિપ્ર વળાવ્યો, વાડવ ચાલ્યો વેગે કરીરે;

વાતછે ભમતી તે એકજ દિવસમાં, દ્વારિકાં દેખાડી શ્રીહરીરે.
નીરખતાં નગરશોભા દ્વિજ ચાલ્યો, જોતાં પ્રસન ઘણું થયોરે;
પુછતો પુછતો હરિમેહેલે આવ્યો, દ્વારે આવીને ઉભો રહ્યોરે.
પ્રભુજીને કહાવ્યુ પ્રતીહાર સાથે, કહો કોઈ બ્રાહ્મણ આવીયોરે;
આજ્ઞા જો હોયતો મહેલમાં આવે, પત્ર કોઇકનું છે લાવીયોરે.
દ્વારપાળે સંભળાવ્યું શ્રીપ્રભુજીને, પત્રની વાત ત્યાં સાંભળીરે;
નાથ કે લાવો તે દ્વિજ રખે આળો, અંતરજામી પામ્યા રળીરે.
સાંભળી વચનને સેવક દોડ્યા, ભટજીને ભુવનમાં લાવીયારે;
દેખી પ્રભુ સિંહાસનથી ઉઠ્યા, દ્વિજવર ત્યાં પધરાવીસારે.
અર્ઘપાદ્યસહિત પુજા કરી વિધિયે, વંદન કીધું વિશ્વંભરેરે;
ભોજન કરાવીને તંબોળ આપ્યું, પોઢાડ્યા ચારૂ સજ્જાપરેરે.
પાસે બેઠા એક શ્રી હરી પોતે, અવર નહી કો તે સમેરે;
હસ્ત જોડી શ્રી હરી એમ બોલ્યા, ધન્યભાગ્યે પધારયા તમેરે.
તમ સરિખા મુનીવર મહાદુર્લભ, સંતોષી સંત તપોનીધીરે;
એમ વિનય વિવેક મધુરવચનેથી, આગતા સ્વાગતાબહુકીધીરે.
કહો ઋષી કારણ પધારયાનું હાવાં કોણ દેશથકી આવીયારે;
વૈદ્રભદેશ વિષે અમો વસીએ, પત્ર આપ્યો એક લાવીયારે.
આદર સહિત લીધુ પત્ર પ્રભુજીએ, પ્યારીનું છે ઉર ચાંપીયુંરે;
જોતાં આશ્રુનાં બિંદુ માંહે દીઠાં, વિરહમુદ્રા જાણે છાપીયુંરે.
પ્રીત પ્રિયાની દેખી નેત્ર ભરીયાં, ગદગદ થયા કંઠ થયા ઘણુરે;
પત્ર આપ્યું પાછુ ભટજીના કરમાં, વાંચો તમોને અમો સુણુરે.
વાંચે છે વિપ્ર શામ ધરે શ્રવણે, પ્રથમ લખ્યું એમ પ્રેમદારે;
સ્વસ્તિથી દ્વારિકા નગરીના નાયક, રાજરાજેશ્વર છો સદા રે.
ત્રીભોવનનાથ અનાથના બંધુ, સમરથ ચતુર ચિંતામણી રે;
કુંદનપુરથી લખીતંગ તમ પદ, પંકજ કીંકરી રૂકમણી રે.
પ્રાણપતિ અભિવંદન તેનાં, અગણિત સેવામાં લાવજો રે;
જત્ર અત્ર રાખીછે ત્યમ રહું છું, કુશળસહિતવહેલા આવજોરે.
અપરંચ એજ લખ્યા કારણછે, સહુ ગુણનિધીમાં સુણ્યાહરીરે;
તેથકી ચિત ચા'રૂં તમમાં લોભાણું, મનથકી હું તમને વરીરે.
આપ કહેશો કુળવંત કન્યાને, ના ઘટે કે'વું સામું કંથને રે;
તે પણ સત્ય લોકીકની રીતે, પણ ના હોય તમ પંથને રે.
હુંતો તમારી સદાછું વિચારો, તે માટે મન તમમાં ઠરે રે;
પણ ક્રીશ્તી સુણી વિશ્વમાં વનિતા, કોણ એવિ જેતમનેનાવરેરે.
માટે સો વાતની એકજ કહુછું, આ'વે સમે રખે ચુકતા રે;
ત્રણ દિવસમાં છે લગ્ન પારવતીજી, પુજુ ત્યાંથી રખે મુકતા રે.

તેડયો રૂકમૈયાનો શિશુપાળ આવ્યો, બીજા સહુનેતમેભાવતારે;
સિંહનો ભાગ શિયાળ ના પામે, જોજો આળસ ઉર લાવતા રે.
આળસ કરશો જો જીવન મા'રા, તોમા'રા પ્રાણ નિશ્ચે જશે રે;
જનમો જનમ તમને નહીં ભુલું, જ્યારે મળશો સુખત્યાંથશેરે.

વલણ.

સુખ થશે પ્રીતમજી રે, જ્યારે રેહશો હાથ;
દાસ ભણી દયા કરજો, પ્રભુ દીનાનાથ.
તમો સમોવડ હું નથીરે, માહારા અંતરજામી;
જેવી તેવી પણ શરણુ, આવી સ્વામી.

મીઠુ. ૨ જું

વળતા શુકજી પછી એમ બોલીઆ, સાંભળ ભુપતી રે;
એહેવું સાંભળીને પ્યારીનું પત્ર, વિકળ થયા પતી રે.
પ્રભુ કે'શું કહીએ રે બુદ્ધેવ, અમારી પણ એ ગતી રે;
એ રાજકુમારી માટે, નિંદ્રા નથી આવતી રે.
અમો પણ પત્ર વાટ જોતા હતાં, વિલંબ નથી કશી રે;
એવું કહીને ઉઠયા તતખેવ, ચીંતા મન વશી રે.
કહ્યું સારથીને રથ લાવ, માહારો શિઘ્રે સજ કરીરે;
કહેતામાં લાવ્યો તતકાળ, આરૂઢ થયા હરી રે.
માંહે બ્રાહ્મણ પણ બેસાડયો, ચતુર શીરોમણીરે;
તમો પાખે ત્રિયાને કોણ, કેશે જઇ વધામણીરે.
એવું કહી રથ ત્યાંથી બેડાવીયો, વાયુ વેગે કરીરે;
થોડી વારમાં પહોત્યો ત્યાંહ, જ્યાં છે કુંદનપુરીરે.
નગ્ર દીઠું ને બ્રાહ્મણ મોકલ્યો, જઇ કો વધામણીરે;
હાવા ત્યાં પણ થાય શુકન, શ્રી અંગે રૂકમણીરે.
વામ ઉરને બહુ ફરકી આંખડી, જોઇને વિચારતારે;
એવામાં દીઠો આવતો વિપ્ર, વિગાસણ ધારતાં રે.
બોલ્યો બોરજી બાઇજી વધામણિ છે, પ્રભુ આવીયા રે;
એવું સાંભળી હરણ ન માય, બોલ્યાં પ્રાણ લાવીયારે.
મુની કહે પુર સમીપ પધારચા, પછી મુને મોકલ્યોરે;
કાવ્યું છે હાવાં રહેજો પ્રસન, દિવસ આવ્યો ભલોરે.
પછે બહુ ધન વિપ્રને આપીયું તે પણ કહુ કથીરે;
પધરાવ્યા છે પ્રાણજીવન, તે સમ તો કશુ નથીરે.
પછી પ્રેમશુ કીધો પ્રણામ, શ્રી જગદંબા રૂકમણીરે;
દીધું આશિષ પ્રસન થઇ રૂપી, ચાલ્યા મંદીર ભણીરે.
હાવાં દ્વારિકામાં કેમ નીપન્યું, તે પણ કહું કથીરે;
બળદેવજી કહે પ્રભુ કયાં, પધાર્યા દીસતા નથીરે.

પછે બબર થઇ જે પોતે તો, પધારચા કુંદનપુરીરે;
સુણી હળધર થયા તૈયાર, સેન્યા સહુ સજ કરીરે.
જાણી બંધવ એકલો કુમકે, પુંઠે પોતે પળ્યારે;
બહુ શીઘ્રતાએ બળભદ્ર, પ્રભુને આવી મળ્યારે.
પછે બબર પધાર્યાની રાય, ભીમકે સાંભળી રે;
સામા આવી કર્યું સનમાન, પ્રિતેથી હળી મળી રે.
પછે પધરાવ્યા પુર માંહે, ઉતાર્યા તે સ્થળે રે;
જ્યાં ધારચો હુંતો જાની વાસો, થયું તે ઇચ્છાબળેરે.
કીધું પુજન બહુ વિધી કૃષ્ણનું રામનું પણ કર્યુંરે;
ઘણાં આપ્યાં આભુષણ વસ્ત્ર, રાજાનું મન ઠર્યુંરે.
કીધી આગતા સ્વાગતા બહુ વિધી, ને રાયજી વળ્યારે;
સમાચાર જાણી પુર લોકે, સહુ જોવા મળ્યારે.
જોઇ સ્વરૂપ સુઘડતા શ્રી કૃષ્ણની, મોહ પામ્યું સહુરે;
આતો વર છે શ્રી રૂકમણી જોડ, જોડું શોલે બહુરે.
અમારાં કાંઇ સુકૃત હોય, આવીને આંહાં ફળોરે;
તે થકી પણ આ વર રૂકમણીને, નિસ્ચે મળોરે.
હાવાં નગરીમાં ઘેર ઘેર તોરણ, કદળી સ્તંભ છેરે;
પુર શોભા કહી નવ જાય, મેવા આરંભ છેરે.
હાવાં કન્યાને પિઠી ચોળાય, મંગળ ગવાય છેરે;
પેલે શિશુપાળે ચોળી છે રાખ, પીઠી કહેવાય છેરે.
હાવાં અંબીકા પુજવા કન્યા ચાલ્યાં, ત્યાં શોભા બણીરે;
મધ્ય ચરણ ચાલે છે આપ, વીંટી વળી સ્ત્રી ઘણીરે.
દેશ દેશના ભુપ આવ્યા તે સરવે, સાથે સજ થયારે;
ઉઘાડાં ધર્યા છે બડગ, શસ્ત્ર પાંકી રહ્યારે.
કન્યાએ પારવતીજી પુજ્યાં, ગોરાણીએ પુજાવીયારે;
કર્યું ધુપ દિપ નૈવેદ્ય, તંબોળ ધરવીયારે.
પુષ્પ માળા ધરી કરી આરતી ને પાયે લાગીયારે;
મુજને મળજો શ્રી કૃષ્ણ ભરથાર, એ ફળ માંગીયારે
ગુરૂ પત્નીએ મુખદ્વારે બોલીને, ઉમિયાએ એમ કહ્યુંરે.
તુને ઇચ્છાવર મળશે તે, કારણ જાણે સિધ થયુરે;
સુણી એવું વળ્યાં સુકુમારિ, સખી કર કર ગ્રહીરે;
તે સમે નથી શોભાનો પાર, તે કેમ કહી શકુ રે.
લાંબી વાસુકી સરખી છે વેણ, સંચિકણ શામળી રે;
અર્ધચંદ્રાકારેછે કપોળ, નાશા જાણે શુક વળીરે.
કોટી શશી ને સુરજ ઝાંખા પડ્યા, મુખ એનું નિરખતારે;
દંત પંક્તિ કુંદ કળી પુષ્પ, વરખે છે હરખતારે.

મોટી અણીયાળી ચંચળ આંખડી, ત્રાજવું શોભીએરે;
રહે કર કટી સિંહ સમાન, હરી મન લોભીએરે.
ચાલે મંદગતિ ગજ સરીખડી, તુતર વસ્ત્ર છેરે;
શોભે નખશિખ આભ્રણ, અત્ય દુષ્ટ ઉર સહસ્ત્ર છેરે.
પ્રાણપતી દીઠા સનમુખ, નીરખવા કારણેરે;
વામ હસ્તે ઊંચા કીધા કેશ તે, લટકાને વારણેરે.
એવી શોભા જોઇને મુરછીત, થયા સહુ ભુપતીરે;
પ્રભુ જોતાં સહુ સ્ત્રી જનની, પણ થઇ એ ગતીરે.
પછે તે સમે તારૂણિએ નેત્રથી, નાથને તેડીઆ રે;
પ્રભુજી કહે સમો છે હાંક, કે'તાં અશ્વ ખેડીઆ રે.
નીજ રથદંડ ગ્રહી ઉભાં રૂકમણી, રથ ત્યાં આણ્યો સહી રે;
પ્રભુએ પોતાના રથ માંહે, ખેંચી લીધાં કર ગ્રહી રે.
પાસે બેસાડીને રથ હાંકયો, આનંદ અતી થયોરે;
જે જે શબ્દ કરે સુરીજંન, રૂકમણી કર હરી ગ્રહી રે.

વલણ.

હરિ ગ્રહ્યો કરજોડીને રે, હરખ્યાં સરવ સ્વજંન રે;
પેલા રાજાઓની મુરછા વળી, થઈ ગયાં સ્યામ વદન રે.
અરે આ શું થયું કૃષ્ણે, કર્યું કન્યા હરણ રે;
શું મહોડું કોઈને દેખાડીશું, આથકી સારૂં મરણરે.

મીઠું. ૩ જું

વળતા શુકજી તે વાણી એમ ઉચર્યા, સાંભળ પરિક્ષિત રાય; (૨)
હવાં ત્યાર પછી કયમ નિપનયું, તુજને કહું તે કથાય; (૨)

જે જે બોલો શ્રી રૂક્ષ્મણી નાથની.

વર કન્યા તો આગળ પધારિયાં, પુંઠળ સેન્યા બળરામ; (૨)
પાછળ શત્રુનુ દળ દીઠું આવતું, ઉભા રહ્યા તેણે ઠામ. (૨)-જેજે૦
માનભંગ થયોરે, સરવે ભુપતી, તેણે ધારી એ બુદ્ધ; (૨)
પાછાં વળતાં તો નાકજ જાયછે, કન્યા લ્યો કરી બુદ્ધ. (૨)-જેજે૦
આવ્યા બાણનો મેહ વરસાવતા, રીસે રાતા સહુ થાય; (૨)
જાદવ સેન્યા ઢાંકી લીધી સરવડે, દાંત પીસંતા જાય. (૨)-જેજે૦
વળતા જાદવ બુદ્ધને વીકર્યા, વીંધ્યાં સહુનાં શરીર; (૨)
સેન્યા મારી સુવાડીરે સાથરે, નાઠા વીર મુકી ધીર. (૨)-જેજે૦
રૂક્ષમૈયો બોલ્યો શિશુપાળશું, સાંભળો માર્‌ પણ એક; (૨)
જો હું રૂક્ષ્મણી પાખે પાછો ફરૂં, પુરમાં પેસું નહી છેક. (૨)-જેજે૦
બીજે મારગે કૃષ્ણ પુંઠે પડ્યો, બકતો બકતો બહુ જોર; (૨)
ઉભોરે' ઉભોરે' કયાં જાયછે, મારો ભગનીના ચોર. (૨)-જેજે૦
એવં કહી ત્રણ બાણ ત્યાં મુકીયાં, છબીલે છેદ્યાં તતકાળ; (૨)

દેખી પાંચ ફેંકયાં બીજાં પાપીએ, તે પણ ભાગ્યાં ગોપાળ. (૨)–જેજે૦
પછે શ્રી કૃષ્ણે ત્રણ સર છોડીયા, છેદયું સારથીનું શીશ; (૨)
રથ ભાગ્યો ધનુષ ત્રોડી નાખિયું, એવું કિધું શ્રી જુગદીશ. (૨)–જેજે૦
બીજું કોડંડ ગ્રહ્યું તે પણ કાપિયું, ત્રીજાની પણ એ ગત્ય; (૨)
વળતો ખડગ ચમર લેઈ દોડિયો, રીસે દાઝયો અત્યંત. (૨)–જેજે૦
પ્રભુએ પણ વિદ્યાધર ખડગ કા'ડિયું, સામા ધસ્યા કરી ક્રોધ; (૨)
જેવે મસ્તક છેદે છે શ્રી હરી, કીધો રૂક્ષ્મણિયે રોધ. (૨)–જેજે૦
એ ના ઘટે નાથ ચતુરશિરોમણી, અપજશ જગતમાં થાય; (૨)
જેવો તેવો પણ ભાઇ એ માહારો, સાળો તમારો કહેવાય. (૨)–જેજે૦
પ્રભુએ ધાર્યું જે રાણી રૂસે નહીં ધાર્યું મારૂં પણ થાય; (૨)
માર્યા સરિખો કહેવાય રહે જીવતો, એવો રચવો ઉપાય. (૨)–જેજે૦
ડાઢી મુછ મુંડી પટા પાડિયા, શસ્ત્રે કરીને શ્રી નાથ; (૨)
રથની સાંગી પુંઠળ લટકાવિયો, વસ્ત્રે બાંધ્યા બેઉ હાથ. (૨)–જેજે૦
એવે બળભદ્ર પુંઠળથી આવીયા, જીતીને સહુ રાય; (૨)
દીઠો રૂક્ષમૈયાને રથે બાંધીયો, ઘણુ લજવાતો જાય. (૨)–જેજે૦
હાં હાં આ શું કર્યું ભાઇ ના ઘટે, આ શો કીધો કંદર્પ; (૨)
એને મરણ થકી અધિકું થયું, એછે અહંકારી ભુપ. (૨)–જેજે૦
રૂક્ષ્મણીજીને રૂડું મનાવવા, કીધો વચન વીવેક; (૨)
છોડી મુક્યો રૂક્મૈયાને હળધરે, બંને બંધવ એક. (૨)–જેજે૦
પછે રૂક્મૈયો પુરમાં પેઠો નહીં, વાશ્યું ભુજ કછ શેહેર; (૨)
પણ લીધાનું ફળ એ પટા પડ્યા, જવાયું નહીં ઘેર. (૨)–જેજે૦
હવાં શિશુપાળની શી શોંભા થઈ, થોડી સરખી હુ કેહેશ; (૨)
હાલો ચાલ્યો તે નાક છેદાઈ ગયું, અંગ પીડી મુખ મેશ. (૨)–જેજે૦
નગારાં ને નિશાંન સંતાડિયાં, મુખે પડી ગયા શોશ; (૨)
સહુકો સમસાણીઆ સરખા સનગાન્યા, જાણે મુઓદમદોષ. (૨)–જેજે૦
જરાસંધે ત્યાં આસવાસના કરી, હું પણ હાર્યો સતવાર; (૨)
તોએ મેં કાંઇ દુઃખરે નો'તું ધર્યું, એવો ધારવો વિચાર. (૨)–જેજે૦
હવાં દ્વારામતી પ્રભુ પોહોચીયા, સેન્યા સહિત બળરામ; (૨)
સામા ઉગ્રસેન આવ્યા શોભા ભર્યા, પધરાવ્યા નિજધામ. (૨)–જેજે૦
તેડી તેડાવ્યા શ્રી વસૂદેવજી, લગ્ન લીધું શુભ સાર; (૨)
લગ્ની સ્વજન સરવેને કંકોતરી, તેડાવ્યા તેણી વાર. (૨)–જેજે૦
મોટો મંડપ રચ્યોરે સોહામણો, વાજાં વાજે અપાર; (૨)
મંગળ ગાન કરે સરવે માનની, થઇ રહ્યો થેઇકાર. (૨)–જેજે૦
વરકન્યાને પીઠી ચોળાયછે, ગોત્રજ દેવ્યા પુજાય; (૨)
વૃદ્ધશ્રાદ્ધ કીધુંછે વસુદેવજી, દેવકી હરખ ન માય. (૨)–જેજે૦
વર વધુને મંડપમાં પધરાવીયાં, વિપ્ર કરે વેદ ગાન; (૨)

કોઇ એક કન્યાનાં માત પિતા થયાં, તેણે દીધું કન્યાદાન. (૨)-જેજે૦
હસ્ત મેળાપ થયો ને મંગળ ફેરા ફર્યા, કીધા સર્વ પ્રકાર; (૨)
લાડકોડ રીતે ભાતે શ્રી હરી, આરોગ્યા છે કંસાર. (૨)-જેજે૦
સહુને કંસાર ભોજન કરાવીયાં, સંતોષ્યા સહુજન; (૨)
બેન ભાણેજને પૂજ્ય પોખીયાં, હરખ્યું સહુકોનુ મન. (૨)-જેજે૦
કુળની રીતે છોડયા પછી દોરડા, આનંદ વરત્યો અપાર; (૨)
રાણી રૂક્મણી પરણ્યાં શ્રી કૃષ્ણને, થઇ રહ્યાં જેજેકાર. (૨)-જેજે૦
કવી જનને કૃપા કરી શ્રી હરી, કીધાં દુઃખ સહુ ભંગ; (૨)
અંગ સહિત આપી પ્રેમ લક્ષણા, ભકતી નિત સતસંગ. (૨)-જેજે૦
ગુર્જર દેશમાં શ્રી નર્મદાજી તટ, ચંદ્રીપુર ચારૂ ગ્રામ; (૨)
જ્યાં શ્રી શેષશાઇ પ્રભુજી વસે, ત્યાંહાં કવિનો વિશ્રામ. (૨)-જેજે૦
જ્ઞાતી વિપ્ર નાગર સાઠોદરા, ભટ દયાશંકર નામ; (૨)
વૈષ્ણવ વલ્લભી શ્રી ગુરૂ પ્રતાપથી, ગાયા ગુણ ઘનશ્યામ. (૨)-જેજે૦
ત્રણ મીઠે શ્રી રૂક્મણી હરણ કથ્યું, એકસો પંદર પદસાર; (૨)
શ્રી ભાગવત અનુસારે સંક્ષેપે કહ્યું, મહીમા જેનો અપાર. (૨)જેજે૦
જે કોઇ ગાય શીખે ને સાંભળે, પુરે મન વાંછીત કામ; (૨)
પ્રેમે પાઠ કરતાં મળે શ્રી હરી, એમ કહે દયારામ. (૨)જેજે૦

વલણ.

દયાશંકર કહે કથારે, સુંદર સાર ચરિત્ર;
શ્રવણથી સુખ ભેદ સહુને, પતિત થાય પાવેત્ર.
કરતા હરતા શ્રી મહા પ્રભુરે, હુતો કહેવા માત્ર;
સુણજો ભણજો ભાવ ધરીને, પાગો સહુ સુખ પાત્ર.

રણછોડ ભક્ત.

કપડવંજ તાબે તોરણાનો વાણીયો.

પદ ૧ લું.

તમને આરાધું અન્નદેવ, પ્રથમ કરૂં તમારી સેવ. ટેક.
સવા પહોરે સૂતાં ઉઠે, ૐકાર કરતાં ણાળ;
માતા પાસે ણાવા માગે, પ્રથમ પ્રાતઃકાળ. તમને.
પહોર દહાડામાં આવી મળે તેા, કાયા કરે કલ્લોલ;
માણસ થાય છે મરવા જેવું, ઘડી થાય જો સોળ. તમને.
વાત કરતાં વઢી પડે છે, ભણતાં જાય છે ભૂલી;
આંખડીએ અંધારાં આવે, કાયા થઈ જાય લૂલી. તમને.
પંદર દિને એકાદશી આવે, વ્રતતણેા મહિમાય;
રાત પડે ને સ્વપ્નું લાગે, વહાણું કયારે વાય. તમને.
બળિયામાં જે બળિયેા કહાવે, જે છે સઉથી બળીયેા;
તે જો પામે ત્રીજે પહોરે, ધુળ થઇને ઢળિયેા. તમને.
તેત્રિશ કેાટી દેવ મળીને, સહુકેા, તમને પૂજે;
કહે રણછોડ અન્નદેવ મળે તેા, સર્વે વાતેા સૂજે. તમને.

પદ ૨ જું.

અંગરખું એક તારૂં રે, બનાવ્યું બહુ જુક્તિ કરી;
શિવનારેા દરજી ડાહ્યોરે, કીધી છે મહા કારીગરી;
કારીગરી માંહી કેવીરે કીધી, તેનેા કહેતાં નાવે પાર;
બારિક કામ બહુ કીધું ઝીણું, તેના ઉપર તાણ્યેા છે તાર;
ઢાંકેા તેા નજરે ન બચાવે રે, દેખેાને સર્વે સુરત ધરી. અંગરખું.
ભાતભનાવી દોરીવાળીરે નાંખી તેમાં, બખીયા મુકયાછે બહુ,
વાળ્યું વળેછે અકડ નથી તેમાં, તાણ્યા નથી એકે તાર;
સારૂ શીવ્યું સંગેરે, આવ્યુ છે અંગે બરાબરી. અંગરખું.
કમરપટેા કેાહાને કુણી, પુંચેથી પાની પ્રમાણ,
તેમાં કલેાચડી કાંઇ કાંઇ નથી વળી, શીવનારેા ચતુર સુજાણ;
પ્રમાણ કેવું કીધુંરે, બેસતું છે બરાબરી. અંગરખું.
અંગરખું બહુ રંગી બનાવ્યું, પુરણ પ્રેમ પ્રકાશ,
ચેાપ દેખેાને દરજીની કેરી, શીવતાં કરયા નવ માસ;
દાસ રણછોડને રે, પેહેરાવ્યું પ્રભુ બરાબરી. અંગરખું.

રણછોડજીનો ગરબો.

છોગાળા છબીલા છેલ, રણછોડ રંગીલા રે;
કરી બોડાણા ઉપર મેહેર, છો મોરલીવાળા. રણછોડ.
અકળ કળા અલબેલા તારી, પાર ન પામે શેષરે;
વેદ વિચારી વિસ્મે પામ્યા, સમજાયો નહીં દેશ. રણછોડ.
મહામોટપ મહારાજ તમારી, મૂખથી કેમ કહેવાયરે;
સમુદ્રમાંથી ચાંચ ભરે જેમ, પંખીની તૃષા જાય. રણછોડ.
મંદ ગતિ ગહારાજ મહારી, મલીન મારૂં મન રે;
શરણે રાખો શ્યામળીઆ મને, જાણી તમારો જન. રણછોડ.
દ્વારકાના વાસી મહા રાય, રણછોડ તમારૂં નામ રે;
ઘણીદયા ગુજરાત ઉપર કરી, આવ્યા ડાકોર ગામ. રણછોડ.
બોડાણાની ભક્તિ ભાવી, ભૂધરજી ભલી તમને રે;
અઢળક ઢળિયાં ધરણીધર, દુર્લભછો અગમ નિગમને. રણછોડ.
ધન્ય બોડાણા ધીરજ તારી, ધન્ય ધન્ય તારી માતરે;
પાતળિયો પોતાનો કીધો, હેતે લીધા હાથ. રણછોડ.
સિતેર વર્ષ સેવા કરી, શ્યામળિયો સમજાવાય રે;
ડાકોરથી તો દ્વારકાં માંહે, વર્ષ બે ત્રણ ફેરા થાય. રણછોડ.
કરમાં તુલસી વાનીને જઇ, ચતુર્ભુજને ચઢાવી રે;
પ્રભુજી તો પ્રસન્ન થયા ને, દીલમાં દયા આવી. રણછોડ.
અલબેલો બોલ્યા એમ મુખથી, બોડાણાની સાથરે;
એકાંતે આવીને કહ્યું તે, કોઇએ ન જાણે વાત. રણછોડ.
ઘણા દિવસ તેં મારે કાજે, મહા મોટું કષ્ટ કીધું રે;
વપુ તારૂં વૃદ્ધ થયું તે, જોઇ મારૂં મન બીધું. રણછોડ.
તે માટે હું તારી સાથે, આવું તારે ગામ રે;
તારે ચરણે નથી ચલાતું, તે માટે તજવું ધામ. રણછોડ.
કહ્યું મારૂં માની કાલે, જા તું ડાકોર ગામરે;
ડામણું લાવ તું વાત ન ફૂટે, મનમાં રાખી હામ. રણછોડ.
બોડાણો કહે બાપજી, હું, ડામણું કયાંથી લાવું રે;
મારે ઘેર નથી તો મહારાજ, કેમ કરીને આવું. રણછોડ.
મોહનજી કહે માંગી લાવો, જેવી તેવી વેહેલ રે;
જાત જોયાનું કામ નથી, બે જોડી લાવો બેલ. રણછોડ.
બોડાણાને વચન જ આપી, વિદાય કીધો વળતીરે;
વનમાળી કહે તારે માટે, વાત આવી છે મળતી. રણછોડ.
વારૂ કહીને વિઠ્ઠલજીને, ચરણે પડયો કર જોડ રે;
લજ્જા મારી લટકાળા તમો, રાખજો જો રણછોડ. રણછોડ.
અતિ આતુરતા અંગેમાં તેના, આવ્યો ડાકોર ગામરે;

પાડોશી પ્રત્યે કહી માંગ્યું, તમ સરખું છે કામ. રણછોડ.
ઉપકાર માનુ તમતણો જો,આપો બળદને વેહેલરે;
જાવું દ્વારકામાં છેલ્લો ફેરો, ત્રિકમજીની ટેલ. રણછોડ.
પુરવાસી પાડોશી કહે ભાઇ, જેવી તેવી મળશેરે;
જેમ તેમ કરીને જોડી જાઓ,ભાગ્ય તમારૂં ફળશે. રણછોડ.
એવું સાંભળીને ઉઠયો પોતે,વારૂ કહી વેહેલ જોડીરે;
વેલા કરતા વનમાલીના, મંદીર પાછળ છોડી. રણછોડ.
ગુંગળી સહુકો હસવા લાગ્યા,કૌતુક સરખી વાતરે;
બોડાણો તો આણે આવ્યો, લેઇ જવાને નાથ. રણછોડ.
વેહેલ ને બે બળદ જોતાં, હસ્યા મૂળ મચકોડી રે;
ત્રિભુવનમાં નહિ મળે ભાઇ, આવી બેલની જોડી. રણછોડ.
બોડાણો કહે હસો ભાઇઓ, હસવા સરખી વાત રે;
ઇશ્વર ઇચ્છા કોઇ ન જાણે, કેવું થશે પ્રભાત. રણછોડ.
સંધ્યા થઇ ને શયન કરાવ્યું, રણછોડને રંગભેરરે;
અડધી રાતે ઉઠયા પોતે, પ્રીતમ કરીને પ્રેર. રણછોડ.
તાળાં તોડયાં ભુંગળ ભાંગી, આવ્યા મંદિર બહારરે;
બોડાણાની પાસે આવી, પ્રેમે કર્યો પોકાર. રણછોડ.
જાગ જાગ તુ ઝટપટ કરીને, વિઠ્ઠલ કહે વેલ જોડ રે;
બોડાણો ઝબકીને જાગ્યો, દીઠા શ્રીરણછોડ. રણછોડ.
ગદ્‌ગદ્ કંઠે ગળગળું બોલે, થર થર ધ્રૂજે અંગ રે;
ગોવિંદજી હવે ગત શી થાશે, તમો રાણનો રંગ. રણછોડ.
બળદ પૂંછ મરડી મરૂં પણ, ચાલે નહિ લગાર રે;
પ્રાત સમે તો પકડશે મુને, મારશે બહુ વિધ માર. રણછોડ.
જગજીવન કહે જેમ તેમ કરીને, ઝાંપાસૂધીકહાડરે;
હાંકીશ પછી હું હેત કરીને, માનીશ તારો પાડ. રણછોડ.
જેમ તેમ કરતાં ઝાંપા સૂધી, પાછલી રાતેપહોંતારે;
રાશ પરોણો પોતે લીધો, બોડાણો માંહે સૂતા. રણછોડ.
વેગે વેહેલ ઉડાડી પોતે, અન્નીક્ષણી અલબેલે રે;
ઉમરેઠ ને ડાકોરની વચ્ચે, લાવીને તો મેલે. રણછોડ.
બોડાણાને કહે જગજીવન, જાગી જોને વાટ રે;
પ્રાત થયો ઉઠ આળસ મેલી, જોઆવ્યો કંઇ ઘાટ. રણછોડ.
આંખ ઉઘાડી ઉંચું જોયું, બોડાણે તેણી વાર રે;
શ્યામળિયા સીમાડો મારા, ગામતણો નિરધાર. રણછોડ.
અલબેલો ઉતરિયો હેઠે, લિંબ તળે લટકાળો રે;
વિશ્રામ કીધો વાલાજીએ, થંભીને થાક ટાળ્યો. રણછોડ.
લિંબડાનું લટકાળા તમે, એક ડાળ કીધું બીઠું રે;

કર અડકાડી કડવાસ કાઢી, તે સર્વે દૃષ્ટે દીઠું. રણુછોડ.
પાતળીએ ત્યાં પગલાં પાડયાં, પોતાનાં સાક્ષાત્રે;
અદ્યાપિ એધાણી તેની, સર્વે જાણે વાત. રણુછોડ.
એમ કહીને અલબેલો આવ્યા,દડણડડાકોરગામરે;
બોડાણા પ્રત્યે એમજ બોલ્યા, મને રહેવાનોકરઠામ. રણુછોડ.
ધરણીધર કહે ધામ તજ્યું મેં,તેસૌકોઇયેનજાણ્યું રે;
મંદિરમાં મુજને નહી દેખે, જ્યારે વહાસે વાણું. રણુછોડ.
ધસમસધસમસધાઇઆવશે,ગુગળીઓ ઘરવાળા રે;
શ્યામળિયોકહેમુજનેસંતાડી,તું ઝાલીબેશને માળા. રણુછોડ.
ગોમતિમાં ગોવિંદજી પેઠા, વાવમાં વનમાળી રે;
ગાળો દેતા ગુગળી આવ્યા, થોડે દિવસે ચાલી. રણુછોડ.
બોડાણાને બાંધી લાવો, ગુગળી એમ બોલ્યા રે;
બોડાણો ગોરસ લેઇ મળવા, ગયા સહુના પહેલા. રણુછોડ.
આવતામાં આંખ ચઢાવી, ગુગળીએ વિકાળ રે;
ચોર તું કેમ ચોરી લાવ્યો, ભુદરજી ભૂપાળ. રણુછોડ.
બોલબોલ કહી બરછી મારી, મૂર્છાગતતે પાડયોરે;
અંગીકાર કરી અલબેલે, કૂણમાં દીસે બાડો. રણુછોડ.
ગોમતીમાં રૂધિર થયું તે, જાહેર જુગ મોજારરે;
એ એંધાણે અલબેલોજી, શોધીકહાડયાનીર બહાર; રણુછોડ.
એવચનેત્યાંથીબલવંતબોલ્યા,હું હવે નહીં આવું રે.
મુજ બરાબર સોનું લઈને, કરો તમે મન ભાવ્યું. રણુછોડ.
લાલચમાં લપટાયા સર્વે, લોભમાં લેવાયા રે;
સરકાર સર્વે પંચ મળીને, તાંસ તીરે લાવ્યા. રણુછોડ.
સામા સામું લખ્યું લઈને, બોડાણો એમ બોલ્યોરે;
એકાંતે અલબેલા સાથે, પ્રીતે પડદો બોલ્યો. રણુછોડ.
મહારાજ મુજ પાસે નથી, વાલ કેરી વિંટી રે;
સોનું જોઇએ શ્યામ બરોબર, ચિત્તમાં ચિંતાપેઠી. રણુછોડ.
ગોવિંદજી કહે ઘેર જઇને, ગંગા બાઇને પૂછો રે;
સવા વાલનીકવાળી છે તે, લાવો કાં તમે ખૂટે. રણુછોડ.
ઘેર આવીને ગંગા બાઇને, વાત કહી વિસ્તારી રે;
વાળી લેઇ વનમાળી તેડે ગોવિંદની ગત ન્યારી. રણુછોડ.
તરત લેઇને તીરે આવ્યા, વાળી રાખી પાસ રે;
લજ્જા રાખજો લટકાળા હું ચરણકમળની દાસ. રણુછોડ.
વડની ડાળે ત્રાજું બાંધી, ત્રિકમજીને તોળ્યારે;
વાળી નમી ને વાલમ કસ્યા, તવ જેજેસહુકોબોલ્યા. રણુછોડ.
ઝાંખા થઇને જગજીવનને, ગુગળી ગાળો દેછે રે;

કાળા તુજમાં કપટ લર્યું છે, જૂઠ ઘણેરૂં રહે છે. રણછોડ.
બાળપણે તે મારો માર્યો, મથુરા નગરી માંય રે;
આજ લગી આમને અથડાવ્યા, હવે જઈએ ક્યાંય. રણછોડ.
પ્રભુ કહે પાછા ફરો જાઓ, દ્વારકા મોજાર રે;
દ્વારકા મારૂં સેવંત્રીમાં છે, તે કહાડને બહાર. રણછોડ.
નિરાશ થઇ નિસાસો મૂકી, ગુગળી ઘેર પધાર્યારે;
સેવંત્રીમાં જઈને જોયું, પ્રભુ ત્યાં તો સધાર્યા. રણછોડ.
સંવત્ બાર ને બારમાં પ્રભુ, આકી કશી ન રાખીરે;
દયા કરી ડાકોરમાં આવ્યા, તે સર્વે પૂરે સાખી. રણછોડ.
બરચાંચસેએાગણોાતેરમૂધી, અલબેલે એમ કીધુરે;
ત્યાં લગી તો ગોમતી તીરે, સહુને દર્શન દીધું. રણછોડ.
અલેરાંગ એક રાજા આવ્યો, મારવાડથી મોટો રે;
પીલાજીશું પ્રપંચ કીધો, મનમાં મેલ છે ખોટો. રણછોડ.
તેણે મન માન્યું મોહનજીનું, મંદિરતો આદરવુંરે;
જગજીવનને જોગ મેળવવો, પરમેશ્વરનું કરવું. રણછોડ.
કારજ કીધું જાણી વજીર, રતનસિંગને તેડે રે;
મોહનજીનું મંદિર મોટું, કર તું દિવસ થોડે. રણછોડ.
મંદિર કરીને મહારાજાને, પધરાવ્યા ત્યાં પ્રીતે રે;
સંવત સત્તર બેંતાશીમાં, રંગીલો રંગ રીતે. રણછોડ.
આણેકઠારીએ મેળો કીધો, મોહનને મન ભાવે રે;
વૈષ્ણવ વાજીત્ર લેઈ સર્વે, સંઘ સમાજે આવે. રણછોડ.
મોટું માહાત્મ્ય જાણીને જન, સર્વે દર્શને આવે રે;
ભેટ સામગ્રી શણગાર સારા, શ્યામળીઆને લાવે. રણછોડ.
મેળો મહા ભારત થયો તે, મંદિરમાં ન માય રે;
જગજીવનને જોવાને તો, જન તણા જીવ જાય. રણછોડ.
ત્યારે મહારાજે મનસુબો કીધો, મંદિર મોટું કીજેરે;
ઉંચે આપને અમો બેશીને, દર્શન સહુને દીજે. રણછોડ.
આંબેકરને તરત કહ્યું તે, કાંઇ ન લાગી વાર રે;
ડાકોર મધ્યે દોડી આવ્યો, પુનાનો રહેનાર. રણછોડ.
આવીને અલબેલા કેરૂં, આરભ્યું મંદિર રે;
સલાટ સારા શોધી કહે છે, વેગે કરને વીર. રણછોડ.
કામ કરતાં કસર ન કરશો, પૈસા પૂરા પાડું રે;
અન્ન તો મહાપ્રીયરનું, સર્વે જ્ઞાન મુસ્તક પાડું. રણછોડ.
પાયામાં તો પથ્થર પૂર્યા, શીખું દોળ્યું સાર રે;
મોહનજીનું મંદીર કીધું, શોભાનો નહિ પાર. રણછોડ.
મહારાજશ્રીનું મંદિર ત્યાં તો, ચીજે વરસે તૈયારરે;

પ્રભુજીને પધરાવા તહ્યો, કીધો છે નિરધાર. રણછોડ.
સર્વ મળીને શ્યામળીઆની, પાસે આવ્યા પ્રીતે રે;
મુહૂર્ત જોવા શોધ જોશી, તેડાવ્યાં રંગ રીતે. રણછોડ.
મુહૂર્ત જોઈને જોશી કહે છે, મંદિરમાં પધરાવો રે;
મોહું મુહૂર્ત આજ દહાડો, ફરી ન આવે ઘાવો. રણછોડ.
અલબેલાજીને ઉંચકે પણ, ખસે નહિ તલ માત્રરે;
વિચારી સહુ વિસ્મય પામ્યા, ગળિયાંસહુનાં ગાત્ર. રણછોડ.
શું થાશે શ્યામળિયા મોહું, મંદીર મિથ્યા થાશે રે;
ત્રાંબેકર કહે ટેક રાખજો, લજ્જા આવી જાશે. રણછોડ.
પુણ્યદાન બહુ પેરે કીધાં, પાતળિયો પધરાવા રે;
તોયે પણ મોહન ના માને, મોટે મંદિર જાવા. રણછોડ.
સાંજ પડી ને સહુ કોઇ થાક્યા, કાંઇ ન ચૂકે વાતરે;
અલબેલાને એ ગમ્યું કહી, હેઠા પડિયા હાથ. રણછોડ.
વિચારી સહુ વિસ્મય પામ્યા, ગળિયાંસહુનાં ગાત્ર;
શું થાશે શ્યામળિયા મોહું, મંદિર મિથ્યા થાશે રે. રણછોડ.
પુણ્યદાન બહુ પેરે કીધાં, પાતળિયો પધરાવા રે;
તોયે પણ મોહન ના માને, મોટે મંદિર જાવા. રણછોડ.
સાંજ પડીને સહુ કોઇ થાક્યા, કાંઇ ન ચૂકે વાતરે;
અલબેલાને એ ગમ્યું કહિ, હેઠા પડિયા હાથ. રણછોડ.
પ્રભુએ પ્રેર્યા પુરવાસી, કોઇ બોલ્યો એની વાત રે;
જગજીવનને જોઇએ ભાઇઓ, ઓડાણાની જાત. રણછોડ.
તેના કુળમાં કોઇ હોય તો, અલબેલો ઉઠે રે;
ભોળ કરીને અણર મંગાવો, તો ત્રિકમજી તુઠે. રણછોડ.
શોધ કરીને શોધી કાઢયો, કુલ અધ્યે તો કોઇ રે;
જેતામાં જગજીવનને કેરૂં, મન રહ્યું છે મોહી. રણછોડ.
અલબેલાને અંગે અટક્યા, સંગે સહુનો સાથ રે;
અંતરિક્ષ ઉઠ્યા અલબેલો, તે કોઇ ન જાણે વાત. રણછોડ.
પ્રીત કરી પાતળિયો લઇને, મોટે મંદિર ચાલ્યા.
સિંહાસન ઉપર શ્યામળિયો, હરજી હેતે માલ્યા. રણછોડ.
સંવત અઢાર અઠ્યાવીશે, પ્રીત કરી પધાર્યા રે;
સહુને સુખ આપ્યું શ્યામળિયે, અંગે રંગ વધાર્યા. રણછોડ.
ઓડાણાનું બીરદજ ગાવા, વંશ બોલાવ્યો તહાંરે;
ત્રાંબેકર તેને તેડીને, સરપાવ સારો આલે. રણછોડ.
ઠાકોર કીધું દ્વારકાં તે, ત્રિકમજી પિતાંબર રે;
લવ લવ મારી લેખે ગણજો, તમો પિતાંબર આપ.
સિંહાસનની શોભા સારી, આરચનું [illegible]

મધ્યે મોહન તમે ગહાર જોને, જોવા સરખું ધામ. રણુછોડ.
ચરણકમલનું ચિંતવનકરતાં, ચિંતાચિત્તઓલાયરે;
નેપુર ઝાંઝર ઘુઘરીઓ, અલબેલા લેવું બલાય. રણુછોડ.
પીતાંબર પીળું છે તેની, કસણની છે કોર રે;
જડિત કંદોરો જોડે શોહે, ઘુઘરીનો ઘન ઘોર. રણુછોડ.
કસણી વાધો કનક સરિખો, પટકો પીળો શોભે રે;
હેહેર કસણની છેડા ઉપર, અલબેલાને ઓપે. રણુછોડ.
ચારે હાથે ચતુર્ભુજને, કડાં ચુનીઓવાળાંરે;
સાંકળી સંગે સારી શોભે, બાજુબંધ નખરાળાં. રણુછોડ.
આંગળીએ અંગુઠીઉજવલ,વેઢ અને વળિ વોંટીરે;
પોંચી સાંકળી પાતળિયાને, મુખમાં મોરલી મીઠી. રણુછોડ.
મોતીમાળા ત્રણ તેવડી, અલબેલાને ઓપે રે;
મોહનમાળા મોતી મોહે, ચરણે જઇને ચોંપે. રણુછોડ.
સોનાની સાંકળીઓદોરો,ડુગડુગીઓ માંહે ઝળકે રે;
શંખ ગદા પદમ ને ચક્ર, ચારે હાથે ચળકે. રણુછોડ.
ગળુબંધ ગળામાં સોહિયે, કાને કુંડળ મોતીરે;
જડાવનું તિલક જદુવીરને, અખંડ જ્યોત ઉદ્યોતી. રણુછોડ.
મુગટ મનોહર મહારાજાનો, જુગમાં નમળે જોડારે;
મધ્યે ચુનીઓ ચળકે ઝાઝી, કલંકીનો તોરો. રણુછોડ.
અદ્ભુત રૂપઅકળમાંનાવે, એક રસના શું ભાંખું રે;
અપાર એનો પાર નથી હું, કેમ કરીને ઝાંખું. રણુછોડ.
જેને જેવો જોઇએ તેને, તેવો છે અલબેલો રે;
ગવાય નેમ ગુણ ગાજો એના, રખે ભૂળગો મેલો. રણુછોડ.
ધન્ય બોડાણા ધીરજ તારી, બળવંતનેતે બાંધ્યો.રે;
જોગી મુનિને જે છે દુર્લભ, તે પ્રભુ તુજને લાધ્યો. રણુછોડ.
ડાસરામાં ઠીક નિકળીયો, પ્રગણામાં પ્રીતે રે;
દુનિયામાં તેં ડંકો કીધો, ડાકોર રહે રંગ રીતે. રણુછોડ.
ચાર જુગમાં જાણ થયો, તું બોડાણો બલિહારી રે;
તન મન ધન તેં ત્રિકમ ઉપર, સર્વે નાખ્યું વારી. રણુછોડ.
અલબેલાને અરજ અમારી, એકાંતે તમો કહેજોરે;
અવગુણનોતોઆંકનથી,તમોશ્યામળિયાજી સહેજો. રણુછોડ.
જો મોહન મનમાં આણો તો, જુગમાં નમળેજોડરે;
ત્રાહિ ત્રાહિ શરણાગત રાખો, રંગીલા રણુછોડ. રણુછોડ.
જે જે અવગુણ જોયો તો, પ્રભુ મુજમાંભર્યોભરપૂરરે;
ખાળ કરો તો ઉદ્ધરજો, જો મુજ ઓકડાનું તુર. રણુછોડ.
સ્યામળિયા તમો સામું જુઓ, સ્નેહુધરીનેશ્યામરે,

મન ફેરવી મોહનજી મારૂં, સેજે થાયે કામ. રણુછોડ.
ચરણકમલમાં ચિત્તડું મારૂં, તાણીને તમોરાખોરે;
ધણી થઇ ગિરિધારી મુજને, તરછોડી ના નાખો. રણુછોડ.
બેઉ કર જોડી ચરણે લાગું, સો સો કરૂં સલામરે;
રણુછોડને તમે રાખો રસિયા, ખાના જાત ગુલામ. રણુછોડ.
રાય રણુછોડનો ગરબો જે કોઇ,ગાશે પૂરણ પ્રીતેરે;
તે ઉપર રીઝે રંગીલો, રસબસ થઇ રંગ રીતે. રણુછોડ.
સહુ મળીને સાંભળજો, હું કહું છું વારંવાર રે;
ભૂલ્યું ચૂકયું માફ કરજો, કર્તા છે કિર્તાર. રણુછોડ.
સંવત અઢારસેં અગણોત્તેરે, આઠમ આસોમાસરે;
કૃષ્ણ પક્ષ ને રવિવારે, ગુણ ગાય છે રણુછોડદાસ. રણુછોડ.

પદ ૩ જું.

તારે મારે પ્રીત બંધાણી, કોણ ચોઘડીએ કહાના;
આજ હરજી મોંઘા થાય છે, કાલે રમતા નહાના. તારે.
વહાલો સપના મધ્યે ઘણું સાંભરે ને, જાગેતાં નજરે દીઠા;
ભોજન કરવા ભેળાં બેઠાં, લાગે અમરીતપેં અતિ મીઠા. તારે.
વાલેખડકીએ જોઉં તો અડકીને ઉભો, બારીએજોઉંતોબેઠો;
શેરીએ જોઉં તો, સન્મુખ આંવે, આવી હૃદે કમળમાં પેઠો. તારે.
અરે તારી આંખલડીના ઉલાળા, કહી સબળા લાગે સારા;
ક્ષણું એક ઉભલા નવ રહો, નટવર નંદલાલા. તારે.
વાલો કેશર કેરાં તિલક બનાવે, મુખ ઉપર જાઉં વારી;
રણછોડના સ્વામી. અંતરજામી, હું છું દાસી તમારી. તારે.

પદ ૪ થું.

વનચર વીરા વધામણી, કહેને કયાં થકી આવ્યો;
આરે મુદ્રીકા શ્રીરામની, કહેને કયાં થકી આવ્યો. વનચર.
આરે મુદ્રીકા શ્રીરામની, કોઇને [illegible];
તે તારે હાથે આવી ચઢી, મુને [illegible]. વનચર.
બોલજ બોલ્યને બાંધવા, સાચી સંભળાવે વાત:
જવાળા બોલવજો જાનકી, કુશળછે રઘુનાથ. વનચ
કોપ કરી મારે કંથજી, કેમ હાથે ન મારી;
કપુર લેઇ આવ્યું કાગને, મારે વાલે [illegible]
નાથ નમેરા કેમ થયા, હઇડાં [illegible]
સતીને મેલીને સાધુ થયા, મુખ [illegible]
જોગ લીધો બે બંધવે, બેઠા [illegible]
શ્રીપાત થયા સઉ દેખતાં, પીધાં [illegible]
આજકાલ રામજી આવશે, ત્યારે [illegible],

નાથ લીધેજે ટળવળી, નારી નિશ્ચે મરશે. વનચર.
પ્રેમ ન્યાળતાં નેત્ર ગળ્યાં, કર્મનો પાર ન આવ્યો;
રણછોડનામવાળીનેજઇકહેજો,સતિયેલંકેશોકહાવ્યો. વનચર.

પદ ૫ મું.

હસીને બોલ્યા હનુમાનજી, માતા આજારે પાળું;
કહોતો રાવણને રોળવું, કહોતો લંકા બાળું. હસીને.
કહોતો રાક્ષસના કુળને, ખરી ખાંતેથી બાઉ;
કહોતો આંધે બેસારીને, પેલે પાર લઇ જઉં. હસીને.
નિમત પડે નવ ખુટીએ, રામજી છે રૂડા;
નથી સતીપતી સાધુ થયા, નથી દિલનારે દુડા. હસીને.
રામ લક્ષ્મણ આરોગ્ય છે, સમાચાર છે સારા;
મારી માતાનું દુઃખ જોઇને, આવે આંસુની ધારા; હસીને.
તમેકહું માનો મહારી માતાજી,કશી ચિંતાનકરીએ;
બાયે મને કરી સાખતી, ધ્યાન ધણીનુ ધરીએ. હસીને,
દુરમતીએ કરમ કરયું, મોટું વેરજ વાવ્યું;
પાપીતણા પાણ લઈ કરી, આપણે ઘેર જાશું. હસીને.
જો આવે રૂડા રામજી, ટાળના દુઃખ તમારું;
સુખ લેવા મુને મોકલ્યો, કહ્યું માનજો મારું. હસીને.
જો આવે રઘુનાથજી, જાણીએ જોગમાયા;
રાજ રાવણને મારશે, શુભ રણછોડ ગાયા. હસીને.

પદ ૬ ઠું.

કહ્યુંરે માનો મારા કંથજી, રૂડા રામજી આવે;
પથ્થર તારી પાણીમાં, પ્રભુ પાગ બંધાવે. કહયું'રે.
નારી આવો જઇ નરપતી, કરો પ્રભુને પ્રણામ;
દયા કરશે દયાળજી, સરશે આપણું કામ. કહયું'રે.
માનોજી કહે મંદોદરી, સુણીએ મારા સ્વામી;
એને લેજો તમે ઓળખી, એ છે અંતરજામી. કહયું'રે.
આ બુવો ગરદ ઉડે ઘણી, મેડેલ થઇ ગયા મેલા;
સીતાને લેઇને જઈ મળો, સ્વામી કાં થયા ઘેલા. કહયું'રે.
આજ સ્વપનામાં આવીયું, લંકામાં લાય લાગી;
દશ શિશ હણ્યાં, ઓટલે હું જાગી. કહયું'રે.
પીડા કરી, માન મણીધરનુ લીધું;
ઇંદ્ર આથડયા, વેર મોટાનું કીધુ. કહયું'રે.
રયું તમે,બુરો મહા બુદ્ધ થાશે;
, સીતા રામ ઘેર જાશે. કહયું'રે.
.યું હકડું, ઉગરવાની ન આશ;
તો જીવશો, કહે છે રણછોડદાસ. કહયું'રે.

પદ ૭ મું.

રાવણ કહેરે મંદોદરી, હારશો નહી હૈયે;
લંકાગઢ કેમ લેવાશે, દશરથનેરે છઈએ. રાવણ.
સેના એની જુવો શોભતી, માંહી વાનર વાઘ;
રાજા રાવણને જીતશો, એ તો શાણળા ચાઘ. રાવણ.
થાળી વગાડે હું નવ ગીહુ, રહાં ગંધાણુ જાણી;
અમ આગળ એનો શો આશરો,જમમાં કરો આગી. રાવણ.
અજાડશો મારો એ નથી, માનની રાતી પાઈ;
જોર કરીને આવીયો, જો જનકનો જમાઈ. રાવણ.
ત્રણ ભુવનમાં તાકણી, નથી નરપતિ એવા;
રાજા રાવણ શું આથડે, યુદ્ધનો લાવ લેવા. રાવણ.
નવ ગ્રહને એ વશ કરયા, લોપી સુનીવરની માઝા;
ઇંદ્ર રહ્યો મહારી આજ્ઞામાં, તેત્રીશ કરોડનો રાજા. રાવણ.
માનની માર્ યમરણ હશે, હરી હાથથી હણશે;
લંકા લઇ વૈકુંઠ આપશે, તેમાં શો લાભ ગણશે. રાવણ.
નારી નહી આલુ નરપને, ગરઢ માર્ંરે જાય;
થનાર હશે તે થઇ રહેશે, ગુણ રણછોડ ગાય. રાવણ.

પદ ૮ મું.

કોઇ સૂધ લાવે મોરા નાથની, તેને નવનિધ આપું;
ચોટીડે વધાવું તેહને, કઇ કોટેથી કાપું. કોઇ સુધ.
સખી કોઇ સમજાવીને, ઘેર તેડી લાવે;
કઠણ હઈવાના કાનજી, સંદેશો ન કહાવે. કોઇ સુધ.
કોઇ ગુણવંતી ગોરડી, પ્રીતમજીને પુછે;
શા માટે રીસાઇ ગયા, તેનું કારણ શું છે. કોઇ સુધ.
મુજને મુકીને જોગી થયા, કે કોઇએ ભરમાવ્યા;
કોને ભરૂંસે મુકી ગયા, હજુ ઘેર ન આવ્યા. કોઇ સુધ.
કાંઇ સમજણ પડતી નથી, રહું નિત્ય ઉદાસી;
વરસું લાગે મુને વીઠલા, મથુરાંનારે વાસી. કોઇ સુ
અનેક અપરાધ ક્ષમા કીજીયે, કહું છું ચિર નારી;
વાલમ વેલા આવજો, રણછોડના સ્વામી.

પદ ૯ મું.

સીતા વિજોગે શ્રીરામજી, લક્ષ્મણનેરે
હજુ હનુમાન નહિ આવિયો, તેનું કારણ શુ
અવધકરી અહિંથી ગયો, હું તો હમણાંક આવું;
સ્વરગ મૃત્યુ પાતાળની, સુધ પોહોચાં આવું;

મારૂં મન રહેતું નથી, ભાઇ ઘરસુત્ર ભાગ્યું;
સીતા ગયે શું ઉગરયું, મોટું લાંછન લાગ્યું. સીતા.
જડશે નહીં જો જાનકી, ત્યારે શી ગત થાશે;
લોક લાંછન વળી લાગશે, વિસ્વમાં નહી રહેવાશે. સીતા.
બોલ બાંધવના સાંભળી, બોલ્યા લક્ષ્મણ વીર;
સીતાને શોધી લાવશું, મન રાખોને ધીર. સીતા.
રૂદન કરે શ્રીરામજી, શોકે, સાગર સુકે;
લક્ષ્મણ કહે સત્ય માનજો, સતી સત્ય ન ચુકે. સીતા.
સીતાજી સરખી સતી નહી,રહેશે આપ વીચારી;
અવર પુરૂષ સામું નવ જુવે, નાંખે વિશ્વ સંહારી. સીતા.
અન્યો અન્ય બાંધવ બોલીયા,વાટજુવે.એમ કહીને;
એટલે હનુમાન આવીયા, સુધ સીતાની લઇને. સીતા.
હરખ થયો શ્રીરામને, હનમાનને પુછે;
કુશળ કલ્યાણછે જાનકી, કહેને દુઃખ કેવું છે; સીતા.
પ્રણામ કરી કહે રામને, કુશળ છે મારી માતા;
મુજને કહે કહેજે નાથને, આવી કરો સુખ સાતા. સીતા.
નિશદીન નામ લે તમતણું, શોકાતુર થઇને;
કહ્યું મેં જે વેહેલા આવશું, શ્રીરામને લઇને. સીતા.
હરખ થયો સુણી રામને, સેન્યા તત્પર કીધી;
પાગ બાંધી પાર ઉતરયા, જઇ દુંદુભી દીધી. સીતા.
રીંછ વાનર શ્રી રામના, દળ ભારે રે આવ્યું;
રાક્ષસ રાજા રાવણ તણા, જુધ જોર મચાવ્યું. સીતા.
હારે નહીં કોઈ કોઇથી, માર મોકમ મારે;
રામ લક્ષ્મણ ક્રોધે ચડયા, કપી કોપીયા ત્યારે. સીતા.
જુદ્ધ કરી રામ જીતીયા, રાવણને રે મારયો,
રાજ વિભીષણને આપીયું, તન તાપ નિવારયો. સીતા.
સીતા લઇ શ્રી રામજી, અજોધ્યામાં આવ્યાં;
જય જયકાર ત્યાં થઇ રહ્યો, પ્રજાને મન ભાવ્યા. સીતા.
કથા રસ સાંભળે, સુખ વરણી ન જાય;
ફેરો ટળે, ગુણ રણછોડ ગાય. સીતા.

પદ ૧૦ મું.

રાજ બેસવા, અજોધ્યામાં આવે;
ભા મોકલ્યા, બેઠે બળવંત. રઘુનાથજી.
બુધન બોલીયા, ચાલો સામારે જઇએ;
બાંધવને ભેટીએ, આપણ સુખીઆરે થઇએ. રઘુનાથજી.

પેહેલા મળ્યા શ્રી રામને, પછે લક્ષ્મણ વીર;
પછે મળ્યા માતા જાનકી, સુખ પામ્યા શરીર રઘુનાથજી.
વળતા બોલ્યા શ્રી રામજી, વીરા કહેા સાચી વાત;
અજોધ્યાવાશી સહુ કુશળ છે, કુશળ કૌશલ્યા માત રઘુનાથજી.
ભરત કહે રામજી સુણેા, સઉ કુશળ કલ્યાણ;
ચૌદ વરસે પધારીઆ, સઉના જીવન પ્રાણ રઘુનાથજી.
ગાજતે વાજતે પુરમાં, રામ સીતા પધારચાં;
પુરવાસી સઉ પાએ નમ્યાં, અતી વાહાલ વધારચાં રઘુનાથજી.
નિજ મંદિરમાં આવિયા, પુષ્પ મોતિએ વધાવ્યા;
પ્રણામ કરવા પ્રીતથી, માતા પાસેરે આવ્યા રઘુનાથજી.
ત્રણે માનાને પાએ નમ્યા, રામ લક્ષ્મણ સીતા;
વિધવા જોઈ ત્યાં માતને, સાંભરચા નિજ પિતા રઘુનાથજી.
વજોગ પડયેા ચૌદ વરસનેા, સૌને આનંદ થાયે;
રાજ્યાસનપર બેસવા, શુભ મુરત જોવાએ રઘુનાથજી.
મુરત નિશ્ચય કરયું તે સમે, માણેકથંભ રોપાવ્યેા;
તરિયા તોરણ બાંધિયાં, રૂડેા મંડપ રચાવ્યેા રઘુનાથજી.
શોભા સ્વરગ થકી ઘણી, જુવે નરનેરે નારી;
વાજિંત્ર નાના જાત્યનાં, વાજે બહુ સુખકારી રઘુનાથજી.
વેદધુની મુનિયેા ભણે, શાસ્ત્ર વીધી પ્રમાણે;
વસ્ત્રાભુષણ સજી રામજી, આવ્યા છે તે ટાણે રઘુનાથજી.
શુભ ચોઘડિયુ જોઇ કરી, ગાદીએ બેસારયા;
ગુરૂ વશિષ્ઠ આશિશ દીએ, અવિચળ રહેા પ્યારા રઘુનાથજી.
મુનિયેા સરવે કહે તે સમે, રામ જુગેાજુગ જીવેા;
પ્રજા પાળેા પ્રભુ પ્રીતથી, છેા રઘુકુળમાં દીવેા રઘુનાથજી.
મંગળ ગાઇને માતુની, મોતી પુષ્પે વધાવે;
જાચક જન ત્યાં બહુ મળી, આશીશ દેવાને આવે રઘુનાથજી.
જેની જેવી યોગ્યતા, તેને દક્ષણા તેવી;
વસ્ત્ર આભૂષણ આપીયાં, તે શોભા જોયા જેવી રઘુનાથજી.
જય જય શબ્દો કહે સહુ, આનંદ ઉર ન માયે;
મુનિ સર્વને નિજ માતને, પ્રભુ નમિયે છે પાયે
ઘર દ્વાર ઓછવ થઇ રહ્યા, એવા ઉત્તમ નામી
ભાવે ભાજે સઉ રામને, રણછોડનેા રે

દીલમાં દીવેા કરવા વિ

ગરણી ૧.

દીલમાં દીવેા કરેા રે દીવેા કરેા, રૂડા કોય કામને મરહુ

દયા દિવેલ પ્રણાઇયુ પ્રેમ લાવેા, મહી સુરતી દિવેટ બનાવેા;
મહિ બ્રહ્મ અગ્નિ ચેતાવેારે, દિલમાં દિવેા કરેા દિવેા કરેા. ૧
સાચ દિલનેા દિવેા જ્યારે થાશે, ત્યારે અંધારૂં મટી જાશે;
પછી બ્રહ્મલેાક તેા એાળખાશેરે, દિલમાં દિવેા કરેા દિવેા કરેા. ૨
દિવેા અણલે પરગટે એવેા, ટાળે તનનાં તિમર તેવેા;
તેને નયણે નરખી લેવેારે, દિલમાં દિવેા કરેા દિવેા કરેા. ૩
દાસ રણછેાડે ઘર સંભાળ્યું, જડી કુંચી ઉઘડયું તાળું;
થયુ ભૂમંડળમાં અજવાળું રે, દિલમાં દિવેા કરેા દિવેા કરેા. ૪

ગરબી ૨.

હાર છેા હાર છેા હાર છેા રે, તમે હરિ હૈયાના હાર છેા—એ રાગ.

રામજી ભજ્યાની તક જાયછે રે, રૂડા રામજી ભજ્યાની તક જાયછે;
માટે અજ્ઞાની તું કરને ઉતાવળ, ઓછી આવરદા થાયછે રે; રૂડા. ૧
છાનેા તે કાળ ભમે શિર ઉપર, ખડની પેઠે તને ખાયછે રે; રૂડા. ૨
હઇયે તે પગ દેઇ પીડેછે પ્રેમદા, વિષના પ્યાલા તને પાયછે રે; રૂડા. ૩
રણછેાડ રંક કંગાળ સરીખડેા, ગુણલા ગેાવિંદના ગાયછે રે; રૂડા. ૪

* છોટમ.

ખેડા જીલ્લાના મલાતજ ગામના વાસી પરમ પવિત્ર ભક્ત

પ્રભાત રાગનાં કીર્તન.

પદ ૧ લું.

જાગ્યરે જીવ અજ્ઞાન આળસ તજી, જગત કરતારને લેને જાણી;
નરદેહ નીરમીયો નીતી સંભાળવા, આચરે અનીતિ તે અધમ પ્રાણી જાગ્યરે..
વિશ્વકર્તાતણું દીસે ડાહાપણ ઘણું, સુખકર સરજીયો સુરજ જેણે;
તેજ ફેલે અતિ વાયુ છાદનવતી, આંખ્ય સહુ દેખતી થાય એણે જાગ્યરે..
ધન્ય દયાળને ધરણી કેવી રચી, સિદ્ધ પદારથ યુકિત સારી;
વિવિધ પ્રકાર વનમાંહી વનસ્પતી, અખિલ છે અમિત આનંદકારી જાગ્યરે..
પોષવા સર્વને નીર પેદા કર્યું, વ્યોમમાંહી રહ્યું [illegible] ભાળા;
ચંદ્ર આકર્ષણે સિંધુ ભરતી ચડે, જાય એ જુકિતથી હાણુવાળા જાગ્યરે..
જ્યોતિષ ચક્ર તું જોને આકાશમાં, દીસતા દિવ્ય અનંત તારા;
એજ ઉપયોગી છે સંસારને, ધન્ય હે સૃષ્ટિ સરજનાર સારા જાગ્યરે..
તાહરો દેહ તું જોને કેવો કર્યો, અદભુતતા ઘણી છેજ એમાં;
સરવ વિષયોતણું જ્ઞાન બહુ થાય છે, તત્વ મોટું કર્યુ ચિત તેમાં જાગ્યરે..
બુદ્ધિયે નિસ્ચય થાય બહુ વાતના, એ થકી અધીક ઉદયોગ સુજે;
એજ સરજનહારને મુઢ સમરે નહી, મંદમતી મલિન પાખંડ પૂજે જાગ્યરે..
સરજનહારનું જ્ઞાન સોહામણું, સરવને સરજવા યોગ્ય સારૂં;
છોટમ સદા સંસારથી ઉદ્ધરે, વચન સુવિચારથી માને મારૂં જાગ્ય

પદ ૨ જું.

એક આધાર સખે નિરાધારનો, જેથી સંસાર તું પાર પડશે;
કલ્પિત વાતથી કાજ કાંઇ નવ સરે, તોય મથતાં કયમ તુપ જડશે
સરવથા સિદ્ધ પદારથ મેળવી, કેળવી સ્થિરચર જાતિ [illegible]
અગણીત અંડ કરી અધર ધરી રાખીયાં, મનુષને સુંદર [illegible]
શકિત અનંત છે સરવ કરતારણી, જોતાં અગાધ [illegible]
કવિજન શું કહે પાર કોઇ નવ લહે, એમ અદભુત [illegible]

---

* વીશેષ માહીતી માટે નીચેના ગ્રંથો મંગાવી વાંચો
છોટમકૃત કીરતન ભાગા. ૧-૨-૩
અક્ષરભાળા ,, ,,
ભક્તી બારકર ગ્રંથ ,, ,,

એક એ તાત છે અખિલ સૃષ્ટિતણો, તે તજી તુચ્છ તું શું ઊપાસે;
પાપના બંધ તે કેમ પ્રલે થશે, અંતકાળે કિહાં જીવ જાશે એક.
જીવતાં જાણ્ય તું તાણ્ય સરવે તજી, ભાવશું લે ભજી પ્રહ્મ કરતા;
છોટમ સત્ય જાણીને રૂદયે ધરો ભકતવત્સલ પ્રભુ સરવ ભરતા એક.

પદ ૩ જું.

ભેદ જાણ્યા વિના ભ્રાંતિ ભાગે નહીં, શાંતિ અવ્યા વિના સુખ ન પામે;
જગતનું મુળ જાણીને અવ્યક્તમાં, ભકત પ્રભુને ભજી ભય વિરામે ભેદ.
હેતુમાં સરવ સંકેત સૃષ્ટીતણો, એજ સરજનાર સુવિચાર શક્તિ;
અરૂપથી સ્વરૂપ બહુ થાય ન જણાય તે, કયાં રહીને કરે સર્વવ્યક્તિ ભેદ.
દેહ જાતી ઘણી કોણ શકસે ગણી, કથન કવિજન કરે કોય કલપી;
અણુતણીજાતિ અતિ જાણીયે શાવતી, જયાં લગી લહિ ગતીનેજજ પપી ભેદ.
જીવનો ધરમ તે કરમ સઘળાં કરે, ભોગ સારૂ ફરે નિત્ય ભમતો;
સરવનો રાય કહેવાય છે માનવી, વિધ કરતારને હોય ગમતો ભેદ.
વિહિત પ્રતિસિદ્ધ બે કરમ છે વેદમાં, ભેદ જાણી ભલું જોગ ભાવે;
પુણ્યને પાપ બીજ એ બે કહ્યાં, સુખ ને દુઃખ ફળ અંતે આવે ભેદ.
પુણ્યના જાગિયા સુધરમે લાગિયા, જાણિને જાગિયા પુરૂષ ડાહ્યા;
પાપ પંથે પડ્યા દુઃખ કર્દમ કડ્યા, નરકમાં નારકી પામી કાયા ભેદ.
જીવના કરમની રીતિ એતો કહી, ભાવથી જે પરબ્રહ્મ ભેટે;
સર્વ પ્રતિપાળ દયાળ ઈશ્વર તણી, ભકિતથી સાધન સર્વ હેઠે ભેદ.
શ્રેષ્ટ સહુ ધરમથી મન વચન કર્મથી, જાણી જગદીશનીભકિતકરિયે;
સર્વ સિદ્ધાંતનો સાર છોટમ કહે, તે થકી ભવજળ તરત તરિયે ભેદ.

પદ ૪ થું.

એક કરતાર આધાર સરવે તણો, એ નિરાધાર ઓંકાર આપે;
વિવિધ પ્રકારની વિશ્વ રચના રચે, સાંધી સંબંધ માપે અમાપે એક.
ચક્ષુને સુક્ષ્મની સાથ સંબંધ છે, વ્યકત અવ્યકતનો સંગ સાંધ્યો;
શ્રવનને શબ્દની સાથ સંબંધ છે, નેત્રને રૂપ સંબંધ બાંધ્યો એક.
જીભને રસ વિષે નાકને વાસમાં, ચરમને સ્પર્શ શું પ્રીતિ તેવી;
સર કૌશલ્ય અવિનાશનું, યોગ્ય રચના રચે એવી એવી એક.
નો નાથ એ નિત્ય છે, શાકિતને સિદ્ધિ અનેક એમાં;
એ પ્રભુ ઓળખે, પ્રહ્મ સુખ ભોગ આવેજ તેમાં એક.

પદ ૫ મું.

ભુલી ગયા, વિષ્ણુની માયાએ સરવ વાહ્યા;
સાર સમજ્યા નહીં, વિષયીના કુંજરીહાર ગાયા જગત.
ને નિરગુણ કહી ભજે, શુન્યવત શુષ્ક અકર્તક એવું;
તો જગત ભાસ્યું કહે, જ્ઞાન પાગી ગણે શુન્ય જેવું જગત.

છે છતી આંખ્યને અંધજન થઇ ફરે, એમતો એમની બુદ્ધિ બુડી;
બ્રહ્મ પોતે થતાં કોપ પ્રભુનો થયો, માયાયે તેમને નાંખ્યાં ઝુડી જગત.
માયાનેં નિત્ય માને કોય માનવી, તો ન કહેવાય પ્રભુ વિશ્વ કરતા;
આપ ઇચ્છા ધરી બ્રહ્મ સૃષ્ટી સરજે, એમ શ્રુતિમાં કહ્યોબ્રહ્મભરતા જગત.
વિશ્વ જો નિત્ય તો બ્રહ્મ કરતા નહી, તો જન તેની ભકિત ન કરશે;
બ્રહ્મ ઉપાસના જીવ જો ના કરે, તો ભવસાગર કેમ તરશે જગત.
વેદનો અર્થ જો શુદ્ધ સમજાયતો, જ્ઞાન પામે જન તેજ સાચું;
છોટમ વિશ્વ કરતાર જે ના કહે, તેનું સિદ્ધાંત તો હોય કાચું જગત.

પદ ૬ ઠું.

અટપટો દેશ સરવેશ સરજનારનો, દેવ અધીદેવ છે નામ જેનું;
શેષ શંકર અજ વિષ્ણુને ગણપતી, પ્રકૃતિને પુરૂષ ધરે ધ્યાન તેનું અટપટો.
અગણિત અંડના અધીપ સુર જેટલા, તેટલા તે પ્રભુને આરાધે;
વેદને ગુરૂથકી જ્ઞાન પામે નર, તેહને તેહનો ભરમ લાધે અટપટો.
નામ ને રૂપ ગુણ જ્યાં લગી વિસ્તર્યા, ત્યાં લગી જાણવીસરવમાયા;
માયાના ઉદરમાં સરવ આવી ગયું, દેવ દાનવ નર નાગરા[illegible]ો.
માતનું પોષણ પામી સરવે મચ્યા, તાતની વાત કોએ ન જાણી;
નાશિને ભંદ અવિનાશિ માને સદા, નવ કરે બ્રહ્મની ભકિત પ્રાણી અટપટો.
બ્રહ્મ જે જાણશે તે સુખ માણસે, ઉર વિશે આણશે એક કરતા;
છોટમ મોક્ષ સુખ તેજ નર પામશે, મન વિષે બ્રહ્મનું ધ્યાન ધરતા અટપટો.

પદ ૭ મું.

જોને જગત કરનારને, નથી એ પ્રભુ અળગો;
વેલો જોતાં વિશ્વનો, જઇ મુળને વળગો જોને જગત.
ભાસ જેવો ભાનુ તણો, ત્રણે લોકમાં પડીયો;
ચંદ્ર તારા ચળકી રહ્યા, દેખે સહુની આંખડીયો જોને જગત.
વ્યાપક સઘળા વિશ્વમાં, એ છે અંતરજામી;
જીવ સકળ રહે જીવતાં, એની સત્તાને પામી જોને જગત.
ઇશ્વરની સત્તા વડે, વદે વિધ વિધ વાણી;
ઓંકાર રૂપે એ હરી, જપે જીવ તે જાણી જોને
જળજંતુ જળમાં ઘણાં, ઉપજે જળ જોગે;
તે જીવે તેના વડે, મરે તરત વિજોગે
એમ પ્રભુને આશરે, જીવે સહુ પ્રાણી
ઉપજવે આપે વળી, પાળે પ્રિય જા
સુરતા સરજનહારની, સહુ ઠામેરે સરખા
પરમ શકિત પ્રભુને વિષે, પ્રાણી જોને પરખ
ભુલી પ્રભુને જે ભજે, તે તો અધમ અભા

જન છોટમ જગદીશને, ભજરે ભ્રમ ત્યાગી જોને જગત.

પદ ૮ મું.

નથીરે અજાણ્યું નાથનું, જે છે અંતરજામી;
તું નથી હલેતો તેહને, એતો તુજમાંરે ખામી નથીરે અજાણ્યું
વ્યાપક સઘળા વિસ્વમાં, જોને શકિત છે જેની;
અણુએ અજાણ્યું નવ રહે, અદભુત ગતી એની નથીરે અજાણ્યું
વીજળી કેરા તારમાં, વાત જણાયછે વહેલી;
જાણ શકિત જગદીશને, જણવે કરતાં પેહેલી નથીરે અજાણ્યું
જીવન દોરી જીવની, જગદીશને હાથે;
પ્રાણી માત્રના પિંડની, જાણ સઘલીરે સાથે નથીરે અજાણ્યું
આપણે અંગે જે અડે, મન ઝટપટ જાણે;
સહુના મનનું શ્રીહરી, પરખે એજ પ્રમાણે નથીરે અજાણ્યું
જ્ઞાનઇંદ્રી ને મનવડે, કૃત્ય જે જે કરવું;
માહું કરતાં મન વિષે, ઈશ્વરથીરે ડરવું નથીરે અજાણ્યું
આપણા પુણ્ય પાપનું જેના હાથમાં પાનું;
સાક્ષી એ સરજે કરમનો, તેથી કેમ રહે છાનું નથીરે અજાણ્યું
હુકમ હારનો શિર ધરી, કામ સઘળાંરે કરીયે;
છોટમ તેની કૃપા થકી, ભવસાગર તરિયે નથીરે અજાણ્યું

પદ ૯ મું.

માનવ કોઇ માને નહિ, એવી વાત અનેરી;
હોય ગુરૂગમ જેહને, તે તો જોને જોરે હેરી માનવ કોઇ.
જળ વિના સિંધુ અગાધ છે, સઘળે તે ભરિયો;
પ્રઢ પવન મોજા વિના, દીશે અદભૂત દરિયો માનવ કોઇ.
એ દરિયાના બેટમાં, તરૂ એક વિજાતી;
શાખાઓ છે જુજવી, ફળની ભિન્ન ભાતી માનવ કોઇ.
અદભુત પંખી અરૂપિયા, એ વૃક્ષેરે વશિયા;
મળા રહીને ફળ ભખે, સહુ સ્વાદના રસિયા માનવ કોઇ.
અમળા અનુપમ પંખીયો, કરે તરૂપર માળા;
દીસે નહિ, કરે શબ્દ રસાળા માનવ કોઇ.
સહુ અરે, ન અરે તરૂ આદી;
વૃક્ષને, જાણે બ્રહ્મવાદી માનવ કોઇ.

પદ ૧૦ મું.

ઓ, ભરમે કાં ભટકો;
ા. શું નાશીને અટકો ઓ અણસમજુ
આપણો, કરતા સુખકારી;

એ પ્રભુ દીનદયાળને, કેમ મુકયો વિસારી ઓ અણસમજુ.
દેહ અમુલખ તાહરો, જોને પ્રાણિને કરિયો;
ઓ કારીગર કોણ છે, ભરો પવનનો ભરિયો ઓ અણસમજુ.
પંચવિષય પ્રભુએ રચ્યા, છડી મનવરતી;
તેનો લોગી આતમા, આણુ તેનીરે ફરતી ઓ અણસમજુ.
શબ્દ આવે છે બાહારથી, કરણ ભેરીમાં વાગે;
એ કરતાની અકળકળા, ઊંઘેલારે જાગે ઓ અણસમજુ.
સ્પરશ વિષય જાણે ત્વચા, તે તો અંગેરે તારે;
એ કરણી કરતારને, તું કેમ ન સંભારે ઓ અણસમજુ.
નેત્ર કરયાં અતી નિરમળાં, રૂપ જોવાને જેણે;
તેના રક્ષણ કારણે, કરી પાંપણો તેણે ઓ અણસમજુ.
જીભ માંહે જુગતી ઘણી, કરી સરજન શાણે.
સ્વાદ જણાવે સર્વના, બોલ બાહાર આણે ઓ અણસમજુ.
પરિમળ સરવે પરણવા, કરી નાસા કેવી;
સાસ ઉસાસની કળબરી, કોને આવડે એવી ઓ અણસમજુ.
બુદ્ધિરચી બહુ જાણવા, તેનુ પરિણળ મોટું,
શીખે કળાઓ તે વડે, ચાલે નહી ખોટું ઓ અણસમજુ
એવું આશ્ચર્ય અતી ઘણું, સહુ દેહમાં કીધું;
ફટફટ મુરખ મનવો, તે તું નામ ન લીધું ઓ અણસમજુ.
સુખદાતા સરવે સજે, કરૂણામય કહાવે;
કહે છોટમ માટે સહુ, ભજો પ્રભુજીને ભાવે ઓ અણસમજુ.

પદ ૧૧ મું.

નાથ કેસે ગજકો બંધ છોડાયો એ રાગનાં કીર્તન. ૫

(એ ગોડી રાગમાં ગવાય છે.)

ભુલ્યમાં શું ફરે ભમતો નફટ નર ભુલ્યમાં શું ફરે ભમતો;
તને જ્ઞાન મારગ નથી ગમતો નફટ નર ભુલ્યમાં શું ફરે ભમતો
દીનદયાળે દેહ દીધો છે તે સુકૃત સાધન સારૂ;
અમરૂત મુકી અશન કરે વિષનું તેમાં ભલું નથી તારૂં
નવરો થયો ત્યારે નિંદા ને ચાંડી કે ગંદાં ગપોડાં મારે
એ જીભ તારી સરપ જીભ જેવી છે તું અનીતિ
દિવ્ય પિતનાં કારજ દેખી આપ્યા ન
સુર્ય પ્રકાશે ઉલકને ન સુઝે દેખે જે
કાને સુણે નહી કરતાની કરતી કે શાસ્ત્રના
ફોગટ વાત સુણે ફળ સૂની તે સુના
હાથવડે ન કરયું પરમારથ અનરથ દિન
ભુજ તે ભુજંગકણા સમ જાણો કે શીમા

પુણ્યને પંથે પગ નવ ચાલે ને પાપવિષે પળે પ્રાણી;
દુઃખ વૃક્ષ સરખા દુનિયામાં જન એવું મનમાં લો જાણી નફટ.
આવું કહીને વેદ વદે છે તે ભ્રષ્ટ બુદ્ધિને ન ભાવે;
દુર્ગુણમાં જે દેહ ગમાવે તે પિંડ પરેત સમ કહાવે નફટ.
શુદ્ધ - ધરમથી સજ્જન ચાલે ને તુચ્છ અવિદ્યાને ત્યાગે;
છોટમ નીતિ ને ભક્તિ નિરંતર તે પ્રભુને પ્રિય લાગે નફટ.

પદ ૧૨ મું.

છે સુપનાની બાજી જગત સુખ છે સુપનાની બાજી;
રૂડી જાણ્યું થવું નહિ રાજી જગત સુખ છે સુપનાની બાજી ટેક.
જાગ્રતનું સુખ કે દુઃખ સઘળું સ્વપ્ન વિષે નથી રહેતું;
સ્વપ્નમાં સુખ દુઃખ જેજે થાય તે નિદ્રામાં કોઇ નથી લહેતું જગત.
મરણ અવસ્થા એજ પ્રમાણે જાણ વિના જડ થાશે;
નીતિ અનીતિ તણાં ફળ સઘળાં જીવની સાથે જાશે જગત.
મુરખ નર તે મરમ ન જાણે સમણાને સાચું જાણે;
સુત વિત દારા વઇભવ દેખી ગરવ અતીશે આણે જગત.
હાણ્ય જાણીને રોવા લાગે હોય લાભ તો હરખે;
બધ ભંગુર છે ખેલ બલકનો પામર જીવ ન પરખે જગત.
બુદ્ધિ રહે સઘળે ઠામે તે નર સાચા જ્ઞાની;
છોટમ સરવ હરિને સમર્પે તેને ચિંતા શાની જગત.

પદ ૧૩ મું.

જાયા તે જરૂર જવાના જગતમાં જાયા તે જરૂર જવાના;
જેવા હોય વંટોળિયા વાંના જગતમાં જાયા તે જરૂર જવાના ટેક.
જળના બિંદુ જમાવી પ્રભુએ કીધી છે ઉત્તમ કાયા;
કરતાએ કાંય સંકેત કરીને મુકી છે મોહ ને માયા જગતમાં.
ઇંદ્રજાળ જે ઇશ્વર કેરી અદ્‌ભુત અગણિત ભાતી;
શાથકી ઉપજે ને શામાં સમેછે જોતાં નથી તે જણાતી જગતમાં.
હું હું કરીને દેછે હુંકારો તે તન માને છે મારૂં;
દીપ જ્યોતિની પેરે બુઝાતાં આવરી રહે છે અંધારૂ જગતમાં.
[illegible] પછી જવું શરણ કોયને તે હશે કેવે રૂપે;
[illegible]રૂપ જીવતાં નં જોયું તે પડિયા ભવકુપે જગતમાં.
[illegible]ધીન શરીર તમારે કરી આપ્યું કરતારે;
[illegible]જન શાણા હોય તે વિમલ વિવેક વિચારે જગતમાં.
[illegible]ઘડિયે ન ભુલે ભજશે પ્રભુને ભાવે;
[illegible] કાળચક્રમાં ફરી ફરીને નહી આવે જગતમાં.

પદ ૧૪ મું.

[illegible]છે સમજ વિના ભ્રાંતિયે જીવ ભમેછે;

નથી દૈવત તેને નમેછે સમજ વિના ભ્રાંતિયે જીવ ભમેછે ટેક.
મુળ વીચાર કરે નહીં મનમાં આપ ભુલાયું અજ્ઞાને;
દિગભ્રમ થાય તે અવળું દેખે પૂરવને પશ્ચમ માને સમજ.
અખિલ લોકનો કરતા ઇશ્વર કામ અલોકિક તેનું;
તેને તજીને અવર ઉપાસે તુચ્છ જાણુપણું તેનું સમજ.
ભાસે ભૂત જયમ ભોળા મનુષને જીવતા જનના જેવું;
દેવ દેવી કે જે જે દીસે તે સહુ જાણવું તેવું સમજ.
મનમાં રૂપ અનેક થાયછે તે સહુ જાણવી માયા;
મનનો પ્રકાશક મનથકી અળગો તે જાણે જન ડાહ્યા સમજ.
તત્વ વિચાર તપાસ કરે તો ભૂલ્ય સરવથા ભાગે;
જન છોટમ જગદીશ ભજે તો મોહ નિશાથી જાગે સમજ.

પદ ૧૫ મું.

શ્રીહરી સાથે એવો સબંધ મારે શ્રીહરી સાથે એવો;
જયમ નેત્રને દિનકર જેવો સંબંધ મારે શ્રીહરી સાથે એવો ટેક.
જે જે શબ્દ થાય જે ઠામે તે કર્ણ ભેરીમાં વાગે;
તેનો સંબંધ છે તેની સંગાથે સમજે ને સાકું લાગે સંબંધ
સરસ નરસ જે ગંધ હોય તે પવનનો પરેલો આવે;
તેને સંબંધ નાશિકાની સાથે હોય ભલો તે ભાવે સંબંધ.
કંચનનો કસ જેવી કસોટી અડતામાં આપ જણાવે;
રસનાએ રસનો સંબંધ રહ્યો છે તે સ્વાદના ગુણને ગણાવે સંબંધ.
સંબંધ ચરમને સ્પર્શ સંગાથે તે જુગતે જથારથ જાણે;
એમ દેહમાં અદભુત રચના કરી કરતાર શયાણે સંબંધ.
સકળ ઇંદ્રિયોની સ્નાયુઓ સઘળી સોંપી છે મનને હાથે;
માટે સંબંધ ઇંદ્રિયોને મનનો સરવ કામ કરે સાથે સંબંધ.
મુળ પ્રકૃતી દેહની સાથે એકમેક છે એવી;
છોટમ સરજનહાર સંગાથે તું કર પ્રીતી તેવી સંબંધ

પદ ૧૬ મું.

તું તો હરિ ભજ વિલમ ન કરરે, લાડકડા મનુવા. (એ રાગ કીર્તન
તું તો પ્રભુ પદપંકજ ભજ રે, ભુલેલા ભમરા;
બીજી તુચ્છ વાસના તજ રે, ભુલેલા ભમર
વિશ્વવાડી બહુ રંગની રે, આવી તને અનુકૂ
ડાળ પાંખડે તું ભમે તને તેનું ન લીધું
આશ્ચ્ય અનોપમ તાહરી રે, ડોળા પચીસ
ખટપદ ને બે પાંખડી સારી સૂંઢ તારી અ
નવ તત્વે તું નીપનોરે, લેવા સરખે

ભક્તિ મધુર રસ પરહરી સારા લાગ્યા વિષય વિકારરે ભૂલેલા ભમરા.
ગુણ ગુણ કરી શું ગણગણેરે, લેને ગુણાતીત લક્ષ;
ગુણને તો કાળ ગળી જશે જુઠો જાણજે ગુણનોપક્ષરે ભૂલેલા ભમરા.
એક ઘડી આનંદમાંરે, જો ન ધરે હરિધ્યાન;
તે જન પામર જાણવા જેવા સુવર કાગને શ્વાનરે ભૂલેલા ભમરા.
આખો દિવસ એળે ખુવેરે, ના કરે તત્વ વિચાર;
જ્ઞાન પ્રકાશ ગમે નહિ, તે તો ઘુડ જેવા ગમારરે ભૂલેલા ભમરા.
સત ગુરૂ સાચા સોધજેરે, ઓળખવા અવિનાશ;
છોટમ સરજનહારને એતો, પ્રકટ બતાવે પાસરે ભૂલેલા ભમરા.

પદ ૧૭ મું.

તું તો શુદ્ધ વિચારે વળ્યરે, હરિજલના હંસા;
ગુરૂ માનસરોવર મળ્યરે, હરિજલના હંસા હરિ.
કાગની સંગતી તેં કરીરે, કાળો થયો છે રંગ;
મળતજીમોતીનેજોભળે,તારૂંઉજવળથઈજાય અંગરે હરિ.
હંસલો હંસને સોધતોરે, લેવા પ્રભુનું જ્ઞાન;
સંસાર સર ઉપર ઘણા,દીઠાબગલાને ધરતાધ્યાનરે હરિ.
ઉપર દીસે ઉજળારે, વિધ વિધ ધારે વેશ;
ભાવીકે હંસ ભૂલો પડયો, લીધો એગુરૂનોઉપદેશરે હરિ.
કોટિક કલ્પ વીતી ગયારે ભમતાં ભવની માંહિ;
કર્તાએ જો કરૂણાકરી, મળ્યા હંસરૂપે ગુરૂ તાંહિરે હરિ.
સોહં હંસ બતાવીયોરે, ચૈતન સાગર તીર;
છોટમ અનુભવમોતિયાં,ખાતાંથઈગયું શુદ્ધ શરીરરે હરિ.

પદ ૧૮ મું.

તારૂં ખેતર હરણાં આયરે, જંજાળી જનુવા;
તેતો ફળવંત કયાંથી થાયરે, જંજાળી જનુવા ટેક.
પાંચ હરણ પરીબળ ઘણારે, બીજા વળી દશ બાર;
ચોવીસ હરણી ના સંગમાંરહ્યા,ત્રણમોટાકળીઆરરે જંજાળી.
પેહેલી તે શેલડીરે, વળતી તે દાડમ દ્રાખ;
કેળ્યતણું કરચા પછી, રળવાની રહી રાખરે જંજાળી.
જે રે, ધરમ ધનુષ કર ધારચ;
લેજે જ્ઞાનની, ગુરૂઓચે બંધુકે મારચરે જંજાળી.
ીને ધરથકીરે, એપથી ક્ષેત્ર સંભાળ્ય;
આપણું કહેછોટમ પ્રભુ ભણી વાળ્યરે જંજાળી.

પદ ૧૯ મું.

ી મારગ વશ કરચરે,ગુણવંતા જ્ઞાની;

તેથી આત્મા કસ્તુરી ઉચરેરે, ગુણવંતા જ્ઞાની ટેક.
એ મરગની નાભી વિષેરે, પ્રણુવ કસ્તુરી સાર;
વિશ્વમાં ફોરે છે વાસના, પણ એ નથી લેતો લગારરે ગુણવંતા.
દોદશ સોયે દોડતોરે, વિષયારણ્ય મોઝાર;
તેને વશ કરવા તને દીધાં શ્રી ગુરૂએ હથિઆરરે. ગુણવંતા.
સાતે સ્વરથી સોહામણુંરે, જનમાં અનાહત જંત્ર;
ઉતમ નાદ એમાં વસે એછે મરગ આકર્ષણ મંત્રરે. ગુણવંતા.
નાદે મોહયેા મરગલેા રે, આવીને આધીન થાય;
ભાન ભુલે ભમવા તણું તેથી જરી આધો નવ જાયરે. ગુણવંતા.
મન મરગ વશ જ્યારે બનેરે ત્યારે પ્રભુ વશ થાય;
પાપ તાપ ત્યારે ટળે કહે છોટમ સુણિયેા થાયરે. ગુણવંતા.

કલ્યાણ.

રાગ પ્રભાતી.

પદ ૧ લું.

સગપણ સાચું શાનુ ભાઇ, શું માયાને વળગુંરે;
ગરજ ગરજે સહુ મળ્યું છે, અંતે રહેશે અળગુંરે. સગપ
ધન્યને કાજે તન પીલીને ભુમી ભેળુ ભળવુંરે;
ઘડી એક તો પ્યારી જાયછે તારે તો છે મરવુંરે.
ઉંચા ઉંચા મેહેલ બનાવી, પુલ્યા ફરવુંરે;
એ મંદિરમાં કોણ માલશે, તારે તો ... વુંરે.
બચકે બાંધ્યા વસ્ત્ર ને વાઘા, ધણુ ... ભસ્મનું રે
પટોળાં તારાં કોણ પેરશે, તારે તો ... મરવું રે
હાથી ઘોડા માલ બન્નના, સુખ સાજમાં
એમાં જોને કોણ માલશે, તારે તો છે
ભજન કરીલે મન વેરાગી, ફટ હૈયા
કહે કલ્યાણ કહ્યું નવ માને, એમ દિવસ

પદ ૨ જું.

કઇક કરમનો કરનારો તે, શરણ તમારે આવ્યોરે;
મહા જળમાં બાંધી નાંખ્યો, હવે હરી છોડાવોરે. કઇક.
પાપ કરતાં પાછું નવ જોયું, હરિનું નાથ હું ભુલ્યોરે;
દુરિજનની સંગત મેં કીધી, દેવાળામાં ડુલ્યોરે. કઇક.
અનાથ જંતુ શંક બાપડા, તેમાં મેં દીધા વાસરે;
લખચોરાશી ફેરા ફરતાં, કરી મુક્તિની આશારે. કઇક.
સોનું રૂપું જંતર મંતર, તંતર મારે તું છે રે;
આ દુનિયાંમાં નથિજ ગમતું, મળવા આતુર હું છું રે. કઇક.
નામતણો મહિમા મોટો છે, કઇક પાપી નર તાર્યારે;
એવું જાણીને દાસ કલ્યાણે, પ્રભુ પ્રેમે પોકાર્યારે. કઇક.

પદ ૩ જું.

હરી ભજવાનું ચોઘડીયું તે, ફરી ફરી ક્યાં મળશેરે;
ચોંપ કરીને ચેતી લેજો, ભવનાં તારણ તરશો રે.
મનુષ્યાદેહ મટી જાશે ને, પશુ પંખી અવતરશો રે;
વરણાગીમાં વાટ ઉઠશે, કેઇ ખાણે રડવડશો રે.
દુઃખ લાગે તો વેલું લાગો, ઉંધે ઉંધુ ચાલ્યું રે;
માને ઉદર શું બોલ્યો તો, શું બોલ્યો શું પાળ્યું રે.
નેણન જાશે જરા આવશે, નેન નાસિકા ગળશે રે;
સગાં સનેહી સુખનાં બેલી, અંતે અળગાં રહેશે રે.
... ...ો હારી બેઠો, વિણિયામાં વીંટાયો રે;
ઘોળે દહાડે ધજા બંધાવી, ચઉટામાંય લુટાયો રે.
આ અવસર તો રૂડો કહાવે, પાપ ન કરશો પ્રાણીરે;
કલ્યાણ કહે તે કહ્યું ન માને, પથરા ઉપર પાણી રે.

* બ્રહ્માનંદ.

પદ ૧ લું.

[illegible] મન મોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
[illegible]રૂં છું વિનતી, જગજીવન કર જોડીને. પ્રાત.

[illegible] માટે અમારી છપાવેલી બોધવ સંપ્રદાયની કીર્તન માળા
[illegible]યેલો છે જેની પૃષ્ટ ૮૦૦ છતાં કીંમત માત્ર. રૂ. ૧-૪-૦

ઘર ઘરથી ગોવાળા આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણીએ ઉભી વ્રજ અબલા, મહી વલોવાં છોડીને. પ્રાત.
બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ઓડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોર રાખ્યા હોડીને. પ્રાત.
ભૈરવ રાગ ગુણી જન ગાવે, તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી, ઉઠયા આળસ મોડીને. પ્રાત.

પદ ૨ જું.

રસિયાજી રાયે આગણે બેઠા, કોમળ દાતણ કરવાને;
મખમલની ગાદી બહુ મૂલી, પાટ ઉપર પાથરવાને. રસિ.
આછું જલ જમુનાનું આણ્યું, કંચન ઝારી ભરવાને;
સોના કેરૂં પ્યાલું લાવ્યા, સુંદર આગે ધરવાને. રસિ.
દાસ મળ્યા સૌ દર્શન કારણ, ભવને પાર ઉતરવાને;
દાતણ કરતાં હરીને દીઠા, તે નાવે ભવ તરવાને. રસિ.
મુખમંજન કીધું મનમોહન, હરિજનનાં મનહરવાને;
બ્રહ્માનંદના નાથ પધાર્યા, સ્નાન વિધિ અનુસરવાને. રસિ.

પદ ૩ જું.

બાજઠ કનકતણે આવી બેઠા, નીર ગરમ હરિ નહાવાને;
શ્વેત વસ્ત્ર પહેર્યું એક સુંદર, ભૂધરજી ભીંજવાને. બાજઠ.
અત્તર તેલ ફૂલેલ અનોપમ, મર્દન કરવા માવાને;
અંગ ચોળ્યું જળ ઢોળ્યું ઉપર, રસિયાને ન્હવરાવાને;
સ્નાન કરી ઉઠયો શ્યામળીયો, પ્રેમી જન તેડવાવાને;
લલિત નવીન તૈયાર કરી લાવ્યા, પીતાંબર પહેરાવાને. બાજઠ.
રત્ન જડિત શુભ પાટ મનોહર, ગાદિ નવલ બીછાવાને;
બ્રહ્માનંદના નાથને આવ્યા, ભોજન કાજ બોલાવાને. બાજ.

પદ ૪ થું.

જમો જમોરે મારા જીવન જુગને ભોજનીઓ રસ ભરીઆં
પાક શાક તમ સારૂ પ્રીતમ, કોડે કોડે કરીઆં
તળીઆં ગળીઆં લાજાં તાતાં, કનક થાળમાં ધરીઆં
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેમરી
કઢી વડી કારેલાં કાજુ, રાયતણાં
જોઇએ તો ઉપરથી લેજો, મીઠું જી
બ્રહ્માનંદના નાથ સિરાવ્યા, દુધ ભાત
અળુ કર્યું હરિ તૃપત થઇને, નીરખી

પદ ૫ મું.

લાલ મનોહર લીજીએ, મુખવ

શ્યામ સુહાગી શ્યામળા, જાઉં મુખપર વારી. લાલ.
જોઇએ તો લવિંુ જાયફલ, તજ સુંદર તાજી;
આરોગો મારા નાથજી, રસિયા થઇ રાજી. લાલ.
લવિંગ સોપારી ને એલચી,કાથો ચુનો મેલાવું;
નાગરવેલીનાં પાનની, કાજુ બીડી બનાવું. લાલ.
હરિ જન દર્શન કારણે, ઉભા ચૌપાસ;
માંવા મુખ તંબોલની, બ્રહ્માનંદને આશ. લાલ.

પદ ૬ ઠું.

રત્ન સિંહાસન ઉપરે, રસિયાજી બીરાજે;
અદ્‌ભુત શોભા જોઇને, કોટિ કંદ્રપ લાજે. રત્ન.
જામો પહેર્યો જરકસી, સહેરો શીર સારો;
પીળી ઓઢી પામરી બેઠા નંદ દુલારો. રત્ન.
કમર કંદોરો શોભતો, પોંચી બેઉ હાથે;
ઉપરણી ઓપી રહી, મોલીડું છે માથે. રત્ન.
ફૂલમાળા ગળે ફુટડી, ધારી ગિરિધારી;
શોભા જોઇ શણગારની, બ્રહ્માનંદ બલિહારી. રત્ન.

પદ ૭ મું.

અખણ્ડ પીયાજીની આરતી,અતી હેતે ઉતારૂં;
મહા મનોહર મૂરતી, અંતરગાં ધારૂં. અખણ્ડ.
અગર ધુપ અતિ શોભતો,દીપક અજવાળું,
મુખડું મોહનલાલનું, નિરખ્યું કૃપાળું. અખણ્ડ.
ભેરી શંખ મૃદંગ ધુની,વાજાં અતિ વાજે;
બ્રહ્મા ભવ સુર આવિયા, સૌ દર્શન કાજે. અખણ્ડ.
જય જય વાણી ઉચ્ચરે, ઘેરે સ્વરે ગાવે;
બ્રહ્માનંદના નાથની, છબી જોઇ સુખ પાવે. અખણ્ડ.

પદ ૮ મું.

પ્રાણજીવન પધરાવીયા, મંદિરીયાં માંઇ;
પોઢયા સારૂ પ્રેમસું, સુખ સેજ બિછાઇ. પ્રાણ.
બેઠા પલંગપર, આવી અલબેલો;
ગે રાજવી, છોગાળો છેલો. પ્રાણ.
ધી મુજને, ફુલડાંની માળા;
પ્રેમથી,થયા સ્યામ સુખાળા. પ્રાણ.
સાથને,પોઢયા કુંજવિલાસ;
ર હરિનો, એકાંતિક દાસ. પ્રાણ.

પદ ૯ મું.

ધન્ય ધન્ય મારી આંખડી, નિરખ્યા વ્રજપતિ વહાલો;
માથે સુંદર મોળિયું, ઓઢયો નવલ દુશાલો. ધન્ય.
ભાલ તિલક સોહામણું, ભ્રકુટી રૂપાળી;
લોચન તિણાં લાગણું, નાસા મર્મોળી. ધન્ય.
કુંડળ જડાઉ કાનમાં, મકરાકૃત ભારી;
તે જોઇને કુલી ફરે, સર્વે નર નારી. ધન્ય.
કાજુ ગોર કપોલમાં, તિલ ત્રાજવું શોભે;
ગોકુલવાસી ગોપનાં, જોઇ જોઇ મન લોભે. ધન્ય.
અધર લાલ શુભ દાંત છે, દાડમ કલિ જેવા;
બ્રહ્માનંદના નાથને, હસી બોલ્યાના હેવા. ધન્ય.

પદ ૧૦ મું.

આજ અમારે આનંદ અંતરે, જગજીવનને જોઇને;
મન મોહનની મૂરતિ રાખું, નેણામાંહી પ્રોઇને. આજ.
ઘોડલાની વાસે રે ગુમરૂ, હાથીડા નિહાળું;
અસ્વારી અલબેલાની જોઇ, તન મન ધન વારૂં. આજ.
ગિરીધર ગજ અંબાડીએ, ચાલ્યા મથુરાં શેરી;
વિનતાઓ લે છે વારણાં, કુલડલાં વેરી. આજ.
વાજાં ભાત પ્રકારનાં, નિશાન પટાળાં;
ચમર ઢળે શિર શ્યામને, લાગે રૂપાળાં. આજ.
ચોપદારે ઉચ્ચે સ્વરે, જય જય વાણી ઉચ્ચારી;
બ્રહ્માનંદ છબી જોઇને, જાય છે બલિહારી. આજ.

પદ ૧૧ મું.

હરીવર બેસી હાથીએ, માણીગર મહાલે;
ચમર ઢળે ને શ્યામળો, છોગળો ચાલે. હરી
મથુરાં નગરની માનુની, હેતે અતિ હેરે;
ગોખ ચઢી ગજગામિની, કુલડાં વેરે.
ઉમરી અખિલ ગુલાલની, ઉડે અતિ ભારી;
તે જોવાને આવિયા, બ્રહ્મા ત્રિપુરારી.
ઢોલ દદામા ગડગડે, વાંકાળુ
કુબુદ્ધિ મંત્રી કંસના, દેખીને
બ્રહ્માનંદના નાથની, ઓપે
કોટિક જન પાવન થયા, નીરખ્યે.

પદ ૧૨ મું.

શી કહું શોભા આજની,

ગિરિધર ગજ આંબાડિયે, મલપંતા આવે. શી કહું.
પાઘ ઉપર શિર પેચને, શોભા અતિ સારી;
અજબ દુશાલો ઓઢિયો, વૃજરાજ વિહારી. શી કહું.
હેડાંની ઉપર હીંચકે, મોતિડાંની માળા;
મથુરાં કેરી શેરીએ, લાગે રૂપાળા. શી કહું.
કર્યું નિકન્દન કંસનું, નિજ જન સુખ આપ્યું;
દેવકી ને વાસુદેવનું, ભવબંધન કાપ્યું. શી કહું.
જોગી જતી જેને જપે, સનકાદિક ચાલે;
બ્રહ્માનંદ પાવન કર્યા, લોચન નંદલાલે. શી કહું.

પદ ૧૩ મું.

નારાયણ સુખકારી, ભજી લે નારાયણ સુખકારી;
સાધુ જનની માન શિખામણ,વિષય વિકાર વિસારી. ભજી લે.
માત પીતા સુત બાંધવ મેડી,નહીં તારાં સુત નારી;
જમને દ્વારે એકીલા જાવું, કરજે કરમ વિચારી. ભજી લે.
રાજા રંક ગુણિજન પંડિત, ખેડુત ને વેપારી;
સગાં કુટુંબી સહિત સૌને, લઇ જાએ જમ મારી. ભજી લે.
ભરત ખંડમાં દેહ મનુષ્યનો, મળે નહીં વારંવારી;
બ્રહ્માનંદ કહે થાને સુખિયો, સત્ય વચન ઉર ધારી. ભજી લે.

પદ ૧૪ મું.

અલખ પુરૂષ અવિનાશી, ભજી લે અલખ પુરૂષ અવિનાશી;
કરમ કટે તારાં અનંત જનમનાં, ફંદ મટે ચોર્યાશી. ભજી લે.
સગું કુટુંબી સુત ને નારી, માતા મામો ને માશી;
અંતે ભેળું કોય ન આવે, અંતર દેખી તપાસી. ભજી લે.
ઘરમાં બેઠો ગાળો બોલે, દેખી તીરથવાસી;
ધન હરે કરે નીત્ય કુબુદ્ધિ, પર નારીની હાંસી. ભજી લે.
મારું મારું કરતો મૂરખ, મેલી ધન મરી જાશી;
બ્રહ્માનંદ કહે હજી સમરી લે, રસિક શ્યામ સુખ રાશી. ભજી લે.

પદ ૧૫ મું.

રે ચોર દેવના, શું મુખ લેઇને બોલે જી;
શ્વાનની પેરે, ઘર ઘર ફરતો ડોલે જી.
ન કાંઇ ન કીધું, માયામાં ભરમાણો જી;
લાજે લાગ્યો, સઘળેથી લુંટાણો જી.
પ કરંતાં, પાછું ફરી ન જોયું જી;
કુબુદ્ધિ, રામ રતન ધન ખોયું જી.

વિષય વિકાર હૈયામાં ધાર્યા, વીસાર્યા મોરારિ જી;
મૂરખ તે આમે દશ મહિના, જનની ભારે ભારી જી.
સંત પુરૂષની સોબત ન ગમે, ભાંડ ભવાઈમાં રાજી જી;

પદ ૧૬ મું.

બ્રહ્માનંદ કહે નરતન પામી, હાર્યો જીતી બાજી જી.
પ્રભુ ભજ્યા વિના ગાફળ પ્રાણી, આમે ઉમર ખોઈ જી;
મોટા મંદીર માલ ખજાના, કામ ન આવે કોઇજી.
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણા માહિ તણાણો જી;
લોકતણી લજ્યાનો લેઇને, કોટે બાધ્યો પાણો જી.
ઉંચે કુળ અવતાર લેઇને, કહે શું સારૂં કીધું જી;
લખ ચોરાશી ફેરૂં લગડું, તાણી માથે લીધું જી.
જીવનનું કાંઇ જતન ન કીધું, મન માયામાં મોયું જી;
રાત દિવસ તત્પર થઈ રળીયો, ઠાલું નીર વલોયું જી.
લોક કુટંબમાં મોટો થાવા, કામ બગાડયું તારૂં જી;
બ્રહ્માનંદ કહેરે પ્રાણી, હજી સમજ તો સારૂં જી.

પદ ૧૭ મું.

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;
અસંખ્ય ગયા ધનસંપતિ મેલી, તારી નજરો આગે જી.
અંગે તેલ પુલેલ લગાવે, માથે છોગાં ઘાલે જી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલે જી.
જેમ ઉંદરડે ઢારૂ પીધો, મરતાનો થઈ ડોલે જી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલે જી.
મનમાં જાણેમુજ સરીખો, રસિયો નહિ કોઇ રાગી જી;
બહારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગી જી.
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશે જી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશે જી.

સરવે પ્રકારનાં પુસ્તકો વેચનાર

બુકસેલર હરગોવિંદદાસ

મુ. ત્રાપજ દરબાર

**ઋષિરાજ.

પદ ૧ લું.

રાગ ઠુમરીની ચાલ.

જુઠું જુઠું જીવતર અરૂં જાણુમાં રે, જુઠું. ટેક.
જુઠી જનુની જુઠી જંયા, જુઠી મોહ ભરેલી માયા;
કાચ કુંપો છે કાયા, મમુતા તાણુમાં રે. જુઠું.
સહાય તે સતકે નિશાજી, તે દેખી શું થાઇયે રાજી;
આતસ બાજી, આસા લાંગી આણુમાં રે. જુઠું.
અગને જમ્યેા વાદળ ગેાટેા, પાણીમાં પ્રગટયેા પરપેાટેા;
ખેલ બધેા એમ ખેાટેા, સુરખ માનમાં રે. જુઠું.
ધીરજ રાખી મનમાં ધારે, અપપણું છે તનમાં ભારે;
નરક ભર્યું નવ દ્વારે, વપુ વખાણુમાં રે. જુઠું.
ફેલ કરિને ફેાગટ ફટકયેા, ઇશ્વરના ચરણે ના અટકયેા;
ભેદ વિના તું ભટકયેા, ચારે ખાણુમાં રે. જુઠું.
પરખિ લેને પુરૂષ પુરાણી, જગમાંથી ગુણ જેને જાણી;
પૃથ્વીમાં જેમ પાણી, ઠેર નીચાણુમાં રે. જુઠું.
જાચે લેા જગજીવન જાચે, નાચે તેા હરિ આગળ નાચે;
ઋષિરાજ કે રાચે, સત સવાણુમાં રે. જુઠું.

પદ ૨ જું.

ચાલ હમારી ચાલેા, હમારા હેાયતેા ચાલ હમારી ચાલેા;
છત્રીસ પાખંડ સર્વે તજીને, જુનેા મારગ ઝાલેા. હમારા.
જે મારગે સનકાદીક સંચર્યા, પ્રેમ તણેા પીને પ્યાલેા;
જે મારગે સામેા આવે શામળિયેા, નટવરન દીનેાલાલેા; હમારા.
જે મારગે પાંચ પાંડવ પરવર્યા, ઝલ્ય ભંજનનેા ભાલેા;
જે મારગે કર વીર બેાલવું, બળવંત લક્ષ્મણ બાળેા. હમારા.
મારગે હરિ ભરપુર ભાસે, ઠામ ન દિસે ઠાલેા;
મગે ઋષિરાજકેા વાલમેા, વાલાંથી લાગશે વાલેા. હમારા.

પદ ૩ જું.

કરતેા મુખ, ઠામ ઠરી ના બેઠેા રે;
નેહ ન રાખ્યેા, સભામાં પેઠેા રે. ટેક.
આશા હરી, કેાતક આ તે કેવું રે;

ફાંસી દેતાં ચઠયું ફલેકું, આ જુગનું સુખ એવું રે.
તરવર ઉપર મધનું ટીપું, જીભડી જુડી થાશે રે;
વરણાગીમાં વાંકો ચાલે, જમડા આવી જાશે રે.
ક્રીડા વળગ્યુ કુતરૂ દોડે, જંપે નહિ તે જરિયે રે;
વિષય વલુડો વલખાં વિણે, દુખ્યો દુખના દરિયે રે.
કલાલે કલાઘરનો ઉંદર, દારૂ પીને ડોલે રે;
ઝડપ કરીને મનિયે આલ્યો, ફાડી કાળજ ફોલે રે.
ભાદરવાનો ભીંડો તે નો, વિલાઈ જાશે વહેલો રે;
ધન જોબનના ધમ ધમાટમાં, ગરવ કરે તે ઘેલો રે.
ખારા જળમાં ખુટલ પ્રાણી, મુરખ જળ દેખી મોહ્યોરે;
ઋષિરાજની શિખ ન રાખી, અજગર આંચળ દોહ્યોરે.

પદ ૪ થું.

આવો ઓરા છોરા છેલછબિલા ખીરધારી,
પ્યારી લાગે છે મુરતી તમારી. ટેક.
પ્રીતમ તમ થકી મારે પ્રીતડી બંધાણી,
વાલા તમ હાથે હું વેચાણી રે.
માયા લગી છે મને તમ થકી મારી,
નહીં લોચનીયાંથી દેખું જાવા રે. હરી.
પ્રીતડી કરી મેંતો તમ થકી પુરી,
એક તિલભર નહિ અધુરી
ઋષિરાજ તણા નાથ તમ સંગે તેરા,
માથે નાખ્યો છે હવે છેરા.

પદ ૫ મું.

જમદે નિત્ય ઝપાટારે, કોઈ ચેતણહારા ચેતો; ટેક.
ઠીઠી ઠીઠી દાંત કરે, શું બલમાં બગડે પીઠી,
દીઠી દીઠી ઘણાંની બગડી, ચડપ આવી ગઇ ચીડી.
માત પિતા જાણે સુત માહારો, થાય દીન દિન ઘડ.
મહોત નજીક આવેછે, એક દીન ખેલ ધરો ભાઇ
બંધવ જાણે બંધવ મહારો જીવો જુગોજુગ
કાળ અચાનક આવી પકડે, તરત નાંખ
નારી જાણે મુજ નાવલિયેા, અમર તપો
એક દીન ઝટીયા ઝડપ ઉત, કરશે
સોળ અંગ શણગાર સજી,
એક દીન લાલ વેરાગણ બણશું

દર્પણ લેઇ શું મુખડું દેખો, સમજો જમની શહેમાં;
એક દીન કરશે કાગ કળાહળ, ચઠપ સુવારે ચહેમાં. જમદે.
દારા પુત્ર પરિવાર તજીને, જાવું મીલકત મહેલી;
ઋષીરાજ રઘુનાથ વિના, નથી કોઇ બરાબર ગેલી. જમદે.

પદ ૬ ઠું.

જબરો કાળ ઝપાટોરે, માંથે મરણ બીક છે મહોટી. ટેક.
જંતર જાણો મંતર જાણો, જાણો તંતર ટાળા;
મહોત બડો મરદાંન મરદ, જ્યાં ધુજી પડે ધારાળા. જબરો.
વૈદ બોલાવો સૌદ બોલાવો, કરો ઉકાળો કુટી;
ખુટી તો જરૂર ખુટી ખુટી, ખુટીની નહિ છુટી. જબરો.
ભુંઇરૂં બોદો શિબો શરોદો, તત્વ વિચારો તનમાં;
નાડિ ભેદમાં દાહાડી રમો, પણ વળશે ઉંધાં વાજા. જબરો.
નેશ જુઓ નિર્દોષ ભણીને, કોશ શુકનના કાઢો;
જમકિંકરનો અજણ ઝપાટો, ગજણ કરી દઇ ગાઢો. જબરો.
વેશ ઉતારો કેશ ઉતારો, દેશ ઉતારો દુજે;
પકડે આવી મહોત પલકમાં, જીવલડો શું ઝુંઝે. જબરો.
રોટી બદલો ચોટી બદલો, લોટી બદલો લાખો;
દરદ મરદને મરદ કરી ઘે, મહોત મરદ છે આખો. જબરો.
ધરમ ધરો અધરમને મેલી, બાંતેથી હ્યો બેલી;
ઋષિરાજ રઘુનાથ વિના નથી, કોઇ બરાબર બેલી. જબરો.

પદ ૭ મું.

નિચ્ચે રેઢેવું નથીરે માથે, મહોત ઝપાટો મારે. ટેક.
ફાક્યા ફુક્યા શું રે ફરોછો, જુઓ વિચારી જગમાં;
વશુમંતાં કાંઇ વાર ન લાગે, રોગ ભર્યો રગરગમાં. નિ.
ઘાટ ભરો ધન માટ ભરો, મન ઘાટ કરો ભલે મહોટા;
ઠાઠ સહુ ઘાટ પળ, પાણી તણા પરપોટા. નિ.
જગ મેવાડિ મોળીયાં, જગ જગ દીપે ડગલા;
ચેહ્યો લાગી, થયા ધુળના ઢગલા. નિ.
કોમળ કાયા, ઉડ્યા પલકમાં એતો;
ર નથી કાંઇ, ચુંપ કરીને ચેતો. નિ.
ની ઉદાસી, જંગલવાસો જયોગી;
થયા, કંઇ ભાત્ય ભાત્યના ભોગી. નિ.
બરાબી, જાણી વાતો ઝાજી;
ા કુંવ, કીરાબવાળા કાજી. નિ.
ારથે, વિનતા કુવે વરેલી;

ઋષીરાજ રઘુનાથ વિના નથિ; કોઇ બરાબર બેલી. નિ.

પદ ૮ મું.

પકડે કાળ પલકમાંરે, કોઇ અજબ બચાવો આતો. ટેક.
જીવ વિચારે અલેદાંન થઇ, મેદાન કરાંને મહાલું;
કાળ વિચારે એદાન કરવા, જોગ મળે તો ઝાલું. પકડે.
ગડ ગડ ગડ ગડ નોબત ગાજે, જબરૂં લશ્કર જાતું;
કાળ હસેછે ખડ ખડ ખડ કે'ઇ, ભાળો મહારૂં ભાતું. પકડે.
ઘોડો નાચે વરઘોડામાં, ઝગઝગ ઝળકે ઝુલ્યો;
જોડે જોને જમડા નાચે, લાડકડા શું પુલ્યો. પકડે.
નારિ સારી ઘરસુત્ર પુત્ર, જોઇ જીવાડો સારૂં જાણે;
કાળ વિચારે ફરાળ કરવા, ત્રાસ પડાવું ટાણે પકડે.
જમાદાર સરદાર ત્યાર ત્યહાં, છડીદાર નીત્ય બોલે;
અમલદાર બળદાર કાળ તો, ગુણે તરબલા તોલે. પકડે.
રોબડ રીઝે નંબરંગ જોઇ, અંગ બરાબર ઓપે;
બલક બલક બુરબાન કરીદે, કાળ પલક બે કોપે. પકડે.
દેહ આળપંપાળ કાળ, ભય શીખામણ આ છેલ્લી;
ઋષિરાજ રઘુનાથ વિના, નથિ કોઇ બરાબર બેલી. પકડે.

પદ ૯ મું.

થોડો ફાટીજા કુણ છે ચોરારે, પ્રાણિયા પાપીરે;
પ્રભુ જાણે છે ચીતની ચોરીરે, પ્રાણિયા પાપીરે.
કાંક તારાથી પુન્યવાન પાડોરે, પ્રાણિયા.
તેં તો વાળી નાંખ્યો આંક આડોરે, પ્રાણિયા.
સ્થાન તારાથી બાપડાં સારારે, પ્રાણિયા.
તુજ તેનાથી કર્મ છે તારારે, પ્રાણિયા.
કુળ ઉંચુ ને કામ તારાં કાળારે, પ્રાણિયા.
હૈયે વાશ્યાં છે ટંકશાળી તાળારે, પ્રાણિયા.
કૂદે રોશન વાળે ને વેણુ રૂડારે, પ્રાણિયા.
શેઠ ભોળાને કાટલાં કુડારે, પ્રાણિયા.
પશુ પાડમાં મનુષ દેહ પામીરે, પ્રાણિ
અરે બાત એક પુછડાની આમીરે, પ્ર
તારાં લક્ષણ કહેતાં મરૂં લાજીરે,
ઋષિરાજ રામ કેમ થાય રાજીરે,

પદ ૧૦ મું.

[illegible] ભેખમાં શો ભદ્રક ભાળુંરે, જીવડા જુડારે, તારૂં અ
[illegible] નથિ નાક તણી દાંડી સામા નેણુંરે, જીવડા નથિ

નવિ રસનાનો સ્વાદ કાંઈ રોકયોરે, જીવ. માલ મફતનો બાઈ પંડ પોખ્યોરે. જીવ.
નવિ થંકર કે રામ લીધા સાધીરે, જીવ. આતો આદરી છે ઉલટી ઉપાધીરે. જીવ.
દામ જંણવામાં જાય તારા દહાડારે, જીવ. તારા અંતરમાં ઘાટ થાય આડારે. જીવ.
ટેવ ભુંડીને તાંણિયાં ટીલાંરે, જીવ. ઢોર ભડકે ને લોળવાય ભીલાંરે. જીવ.
તારૂ મન ભણે કેંણી વાતે હાજીરે, જીવ. ઋષિરાજ રામ કેમ થાય રાજીરે. જીવ.

પદ ૧૧ મું.

તું તો ભણતરની જાજ્યમાં ભુલ્યોરે.ચવળા ચહાવારે,વિષે વનમાંહી મનમાં કુલ્યોરે. ચા.
શોક અગનીમાં શુભ કર્મ શેકયાંરે. ચા. દ્વેષ દીપડાં નજીક તેં ન દેખ્યારે. ચા.
ધર્મદેરા ભુલ્યો થયું ધુળધાણીરે, ચા. પીવા દોડેછે ઝાંઝવાનાં પાણીરે. ચા.
પેટ ભરવાનાં સંગ છે પોથારે, ચા ગજબ ગુફામાં ખુબ બાય ગોથારે. ચા.
લોભ ડુંગરિયે ચઢીને લુંટાણોરે, ચા. તોહે સમજે છે ભાગ્યશાળી શાણોરે. ચા.
કાંટા કુટંબના ભચેભચ્ય ભાગેરે, ચા. પૂર્ણ પથ્થરતો માનતણા વાગેરે. ચા.
જાણી બુઝીને જકક કરે ઝાંઝીરે, ચા. ઋષિરાજ રામ કેમ થાય રાજીરે. ચા.

પદ ૧૨ મું.

લાખ વાતાંની એક વાત લેજો, શીખાગણ છેલ્લીરે, દયા રાણી આનંદાન દેજો શી.
પરધન સાપ પત્થરો પ્રમાણો, શીખા. પરનાર જનેતા સમાન જાણો. શી.
જુઠ સાથે જરૂર વેર બાંધો, સીખા. સાચ ઉસાસે રાંમનાર સાંધો. શી.
ગુરૂ ગોવિંદ આનદલેર ગાવોરે, શીખા. કામ ક્રોધ લોભ સંગે બાંધો દાવો. શી.
પોતે પોતાના ધર્મ સર્વ પાળોરે, સીખા. એમાં અવળુ દેખાય તેને ટાળો. શી.
શીર વિષ્ણુંનું એક નામ સાચું. શીખા. બીજું બાતલ કરોડ કામ કાચું. શી.
જ્ઞાન મેળવવા સાંભળો ગીતાજી, શીખા. ઋષિરાજ રામ એમ થાય રાજી. શી.

પદ ૧૩ મું.

માયા મોહનની નારીરે,અકલ ગઈ નર કયાં ઉડી,મુરખ તો કહેછે મારીરે. અકલ.
રાયનું કયાં ગયું નાણુંરે, અકલ. તન છુટયું આવે ટાણું રે. અકલ.
કયાં ગઇ રીદ્ધીરે, અકલ. લંગુરીયે લુંટી લીધી રે. અકલ.
જાણે મદ મહારૂંરે, અકલ. જશે પ્રાણ સહિત પરભારૂં રે. અકલ.
ઉપાડે બાથીરે, અકલ. જમનારા બેઠા કાશી રે. અકલ.
ડ આપેરે, અકલ. માંહી વાત પૂર્યા જઈ સાપે રે. અકલ.
ા દાખેરે, અકલ. ઋષિરાજની શિક્ષા રાખેરે. અકલ.

પદ ૧૪ મું.

ખુટલને ધન શા અપનું,બાંડે કુળ બોળ્યું બાધુંરે. ખુટલ.
ખુટલ. બગ ધ્યાન ધરીને બેઠોરે. ખુટલ.
ખુટલ. પછે અલ્લા ચોરે ઉઠેરે ખુટલ.
ખુટલ. ચટ તેતર તે કણ ચગ્શેરે. ખુટલ.
ખુટલ. પારકા ભોગવશે પુંજીરે. ખુટલ.

પશુ પંખી પેટ ભરેછેરે, ખુટલ. એમ હેઠનું પેટ કરે છેરે. ખુટલ.
ચિત માંહી દયા રસ ચાખેરે, ખુટલ. ઋષિરાજની શીક્ષા રાખેરે. ખુટલ.

પદ ૧૫ મું.

હથિયાર કાયરના કરમાંરે, પામરને ધન એ પેરે, જીવ નરકે જાશે જરમાંરે. પામર.
રવિનેજ ઘુવડને રગડેરે, પામર. બહુ ભણુતરથી બળ બગડેરે. પામર.
મેવાથી માંદો મરશેરે, પામર વનળની પરને વરશેરે. પામર.
અસવારી કરશે અંધેરે, પામર. હુતો ધુળ ગળ્યાનો ધ ધેરે, પામર.
અણ ભણ પુસ્તક લેઈ લવશેરે, પામર. નકટીને વાળી લજવશેરે. પામર.
શાણો સિંહ પાંજરે પેસેરે, પામર. બર સાકરથી દુઃખ સહેશેરે. પામર.
ઋષિરાજ શિખામણ રૂડીરે, પામર. દુરજનીયાં કહેછે કુડીરે પામર.

પદ ૧૬ મું.

માથે કોપી રહ્યો છે કાળરે, ઉંઘ તને કેમ આવે;
પાંણિ પહેલી બાંધી લેને પાળરે, ઉંઘ તને કેમ આવે.
નથી એકે ઘડીનો નીરધારરે, ઉંઘ તને કેમ આવે;
આતો સુપના જેવો સંસારરે, ઉંઘ તને કેમ આવે.
અલ્યા એળે ખોયો અવતારરે, ઉંઘ તને કેમ આવે;
તારા માથે છે જમનો મારરે, ઉંઘ તને કેમ આવે.
તારા મનનું ધાર્યું થશે ધુળરે, ઉંઘ તને કેમ આવે;
ચાર તોડાં છે મણમાં ભુલરે, ઉંઘ તને કેમ આવે.
કરી આવ્યો છે ગર્ભમાં કોલરે, ઉંઘ તને કેમ આવે;
કાલ આવેલું થાય છે કથોલરે, ઉંઘ તને કેમ આવે.
જોતા જોતાં આયુષ ખુટી જાયરે, ઉંઘ તને કેમ આવે;
તારા ડાપણમાં લાગી લહાયરે, ઉંઘ તને કેમ આવે.
કાંઠે આવેલું બુડશે જાજરે, ઉંઘ તને કેમ આવે;
તારે કાજે કહે છે ઋષિરાજરે, ઉંઘ તને કેમ આવે.

પદ ૧૭ મું.

આભડગેટમાં બુડ્યું બધુ અંગરે, આડું થ
નથી નહાતો ગોદાવરી કે સંગરે, આડું થ
દેવ મંદિરમાં નથી કરયા દીપરે, આડું
નથી કરતો તું ટેલિયાની ટીપરે,
નથી ચપટી કરાવ્યાનો ચાલરે.
આવા તાકે મફતના માલરે,
દેવ દરશનનું નિત્ય નથી નેમરે.
આખિ પૃથ્વીનાં હોરી લીધાં વેમરે.
નથિ વાવરતો દેવની કસંધ

નથી વાવરતો વિપ્રની વિસુંધરે, સારૂં થાય શી રીતે.
નથી દીધાં તીરથમાં દાનરે, સારૂં થાય શી રીતે.
નથી આપ્યાં અતીથીને માનરે, સારૂં થાય શી રીતે.
નથી કરતો તું અબ્ધાની ખેરાતરે, સારૂં થાય શી રીતે.
ઋષિરાજની ન રાખી રૂદે વાતરે, સારૂં થાય શી રીતે.

પ૦ ૧૮ મું.

જીવડલા આજ કે કાલ જાવું, ઉડી જાશે રાખ થઇ તન અહ્યાનું. ટેક.
પડ્યાં જાળે પંખી તેતે પકડાશે, કમળ બીડ્યાં તેતો બચિત કર્માશે;
જનમિયા તે તો જરૂર મરી જાશે. જીવડલા.
ગયા જેને ગાદીપતી ખાઇ ગોથાં, પડયાં મુકી ચાલિયા પંડિત પોથાં;
થયાં પછે ઘોરે સડી સડી થોથાં. જીવડલા.
ખંભા ખંભા કહેવાતાં પડતાં આખડતાં, ચતુરંગી જેની પુંઠે દળ ચઢતાં;
બુચ્ચો એનાં નામ હવે નથી જડતાં. જીવડલા.
ગુણીજન જેની આંગળ નિત્ય ગાતા, વળી દેશ વિદેશમાં વખાણુતાં;
તેતો ગયા કાળના પુરે તણાતા. જીવડલા.
નવા નવા પોશાગ પેહેરી નીકળતા,મ્હોટા મ્હોટા મહિપતિને જઇ મળતા;
બહુ એહેવા ભાળ્યા મશાણુમાં બળતા. જીવડલા.
ફૂલા કાને લટકાવી ફાંકડા ફરતા, ધમકધમ ધરતી ઉપર પગ ધરતા;
દીડા એતો નજરે ઠાઠડિયેામાં ઠરતા. જીવડલા.
જેને ઘેર ગડગડ ત્રંબાળુ ગાજે, વળી વાજાં છત્રીશ વેગમાં વાજે;
રાજા એહેવા જલતા જોયા ઋષિરાજે. જીવડલા.

* ચમોલગત.

રતાં વેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં;
ફરી થાકયા ચર્ણ, તોય ન પહોતાં હરિને શર્ણ.
ી ફૂટયા કાન, અબા તોય નાવ્યું બ્રહ્મજ્ઞાન;
ેવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.
કરે સ્નાન, તુળશી દેખી તોડે પાન;
પાત, ધણા પરમેશ્વર એ કયાંની વાત.

* અમારી અબાની વાણી મંગાવેા હાલમાં છપાયછે

મુક્તિ બંધ પૂછે મતિમંદ, શોધી જોતાં રૂવે ગોવિંદ;
પ્રાણ પિંડમાં હું કે હરિ, જે જુવે અખા વૃત્તિ કરી.
બંધ મોક્ષ ન કરે ઉચ્ચાર, આકાશ કુસુમનો નોહે હાર;
પિંડ જોતાં કો મૂકતો નથી, ત્રિવિધ તાપ ભોગવે ઘરથી;
સકળ ઇંદ્રિયપે છુટો રમે, રાગ દ્વેષ કોએ નવ દમે.
સત્ય સંકલ્પ ને અમર કાય, સર્વ રૂપજાણે મહિમાય;
ત્યારે અખા મુમુક્ષુ મન જાણે તે જાણી લે જંન.
જે ધરી આવ્યો ભૌતિક કાય, દેવ નર નાગ કહ્યો નવ જાય;
કાળ સત્તામાં તે ત્યાં ખરો, એ તો મન કાઢો કાંકરો.
મન વચન કર્મ હરિમાં ઢાળ, અખો સમજીયો અંશે સોળ;
ગહન ગતિ છે કાળજતણી, જેણે જે જે વાતો ભણી.
તે તેનાં પામ્યાં પરમાણુ, પડછંદાની પેરે જાણુ;
માંહોમાંહે દુર્ધર્ષ અગાધ્ય, અખા જીવને નાવે સાધ્ય.
અનુભવિ આગળ વાદજ વદે,ઉંટ આગળ જેમ આળો ખદે;
ઉંટતણું આધાં મેલાંણુ, પાળાના તો છુટે પ્રાણ.
અખા અનુભવી ઈશ્વર રૂપ, સાગર આગળ શું કુવે કૂપ;
આવી નગરીમાં લાગી લાય, પંખીને શ્યો ધોખો થાય.
ઉંદર બીચારા કરતા સોર, જેને નહીં ઉડ્યાનું જોર;
અખા જ્ઞાનીભવથીકયમડરે, જેનીઅનુભવપાંખઆકાશે ફરે.
જો જો રે મહોટાના બોલ, ઉજ્જડ ખેડે વાગ્યો ઢોલ;
અંધે અંધ અંધારે મળ્યા, જેમ તલમાંહિ કોદરા ભળ્યા.
ઘંસ ન થાય ન થાયે ઘાણી, કહે અખો એ વાતો જાણી;
આંધળો સસરો ને શણગટવહુ, કથા સુણતા થાવ્યું સહુ.
કહ્યું કાંઇ ને સમજ્યાં કશું, અંધ્યતું કજ્જળ ગાલે ઘસ્યું;
ઉંદરા કુવો ને ફાટી બોખ, શિખ્યું ન્હાંખ્યું સર્વે ફોક.
વ્યાસ વેશ્યાની એકજ પેર, [illegible] ઉછેરી ઘેર
વ્યાસ કથા કરે ને રડે, જાણે [illegible]
જો જાણે વાંચ્યાની પેર, અખા કાં ન વાંચે પોતાને
ગજા પ્રમાણે પ્રબોધે જીવ, અંધ્યમાંહી રણે
સાચી વાતને સંતજ વદે, તેને ભૂર્ખ ઉલટે
અખા આંધળે લૂટયો બજાર સંત ગુરૂનો એવો
જગત્પ્રમોદી દાઝ ન ટળે, કુવાડામાં
સમજુને છે સરખો લાવ, તે ગુરૂના મન
એમ જાણીને રીશે બળે, અખા રા
વિષયી જીવથી પ્રીતજ કરે, તત્ત્વદર્શી
ખાન પાન વિષયાદિક ભોગ, તરણ

અખા તે ગુરૂના મનમાં ખરા, જીવઆવકારદઈ બેસાડે પરા.
ગુરૂ થઇ બેઠા સેનેા સાથ, સ્વામીપણાની વળગી વ્યાધ;
તે પીડાથી દુઃખિયેા થયેા, રેાગ કરાર અનુભવથી ગયેા;
વાયક જળમાં ઘુંચવી મરે, અખા જ્ઞાનીનું કહ્યું કેમ કરે;
જ્ઞાનીને તેા સર્વે ફેાક, બ્રહ્માદિ લગી કલ્પ્યા લેાક.
ત્રણ કાંડ કાળની માંડણી, તત્વવેત્તાએ એવી ગણી;
તેની વાત ન જાણે ગુઢ, અખા ગુરૂ થઇ બેઠા મૂઢ.
અમો અબળાને એ ઘટયું, મરવું મુંઝાઇ મન.
વેરી વીધાતાએ લખ્યો, વ્હાલાતણો રે વિજોગ;
રત્નાના સ્વામીરે શામળા,આવી કરોરે સંજોગ. ઓધવજીરે.

સાખી.

ચૈત્રે ચતુરા સંચરી, ઉભી જમુનાને તીર;
પંથ ન્યાળતી પ્રેમદા; રડતી ભીંજે ચીર.
ચૈતર માસનો ચાંદલો, રૂડી નિર્મળ રાત;
સ્વપનામાં સ્વામી રમી ગયા,હૂદે થઇ રળિયાત.
જાગીને જોતાં દિસે નહીં, ફાળ પડી છે પેટ;
બોલાવ્યા બોલે નહીં, નાશી પેઠા રે નેટ.
મળ કર ધરિ દીવડો, ચતુરા ન્યાળે ચોપાસ;
તાં ખુટીરે રાતડી,ન મળ્યા શ્રી અવિનાશ.
રાત પરોઢિયું, ઉઠી પ્રાતઃકાળ;
સંભાળજે, આ શું આળપંપાળ,
નું સાંભરે, ભીતર ભડકારે થાય;
રે શામળા,આવી મળોતો ઓલાય. ઓધવજીરે.

સાખી.

રે સખી, વહી ગયા બટમાસ;

હજી સંદેશો નાવિયો, કાગળની શી આશ.
વૈશાખે વાયારે વાયલા, પાકયાં દાડમ દ્રાખ;
પાકી તે રાયણ આંબલી, ગળી આંબાની સાખ.
લુકનાં લેહેરાં લાગે ઘણાં, બ્હાર નવ નીસરાય;
ધરતી ધખે ને રવી તપે, કોમળ મુખ કરમાય.
ફુલડાંની સેજ સમારિયે, બેહેકે ચંપો ને જાય;
બ્હાલાજી કેરે વીંઝણે, કેને ઢોળુંરે વાય.
માંગ સમારૂં રે મોતિએ, સેંથે ભરૂંરે સિંદુર;
નાથજી લ્હાવો લીજીયે, જોબન જાય ભરપૂર.
ગ્રીષ્મ ઋતુ અતિ દોહેલી, બ્હાલા વિચારો મન;
રત્નાના સ્વામીરે શામળા, સોંપ્યું તન મન ધન. ઓધવજીરે..

સાખી.

જેઠે જોડી સોગઠી, પાસા લીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, અવળા પડિયા નાથ.
જેઠ લગી જોઈ વાટડી, કોઈ આવે ને જાય;
કાગળ કટકો મળ્યો નહીં, લખવા જાદવરાય.
મરવું તે મુખથી કેમ કહું, મરણ હરિનેરે હાથ;
પ્રીતમગત મૃત્ય થઈ રહી, જાણે વૈકુંઠનાથ.
સગપણ સાચું સૌ કહે, પ્રીત પીતળ ફોક;
એરે ઉખાણો સાચો મળ્યો, ભલા હસાવ્યા લોક.
દોષ અમારાં અદૃષ્ટનો, વાલાજીનો શો વાંક;
સુખ દુઃખ સરજ્યું દેહને, મારી વિધાતાએ ટાક.
ચતુર થઈ નવ ચુકિયે, જાણો અબળાનો ધર્મ;
રત્નાના સ્વામીરે શામળા, વળતિ બેસશે કર્મ.. ઓધવજીરે..

સાખી.

અશાડ આવ્યો હે સખી, કેમ કરિ કાઢું દન;
નાથ નમેશ થઈ રહ્યા, હૃદે પડ્યારે રતન.
અસાડોરે ઘન ઉલટયો, માગ્યા વરસેરે મેહ;
વીજલડી ચમકારા કરે, બ્હાલે દીધોરે છે
મોરના સોર સોહામણા, દાદુર બોલેરે
કોયલડી ટોકા કરે, નાવ્યા નં
રાત અંધારિ ઉડે આગિયા, દેખી
દીવડા દીસે બિહામણો, નાવ્યા જ
લીલા ચરણા અવનિએ ધર્યા, તરૂ
પંખીડે માળારે ઘાલિયા, જ્યાં રે.
જોગીડા પણ પંથ પરહરી, છે ન.

રત્નો.

રત્નાના સ્વામીરે શામળા,આવો જગના જીવન. ઓધવજીરે.

સાખી.

શ્રાવણ માસે સજ થઇ, દરપણ ન્યાળે અંગ;
તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડસ્યો ભુજંગ.
શ્રાવણ માસ સોહામણો, હીંડોળાના રે દંન;
હિંચે તે ગોરી રાધીકા, ઘણું પીડે અનંગ.
સખિરે સાહેલી સૈા મળી, જમુના નાવારે જાય;
કેસરી તિલક સોહામણાં, કોમળ રંગ્યારે પાય.
ગૈારી પુજે સાહેલડી, કરમાં પુષ્પની માળ;
બીજા રે કરમાં કુંકાવટી; મુખે શ્રીગોપાળ.
ચાર પહોર જાગરણ કરે, ગોરી ગરબારે ગાય;
રાત થોડી ને રમત ઘણી, રખે વહાણુંરે વાય.
શ્રાવણે પાકયો આંબલો, કોને કરિયે ભેટ;
રત્નાના સ્વામીરે શામળા,આડો જમુનાનો બેટ. ઓધવજીરે.

સાખી.

ભાદરવે ભવન પાંચમે, ઝલકે હિંદોળાખાટ;
પુષ્પને પંખે પદમણી, જુવે વ્હાલાની વાટ.
ભાદરવો ભરપૂરમાં, ભલું જણાયે જોર;
ગગન વિષે કરે કાટકા, નાવ્યા નંદકિશોર.
ઉત્તર દેશથી ઉલટયો, થયો ઘોર અંધાર;
વીજલડી ચમકા કરે,, નાવ્યા નંદકિશોર.
પંચરંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ;
ચંપક વરણી રે રાધિકા, ચીર ભીજાયે સ્વચ્છ.
નદિએ નીર ભર્યાં ઘણાં, નવ દીસે ઉતાર;
વેરણ જમુના પુરે ચઢી, પીયુડો પેલેરે પાર.
બાજ્યુ બાધુ સુખ દેહનું, જેનો નાથ નઠોર;
રત્નાના સ્વામીરે શામળા,બળતી બોલુંછું જોર. ઓધવજીરે.

સાખી.

આસોએ આશા હતી, મળવાની મનમાંય;
ધવજી ભલે આવિયા, વીરા થાઓ વિદાય.
દહાડા વહી ગયા,આવ્યો આસોરે માસ;
મે દહાડલે, વસે પોતાને વાસ.
ગયાં નોરતાં,નાવ્યા હજારે માંય;
દીવાળીનો, આવી કરજે ઇંતાંય.
સખ મા મળી, હરીને લેવાને જાય;
આ રે આવશે, ઉલટ અંગ ન માય.

ધનતેરશે ધન ધોઇને, સજ્યા સોળ શણગાર;
નયણે તે કાજળ સારીયાં, મળવા નંદકુમાર.
કોમળ કરમાંરે દિવડો, હઈડે હરખ અપાર;
હરીને નિહાળવા નીસરી,ઉભી આંગણ બહાર.
મનના મનોરથ વહીગયા,એકે સિંધ્યું નહિ કાજ;
રત્નાના સ્વામીરે શામળા, દોહેલું કીધું છે રાજ. ઓધવજીરે.

સાખી.

અધિક માસ આવિયો તેથી ઉપજ્યો ત્રાસ;
વળિ એ કેવો વીતશે, વીત્યા બારે માસ.
બારે માસ તો વહી ગયા, તેરમાની શી પેર;
પુરૂષોતમ પહેલો નથી, કોણે કીધો છે ફેર.
બાર રવિ બાર પર્વણી, અધિક ઓછું ન થાય;
અધિક માસ કર્મે કયાં લખ્યો,ઘણો થયો દુખદાય.
વર્ષ પછવાડે વાછરૂં ભૂકયો છે મળમાસ;
રખે વળી ચૌદમો કરે, એનો શો વિશ્વાસ.
રાધાને લલિતા ચંદ્રાવળી, ભામા આદેજે વામ;
સૌકોનાં મન મનાવિયાં, આવ્યા સુંદર શ્યામ.
તેરે માસ પુરણ થયા, જે કો પ્રેમે રે ગાય;
સાંભળતાં સુખ ઉપજે, બેહુ વૈકુંઠ જાય.
પદ ઓગણોતેર રાગ સોરઠી, બતરાસોરે બંધ;
ગુણીજન મન વિચારજો, એ છે રસનોરે કંદ.
સંવત સત્તર પંચાણુંઓ, માસ માગશર સાર;
પ્રથમ પક્ષ એકાદશી, ઉત્તમ ચંદ્ર વાર.
મન કર્મ વચન બુધે કરી, રચ્યા ત્રયોદશ માસ;
રત્નાના સ્વામીરે શામળા, પ્રીતે પૂરજો આશ. ઓધવજીરે.

રત્નદાસ.

અથશ્રીકેસૈયો લખ

કવિ—શેઠ સગાળશા સાધુને સેવે, [illegible] વ્રત;
ન મળ્યા સાધુ રહ્યા અપવાસે [illegible] આવ્યા તરત.
કૃષ્ણજી કુડીયા થઇને રે, [illegible] તનો ભેદને;

સંગાવતિયે ચરણામૃત લીધાં, નવરાવીને નાથ.
પલંગ ઉપર પધરાવીને, સ્વામી કીધા સનાથ;
ખાંતે ભોજન ખીરનાં કીધાં રે, પીરશીને આગળ દીધાં.
સાધુ—ખીર રોટલી અમે જમતા નથી, નથી અંનનો આહાર;
માંજન લોક અમે માંસના આહારી, એમ બોલ્યાકિરતાર.
બાળો વચન બોલ્યા આધુ રે, સમજીને લેજો સાધુ;
સગાળ—કસાઇવાડે જઇ કરીને, છુપાવી લાવ્યા માંસાદ.
સંગાવતીએ રસોઇયેા સુધારી, પીરસીયેા પરસાદ;
વાયુ ઢોળે નર ને નારી રે, જમેા તમે દેવ મેારારી.
સાધુ—અમેરે માટી માણસનિ જમીયે, પર માટીયે ન પ્યાર;
અઘેાર પંથમાં રેહેવું અમારે, ખેલ ખાંડાની ધાર.
કવિ—વાણીડાં વણજે પળશે રે, આવી અવિનાશી મળશે;
સગાળ—માગ્યું વેચાથી માણસ ન મળે, હઇએથી માં હાર.
માત પીતાએ પરિઆણ કીધાં કેલઇઓ સંહાર;
વાતેા તે રહેશે વિશેકે રે, કેલઇઓ લાલને લેએ.
મહેતાજી—ભણતેા ગણતેા ભાગ્ય કેલઇયા, માન હમારી પ્રતિત;
માતપિતા તારાં મારવા બેઠાં, આંગણે આવ્યેા અતિત.
ધુતારેા ધુતીને જાશે રે, પછી પસ્તાવેા થાશે;
કેલૈયેા—એ શું બોલ્યા ગુરૂજી હમારા, માવિતર છેાડયાં કેમજાય.
નવ માસ જેણે એાધાર (ઉદર) રાખ્યા,ગુણએાશીંગણુથાય;
ભકિત મારે શીરને સાટે રે, શું થાશે મુસ્તક માટે.
હું ભાગું તેા ભેામિ લાજે, ભેારીંગ ના ઝીલે ભાર;
મેરૂ સરિખા ડેાલવા લાગે, આકાશ જે આધાર.
મેહેરામણ માઝા ન મૂકે રે, કેલઇઓ સત્ય ન ચુકે;
કવિ—રજરે લેઇને ચાંથી કેલઇઓ, આવ્યેા પેાતાને અવાસ.
માતાયે મૂખનાં મીઠડાં લીધાં, નાંખીને નીશવાસ;
આવંતેા ઉરમાં લીધેા રે, મારવાનેા પરિઆણ કીધેા.
કેલૈયેા—એ કુ બોલ્યાં માતાજી મારાં, નાંખી નીસાસેા આજ;
સકુળ મનખેા કેલઇઆનેા, માંસ જમે મહારાજ.
ધન ાજનેા દાહાડેા રે, જુગતે જીવનને જમાડેા;
કવિ—માત ેયે મળીને, છેદયું કેલઇયાનું શીશ.
અણુદ ેમણે કીધી, જમાડયા જુગદીશ;
સગાળ—ખેલ મરેરે પ્રભુ હવે પારણું કરેા.
સાધુ—નાથ ાજ લાવેા, પુત્ર તમારેા છે એહ;
મસ્તકની ા લાગી છે, એમ અવિનાશી કહે.
તમે છેા રે, જુવેા મન વાત વિચારી;

ખાંડણું ખાંડો ને મુખથી હસો, કોરો પાલવડો પેહેર.
આંખોમાં તમે આંજણું આંજો, મનમાં ન આણો મેહેર;
તમે છો સાચાં સતી રે, એમ બોલ્યા મુનો જતી.
કવિ—મુસ્તક લેઇ ખાંડણીયામાં ખાંડે, પિતા ને વળી માય;
આંખોમાં એમને આંસુ ન આવે, હરખે હાલરડાં ગાય.
ભોજનિયાં તો ભાવશું કીધાં રે, પીરશીને આગળ દીધાં;
સાધુ—સત્યવાદી તમે સાચા સતી, સત્ય અમારે છે એહ.
વાંઝીયાનું અમે જમતા નથી, એમ અવિનાશી કહે;
તમે છો નરને નારીરે, જુવો મન વાત વિચારી.
કવિ—સગાળશાને મનમાં ચોરી, બીજું ન મનો બાળ;
ભગવાન અહીંથી ભુખ્યા જાય તો, નિસ્ચે ખુટયો કાળ.
બદંગી તો સંતની કરીયે રે, નીકર વણુ મારયાં મરીયે;
સગાળ—સગાળશા કહે પુર્વે જનમમાં, પ્રગટયાં અમારાં પાપ.
ગુરૂ દુભાયે ગોતરી મારયા, મારેલ મા ને બાપ;
ડુંગરીએ તો દવ લગાડયો રે, તેણે મારો બેલ બગાડયો.
સંગાવતિ—સંગાવતી કહે પાંચ મહિનાનું, મારે છે ગોધાન;
ભલે આવ્યા સ્વામી ભાવ હમારે, તમ સરીખું કામ.
ઘણી મેંતો તમને ધારયા રે, તમે મ્હારા બેલસુધારયા;
કવિ—સંગાવતીએ છરી લીધી, પાણી માંડી પેટ માંહાંય.
અચાનક ઝબકી ઉઠીને, બહુ નાભીયે ઝાલી બાંહાંય;
સાધુ—સાચી છે ટેક તમારી રે, માગો કહે દેવ મોરારી.
કવિ—કેલઇઆને સજીવન કીધો, બેઠો રમે છે બહાર;
સગાળ—સદાય ચરણે રાખો તમારે, દયા કરીને દયાળ.
સંગવતિ—પછી સતી બોલ્યાં વિચારી રે, ભુધર દેજો ભકિત તમારી;
કવિ—ભણતો ગણતો આવ્યો કેલઇયો, લાગ્યો નાથને પાય.
માતાયે મોતીડે વધાવ્યો, હઇડે હરખ ન માય;
દાતારે તો દરશન દિધાં રે, લાહાવો લીધો લાખેણો લાખ...
સગાળશા શેઠ સંગાવતીએ, એવું ધરાટે નેમ;
ભાણુ પ્રતાપે ભણે રતનદાસ, તેને છે [illegible] કેમ.
મોહનજી મળવા માટે રે, [illegible] વાટે.

કૃષ્ણરામ.

કળીકાળનું વર્ણન.

ગરબા છંદ

કેશવ કૃપા નિધાન, અરજી ઉરમાં આણો;
ભકત પ્રિય ભગવાન, જીવ દયા મન જાણો.
પુરૂષોત્તમ પ્રતિપાલ, આ અવસર તો આપ્યો;
કુટિલ કર્મથી કાલ, કેટલોક તો કાપ્યો.
હજી રહ્યો અવશેષ, જીકર કરતાં જાશે;
રીઝ કરો ઋષિકેશ, સકળ તમે સુખ થાશે.
બાળક દેખે બાઉ, પ્રીતે ફરે તે પુંઠે;
હઠે બતાવે હાઉ, છાતીમાં છળી ઉઠે.
એમ હું અંતરયામિ, હેત દેખાડો હરખું;
ગોવિંદ ગરૂડા ગામ, થોડા દુઃખથી થરકું.
સેવકને સનમાન, કરિને સોંપો કામું;
દાસ હું ઠરી દુકાન, નિત્ય લખું નિજ નામું.
ઉધરાણી ઘરથર, કરવી ન મુજથી સાધે;
મન ધ્રુજે થરથર, બોલ લોકના બાધે.
ત્રિકમ ન રહ્યો તાલ, અર્થ નથી કંઇ સરતો;
કળિનો આવ્યો કાળ, કડકડાટ બહુ ફરતો.
વિમળ મતી વિપરીત, વહેવા લાગી સહુની;
પરમારથની પ્રીત, બહાર બશી ગઇ બહુની.
ઉત્તમ ચારે વરણ, ઉત્તમતાને મુકી;
કરે અધર્માચરણ, ચિંતન હરિનું ચુકી.
[illegible] વિદ્યાવાન થઈ, પણ ઘર ઘરડોલે;
[illegible]ં સનમાન નહી, પણ આશિષ બોલે.
[illegible]ણીને વાદ, પંડિત કરે પરસ્પર;
[illegible] સ્વાદ, ફરે શોધતા સત્વર.
[illegible]દાંત, કુણ લોભે કઇ ઘરમાં;
[illegible]સિદ્ધાંત, ભટકે ભવસાગરમાં.
[illegible] વેર, કામ કાર[illegible] કરતા;
જરૂર [illegible] મમતામાં નિત્ય મરતા.

વિદ્વત થઇને વ્યાજ, ગરીબ જનનું ગમિયું;
કરે અઘટતાં કાજ ભ્રાંતે મનડું ભમિયું.
શાસ્ત્રતણી નહિ સાન, વામ મારગે ચાલે;
કરિને મદિરાપાન, મોટા થઇને મ્હાલે.
મારણ મોહન વ્યંતર, ઉચાટન આરાધે;
ઉત્તમ થઇ અભિચાર, સુવરણ માટે સાધે.
ઉર્ધ્વા અડદ ઉપાન, મધુ મહિષી ને મહિનું;
દારૂણ લે છે દાન, કાળ સમે કઇ કઇનું.
શુદ્રાદિકને ઘેર, શાસ્ત્ર શિખાડે જઇને;
પરમ ધર્મની પેર, વિપ્રતણી ગઇ વહિને.
એકાદશાનું અન્ન, બ્રાહ્મણને પણ ભાવે;
ધણિને નોય જો ધન, ઘર ઘરેણું વેચાવે.
મસ લઘુશંકા લીંટ, દેખતાં જ્યાં દીસે;
એ ઠેકાણે ઇંટ, માંડિ પત્રાળી પીરસે.
રામા કરે રૂદંન, હાથ વાળતી હઇયે;
આરોગે ત્યાં અન્ન, કોણ કોણને કહિયે.
રડતા રાજદ્વાર, પંડીત થઇને ત્યક્કા;
દેવડીએ છડીદાર, સહી લે તેના ધક્કા.
તો પણ નાવે લાજ, કિંકર મૂકે કાઢી;
વર્ષાશનતે કાજ, દરબારે જાય દહાડી.
અન્નતણો મુખ ગ્રાસ, તો પણ બોલે ગાળી;
દામતણા થઇ દાસ, પેટે મારે પાણી.
વૈશ્વદેવ નૈવેદ, બ્રહ્મયજ્ઞ કે તર્પણ;
ભૂત ગણીનો ભેદ, જાણે નહિ બ્રહ્મર્પણ.
સસરા કહિને ગાળ, પુત્ર પૌત્રને દેતા;
ગોળે ચડાવી આળ, લાંચ પટેલ થૈ લેતા.
એક નોતરે ચાર, જમવા કાજે જાતા;
ન જુવે વરણાચાર, સૌને ઘેર ઘેર ખાતા.
ગ્રીવા લગણ ભરાઈ, પરનું આવે [illegible]
રાત બધી રગડાઇ, [illegible]
પલાંડુ લસણ કલીંગ, મધુ-પુષ્પ ને
અહિફેણ તમાકુ [illegible], વ્યસન કર
બેઠા નીત્ય મજાર, બ્રાહ્મણ
સગાં સબંધી બાર, કલહ
સરનામીને [illegible] નિજ [illegible] ઘોડે;
ઢાંકે કહી ઢાળ, [illegible] ઓઢે

ઘરમાં ક્ષીપ્રા આય, સરખા થઇ સંબંધી;
કુલીન જમવા જાય, ત્યાંહ ધાકની બંધી.
તજી સ્નાન સંધ્યાય, ભાવે ભાવ્યું ભમવું;
ચિત્તમાં નિત્ય ચહાય, પૂર્વજીયાનું જમવું.
વાટે વાટે વ્યાસ, થઇને માણ વન્નડે;
પાંચે બેઠા પાસ, તેહ તાળીયેા પાડે.
શ્રુતિ સ્મૃતીની વાત, કાળ જીવ ઇશ્વરની;
જાણે નહિ કાંઇ જાત, રાગ તાળ કે સ્વરની.
પીંગણ રીતે છંદ, કવિતા કરી ન જાણે;
પેાતાતણા પ્રબંધ, રચી રાગડા તાણે.
નાતરિયાની વાત, કેરી ને રેંટીડા;
ગાતાં સ્યામા સાથ, કરે કટાક્ષે ક્રીડા.
અંગુળીયે અંગુઠ, બધી ગાય ઉછળતા;
મેાટા થાય તેા મૂઢ, બીજા મરે છે બળતા.
જજમાનેાથી રીશ, કરિને દાપું લેતા;
નહિતર ફાડી શિશ, રૂધીરે હાથા દેતા.
કઇ ધન કાજે થાય, વેાહેારાના વાણેાતર;
કઇ કાશદીયે જાય, કઇ ભીખતા ઘર ઘર.
કઇક નાંખતા ટેલ, કઇ વિંટણિયેા વીંટે;
કઇક હાકતા બેલ, શકટ ભરીને ઇંટે.
કઇક કરંતા રાસ, નારી રૂપ થઇ નાચે;
મશકરિયેાથી હાસ, કઇક કરાવે સાચે.
કઇક પાણી ભરનાર, કઇક રસેાઇ કરતા;
કઇ હેાય નાદાર, કઇક કરેાડે ફરતા.
કઇ લે ભરિને દામ, સરપણ શકટ ઇન્નરે;
કઇ શેઠેાનાં કામ, બેઠા કરે બન્નરે.
એક જાતમાં જાત, કળીયે બીજી કીધી;
ગૃહસ્થ [illegible] જાત, દીકરિયેા નવ દીધી.
[illegible]સ્કારની રા[illegible] સલામેા કરતા;
[illegible]નીની પ્રીત [illegible]રી, [illegible]નમાં કદી ન ધરતા.
[illegible] થયા વકીલ, થરઘર કેરા ઠાકર;
[illegible]રે દિલ, યવનતણા થઇ ચાકર.
[illegible] હરફ, વસ્યા વિપ્રની વાણે;
[illegible] તરફ, ગમતા દિઠા ગાણે.
દીકાર [illegible]ા, હૃદયે લાગ્યા રશિયા;
કરે [illegible]મ, કેશ ધરે કાનશિયા.

બેસે બનિને બેશ, ચકલે ડંભર હાંકે;
અરધ ઉરાડે, કેશ, તારૂણિયેાને તાકે.
કઇકે કીધાં કામ, વેળા જેઇને વંઠી;
નીચ જનોને નામ, આપી બાંધે કંઠી.
કઇક પુજતા પીર, અવલેાકે જઇ ઓરસ;
પયમાં નાખી નીર, કઇ વેચંતા ગેારસ.
કઇ પરણેતી નાર, પ્રહાર કરે ત્યાં પેખી;
કઇ કરે વ્યભિચાર, દાર પારકી દેખી.
સાઠે વર્ષે સાન, કઇકે મૂકી ઘરણે;
વારૂ થઇ વિદ્વાન, ફરી ફરીને પરણે.
નાથે કાઢયેા નરક, પેાતે પાછેા પેસે;
ગદ્ધાઇમાં ગરક, બાધા થઇને બેસે.
વાડવ ઉપર વેર, આવ્યું તે કયમ આણ્યું;
કળિએ કીધેા ફેર, કારણ કાંઇ ન જાણ્યું.
ભલા તમે ભગવાન, હરી ઉઠાવેા હાની;
ગેાવિંદ આપેા જ્ઞાન, મુખ્ય બ્રાહ્મણને માની.
આ અવસર અલેાપ, થઇ જળમાં કયમ ઝીલેા;
કરિને કરડેા કેાપ, કળિયે લીધેા ફીલ્લેા.
નરપતિ થઇને ન્યાય, પુછી જેઇ ન પ્રીછે;
ધન લેવાને ધાય, અનર્થ કઇનેા ઇચ્છે.
વિપ્રને વપુનેા દંડ, દેતાં દયા ન આવે;
પેખે પણ પાખંડ, લાંચેા લઇ લલચાવે.
કઇક વધારી કર, રાંક લેાકને રગડે;
જ્યાં જ્યાં દેખે જર, બુદ્ધિ ત્યાં ત્યાં બગડે.
પરદારાનેા સંગ, રાતે તેથી રમતા;
ધારી નવ જુવે ઢંગ, દક્ષ જનોને દમતા.
કૂડી ધરતા કાન, મુગલ [illegible]
ઘટવા લાગ્યું જ્ઞાન [illegible]
વેદ શાસ્ત્રની વાત, [illegible]
રાજી રહે દિન રાત, [illegible]
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, [illegible]
રાખે નહિ સંભાળ, [illegible]
શાક ભાજીયેા ફળ, [illegible]
વણી બતાવે બળ, [illegible]
કાષ્ટ શકટથી [illegible]
કડકા ભારે [illegible]

વર્ષે વર્ષે સવાઇ, ઇજારદારી વધારે;
રઇયત રૂવે રગડાઇ, કો આગળ પોકારે.
ચોટે જણાવે તોર, દોહાવીને ઘોડા;
રાતે આવે ચોર, ઘર ઘર પડે દરોડા.
ચોરોના અસવાર, ણાન પકડતા લૂટે;
દરવાજેથી બહાર, વહાર કરે નહિ પુંઠે.
દરવાજે દરવાન, રાંક જનોને રોકે;
કોઇ ધરે નહિ કાન, રડે બિચારા પોકે.
અન્યાયોના દામ, કોઇ ઠરાવે સાચા;
ન્યાયીનાં લેજો નામ, તો તો હણે તમાચા.
રાજ્યતણાં સંતાન, રાય આપણને માને;
દુશ્મન થઇ દિવાન, કેદ કરે રાજાને.
થોડો જોઇ અપરાધ, મંદિરિયાને મારે;
બળવંતોનો બાધ કરી શકે નહિ કયારે.
વરતાવે નહિ ધર્મ, રઇયત જનનો રીતે;
પોતે પણ સતકર્મ, કદી કરે નહિ પ્રીતે.
ઉત્તમ જનને આંચ, વિષયી નિત્યે દમતા;
વર્ષ ચાર કે પાંચ, એટલામાં આથમતા.
કળિયે કીધો કેર, જેમ શશિ ને રાહુ;
માધવ કરિયે મેહેર, જોઇ પોતાના બાહુ.
વૈશ્ય કરે વિપરીત, તોલ ન સાચાં તોળે;
પરમારથની પ્રીત, મૂકી મગદળ ચોળે.
બાર પાણુનો માલ, વીશ પાણે વેચંતા;
દોડાદોડ દલાલ, કળહળ કેક કરંતા.
કહે ધર્મના સમ, ધર્મ ઘસડડે ધુળે;
તોયે લમનું ત્યમ, ગરદી નાંણે ભૂળે.
ધનવંતી થઇ હાણ, કરિને લે જો અશિયે;
પદે પરસ્પર વાણ, પોતાની પારશિયે.
કરી માટે ગાળ, મુખથી માને દેતા;
એકની આળ, જઇ દરબારે કહેતા.
થઇને શેઠ, પાન તબાકુ ચાવે;
ને વેઠ, કાયાતણી કરાવે.
ની આશ, મનમાં કરી ન રાખે;
ઇ દાસ, મુખથી ભુંડું ભાખે.
જતિ ગુ દેવ, ગોસાંઇ વિધવાનાં ધન;
સંધ અંતે ઓળવ્યાનું મન:

ચાર રામની ઘર, થઈને કરતા કામું.
ઝરવી કઈનાં જળ, દેખાડે દેવાળું;
મનમાં રાખે મેલ, મૂખ જાણાયે મીઠા;
ઘૃતમાં ઘાલી તેલ, દેતાં કઈને દીઠા.
કહી બતાવે કાંય, આપે વસ્તુ બીજી;
મગન થયે મનમાંય, તાળી આપે રીઝી.
વૈષ્ણવ થઈને વેષ, અબળાને આરાધે;
કરે ધર્મનો દ્વેષ, શિવની નિંદા સાધે.
સગર્ધણી થઈ સ્વાદ, શીરા પૂરી જમતા;
ગુરૂનો લેઈ પ્રસાદ, રામા સંગે રમતા.
વિપ્ર અડે જો અંગ, છુવાઈ જગને થુંકે;
ઉરમાં આત અનંગ, માની જણી ન મુકે.
સાચા મનથી તરણ, ગુરૂ ચરણે ન રહેતા;
કરે અધર્માચરણ, કલ્પી કઈ મન કેહતા.
અજ ક્ષુકાવી ધન, હિંસકને ચવરાવે;
માણસ લાયક અન્ન, શ્વાનોને ખવરાવે.
જીવ દયા પ્રતિપાળ, થઈને કરે ઇન્નરા;
કઈનો આણે કાળ, શ્રાવક થઈને સારા.
ધર્મ એટલો લાભ, બોલે પણ નવ પાળે;
ગર્ભણિયેાના ગાભ, ઔષધ આપી ગાળે.
પરધનથી પરતંત્ર, સમજે નહીં શીખામણ;
જપે મુઠના મંત્ર, કઈને કરતા કામણ.
પરનારીનો સંગ, પ્રીતી મનમાં પેસે;
અલંકારથી અંગ, સરસ સમારી બેસે.
વેદ વિનાના ધર્મ, વાંચે નિત્ય વખાણે;
કૃષ્ણચંદ્રનાં કર્મ, જીવ સરીખાં જાણે.
કળિ એમ કચરઘાણ, કરિને પીડે પ્રાણી;
કૃષ્ણ કરો કલ્યાણ, [illegible] આપણો જાણી.
દંભી જનનો દાસ, થઈને [illegible];
વિકુલતણો વિશ્વાસ, શુદ્રોને મન [illegible].
ઉત્તમનાં આચરણ, [illegible];
સજ્જન જનનુ શરણ, [illegible].
રાજ સેવાની રીત, [illegible];
મુખમાંહેથી નિત્ય, [illegible].
દેખે પરની નાર, [illegible];
દંડ ભરી દરબાર, [illegible].

સંતાનોના સહિત, અષ્ટ મંગળે આણે;
નારી પામે નીત, જગ જીત્યો એમ જાણે.
ગરીબ કેરૂં ઘર, ઉલાળીને એ લે;
છતનો વાધે છર. મેલા થાયે મેલે.
નવ ઠેકાણે જઇ, આવે દસમે દ્વારે;
કાંતા તેને કહી, સુવરણથી શણગારે.
પાપી પંડ પ્રણામ, બ્રાહ્મણને નવ કરતા;
દુઃખે નેડી દામ, દરબારોમાં ભરતા.
લેખી ન જુવે લેશ, નિર્મળ જનને નાગા;
નિત્ય બતાવે બેશ, દેવ મંદિરે વાગા;
જાત્રા જાતાં સંગ, જબરા બેલ જોડાવે.
જ્યમ વળગ્યું હોય વંગ, ત્યમ ગાડી દોડાવે.
મલીન મેલું મન, સંત સંગતી નવ સૂજે;
કલ્પિત ગાય કીર્તન, જાત જાતને પૂજે.
ગૌ બ્રાહ્મણને દાસ, કરિને ધર્મે ધાવે;
સેવા બ્રાહ્મણ પાસ, કણગી થઇ કરાવે.
બાજુ હોય ને જર, તો તો તાણા તણાવે;
વળી ઘરેણાં ઘર, ચાનક કરી ચણાવે.
શુદ્ધ ધર્મની વાત, હઠથી ઘાલી હેઠ;
જમે જમાડે જાત, જણ્યાં જમાઇ તેડે.
કૌતુક સરણું કામ, કળિયે કીધુ ભારી;
રક્ષા કરને ગમ, પ્રાન્ત પોતાની ધારી.
કડિયા સુતાર મજૂર, વચન પ્રમાણે ન ચાલે;
જોખમ કરે જરૂર, ઘર કરતાં ઘર ઘર ઘાલે.
સોની દઇ વિશ્વાસ, કાલને વાયદે કુતું;
આપે આઠે માસ, સોનાનું કરી સૂતું.
ધોબી સાળવી સઇ, ફાટાં વસ્તર સાંધે;
રોક મજુરી લઇ, પણ પોતાનું રાંધે.
વૈદ્ય થયા વાળંદ, શાસ્ત્ર-વાત સંતાણી;
સદ્ય કરી સણંદ, પાય મંત્રિને પાણી.
બ્રા ના અનંત; ગૃહસ્થ થઇને ભીંજે;
શો સંત, ટેલ નાંખવી શીખે.
દ , શસ્ત્ર અંગપર ધરતા;
મા ઇ, ગાતા માંગી મરતા.
અંતરમે ન, બાનું હરિનું બણિને;
દ્વિજનુ ન, બ્રાહ્મણ પાસે ભણિને.

ઉલટી વરણ અઢાર, વેરાગીને વેષે;
ગામ ગામને બહાર, બાવા થઇને બેસે.
ફરિને ચારે ધામ, પુજા કરે પુજારી;
દેવતણાં લેઇ દામ, નિકાલ જાય લે નારી.
દેઇ બ્રાહ્મણને ધન, ભારે વિદ્યા ભણતા;
વળતા વ્યાસાસન, બેસે સિદ્ધજ બણતા.
તિલક છાપ ને માળ, ધરિને કરથી બેંચે;
ફણીક ચોખા દાળ, કઇના લાવી વેચે.
કરમાં લે નહિ દામ, મોટપ રાખે માજા;
લઇ પુસ્તકનું નામ, જર લે કઇના ઝાઝા.
માંડીને ઘરબાર, લોટ માગતા વહાણે;
લાવિ લાકડાં ચાર, જમી આવે જ્યાં જાણે.
વિકુલજીનો વેષ, હીંડે વિકળ વગોતા;
મુંડાવીને કેશ, જરને હીંડે જોતા.
ફકીર થઇને ફેળ, ભાલાનું કર પકડે;
પૈસા લે કરિ બળ, રાંક જનોને રગડે.
ગૌ બ્રાહ્મણને ત્રાસ, વધતો દિનથી વાધે;
રૂડી વસ્તુની આશ, સાલે સાતે સાધે.
અંધુ વરસે અલ્પ, તે પણ નહીં મુખ માંગ્યું;
સત્ય રહ્યું છે સ્વલ્પ, તે પણ જાવા લાગ્યું.
ભલા પુરૂષને ભાઇ, ભાવે છળવાઇ કેરાં;
ડાહ્યા ડહાપણમાંહી થઇને કરે અનેરાં.
પૃથ્વી પણ ગણી જાય, ધન દાટયું કર નાવે;
રગડે નિત્યે રાંક, કમ જે જનથી ફાવે.
પિતા પુત્રમાં વેર, ભાઇ ભાઇને ભાંડે;
જાત જાતમાં ઝેર, રૂખ કોઇ કોની ન માંડે.
સગાં સહોદર સાથ, વાંધે વેર વધારે;
નર થઇ નારી હાથ, પુત્ર પિતાને મારે.
પૂરણ પાપે તન, આ અવસરમાં ભાવે;
લેઇ તાતનું ધન, અંતે બહુ [illegible] જાવે.
લાગે નરને અંગ, કામનિયોનાં [illegible]
માને મન થઇ દંગ, સાળાની [illegible]
સ્નેહી સગાં સમસ્ત, કરે [illegible]
દાવે દેણી વર [illegible]
મુખ તંબોળે [illegible]
જુઠો જાંડી [illegible]

રાખીને ચેવાર, ગાણી નાંખે નામું;
માગે જો દેનાર, જુવે ન તેના સામું.
કરનું આપ્યું રોક, નાણું તે પણ નાપે;
સમજે કરવું શોક, વળી ઉલટું શાપે.
મેળે ખેળે જાય, ડાહ્યા કામને દરદે;
કામનિયેાની કાય, પણ મંદિરમાં મરદે.
પીતળના શણગાર, સુવરણ સરખા કરિને;
વેચે મધ્ય બજાર, ધન લઇ જાય હરિને.
રૂપેયામાં રોળ, ત્રાંબુ ઘાલે પેખી;
કેારી ભરતા તોલ, મારે ઉપર મેખી.
હામે ડળકે ડાઢ, મનુષ્ય મનુષ્યને મારે;
ખેાદી ઘાલે ખાડ, અલંકાર ઉતારે.
માત પિતાનું ધન મુકયું ચેારી જાતા;
માનનિ કરી મગન, ખાંતે ખાવું ખાતા.
જમે ગરેાડા જોશ, પેામલિયેા કર જોતી;
નિર્મળ જનનેા દોષ, કળ્યેા ન જાયે કેાથી.
દુનિયા સઘળી ડાહિ, પેાત પેાતાના મનથી;
સંત રહ્યા સંતાઇ, ઝેર ભરેલા જનથી.
કળી કરે કલ્પાંત, કૃપણ જનેાને કરડે;
સંધાય નહિ સિદ્ધાંત, સાખી શિખીને ભરડે.
પતિવ્રતાની પેર, નારી જનની નાઠી;
મરદાઇ ગઇ મહેર, માનનિયેા થઇ માઠી.
દશ એકાદશ બાર, વર્ષે ગર્ભજ ધરતી;
વિહવળ થઇ વ્યભિચાર, કામનિયેા બહુ કરતી.
થયા વામણા વેષ, આઠ હાથની સાડી;
લાજ રહી નહિ લેશ, તરૂણી ઉઠે તાડી.
ઠરી ન બેસે ઠામ, ઘરેાઘરે અથડાતી;
દીલમાં ધારી દામ, પર પુરૂષેાને ચહાતી.
જીભે ભરિયું ઝેર, અકેાર કરતી બેાલે;
વર રાખે વેર, ડાકણ સરખી ડેાલે.
સા[illegible] ઝે સેાક, વહુ સામી રહી વઢતી;
ઘ[illegible] પેાક, રાંક સરખી રડતી.
મ[illegible]થાર, સામું બેાલે સડતું;
ખ[illegible]ાર, કુચે મુકે જઈ પડતું.
સાસુ [illegible]સાથ કહે બાપની બઇયર;
લાંબા [illegible]ણતાં સઘળી સઇયર.

નાગી થઇને નહાય, વિખાણુ ત્યાં પણ વાંચે;
શૌચ જવાને જાય, એક કળશિયે પાંચે.
મળી કોયને કોક, ત્યાં પણ બડબડ કરતી;
જેમ સાંભળે લોક, એ રીતે ઉચ્ચરતી.
વાટે કરતી વાત, કઈ મળીને કળવળ;
જાણી જાય ન જાત, બસે ન કરતી બળભળ.
કલ્પિત કીધાં એમ, ધર્મ દિવસ ધોવાના;
નિરખે નહીં કંઇ નેમ, પરવ દિવસ રોવાના.
કરે કમોતે મરણ, જો દિલમાં એ કૂઠે;
બ્યંડળ સરખાં વરણ, પુરૂષ પોકારે પુંઠે.
એક એકથી એક, આંગળ પડે ઉન્નતી;
અબળા મળી અનેક, પ્રૌઢ પરજીયા ગાતી.
કૂટે કઈ કપાળ, મૂકી ઉર ઉઘાડાં;
જણાય નહીં જંજાળ, સંઘટ પેઠાં ગાડાં.
સાયં પ્રાતઃકાળ, મુખ વાળીને રડની;
લીંટ આંસુ ને લાળ, દેઈ જીવોને નડતી.
સેજ સ્વારથ કાજ, પતિ પુત્રોને મારે;
દિલમાં રાખે દાઝ, હઠ પોતે નવ હારે.
અપરમાત થઇ આપ, દાસ પુત્રને દમતી;
પ્રૌઢ થાય જ્યાં પાપ, ત્યાં જઇ છાની જમતી.
આય શેર બેયેક, તોય કહે નવ ભાવે;
લડે તજીને ટેક, પોળો ચાર જગાવે.
તેલ સરશિયું રાઇ, ખાતી એહું ટાઢું;
શિક્ષાથી રીસાઇ, અબળા બોલે આકું.
છાની લેઈ જાય વસ્ત, મહિયરમાં મનમાની;
માંડે બુદ્ધ થઇ મસ્ત, પાછી ન ધરે પાની.
કાંઇને કાજે કાંઇ, વસ્ત બતાવે બીજી;
ઘરનાં જન ઘરમાંઇ, બકું કહેતાં રહે બીજી
પીટયા કહીને ગાળ, શિશુને દેઈ પગાટે;
પતીતણી પ્રતિપાળ, કરે નહિ પણ
નગ્ન નદીને તીર, નસને તનુ નિ
પતિને નિજ મંદિર, નિત્ય ક
હાય હાય કહિ બાધ, વાત કરે
મૂકી નિજ બગાદ, નિર્લજ્જ
વિવાહ મંગળ દિન, ભુંડું
જાત જાતનો જન, સાંભળ

હોળીની પણ ઘેર, હાંડી બસે જમ મહારી;
ગાય ત્યમ પૂરણ પેર, નરને સુણતાં નારી.
નિરધન ને ધનપાત્ર, સુભાગવંતી કે રાંડી;
મળી માનની માત્ર, કાંતે ચરખા માંડી.
શેરિયે કરતી સોર, શ્યામા શરમ ન આણે;
દિવસ ચડે જ્યાં પહોર, ઘરમાં ઘંટી તાણે.
ઘરમાં હોય જો દુઃખ, ગમતાં ન મળે ઘરેણાં;
મરડીને કહે મુખ, પાપે તમને પરણાં.
છડે ન વીણે ધોય, તરત ન દેતી તડકા;
રસોઇમાં પણ હોય, કોયલાકેરા કડકા.
ચકલે ચકલે ગાય, ગરબા મળિને ઘણિયેા;
જર જોવાને જાય, ભામા એવું ભણિયેા.
સાસૂ વહુને શિશ, પ્રથમ પેરાવે વાડી;
અંતે કરતી રીશ, કહે ઘોડાની લાડી.
સાસૂ જોઇને સૂખ, વહુકેરૂં મન બીજે;
વહુનું જોઇને દુઃખ, સાસુનું મન રીઝે.
અપરમાત કે માત, સુતના ઘરમાં આવી;
જે કાંઇ આવે હાથ, તે તે જાય સઘાવી.
દીકરિયેા થઇ દૂત, ફોસલાવી લે માનું;
શળી ન પામે સૂત, કરવા કાર્ય પિતાનું.
મરે જીવે ભરથાર, વગોવિ વનિતા વરને;
નીકળી જાય કુળનાર, લેઈ પારકા નરને.
શ્યામા સુતને કાજ, વિર્ય ધરે કઇ કઇનું;
મૂકે કુળની લાજ, જ્યમ પાસુ હોય ક્ષયનું.
પિતા પૂત્ર ભરથાર, સમ આવાને જૂઠે;
ચડે ઘડી દિન ચાર, આંખ ચોળતી ઉઠે.
પિતાનું કરે ન માન, માનનિયેા મન માન્યું;
સ્વારથની રહી સાન, કળિમાં સગું કહ્યાનું.
કંથ પાસ બહુ કામ, ઘરનાં નિત્ય કરાવે;
ઘ[illegible] કરી ગુલામ, અહરનિશા અથડાવે.
વિ[illegible]ણ જણિ બાળ, જઇ ટાંકામાં નાંખે;
ગુ[illegible]ઇ ગાળ, સર્વ જનોની સાંખે.
[illegible]વાત, હસિ હસિ વાટે કરતી;
ઉઠ[illegible]રાત, અબળા નવ ઓસરતી.
દેવ [illegible]ય, નિત્યે રઝળતી રામા;
અન્ય [illegible]ઠાય, સુંદરિયેાના સામા.

ન કરે કદિયે નાર, સેવા નિજ સ્વામીની;
વાત કરે વ્યભિચાર, કાંતા જન કામીની.
ભાગે પર ઘરસુત્ર, તેવી વાતો ચણતી;
થાય પુત્રને પુત્ર, તોપણ પોતે જણતી.
બાળા યુવતી વૃદ્ધ, ચડભડતી નવ ચુકે;
બડબડ કરતી બોધ, મમતાં મનથિ ન મૂકે.
સાંખી જુઠી વાત, સુણી લડાઇ લડતી;
સમ ખાતી સાક્ષાત, રગડે રામા રડતી.
વાંધા પાડી વિશેક, સવળે અવળું સમજે;
એક એકથી એક, ટકકર લેવી ન તજે.
જાણ્યા જાય ત્યાં જાન, પરતું થતું ન જાણે;
કરી એકહું ઘાન, છાડે શરમ ન આણે.
કૃષ્ણ-કથામાં વાત, એક એકથી કરતી;
કરે આપની ઘાત, કાન કથા નવ ધરતી.
મનમાં જાણે ડહાઇ, વરણન નિજનું ભાવે;
રૂડું કહે રિસાઇ, જાય કથામાં નાવે.
કેટલાં કરૂં વિખાણું, કળિના જનનાં કંઠે;
સજ્જન પડે ભંગાણ, વાણી વળતી વંઠે.
સર્વ જનોને સાથ, નમસ્કાર છે મારો;
જોડીને કહું હાથ, હું છું દાસ તમારો.
કરશો કોઇ નહિ રોષ, સૌથી હું બહુ પાપી;
સૌના ગાવા દોષ, વાણી જ્યારે વ્યાપી.
કળીમાં છે બે ગુણ, દ્વારા તણા નિવારક;
કળી શકે તે કુણ, પોતાના પ્રતિપારક.
મન ચિતવ્યાં સતકર્મ, શીઘ્ર સફળ તે થાશે;
અંકે કર્યે અધર્મ, મનન કર્યે મરદાશે.
કૃષ્ણ-તણાં કીર્તન, ગાવાં સુણવાં ગમશે;
થાશે પાપ પતન, સંકટ સઘળાં સમશે.
માટે શ્રી મહારાજ, મુજ સામું કાંઈ જોઇયે;
અન્નાદિકને કાજ, ખોટિ થવું નહિ ખોઇયે.
નાથ દાસને નીત, આ અયડાચ ઘરે;
પ્રભુ કરો તો પ્રીત, સાચી પ્રગટે.
કોને કહું કિરતાર, આતુ તિશે;
શ્રીધર કીજે સાર, દિન દિસે.
નરતનું કેડ નુર, સહી વિશ્વંભર;
હરિજી રાખો હજુર, માં ઇશ્વર.

દેવ ન જોઇયે દોષ, દાસતણા મન ધારી;
રંક ઉપર શો રોષ, મહેર કરો મોરારી.
અન્ય જનોની આશ, કરવી લાગે કરડી;
જોઇયે જગત નિવાસ, પ્રભુજી પાસું મરડી.
પતીત પાવન નાથ, શરણાંગતના વત્સલ;
મેં માન્યું મન સાથ, બિરદ તમારાનું બળ.
સત્ય સચ્ચિદાનંદ, વચન તમારૂં જાણી;
આવ્યો ધરિ આનંદ, શરણે સારંગપાણી.
વિટંબણાની વાત, દુર કરો દામોદર;
જદુપતિ જાણો જાત, સંકટ કાપો સત્વર.
પ્રભુજી રૂડી પેર, ડગતું મન સ્થિર કરિયે;
માધવ કરિયે મહેર, અરજી ઉરે ધરિયે.
ગો બ્રાહ્મણ પ્રતિપાળ, આશરે રાખો અમને;
કૃષ્ણરામ કંગાલ, ચરણ શરણ છે તમને.

વીરવિજય.

અમદાવા દનો જતી સંવત ૧૭૯૩--ઇ. સ. ૧૮૪૯ માં હૈયાત હતો.

હિતશિક્ષા છત્રીસી.

સાંભળજો સજ્જન નર નારી, હિત શિખામણ સારી જી રે;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી; સુણજો સાજનો રે.
લોક વિરુદ્ધની વાર, સુણજો જગત પડયો વ્યવહાર. સુણજો.
મૂરખ બાળક જાચક વ્યસની, કારુને વળી નારુ જી રે;
જે સંસારે સદા સુખ વંછો, ચોરની સંગત વારૂ. સુણજો.
વેશ્યા સાથે વણજ ન કરીએ, નિચશું નેહ ન કરીએ જી રે;
આપણ આ[illegible]ર ધન જાયે, જીવિતને પરહરિએ. સુણજો.
કામ વિના પર[illegible]ર જઈએ, આળે ગાળ ન દીજે જી રે;
બળીયા સાથે [illegible]રીએ, કુટુંબ કલેશ નવ કીજે. સુણજો.
દુશ્મનશું પર[illegible]થે, તજીએ વાત એકાંતે જી રે;
માત બેનશું [illegible]તાં, વાત ન કરીએ રાતે. સુણજો.
રાજા રમણી ઘરને [illegible] વિશ્વાસે નવ રહીએ જી રે;

માત પિતા ગુરૂ વિણ બીજાને, ગુંજની વાત ન કહીએ. સુણજો,
અજાણ્યાશું ગામ ન જઇએ, આડ તળે નવ વસિયે જીરે;
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દૂર ખસિયે. સુણજો.
રમત રમતાં રીસ ન કરીએ, ભય મારગ નવ જઇએ જીરે;
બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઉભા નવ રહીએ. સુણજો.
હુંકારા વિણ વાત ન કરિએ, ઇચ્છા વિણ નવ જમીએ જીરે;
ધન વિદ્યાનો મદ નવ ધરીએ, નમતા સાથે નમીએ. સુણજો.
ગુરૂ જોગી રાજા પંડિતને હાંસી કરી નવ હસીએ જીરે;
હાથી વાઘ સરપ નર વઢતાં, દેખીને દૂર ખસિયે. સુણજો.
કુવા કાંઠે હાંસી ન કરિયે, ફેર કરી નવ ભમિયે જીરે;
વરો ન કરિયે ઘર વેચીને, જુગટડે નવ રમીએ. સુણજો.
ભણતાં ગણતાં આળસ તજીયે, લખતાં વાત ન કરિયે જીરે;
પરહસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરિયે. સુણજો.
નામું માંડો આળસ છાંડો, દેવાદાર ન થઇએ જીરે;
કષ્ટ ભયાદિક સ્થાનક વરજી, દેશાવર જઇ રહિયે, સુણજો.
ધનવંતો ને વેષ મલિનતા, પગસું પગ ઘસી ધોવે જીરે;
નાપિક ઘર જઇ શિર મુંડાવે, પાણીમાં મુખ જોવે. સુણજો.
નાવણ દાતણ સુંદર ન કરે, બેડો તરણાં તોડે જીરે;
ભોંઇ ચિત્રામણ નગ્ન સુએ તો, તેને લક્ષ્મી છોડે. સુણજો.
માતા ચરણે શીશ નમાવી, બાપને કરો સલામો જીરે;
દેવ ગુરૂનાં દર્શન કરીને, કરો સંસારનાં કામો. સુણજો.
બે હાથે માથું નવ ખણિયે, કાન નહિ ખોતરિયે જીરે;
ઉભા કેડે હાથ ન દેઇયે, સામે પૂર ન તરિયે. સુણજો.
તેલ તમાકુ દુરે તજીયે, અણગળ જળ નવ પીજે જીરે;
કુલવંતી સતીને શિખામણ, આના જોગી દિજે. સુણજો.
સસરો સાસૂ જેઠ જેઠાણી, નણદી વિનય ન મૂકો જીરે;
શાણપણે શેરી સંચરતાં, ચતુરા ચાલ ન ચૂકો. સુણજો.
નીચ સાહેલી સંગ ન કીજે, પરમ દિર નવ ભમિયેજીરે;
રાત પડે ઘર બહાર ન જઇએ, સોને જગાડી ભિયે. સુણજો.
ધોબણ માલણ ને કુંભારણ, જોગણ સંગ ન કરી જોજે;
સેજે કોઇક આળ ચઢાવે, એવું શીખ ીએ. સુણજો.
નિજ ભરથાર ગયો દેશાવર, તન શણગાર ન જીરે;
જમવા નાત વરો નવ જઇએ, કુલિજન રજે. સુણજો.
પરશેરી ગરબો ગાવાને, જોજે ભોગે જીરે;
નાવણ ધોવણ નદી કિનારે, જાતાં થઇએ. સુણજો.
ઊપડતે પગ ચાલ ચાલીયે, હુન્નર ે જીરે;

સ્નાન સુવસ્ત્રે રસોઇ કરીને, દાન સૂપાત્રે દીજે. સુણજો.
શોકતણાં લઘુ બાળક દેખી, ખેદ ન ધરશો હૈયે જીરે;
તેની મુખ શીતલ આશીષે, પુત્રતણાં ફળ લહિયે. સુણજો.
બાર વરસ બાળક સુરપડિમાં, એ બે સરીખાં કહિયે જીરે;
ભક્તિ કરે સુખ લીલા પામે, ખેદ કરે દુઃખ લહિયે. સુણજો.
નર નારી બેઉને શિખાસણ, સુખ લવરી નવ હસિયે જીરે;
નાત સગાનાં ઘર છોડીને, એકલડાં નવ વસિયે. સુણજો.
વમન કરીને ચિંતા ઓળે, નગ્નપણે આસન બેશી જીરે;
વિદિશ દક્ષિણ દિશ આધારે, બોટયું પશુએ પેશી. સુણજો.
અન્ન નાણે રૂતુવંતી પાત્રે, પેટ અજીરણ વેળા જીરે;
અગાસીએ ભોજન નવ કરિયે, બે જણ બેશી ભેળાં. સુણજો.
અતિશે ઊનું ખાટું ખારૂં, શાક ઘણું નવ ખાવું જીરે;
મૌનપણે ઓડીગણ વરજી, જમવા પેલાં નાવું. સુણજો.
અન્ન વખાણી વખોડી ન ખાવું, તડકે બેશી નજગવું જીરે;
માંદા પાસે રાત તજીને, નરણાં પાણી ન પીવું. સુણજો.
કંદ મૂળ અભક્ષ ને બોલી, વાસી વિદળ તે વરજો જીરે;
જૂઠ તજે પરનિન્દા હિંસા, જે વણી નર ભવ સરજો. સુણજો.
વ્રત પચ્ચખાણ ધરી શુદ્ધ હાથે, તીરથ યાત્રા કરીએ જીરે;
પુણ્ય ઉદય જે મોટો પ્રગટે, તો સંઘવી પદ ધરીએ. સુણજો.
મારગમાં મન મોકળું રાખી, બહુ વિધ સંઘ જમાડો જીરે;
સુરલોકે સુખ સઘલાં પામે, પણ નહીં એવો દહાડો. સુણજો.
તીરથ તારણ શિવમુખ કારણ, સિદ્ધાચલ ગિરિનાર જીરે;
પ્રભુ ભક્તિ ગુણ શ્રેણે ભવ જલ, તરીએ એક અવતાર. સુણજો.
લૌકિક લોકોત્તર હિત શિક્ષા, છત્રિસીએ બોલી જી રે;
પંડિત શ્રીગુરૂ વીરવિજય મુખ, વાણી મોહનવેલી. સુણજો.

જૈન કવિ.

ઉદયરત્ન.

શ્રી ઋષભાગણની સઝઝાય. (સ્વાધ્યાય.)

એક અનુ[illegible]ામણ ખરી, સમજી લેજોરે સઘળી સુંદરી.
સુંદર[illegible]ય હેજે, પરસંગે નવિ બેસિયે;
ચિત્તથકી [illegible]ાજ મૂકી, પરમંદીર નવિ પેશિયે.
બહુ ઘેર[illegible]રે નીલજ, શાસ્ત્ર પણ તજવી કહિ;

જેમ પ્રેત દૃષ્ટે પડયું ભોજન, જમવું પણ બુગતું નહીં.
પરસું મસ નવિ બોલીયે, દંત દેખાડીરે ગુંજ નહિરે બોલીયે.
ગુંજ ઘરનો પરની આગળ, કહો કેમ પ્રકાશીયે;
વળી વાત જે વિપરીત ભાખે, તેથી દુરે નાશીયે.
અસુર સવારે અને ગોચર, એકલાં નવિ જઇયે;
સહ સાતકારે કામ કરતાં, સહજે શીળ ગમાઇયે.
નટ વિટ નરશુંરે નયણ ન જોડીયે, મારગ જાતારે આઘું ખોડીયે.
આઘું ખોડીયે વાત કરતાં, ઘણું જ રૂડાં શોભિયે;
સાસૂ અને માના જણ્યાવિણ, પેલક પાસ ન થોભીયે.
સુખ દૂઃખ સરજ્યું પામિયે, પણ કુલાચાર ન મુકીયે;
પરવશે વસતા પ્રાણ તોપણ, શીળથી નવી ચુકીયે.
વ્યસનીની સાથેરે, વાત ન કીજીએ, હાથોહાથેરે, તાળી ન લીજીએ.
તાળી ન લીજે નજર ન દીજે, ચંચળ ચાલે ન ચાલીયે;
વીષય બુધ્ધે વસ્તુ કેની, હાથે પણ નવી ઝાલીયે.
કોટી કંદર્પ રૂપ સુંદર, પુરૂષ પેખી ન મોહીયે;
તણુખલાને ગણો તોલે. ફરી પાછો નવ જોઇયે.
પુરૂષ પરાયોરે વળી ન વખાણીયે, વૃદ્ધ તે પીતા સરીખો જાણીયે.
જાણીયે પીયુવીણ પુરૂષ સઘળા, સહોદર સમોવડે;
પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઇ તડોવડે.
કુરૂપ કુદૃષ્ટિ કુબડો ને, દુષ્ટ દુર્બલ નિર્ગુણો;
ભરથાર પામી ભામની તમે, ઇંદ્રથી અદકો ગણો.
અમર કુમારેરે તજી સુરસુંદરી, પવન કુમારેરે અંજની પરિહરી;
પરિહરી સીતા રામે વનમાં, નળે દમયંતી વળી;
મહા સતી નિર્મળ કષ્ટ પડયે, શિળથી તે નવિ ચળી.
કસોટીયે જિમ સુવર્ણ કસતાં, કંતશું વિછડે નહી;
તન મન વચને સત્ય રાખે, સતી તે જાણો સહી.
રૂપ દેખાડીરે પરૂષ ન પાડીએ, નિર્લજ થઇનેરે મનન બિગાડીયે.
મન ન બિગાડીયે પુરૂષપરનું, જોગ જોતાં નવિ મળે;
કલંક માથે ચડે કુડાં, સગાં સહુ કર ટળે.
અણસરજ્યો ઉચ્ચાટ થાયે, પ્રાણ તિહાં [illegible] રહે;
આ લોક પામે આપદા, પરલોકે [illegible] સહે.
રામને રૂપેરે સૂરણખા મોહી, કામ ન [illegible] ઇજત ખોઇ.
ઇજત ખોઇ દેખી અળીયા, શેક [illegible] ચળ્યો;
ભરથાર આગળ પડી ભુંડી, અપ [illegible] ઉછળ્યો.
કામની બુધ્ધે કામનીએ, વંદ [illegible] ચાલ્યો ગરૂ;
પણ શીળથી ચુક્યો નહી, દૂ [illegible] કહેતાં બળ્યો.

શીળ પ્રભાવેરે જુઓ સોલે સતી, ત્રિભુવન માંહી તે થઇ છતી;
છતી થઇ જે શીળ રાખ્યું, કલ્પના કીધી નહી;
તે નામ તેહનાં જગત જાણે, વિશ્વમાં ઉગી રહી.
વિવિધ રત્ને જડીત ભૂષણ, રૂપ સુંદર કિન્નરી;
પણ શીળ વણ શોભે નહીં, તે સત્ય ગણજો સુંદરી.
શીળે સુરનર સહુ સેવા કરે, નવે વાહું રે નિશ્ચય જે ધરે;
ધરે નિર્મળ શીળ ઉજવલ, ત્રાસ કિરતી જળહળે;
મન કામના તે સિદ્ધિ પામે, અષ્ટભય દૂરે ટળે.
ધન્ય ધન્ય તે જાણો ધરા, જ્યાં શિયળ ચોખું આદરે;
આનંદના તે ઓધ પામે, ઉદયરત્ન જશ વિસ્તરે.

સોળ સતી—ચોપાઇ.

ઉઠરે પ્રાણી સૂતો જાગ, ધર્મતણે મારગ તું લાગ;
સોળ સતીનાં લીજે નામ, જયમ પામીજે ઉત્તમ ઠામ.
પહેલી સમરૂં બ્રાહ્મી સતી, ચંદનબાળાબીજીભાગવતી;
રાજેમતિ જાણો મનરંગ, ચોથી દ્રૌપદી શીળ સુચંગ.
કૌશલ્યા ને મૃગાવતી, સુલસા સીતા વંદુ ગુણવંતી;
સુભદ્રા ને શિવા સુજાણ, કુંતા શીળવતી મન આણ.
નળ દમયંતી મહા ગુણયુતી, પુષ્પચુલા ને પ્રભાવતી;
પદ્માવતી પ્રમુખ સુંદરી, સોળ સતી જાણો ગુણભરી.
સોળ સતી જગમાં અભિરામ, કર જોડીને કરૂં પ્રણામ;
ઉદયરત્ન મુનિવર એમભણે, સતિનામેનવનિધઆંગણે.

કુમુદચંદ્ર.

પુરૂષને શિખામણની સજ્ઝાય. (સ્વાધ્યાય)

સુણ સુણ કંથરે શીખ સોહામણી, પ્રીત ન કીજે પરનારીતણી;
પરનારિ સાથે પ્રીત પીયુડા, કહો કેઇ પેરે કીજીએ;
એક ઉ[illegible]વેચી આપણી, ઉજાગરો કેમ લીજીએ.
કાછડી [illegible] કહે લંપટ, લોકમાંહે લાજીએ;
કુળવિખે [illegible]નિ[illegible]ર લાગે, સગામાં કેમ ગાજીએ.
પ્રીત કરતાંરે પે[illegible]જીયે, રખે કોઇ જાણેરે મનમાં ધુજીએ;
ધુજીએ મન[illegible]યે, પણ જોગ મળવો છે નહીં;
રાત દિન મન[illegible]ન્તાય, અવટાઇ મળવું છે સહી.
નિજ નારિથી [illegible]વળ્યો, પરનારીથી શું હશે;

જે સર્યે ભાણે તૃપ્ત ન વળ્યો, એહું ચાટે શું થશે.
મૃગતૃષ્ણાથીરે નહીં ટળે, વેળુ પીલ્યેરે તેલ ન નીકળે;
નવ નીકળે પાણી વલોવતાં, લેશ માખણ તો વળી;
ખુડતાં બાચકો ભર્યો ફીણે, તર્યા વાત ન સાંભળી.
તેમ નારિ રમતાં પરતણી, સંતોષ ન વળે એક ઘડી;
ચિત્ત ચટપટી ઉચાટ લાગે, નેણે નાવે નિંદડી.
જેવો ચટકોરે રંગ પતંગનો, તેવો લટકો પરસ્ત્રી સંગનો.
પરસ્ત્રી કેરો સંગ પિયુડા, રખે મન જાણે ખરો;
દિન ચાર રહેશે રંગ રૂડો, પછે રહે નહિ નિરધરો.
જે ઘણાં સાથે પ્રીત માંડે, છાંડો તે શું વાતડી;
એમ જાણી નવિકર નાવલા, પરનારી સાથે પ્રીતડી.
જે પતિ વહાલોરે છાંડી પાપણી, પરશું પ્રેમેરે રાચે સાપણી;
સાપણી સરખી વેણ નિરખી, રખે શીળથકી ચળે;
નયણ લટકે મુખને મટકે, દેવ દાનવને છળે.
મને કાળી અતિ રસાળી, વાણી મીઠી શેલડી;
સાંભળી ભોળા રખે ભૂલો, જાણજો વિષ વેલડી.
સંગ નિવારોરે પરરામાતણો, શોક ન કીજેરે મન મળવાતણો;
શોક શાને કરો ફોગટ, દેખવો પણ દોહલો;
ક્ષણ મેડિયે ક્ષણ શેરિયે, ભમતાં તે લાગે શોહલો;
ઉસાસ ને નીસાસ આવે, અંગ ભાગે મન ભમે;
વળિ કામ વ્યાપે દેહ દાઝે, અન્ન દીઠું નવ ગમે.
એકલડો થઈ મન શું કળપવે, ઉન્મત્ત થઈનેરે વળિ અકળ લવે;
લવે એલફેલ એમ અજાણે, મોહે ઘેલો મન રડે;
મદન વેદન કઠિણ જાણે, મરણ વાર ત્રેવડે.
દશા અવસ્થા કામકેરી, કંથ કાયા તે દહે;
એમ જાણિ નારી પારકી; જે તજે તે બહુ સુખ લહે.
પરનારીરે પરભવ સાંભળો, કથા કીજેરે ભાવશું નિર્મળો.
નિર્મળે ભાવે નેહે સમજી, પરવધુ સંગ પરિહરો;
ચાંપિયો દીયર ભીમસેને, શિલા હેઠે સાંભર્યો
રણ પડ્યા રાવણ દશે, મસ્તક રડવડતાં [illegible] કહ્યાં;
મુંજપતિ અતિ દુઃખ પામ્યો, અપજશ [illegible] રહ્યાં
શીળ સલૂણારે માનવ સોહીએ, [illegible] મનમોહીએ.
માહિયે સુર નર કરે સેવા, [illegible] ભરે;
કેસરીસિંહ વિશાળ થાયે, [illegible] કરે.
સાપ થાયે, ફૂલમાળા, લક્ષ્મ [illegible] પાણી ભરે;
પરનારિ પરહર શિયળ મનધર [illegible] કરે.

તે માટે હું રે વાલમ વીનવું, પાયે લાગીરે મધુર વચન કહું.
વચન મારું માનજો, પરનારિથી રહો વેગળા;
અપવાદ માથે ચડે કુડા, નરકે થાયે દોહિલા.
ધન્ય ધન્ય તે નર નારિ જગમાં, શિયળ પાળેઉજળો;
તે પામશે જશ જગતમાંહે, કુમુદચંદ્ર કહે સમજલો.

વિવેક વણઝારો.

રાગ પરજ.

સંત સાધુને હું નમું, વણઝારા રે;
સંત ગુરૂને લાગું પાય, સમજ મન મારા રે.

સમરણ કરિયે શ્રીરામનું, વણ; પદબંધ મનોહર થાય, સમજ.
કાયા નગર સોહામણું, વણ; ત્યાં વસવા કીધું ગામ, સમજ.
આણ ફરે ત્યાં તાહરી, વણ; પૂર નાયક એવું નામ, સમજ.
નવ દશ બે ત્રણ સુંદરી, વણ; વણઝારી મળી ચોવીશ, સમજ.
તે સાથે તું ક્રીડા કરે, વણ; તેં વિસાર્યા શ્રીજગદીશ, સમજ.
પટરાણી બે પ્રેમદા, વણ; તેનાંપ્રવૃત્તિનિવૃત્તિનામ, સમજ.
પ્રવૃત્તિ વખાણે ભોગને, વણ; નિવૃત્તિ વખાણે રામ, સમજ.
સંતાન થયાં બેઉ નારને, વણ; માંડયાં જુજવાંબેઘરસૂત્ર, સમજ.
પ્રવૃત્તિને પાંચ પુત્રી થઇ, વણ; વળી સાત થયા છે પુત્ર, સમજ.
આશા,તૃષ્ણા,હિંસા, ટિકરી, વણ; વળી ભાંતિ ઇર્ષ્યા નામ, સમજ.
લોભ, ક્રોધ, મદ, દીકરા, વણ; ગર્વ, મત્સર,મોહનેકામ, સમજ.
પરિવાર પ્રવૃત્તિનો વર્ધ્યો, વણ; હવેકહું નિવૃત્તિનાંસંતાન સમજ.
પુત્રી ચાર ચતુર ઘણી, વણ; થયા પુત્ર પાંચ ગુણવાન, સમજ.
શાંતિ, ભક્તિ, દયા, ટિકરી, વણ; વળી મૈત્રિ,મણીથઇચાર, સમજ.
સંતોષ ને ધ ટિકરા, વણ; વૈરાગ્ય, વિવેક, વિચાર, સમજ.
નવ સંતાન ત્તિનાં, વણ; હવે પ્રવૃત્તિનો વિસ્તાર, સમજ.
સંતાન જોઇને ઇ, વણ; પતિ રીઝયો જોઇપરીવાર, સમજ.
બાવીશ નાર દા ઇ, વણ; કરે પ્રવૃત્તિ રાણીની સેવ, સમજ.
નાયક અભિમાને વણ; એના મનમાંઘણોઅહમેવ સમજ.
નિવૃત્તિ કહે મારા વણ; તમે મૂકો ભોગ વિલાસ, સમજ.

કાયા નગર છે કારમું, વણ; તે જૂઠાની શી આશ, સમજ.
બંધ બાંધ્યા છે જનતણા, વણ; માંહે હાડ ને માંસરૂધીર, સમજ.
શરીર એવું જાણવું, વણ; માટે સ્મરિયેશ્રીરઘુવીર, સમજ.
માત પિતા સુત સુંદરી, વણ; વળી મિત્ર સહોદરબંધ, સમજ.
એ અંતે કોઇ તારૂં નથી, વણ; છે જીવતાનો સંબંધ, સમજ.
ગોખ જરૂખા માળિયાં, વણ; સાત ભૂમિનાસરસનીવાસ સમજ.
એક દીવસ મેલી ચાલવું, વણ; સમશાને કરવો વાસ, સમજ.
માલ મતા વાસણ ઘણાં, વણ; મણી માણેક મોતીઅનેક, સમજ.
જમ કિંકર ગ્રહી ચાલશે, વણ; સાથે કોડી ન આવેએક, સમજ.
કર્મ કમાય જે આપણું, વણ; તે જાય છે જીવને સાથ, સમજ.
વૈતરણીમાં બૂડતાં, વણ; નકી મૂકાવે શ્રીરઘુનાથ, સમજ.
એવું જાણીને ભળવો, વણ; તમે પ્રવૃત્તિરાણીનાભોગ, સમજ.
નહી તો પસ્તાશો નાથજી, વણ; તે તો જાણવો કેવળરોગ, સમજ.
એવું જાણીને મારા નાથજી, વણ; રખે શોકયનોકરતા સંગ, સમજ.
શીખ મારી શ્રવણે ધરો, વણ; તમે સમરોને શ્રીરંગ, સમજ.
પ્રવૃત્તિ રહેશે વેગળી, વણ; જ્યારે આવશેજમનાદૂત, સમજ.
પંડ મૂકી પ્રાણી ચાલશે, વણ; ભૂતમાં મળશે પંચભૂત, સમજ.
જમ રાય લેખું પૂછશે, વણ; તેં તો શો કીધો વેપાર, સમજ.
તે વેળા છે ઘણી દોહેલી, વણ; તમે ચેતજો કુલ ભરથાર, સમજ.
હીણું કોઇનું નવ કીજીયે, વણ; પછી કોણે દીડી છે કાલ, સમજ.
નિવૃત્તિનાં વાયક સાંભળી, વણ; કંઈક આવ્યો ઉર વૈરાગ, સમજ.
પ્રવૃત્તિ રાણીયે જાણિયું, વણ; એણે ભોગ કીધોછેત્યાગ, સમજ.
શણગાર સોળે અંગે ધર્યા, વણ; તેડવા મોકલ્યાપંચદાસ, સમજ.
કંઇ લટપટ કરી લાવિયા, વણ; પિયુઆણ્યોરાણીનીપાસ સમજ.
પહેરી પટોળી પ્રેમદા, વણ; છે ચોળીમાં ચોદ રંગ, સમજ.
શણગાર શુભ સુંદરી તણા, વણ; જોઈ વૈરાગ્ય પામ્યોભંગ, સમજ.
પ્રવૃત્તિ રાણી બોલિયાં, વણ; હેત નાખી ગળામાંહાથ, સમજ.
ત્યાગી વેરાગી કયમ થયા, વણ; કંઈક ઉદ્યમ કીજે નાથ, સમજ.
બાળક સૌ [illegible] વણ; જેમ લોકમાં વાધે લાજ, સમજ.
ઘર ઊંચાં કરાવિયે, વણ; પૂર નાયકમાં કીજે રાજ. સમજ.
હસ્તિ ઘોડા [illegible] વણ; ત્યારેજ [illegible] સમજ.
દધી દૂધનાં [illegible] વણ; ત્યારે [illegible] સમજ
શય્યા સિંહાસન [illegible] વણ; આજ [illegible] સમજ.
બે બે દીપક પ્રજટાવિયે, વણ; ભક્ષ [illegible] સમજ.
ધન્ધો કરી ધન લાવિયે, વણ; તે [illegible] સમજ.
ઠગ પ્રાહ્મણ વણે વણા, વણ; ન [illegible] સમજ.

બેન બનેવી ભાણેજાં, વણ; દીકરી દોહિત્ર જમાઇ, સમજ.
દ્વાર કેને ન દેખાડીયે, વણ; એતોવસ્તુસારીજાયેખાઇ, સમજ.
સંવત્સરી શ્રાદ્ધ ન સારિયે, વણ; એ તો સર્વછેઆળપંપાળ, સમજ.
દીકરાને જુજવા કરો, વણ; મને ગમતીનથીજંજાળ, સમજ.
આપણે સુખે ખાઇએ પીએ, વણ; ગમતાં રૂડા દહાડા જાય, સમજ.
વેપાર કરી ધન લાવીયે, વણ; તોલખેશરીનાતનકહેવાય, સમજ.
પીતાંબર શુભ પહેરિયે, વણ; ખાઇએનાનાવીધપકવાન્ન સમજ.
આધું પીધું તે આપણું, વણ; નવ કીજીએકોડીનું દાન, સમજ.
લાણાં લાહીએ નાતમાં, વણ; થાય દેશ વિદેશે નામ, સમજ.
દહાડા ભોગ કમાઈના, વણ; પછી અંતે જપશું રામ, સમજ.
પ્રવૃત્તિ શીખામણ સુણી, વણ; પછે રીઝયેા મૂઢ અજાણ, સમજ.
નિવૃત્તિ થઇ અળખામણી, વણ; પ્રવૃત્તિ વહાલી પ્રાણ, સમજ.
એકાંત બેસી નર નારીએ, વણ; લાલી માંડી કીધી ગોઠ, સમજ.
સંકલ્પ વિકલ્પ બેપોઢીયા, વણ; પછી ચલાવે કર્મની પોઠ, સમજ.
લોભ પુત્ર સાથે ગયેા, વણ, ગર્વ, મત્સર, કામનેક્રોધ, સમજ.
દાસી દશ સાથે થઇ, વણ; કરી ધર્મતણેા વિરોધ, સમજ.
મન ઘોડે નાયક ચઢયેા, વણ; ગ્રહી આશા હાથ લગામ, સમજ.
મમતા ચાલ્યેા વહોરવા, વણ; અહંકાર નગારૂં નામ, સમજ.
છળ ભેદનાં બે ત્રાજવાં, વણ; તોળે પ્રપંચ વાણોતર, સમજ.
કુડ કપટનાં બે કાટલાં, વણ; મોટી માયા દાંડીબરાબર, સમજ.
ઠામ ઠામ દુદંભી ગડગડે, વણ; પુર નાયક મોટું નામ, સમજ.
લાભ લેવાને દોડીયેા, વણ; જોયાં લક્ષ ચોર્યાશીગામ સમજ.
સંસાર દેશ સોહામણેા, વણ; તેનેા જોતાં ન આવેપાર, સમજ.
શ્રીફલ સોપારી એલચી, વણ; તેમાં નવદીઠું કાંઇ સાર, સમજ.
ગોળ ખાંડ સાકર નહિ, વણ; નવ લીધાં ઘૃત ને ઘઉં, સમજ.
શાક દાળ વહોર્યાં નહિ, વણ; એની અવગણનાકરીબહુ, સમજ.
માણક મોતી સોનું નહિ, વણ; નવ વહોર્યાં પટોળાંચીર, સમજ.
લાલચ લોભું વહોરીયું, વણ; કોડે લીધું કપટ કથીર, સમજ.
હિંસા હિંગ વહોરી ઘણી, વણ; સંગ સીસું લીધું અપાર, સમજ.
પ્રપંચ પીતળ વહોરિયું, વણ; સંસારમાં દીઠું સાર, સમજ.
મમતા મીઠું કોરેયું, વણ; અનેવહોરિયું માયામીણ સમજ.
કુરૂપ સોમલ [illegible]યેા, વણ; અતિવહોર્યુંવિષયઅરીણ સમજ.
અનાચર વહોર્યેા [illegible]યેા, વણ; વહોર્યોઆળસટંકણખાર, સમજ.
ભ્રાંતિ ભાંગ લી[illegible]ઈ, વણ; વછનાગવહોર્યેાવ્યભિચાર સમજ.
વહોરી ઇર્ષ્યા જે આં[illegible] વણ; કુલક્ષણી વહોરી લાખ, સમજ.
કપટ કાપડ તે વહે[illegible] વણ; જેનેાર ગધણેાઅભિલાખ સમજ.

લહુતા વહોરી લીંબડી, વણુ; વહોરી કાંબળીકાળેરંગ, સમજ.
છળ છાયલ વહોર્યા ઘણાં, વણુ; લોભ પુત્રને રાખી સંગ, સમજ.
નિંદા ગળી વહોરી ઘણી, વણુ; અતિ વહોર્યું મદ્યઅજ્ઞાન, સમજ.
ચાડી ચાડી વહોરી ઘણી, વણુ; ભર્યું પાત્ર તે કંઠ સમાન સમજ.
ખુનસ આદ્રી વહોરી ઘણી, વણુ; વળી વહોર્યાંઅવગુણટાટ, સમજ.
શીવી શ્રુંખ અવગુણે ભરી, વણુ; હાંડી પેઠ તે વસમીવાટ સમજ.
મન ચિંતવન બે વેઠીયા, વણુ; સંકલ્પ વિકલ્પ વેપાર, સમજ.
અભીમાનઊંટેનાયક ચઢયો, વણુ; તેને દેખે સૌ સંસાર, સમજ.
પ્રવૃત્તિને માન દીધું ઘણું, વણુ; પ્યારીતું મોરાપ્રાણસમાન સમજ.
નિવૃત્તિ આવી પુંઠે પડી, વણુ; એને કીધું ઘણું અપમાન સમજ.
પ્રવૃત્તિ આભૂષણે ભરી, વણુ; બોઇ નાયકેશુદ્ધબુદ્ધસાન. સમજ.
જશ શણગાર નિવૃત્તિનો, વણુ; વળી વસ્ત્ર બીરાજે જ્ઞાન, સમજ.
સાથે લઇ બાળક બાળકી, વણુ; આવે પ્રવૃત્તિપિયુનીસાથ, સમજ.
નવ સંતાન નિવૃત્તિનાં, વણુ; પિયુ પેઠે પ્રવૃત્તિનીપાસ સમજ.
નિવૃત્તિ આવિ ના શકે, વણુ; દ્વારે ઊભા છે પંચદાસ, સમજ.
પ્રવૃત્તિ કહે પીયુ સાંભળો, વણુ; રખે શોકયનોકરતા સંગ, સમજ.
પળ એક પાસે જો બેસશો, વણુ; કરશે ઘર વેપારનો ભંગ, સમજ.
ભેખ એના ભીખારી તણા, વણુ; જેથી કીધાનોઅભિલાખ, સમજ,
એની શીખામણ માનશો, વણુ; તોતેતમને ચોળાવશેરાખ, સમજ.
દેખીતી મંદ ભાગિણી, વણુ; જ્ઞાન વૈરાગ્ય જેના તંત, સમજ.
વેષ સર્વ વિધવાતણા, વણુ; કરે તમને માન શુકન, સમજ.
નાયક કહે સુણુ સુંદરી, વણુઝારીરે;
તારાં વચન તે સુધા સમાન, સતી સુખકારીરે.
તારી શીખામણ શુભ ગણું, વણુ; મેં તો તને કીધીભગવાન. સતી.
નિવૃત્તિ દીઠી નવ ગમે, વણુ; તુંજ સાથે બાંધ્યો પ્રેમ. સતી.
નિવૃત્તિ સાથે બોલું નહિ, વણુ; મેં આજથી લીધો નેમ. સતી.
કોલબંધ એવો કર્યો, વણુઝારા રે;
પ્રવૃત્તિનો વાધ્યો [illegible] સમજ મન આનંદ રે.
નિવૃત્તિ દાસી થઇ રહી, વણુ; એની શોકયે કીધું વશસર્વ, સમજ
ટાઢું ચાવવા ચોદિશે, વણુ; જોયો [illegible] સંસાર. સમજ.
આગળ લાભ દિઠો ઘણો, વણુ; આવી [illegible] ઠગબજાર. સમજ.
કાળ ધણી આવી લાગીયો, વણુ; ઓઢેરે [illegible] પ્રભાપાડ, સમજ.
વસ્તુનું મૂલ આવ્યું નહિ, વણુ; થઇ [illegible] ઠની ખોટ. સમજ.
જમકિંકરે આવી બાંધિયો, વણુ; [illegible] પરિવાર સમજ.
પ્રવૃત્તિ પણ વેગળી [illegible], વણુ; નહિ [illegible] પાનાર, સમજ.
જમરાય કને બાંધિઆણીયો, વણુ; [illegible] કીધી સવ. સમજ.

કેક ખાતાં ખોટાં નિકળ્યાં, વણ; જ્યારે જોયામેળહિસાણ, સમજ.
બાંધ્યો માર્યો બહુ ભાતથી, વણ; વતી નાંખ્યોનરકકુંડમાંય સમજ.
ઘણીવાર દિવાળું કાઢિયું, વણ; નહીલાજ્યોકરતાંઅન્યાય સમજ.
કારાગ્રહનું દુખ ઘણું, વણ; કોટે કાઢે ત્યાંથી બહાર, સમજ.
પહેરી સાડી શુધ બુધની, વણ; પાસે આવીનિવૃત્તિ નાર, સમજ.
નાયક જોઇને રોયો ઘણો, વણ; દેખી સતીનું તેશમે મુખ, સમજ.
નીચું જોઇને કહે સાધવી, વણ; તેં પાપે ભોગવ્યું દુખ, સમજ.
આંસુ લોહ્યાં નાથનાં, વણ; પછી બોલી નિવૃત્તિનાર, સમજ.
પ્રવૃત્તિ તમારી કયાં ગઇ, વણ; સાત પુત્રીકયાંપંચકુમાર, સમજ.
નાયક કહે સુણ સુંદરી, વણઝારી રે;
મેં નહી માની તારી શીખ, સતી સુખકારી રે.
વહાલી થઇ પ્રવૃત્તિ પાપણી, વણ; ભુંડી રાંડે મગાવી ભીખ, સતી સુખ.
દુઃખ વેળા નાશી ગઇ, વણ; મને પાણી કોઇનવ પાય, સતી સુખ.
મૂકાવ મુજને સુંદરી, વણ; હું રહીશ તારી આજ્ઞાય, સતી સુખ.
નિવૃત્તિ કહે પિયુ સાંભળો, વણઝારા રે.
ઘણા ડાહ્યા છો ભરથાર, સ્વામીજી મારા રે.
ઘણે ઠામથી મૂકાવિયા, વણ; લેખે લાખ ચોર્યાશી વાર, સ્વામીજી.
ધર્મ કને તેડી ગઇ, વણ; ત્યાં કીધો કોલ કરાર, સમજ.
ધર્મ લેણું કરી લાવજો, વણ; જઇ રૂડો કરજો વેપાર, સમજ.
ફરી સંસારમાં અવતર્યો, વણ; મળ્યા સદગુરૂ એકદલાલ, સમજ.
રામનામવસાણું વોહોરિયું; વણ; લાભ આવ્યો વસ્તુ રસાળ, સમજ.
વિવેક વાણોતર થયા, વણ; તત્વવિચાર ત્રાજવાંસાથ, સમજ.
ધર્મ કર્મ બેઉ કાટલાં, વણ; ક્ષમા દાંડી ઝાલી હાથ, સમજ.
નાયક વહોરે વસ્તુને, વણ; જે જે નિવૃત્તિ કહેતી જાય, સમજ.
નિર્ગુણ ગોળ લીધો ઘણો, વણ; ગુણ સત્ય ધર્મ કહેવાય, સમજ.
સદવિદ્યાસાકર વહોરેઘણી, વણ; વહોર્યોજ્ઞાનયફળજોગાભ્યાસ સમજ.
શ્રીફળ નામ શ્રીરામનું, વણ; મળ્યા ગાંધી હરિના દાસ, સમજ.
બ્રહ્મવિદ્યા ખાંડ વહોરી, વણ; શુભ લક્ષણ વહોર્યા લવિંગ, સમજ.
ચતુરાઇએચંદનવહોરિયું. વણ; વહોર્યો કરૂણાએ કેસર રંગ, સમજ.
જ્ઞાન ઘૃત કુંભે ભર્યું, વણ; સિદ્ધતા તે દધિ નિર્દોષ, સમજ.
પ્રીત પટોળી વહો[illegible]ી, વણ; લીધા સાળુ શીલ સંતોષ, સમજ.
વિશ્રામ પીતાંબર[illegible]ાં, વણ; વહોરી દયા દધિ દરિયાઇ, સમજ.
લખતો જાય ચિત્ત[illegible], વણ; લેખણશુદ્ધિબુદ્ધિ રૂશનાઇ, સમજ.
નવધાભક્તિમણીવહો[illegible]ચ્યા; વણ; વળિ મુકિત મુક્તા માળ, સમજ.
શ્રીહરિ હીરો હાથે ચ[illegible]ણ; થયું ઘરમાં ઝાકઝમાળ, સમજ.
સદગુણે ગુણ શીવી [illegible]; કરે વસ્તુનું દેવ વખાણ, સમજ.

મોહ મેહેવાસી મારીએા, વણ; હવે કોય ન માગે દાણ, સમજ.
નાદ બિંદુ બેઉ બળધિયા, વણ; વાજે નગારૂં ઉંકાર, સમજ.
જ્ઞાન ઘોડે નાયક ચઢયેા, વણ; જીતી ચાલ્યા સર્વ સંસાર, સમજ.
જમ રાયને લેખું આપિયું, વણ: ચિત્રવિચિત્રે જોડયા હાથ, સમજ.
સન્માન આસન આપિયું, વણ; જમ રાય થયા રળિયાત, સમજ.
ન્યાલ થયેા શુભ માલમાં, વણ; ગયેા મૂળ પેાતાને ગામ, સમજ.
ફરિ ભવમાં ભટકયેા નહિ, વણ; થયેા શુદ્ધ તે આત્મારામ, સમજ.
પ્રવૃત્તિ જે કોઇ પરહરે, વણ; કરે નિવૃત્તિ અંગીકાર, સમજ.
એ મુક્તિ ફળ પામે સહી, વણ; નવ દેખે દુઃખ લગાર; સમજ.
ગુજરાત દેશ સેાહ્યામણેા, વણ; વીર ક્ષેત્ર વડેાદરૂં ગામ, સમજ.
વિપ્ર ચતુર્વંશી નાતમાં, વણ; કૃષ્ણ પુત્ર પ્રેમાનંદ નામ, સમજ.
વિવેક વણઝારેા તે છે આતમા વણ; આછે અધ્યાત્મનેા ઉપદેશ, સમજ.
વણઝારેા ગાય ને સાંભળે, વણ; ટળે જન્મ મરણનેા કલેશ, સમજ.
જે કોઇ પ્રભુને અનુભવે, વણ; થાય મનવાચ્છિતફલકામ, સમજ.
શ્રેાતા સજ્જન સાંભળેા, વણ; તમે સમરેા સર્વ શ્રીરામ. સમજ.

પ્રેમલદાસ.

હરી ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણીરે;
જેની સુરતી શામળીયા સાથ, વદે વેદ વાણીરે. હરિ.
વહાલે ઉગારયેા પ્રહલાદ, હીરણાકસ માર્યોરે;
વીભીક્ષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યોરે. હરિ.
વહાલે નરસીંહ મહેતાને હાર, હાથેા હાથ આપ્યેારે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પેાતાનેા કરી સ્થાપ્યેારે. હરિ.
વહાલે મીરાંતે માઇનું ઝેર, હળાહળ પીધુંરે;
પંચાળીનાં પુરચાં ચીર, પાંડવ કામ કીધુંરે. હરિ.
વહાલે અમરીષને ઓળખાણે, અવતાર દશ લીધારે,
વહાલે ગજની કીધી સહાય; ગરૂડ પરહરીયારે. હરિ.
આવેા હરી ભજવાનેા લહાવેા, ભજન કોઇ કરેારે;
કરજોડીને કહે પ્રેમલદાસ, ભક્તનાં દુઃખ હરેારે. હરિ.

ભૂખણ ભકત.

ઇશ્વરને ભજવા વિષે.

અષ્ટક ૧ લું—છંદ ભુજંગીની ચાલ.

કશી વાતનો ખરખરો મંન નાણો, સુખ દુઃખ તે દેહના ધર્મ જાણો;
કરોને તમે કોટી લક્ષ પ્રકાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
હરીશ્ચંદ્ર રાજા મહા પુણ્યવાન, નહીં કોય સંસારમાં એ સમાન;
તેણે નીચ ઘેર વહ્યો નીર ભાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
સતી મુખ્ય કહાવે અહલ્યાજી જેહ, જેના નામથી થાય નિષ્પાપ દેહ;
તેણે ઇન્દ્ર સાથે કર્યો વ્યભિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
જુવો જાનકીજી પડયાં દુષ્ટ હાથ, જેના સ્વામિ છે કોટી બ્રહ્માંડ નાથ;
આપોઆપ લક્ષ્મીતણો અવતાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
વળી પાંડવોની કહું એક વાત, જેના સારથી નિત્ય વૈકુંઠનાથ;
હાર્યા રાજ રિદ્ધી તથા નીજ નાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
મહા પુણ્યકારી જેને સિદ્ધ નાથ, ચાલી નીસર્યા નારિ લઈ વંન સાથ;
બહુ કષ્ટ વેઠયું તેણે વર્ષ બાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
શા માટે તમે ભાર માથે ધરો છો, વળી હું કરૂં હું કરૂં એ કહો છો;
કરોને તમે ચિત સાથે કરાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.
કરી વીનતી સર્વને હું કહું સત્ય વાત, રચ્યા ભૂખણે તે સુણો શ્લોકસાત.
ઘણું સાંભળ્યા જોગ સાધુ વિચાર, લખી વાત મિથ્યા ન થાયે લગાર.

અષ્ટક—નવ પદી ૨ જું.

પિતા માત સંતાન ને મિત્ર ભ્રાત, એ તો સર્વ છે આળપંપાળ વાત;
એમાં અંતકાળે નાવે કોય કામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
ઘડીમાં ઘટી જાય આયુષ્ય અલ્પ, ભમંતાં ભમંતાં થયા કોટિ કલ્પ;
માથે મણ કેરી મહા એક ભામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
ઘણીવાર સંસાર માંડી ફર્યા છો, પશુ પક્ષિ યોની વિષે અવતર્યા છો;
હવે આ સમો છે તર્યાનોજ ઠામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
કરોછો બીજી અલ્પ વસ્તુનું યત્ન, તજો છો હરી નામ જેવું જ રત્ન;
નથી બેસતું મૂલ્ય [illegible] અદામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
જરાયે ઘણો દેહ તે [illegible] થશે, શરીરે થકી સર્વ સામર્થ્ય જાશે;
થશે રોગ પીડા જશે [illegible] હામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
જેને સેવતાં કોટિ કલ્યા [illegible] જાય, બહુ જન્મનું પાપ તો સદ્ય જાય;
વળી પામિયે જે થકી [illegible] ધામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
જેવું એકલાં ત્યાં નહીં કો [illegible] ત્ર, વળી જીવને દુઃખ અત્યંત થાય;

તેણીવાર રક્ષા કરે મેઘશ્યામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
જે કો જાનકીનાથના હોય દાસ, ન પામે કદી તે ફરી ગર્ભ વાસ;
કરે લોક આ સર્વ તેને પ્રણામ, તે માટે ભજો સર્વથા રામ નામ.
રચ્યા ભૂખણે તે સુણો શ્લોક આઠ, હેતે સાંભળે ને કરે નિત્ય પાઠ;
થશે તે થકી દુઃખકેરો વિરામ, તે માટે ભજો સર્વથા રામ નામ.

અષ્ટક–અગિયાર પદી ૩ જું.

ઘણા પુન્યના ભાવથી દેહ પામ્યાં, હસંતાં રમંતાં સુખે દીન વામ્યાં;
ગયા નાથનું રામ તો સદ્ય ચૂકી, ભજો રામને કામને દૂર મૂકી.
ભણ્યા શાસ્ત્ર સિદ્ધાંતની સર્વ વાત, નથી ઓળખ્યા શ્રી તમે પ્રાણનાથ;
વિવેકી થઇ કાં કરો બુદ્ધિ ટુંકી, ભજો રામને કામને દૂર મૂકી.
પરસ્ત્રી પરદ્રવ્યનો ત્યાગ આણી, હૃદેમાં ધરોને તમો ચક્રપાણી;
એ તો દુષ્ટ માયાતણી સર્વ ભૂકી, ભજો રામને કામને દૂર મૂકી.
મહે અંધ દૃષ્ટિ થયાથી ન દીઠું, કુસંસારનું સુખ લાગે છે મીઠું;
જરા આવશે આ થશે દેહ સૂકી, ભજો રામને કામને દૂર મૂકી.
ઘણા જતનથી દેહને સુખ દિધું, ઘણા ભેદથી સર્વનું દ્રવ્ય લીધું;
જવું એકલાં સર્વ સંપત્તિ મુકી, ભજો રામને કામને દૂર મૂકી.
ઘણા રમ્ય વૈભોગથી દેહ પોખ્યો, કરી તીર્થ જાત્રા કદાપી ન સોખ્યો;
મળી મિત્ર ટોળે દેશે સર્વ પુંકી, ભજો રામને કામને દૂર મૂકી.
જરા આવીને જીવને મૃત્યુ ગ્રેશે, તદા સર્વ સંબંધી ત્યાં જોઇ રેશે;
નરક્ષા કરે વૈદ્ય કે કવાથ ભૂકી, ભજો રામને કામને દૂર મૂકી.
કફે વ્યાધિયે કંઠનો રોધ થાશે, હૃદેમાં થકી જ્ઞાન તો સર્વ જાશે;
તદા જીવ જીવ્હા થશે સદ્ય ટુંકી, ભજો રામને કામને દૂર મૂકી.
નથી જાણતા ધર્મની રીત ઠીક, નથી રાખતા મરણની મન બીક;
ગુમાને ભર્યા ચાલ ચાલો છો ચૂકી, ભજો રામને કામને દૂર મૂકી.
જમકિંકરા મારશે દુષ્ટ મારે, તદા નાથ પાખે નહીં કોઇ તારે;
જુવો મૃત્યુ માથે રહે નિત ઝૂકી, ભજો રામને કામને દૂર મૂકી.
સદા રૈક્યજ્ઞાતી મહા રંક કહાવે, કથા રામની તો જેને મન ભાવે;
રચી ભૂખણે તે સુણો જ્ઞાન ફૂંચી, ભજો રામને કામને દૂર મૂકી.

અષ્ટક–નવ પદી ૪ થું.

તમે અવતર્યા બ્રહ્મચોરાશીમાર, નથી પામિયા [illegible] સંસાર પાર;
માટે આ સમે જાપમાળા ધરીને, ભજો ભક્ત [illegible] સદા શ્રીહરીને.
ઉદરમાં અધો મસ્તકે જ્યાં રહ્યાતા, ઘણા વ્યાકુળ [illegible] ત્યાં થયાતા;
હવે તે સમો કાં ગયો વિસરીને, ભજો ભક્ત [illegible] સદા શ્રીહરીને.
સંચ્યું દ્રવ્ય તો દ્રવ્યને ઠામ રહેશે, રાગા [illegible] સારની રીત જેશે;
જોતાંમાં જરી પ્રાણ તો નીસરીને, ભજો [illegible] સદા શ્રીહરીને.

એતો દેહ સંબંધિ જાણો અનિત્ય, પ્રભુનાથનું નામ તો એ સત્ય;
નાવે જેથકી ગર્ભવાસે ફરીને, ભજો ભકિત ભાવે સદા શ્રીહરીને.
અભિમાન આડે નથી કાંઇ જોતા, કદાપિ નથી કૃષ્ણનું નામ લેતા;
અરે મૂઢ લોકો જવું છે મરીને, ભજો ભકતી ભાવે સદા શ્રીહરીને.
કહ્યું માનજો સર્વથા એક મારૂં, નથી કોઈ સંસારમાંહી તમારૂં;
માટે સંગ માયાતણો પરહરિને, ભજો ભકિત ભાવે સદા શ્રીહરીને.
કળીકાળમાં જન્મ મિથ્યા વગોયો, મહારત્નને કાચને મૂલ ગોયો;
ધરો ધ્યાન ગોવિંદનું આદરીને; ભજો ભકિત ભાવે સદા શ્રીહરીને.
જેણે ગોપિકાનાથનું નામ લીધું. તેણે જન્મ પામ્યાતણું સાર્થ કીધું;
ગયા તે તો સંસાર સેજે તરીને, ભજો ભકિત ભાવે સદા શ્રીહરીને.
એ તો વિષ્ણું ભકિતતણો છે પ્રબોધ, સુણીને રખે આણતા મન ક્રોધ;
કહ્યું ભૂખણે શ્લોક આઠે કરીને, ભજો ભકિત ભાવે સદા શ્રીહરીને.

અષ્ટક—આરણ્હી ૫ મું.

રમ્યા રંગ તે ગોપિકા સંગ રાસ, ઘણે પ્રીતિભાવે કરીને વિલાસ;
કહાવે તથાપિ સદા બ્રહ્મચારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
આવી ગોકુળે કામ અત્યંત કીધું, પિતા માતને સુખ સંપૂર્ણ દિધું;
એ તો નંદનો નંદ આનંદકારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
ઘણા દુષ્ટ મારી હર્યો ભૂમિ ભાર, કૃપાયે કરી ભકત તાર્યા અપાર;
જેણે નંદની ધેનુ નવલક્ષ ચારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
સુદામાતણી સાર અત્યંત કીધી, મુઠી તાંદુળામાં નવેનિધ દીધી;
કૃપાનાથ સાધુતણા હિતકારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
જમ-કિંકરે દુઃખ અત્યંત દીધું, ત્યારે નારાયણ પુત્રનું નામ લીધું;
એવામાં અજામેળ લીધો ઉગારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
સ્તુતિ સાંભળી ભકતની ભીડ જાણી, આવ્યા સદ્ય વૈકુંઠથી ચક્રપાણી;
મુકાવ્યો ગજ ગ્રાહ નાંખ્યો વિદારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી;
અરે બુદ્ધિહીણા ન જાણો હરીને, તેણે આવશો ગર્ભ વાસે ફરીને.
જુવોને તમે જ્ઞાન દૃષ્ટે વિચારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
હરીભકત પાખે વૃથા જન્મ જાશે, પછી અંતકાળે ઘણું કષ્ટ થાશે;
તે માટે તમે વાત બીજી વીસારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
વિષય વિષરૂપી શું વખાણો, આ સંસાર તે સ્વપ્નને તુલ્ય જાણો;
વિવેક કરી મોહ [illegible] નિવારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
ચતુર્ભુજ શ્રીનાથ છે [illegible] શરણ, મહાલક્ષ્મિ સેવે જેનાં નિત્ય ચરણ;
એ તો શંખ ચક્ર [illegible] પદ્મ ધારી, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.
તેણે શું થતું જે [illegible] ડાહ્યા, તેણે શું થયું દ્રવ્ય ઝાઝું કમાયા;
તેણે શું થયું જે રૂ[illegible]ની, ભજો દુઃખહારી સદા શ્રીમુરારી.

પ્રભુનાથ ચેાતે દિસે છે દયાળ, કરે નિત્ય ભકતેાતણી પ્રતિપાળ;
તેને જે ભજે તેા ગતી થાય સારી, ભજે દુઃખહારી સદા શ્રીમુરારી.
સદા ગામ વેલાંળ મધ્યે નિવાસ, પ્રભુજીતણેા નિત્ય દાસાનુદાસ;
રચી ભૂખણે તે સુણેા મેાક્ષકારી, ભજે દુઃખહારી સદા શ્રીમુરારી.

કબીર.

રાગ ધેાળ.

પદ ૧ લું.

આંબેા મેર્યારે સદ્‌ગુરૂને દરબાર, સાહેલીરે આંબેા મેારીએા;
હારે આંબે સદ્‌ગુણ થાણાં થાણીએા, જોયાં જોયાં કાંઇ નિરગુણ બીજ સાહેલીરે.
હારે આંબેા અષ્ટ કમળદળ ઉપન્યેા, વાંકી ડાળીરે ગઇ ગગન મેાઝાર સાહેલીરે.
હારે આંબે પત્રે પત્રે અમી ઝરે, વાકી વાડીરે, બહુ શેાભા લેત; સાહેલીરે.
હારે આંબેા ભમર ગુફામાં ફુલીએા, ફળ લાગ્યુંરે બ્રહ્મશુન્ય મેાઝાર સાહેલીરે.
હારે ફળ દ્રષ્ટે દેખી ન ગ્રહી રહ્યેા, સુંઘી ચાખતાંરે, મરી મરી જાય સાહેલીરે.
હારે રસ અતિ કડવેા ને ખાટેા ઘણેા, કેાઇ વીરલીરે, વાકે પેટ સમાય સાહેલીરે.
હારે રસ થેાડે થેાડે સાધતાં, તે તેા આંબલીરે, જોય સેા વાકુ ખાય સાહેલીરે.
હારે રસ રતી એક ઘટમાં જે સંચરે, તેને આપણેા, સાહેબેા દરસાય સાહેલીરે.
સખિરે કહે કબીર ધરમદાસને, તારેા આંબેા રે, મેં તેા દીયેારે બતાય સાહેલીરે.

પદ ૨ જું.

અંગલા ખુબ બન્યા મહારાજ જ્યાંને નારાયણ બેાલે ટેક.
હંસ બંગલેમેં દસ દરવાજા, બીચ પવનજા થંભા;
આવત જાવત કેાઈ નવ દેખે, એેહી બડા હે અચંબા અંગલા.
હંસ બંગલેમેં બાજા બાજે બાજે સાંજ સવેરી;
તાલ પખાજ ચેાર મરદંગ બાજે, રાગ છત્રીસેગાવે અંગલા.
હાડ ચામકી દેહી બનાઈ, નવ [illegible] કેાટ;
બાજીગરને ખેલ મચાયા, રંગ [illegible] ચડાયા અંગલા.
પાંચ પચીસેક પાતર નાચે, મનુવ [illegible] બન્યેા;
સુતરકી તરંતકી મરદંગ બાજે [illegible] છત્રીસે બાજે અંગલા.
રેમ રેમકી છાંઇ બનાઈ [illegible] ગુણકા ગાડા;
કહેત કબીર સુનેા ભાઇ [illegible] સુનવા વાડા અંગલા.

પદ ૩ જું.

રામ રસ એસા હે મેરેભાઇ,સાહેબરસમીઠાહેમેરેભાઇ ટેક.
કુંભકા બાંધ્યાં જલે રહે, જલ વિના કુંભ ન હોય;
(એમ) જ્ઞાન બાધ્યા મન રહેરે,ગુરૂવિનાજ્ઞાનનહોય રામરસ.
આગે આગે દવ જલેરે, પીછે હરિયા હોય;
હું બલિહારી એ રૂખનેરે, જડરે કટયે ફળ થાય રામરસ.
મીઠા મીઠા સૌ પીવેરે, કડવા ન પીવે કોય;
(પણ) સાકર પીધે દુઃખ ઉપજેરે,વીખપીધેસુખ હોય રામરસ.
ઘર બાળ્યે ઘર ઉગરેરે, ઘર રાખ્યે ઘર જાય;
એક અચંબા મેં સુણ્યા જે, મડા કાલકું ખાય રામરસ.
કબીરે કબીરા ઘર ઝાલીયારે, લીયા પલીતા હાથ,
તમરે તમેરા ઘર જલા દો, તો ચલો હમેરે સાથ રામરસ.
સાહેબકા ઘર દુર હે રે, લંબે પાન બજુર;
ચડે સો ચાખે પ્રેમ રસ, ઓર પડે સો ચકવા ચુર રામરસ.
પીયા સો અમર હો ગયા રે, પીવે સો અમર હોય;
સુરીનર મુનીવર જે પીવે, વાકે ધડ પર શીશ નસોય રામરસ.
મીસરી વેરાણી રેતમાં રે, કુંજરસેં ચુગી ન જાય;
મમતા મારો સંત આપકી, સો કીડી હોકર ખાય રામરસ.
ધ્રુવે પીયા પ્રહ્લાદે પીયા રે, પિયાયે પોનેરોડીદાસ;
દાસ કબીરજીએ જુગતે પીયા,જેનેફેરપીવનકેરીઆશ રામરસ.

પદ ૪ થું.

હો અબધુત એસો જ્યાન બિચારી, વામેકોણપુરૂષકોણનારી; ટેક.
બ્રાહ્મણ કે ઘેર નાતી ધેતી, જોગન કે ઘેર ચેલી;
કલમાં પઢ કર હુઇરે તરકડી, તો આપે આપ એકીલી હો અબધુત.
નહી પરણેલી હુંતો નહી કુંવારી, પુત્ર જણ જણ હારી;
કાણી મુડીકા કોઇ એ ન છોડયા, તો હજુએ બાળ કુંવારી હો અબધુત.
સસરો હમારો બાળોરે ભોળો, ને સાસુ બાળ કુંવારી;
પરણ્યો હમારો પારણે જુલે, તો મેરે જુલાનહારી હો અબધુત.
બ્રહ્મા વિષ્ણુ શંકર દેવા, એ તીનુકી મેં જઇ;
એ તીનુકે ઘેર ઘર ધણીઆણી, તોયે તિનકું ગોદ ખેલાઇ હો અબધુત.
નહિજાઉંસાવરીએ નહિજાઉપીયરીએ, સ્વમીકીસેજસમાઇ;
કહેત કબીરા સુનો સાધુ, તો જોતમાં જોત મિલાઇ હો અબધુત,

પદ ૫ મું.

હો અબધુત સો જોગી મેરા, સે હી ૧૮કાતુમકરોરેનીવેડા;હો અબ ટેક.
ચંદા બી નાહિ ને સુરજ નાહિ, નાહિ મુલ ને માયા;

રુને બીજ વાકું કુછવે નાહિ તો, જીવ કહાંસે આયા હો અબધુત.
બિના મુલ એક વૃક્ષજ દીઠા, બિનારે પુલ ફળ લાગ્યાં;
શાખા પત્ર વો તરવરકું નાહિ, એ અષ્ટ કમળદળલાગ્યાં હો અબધુત.
એક તરવર પર પંખી દો બેઠે, એક ગુરૂને દુજા ચેલા;
ચેલાને જુગ ચુન ચુન ખાયા, ગુરૂ નિરંજન એકીલા હો અબધુત.
ગગન મંડળમે ઉદમખ કુવા, ત્યાંરે અમીકા વાસા;
સુગરા હોય સો ભર ભર પીવે, નુગરા જાએ પીયાસા હો અબધુત.
ગગન મંડળમેં ગઉવાં વીઆણી, ધરણી દુધ જમાયા;
સાર માખણ કોઇ સંતે પાયા, તો છાશે જગતભરમાયા હો અબધુત.
કાચા સુતે સબ જગ બંધાયા, ને કોઇક વીરલા છુટા;
ઉલટ ચલા સો નગરીમેં પહુંચા, તો મારગ ચલાસો લુટા હો અબધુત.
કર બિના બાજાબાજાબિનાજંતર,બિનારેજીહાએગુણુગાવે;
ગાવન વાલેકી રૂપ ને રેખા, કોઇ સંતગુરૂ સંત બતાવે હો અબધુત.
શુન્યમાં શેહેર શેહેર બિચ બસ્તિ, અગમ અગોચર એસા;
ગગન મંડળમેં બાળક બેલે, તો નામ ધરૂંગી કેસા હો અબધુત.
બિનકા મારગ બોજ પંખીકા, કહેત કબીર બીચારી;
અપરમપાર પાર પુરૂષોત્તમ, ઓઇ સુરત બલીહારી હો અબધુત.

પદ ૬ ઠું.

એસા ગુરૂ ગ્યાની હમકું ધીરજદેવે,દુખડાંહમારાંહાં;
કોઇ બાંટી ન લેવે, એસા ગુરૂ ગ્યાનીહમકું ધીરજદેવે ટેક.
કાં બાંધું છપરી હાં, સંતો કાં બાંધું ટાટી;
કાં તોડી જીવના ને, કયા પડશે માટી એસા ગુરૂ.
થડ ચડી ઢુંઢું હાં, સંતો વન ચડી જોઊં;
કાયા રે નગરીમાં નહીં કો તેરૂં. એસા ગુરૂ.
કાચા કાચા કુંભે હાં, સંતો ભર્યા જળ પાણી;
ઊડ ગયા હંસા ને પડ રહિ નીશાની એસા ગુરૂ.
ઉડયા ઉડયા હંસા હાં, હંસા ચલારે વિદેશે;
રૂડા સાજનના કોઇ લાવો રે સંદેસા. એસા ગુરૂ.
સુની સુની સેજે હાં, સંતો નાંખું રે નિસાસા;
સેજલડી સંભારૂં, મારા [illegible] પાસે. એસા ગુરૂ.
કહેત કબીરજી હાં, સંતો સુણે [illegible] મી;
હરિ રે ભજન વિના [illegible] ન કોઇ. એસા ગુરૂ.

પદ ૭ મું

મારગ ભુલ્યો રે, બટોડા મારગ ભુલ્યોરે; ટેક.
ઉંચી મેડી મંદીર માળિયાં [illegible] દેખી મત ભુલ.

અંતકાળે જવું પ્રાણી એકલાં તું તો કરીલે મારગડાની સુધ; ઘટોડા.
માત પીતા સુત બંધવારે, ઘેર સલુણી નાર;
સ્વારથનું ચેતો સૌ સગું, તું તો દુનિયામાં દહાડાચાર. ઘટોડા.
જેસો પાણી ઉસકો રે, એસો આ સંસાર;
બાંય પકડ જમડા લે ચલે, તેરા કોણ છોડાવન હાર. ઘટોડા.

પદ ૮ મું.

આગે પીછે સૌ ચલે, તુ તો હજુએ ન ચેત્યો ગુમાર;
કહેત કબીરા રામ ભજી લો, ભજીલો તો ઉતરોપાર. ઘટોડા.
જેને સાધુકી સંગત પાઇ, વાકી પુરણ કમાઇ. ટેક.
દતગોરખ ગોપીચંદ ભરથરી, તોગગનમાંછાપરીછાઇ. જેને.
અંકા વંકા કેવળ કુબા, તો પાંચની મીરાં બાઇ. જેને.
ધના પીપા ચોર રોહીદાસા, તો સજનો જાત કસાઇ. જેને.
ધ્રુવ પ્રહ્લાદ અમરિષ વિભીષણ, ઉનકી ધન્ય કમાઇ. જેને.
કહેત કબીર સુનો ભાઇ સાધુ, તો જ્યોતમાં મિલાઇ. જેને.

પદ ૯ મું.

હારે જીણે આપકુ જોયા નહી, દીલ રાયકું ખોયા નહી;
મનને મેલકુ ધોયા નહી, અંગોલ કીયા સો કયા ભયા. ટેક.
હારે કામણ ગલેકા હાર હે, મદ કેલકા દરણારહે;
મન કામને સરદારહે, માળા લીધે સો કયા ભયા. જીણે આપકું.
હારે જીવતાંપિતાકુસુખનહીરે, મુવેહાડલઇગંગાચલા;
જલ ચુનસે પીંડા કીયા, તરપણ કીયા સો કયા ભયા. જીણે આપકું.
હારે કાયા કરમકે કોટકે, મમતા જુ તૃષ્ણા બાંધકે;
સુતો વિષયની બાટમાં, હર હર કીયા સો કયાભયા. જીણે આપકું.
હારે કુતા ભયા સંસારકા, ધંધા કીયા જંજાલકા;
હરદા ભયા ચંડાળકા, કાશી ગયા સો કયા ભયા. જીણે આપકું.
હારે જોગીને જંગમ સેવડા, સબ લાલ કપડા પહેરતા;
પણ મર્મ નહી ઉસ હાલકા, કપડા રંગ્યા સો કયા ભયા. જીણે આપકું.
હારે ફીગા હુવા સંસારકા, જેસા કુઝડા બેન્દરકા;
આયા ને તીરથ દ્વારકા, છાપા લીયા સો કયાભયા. જીણે આપકું.
હારે પંડીતસે ઝઘડા ભયા કયા મુરખસે બોલણા;
કહે કબીર ચંદ ભલા કયા કારણ હે ગજ તોડણા. જીણે આપકું.

સુરદાસ.

શ્રી મહાદેવજી શ્રી બાલકૃષ્ણજીનાં દરશન કરવા આવ્યા તે સમયનું.

પદ ૧ લું.

જીભલડીરે તને હરિગુણ ગાતાં, આવડું આળસ કયાંથીરે એ રાગ.
શિવ જોગી જશ ગાયેરે બાવા મેં જોગી જશ ગાયેરે—ટેક.
બ્રહ્મા ગાયેા વિષ્ણું ગાયેા, ગોજત પાર ન પાયેારે;
પરબ્રહ્મકેા મુખ દેખનકું મેં સકલ સૃષ્ટિ ફિર આયેારે શિવ જોગી.
દેવકી જયેા ગોકુલ આયેા, જશોમતિ સુખ પાયેારે;
કૈલાસેથી આવ્યેારે ડિગાંબર, આયકે અલક જગાયેારે શિવ જોગી.
ભિક્ષા લેકર આઈ નંદરાયની શંકર શીશ ધુનાયેારે;
નગન દેખકર ગઇરે ભુવનમાં, આયકે અમર ઓડાયેારે શિવ જોગી.
કયા કરું મૈયા તેરા પાટ પિતાંબર, કયા કંચન માયારે;
તેરા બાલકકા મુખ દેખનકું, સેા મેરે ગુરૂને બતાયેારે શિવ જોગી.
હાથ જોરકે ખડી નંદરાયની, સુનેા જોગિયાંકે રાજરે;
બાલકકેા તન દેખાઉં ડિગાંબર, બાલક જાત ડરાયેારે શિવ જોગી.
જાકી દ્રષ્ટી સકલ સૃષ્ટી પર, સેા કયું જાત ડરાયેારે;
મેરેા ઠાકુર અલક નિરંજન, સેા કયું ભુવન છુપાયેારે શિવ જોગી.
બાલકૃષ્ણ લે આઇ નંદરાયની, શંકર શીશ નમાયેારે;
સેવા કરી ચરણામૃત લીનેા, શૃંગી નાદ બજાયેારે શિવ જોગી.
સકલ ફલેા માઇ બાળક તેરેા, દેખ શંકર સુખ પાયેારે;
સૂર કહે બડેા ભાગ્ય જશેાદા, પુરણ પુણ્યસે પાયેારે શિવ જોગી.

પદ ૨ જું.

કેતે ગયે ઝખમાર, ભજન બીના કે તે ગયે ઝખમાર; ટેક.
માલા કંઠી તીલક બનાયે, ઠગ બાયેા સંસાર ભજન.
નીત નીત ઊઠત ન્હાયત ધોયત, કર સાચ આચાર;
દયા ધરમકી બાત ન જાનત, જૈસે પ્રેત ચંડાર ભજન.
પરમારથકી પેર ન પ્રીચ્છે, [illegible] લાહાર;
સુરદાસ ભગવાન ભજન બીન, જ[illegible] નર્ક દવાર ભજન.

પદ [illegible]

દેશી ચાલતી–જીવે સેા [illegible] બીના જીવેસેા. ટેક.
અંતર પ્રીત નહીં પુરૂષેાત્તમ [illegible] જેસે ભજન.

નહિં નહિં વાકુ સંત સમાગમ, નહીં વાકુગુરૂઉપદેસે;
હું હું કરતાં જનમ ગુમાયેા, મુનસા દેહી અંધસે ભજન.
એસેા અવસર બેર ન આયે, કૃષ્ણ નામ કબ લેશે;
સુરદાસ ભગવાન ભજન બીન, કહાં જાય જાત્તર દેશે ભજન.

પદ ૪ થું.

સૂનેા મેં ભક્ત બચ્છલ બ્રદ તેરેા; ટેક.
જનકી ઘટત તિહારી ઘટત હે,માન બચન સત મેરેા સૂનેા.
જન પ્રહ્લાદ દિવાલમેં રેાકેા, અસુરનેા ચેાદસ તે ઘેરેા;
બંભ ફેાડ નરસહીંયેા પ્રગટે, નખસે બેાધર ઢંઢેરેા સૂનેા.
ભરી સભા દ્રુપતી પત રાખી, બસન બધેા બહેા તેરેા;
ઝટકત ચીર ઘટત નહીં કબહુ, દુસટ પચેા બહેાતેરેા સૂનેા.
જલ ડુબત ગરાહ સિબારેા, હરી કુરણા મેાયટેરેા,
ગરૂડ છાંડ આતુર હેાય ધાયે, જમ દવાર તે ફેરેા સૂનેા.
દયા કરી પ્રભુજન ભકત નકી, ઉપર કરેા આય મેરેા;
તાતે સરન સુરરા ધેાકી, જન્મ જનમકે ચેરેા સૂનેા.

પદ ૫ મું.

અચંબેા અન્ય લેાકનકેા આવે ટેક.
છાંડ ગેાપાલ અમીરસ અમૃત, માયા બિલ ફલ ભાવે અચંબેા.
નંદીજ મુડ મલીઆગર ચંદન, કપીરપુ અંગ લગાવે;
માન સરેાવર તજત હંસ ત્રડ, કાક સરેાવર નાહાવે અચંબેા.
પગતરે જરત જનત નહીં મુરખ, પરઘર જાયબૂઝાવે;
લખ ચેારાસી દેહ સ્વાંગધર, ફર ફર ઝમકું હસાવે અચંબેા.
મારગ તરણુ સરણુ અચલ જગ,જલતાશું ચીત્તહરાબે;
કહે સુરદાસ પ્રભુ સંતન ભજ, હરીજસ કાયકુ ન ગાવે અચંબેા.

પદ ૬ ઠું.

મેારલી તું બેહેાત ગુમાન ભરી ટેક.
જાત ભાત તેરી સબ હમજતની, જંગલકી લકેત મેારલી.
શ્રીદ્રા બનકી કુંજગલીનમે, રાધે સું ઝગરી;
રતન સિંહાસન બેઠે મન મેાહન, કબહુ અધર ધરી. મેારલી.
કાસી જાયકે કરબત લીનેા, તીરથ બહેાત ફિરી;
સુરદાસ પ્રભુ તીહારે મિલનકું, સંગત તે સુધરી મેારલી.

૭ મું.

શ્યામ તેરી મેારલી મનકી બજાઉ ટેક.
જે જે બચત સૂનત પ્રભુજી એા સેા મૂખ ગાય સુનાઉ શ્યામ.
હરિ તેરેા મુકટહમસિરપરધરે ગા,તુમ શીરમકુટીધરાઉ;

તુમ ગોરસ લે જાવ ગોકુલમે, મગ રોકનકું મ્હેં આઈ સ્યામ.
હરિ તેરો ભુશન હમ પહીરે લાલા, હમેરોતુમકું પહીરાઊ;
તુમ માનની હો બનકર બૈઠો, પાયે લગન મોય જાઊ સ્યામ.
શ્રીદ્રાબનકી કુંજ ગલીનમે, ઝગર ઝગર દધી ખાઊ;
સુરદાસ પ્રભુ તુમ હો રાધે, મ્હેં નંદલાલ કહાઊ સ્યામ.

પદ ૮ મું.

મનરે તું કેહી બીરીયાં સમજાયે. ટેક.
ચરન કમલકી સેવા ચુકયો, તા કાર ન દુઃખ પાયો મનરે.
પરદારા શું ચિત્ત લગાયો, બિખીયા અબ રસ ખાયો;
જમકિંકર જબ લેઇ ચલેરી, કોઇ આર નહીં આયો મનરે.
આરે કુટંબકો ઊદર પુરો, એક સાધન જમાયો;
સુરદાસ ભગવાન ભજન બીન, ઊંધે સીર લટકાયો. મનરે.

પદ ૯ મું.

કેત્તે દિન હરી સમરન બીન બોયે. ટેક.
પરનીંદા રસનાકે રસમે, અપને કરતલ બોયે કેત્તે.
બિબિધ રૂચીર ચીર અંગદ મર્દન, બસન બનાયે ધોયે;
તીલક ચટક દે ચલે સ્વામી હોયે, બિષિયન કેમુખજોયે કેત્તે.
સબ જુગ કંપત કાલ કલબડર, સુર બ્રહ્માદીક રોયે;
સુરદાસ અધમકી કોંન ગત, ઊદર ભર ભર સોયે કેત્તે.

પદ ૧૦ મું.

અબ તો સાચે કલજુગ આયો ટેક.
પુત્ર ન માને કહ્યો પિતાકો, કરત અપનો મન ભાયો અબ.
બેટી બેચન સંકન માનત, ધન ધન મુલ બઢાયો;
ન્યાતે બરખામંદ હોત હે, પુન તે પાપ સવાયો અબ.
મથુરાં દેખી અબ બસતબીદ્રાબન,મુનિજનસોચઊપાયો;
એસે દેખ સાહેબેકે કારન, કાયકું સુર જીવાયો અબ.

પદ ૧૧ મું.

તજ મન હરી વિમુખકો સંગ, તજ મન હરી વિ૦ ટેક.
જાકે સંગ કુબુદ્ધિ ઊપજે, પડે ભજનમે ભંગ તજ.
કાગકું કાહા કપૂર ચુગાવત, સ્વાન નાહાવત ગંગ. તજ.
ખરકું કાહા અગરજા લેપન, મરકટ અ [illegible] અંગ તજ.
કાહા ભયો પેપાન કરાવત, બિષ્ય [illegible] ભોરીંગ તજ.
સુર દાસ કહે પ્રભુ કારીકામરીયાં, ચઢે ન દુજો રંગ તજ.

પદ ૧૨ મું.

રામ શું કર હેત રે, મન [illegible] શું કર હેત ટેક.

રામ નામકી બાડ કરલે, ઊબરે તેરા ખેત રે મન.
મન શું આ તન પિંજરારે, તાશું બાડા હેત રે મન.
મંજાર રૂપી કાલ તાકે, અણ ઘડી તો એ લેત રે મન.
સાધુ સંગત પ્રીત કર લે, તરે સો સાહ્યર સ્વેત રે મન.
સુર હરીકો ભજન કર લે, શુરૂ બતાયો ભેદ રે મન.

પદ ૧૩ મું.

કયું રે નીંદભર સોયો, મુસાફર કયું રે નીંદભર સોયો ટેક.
મનુષ્યા દેહ દેવતાકુ દુર્લભ, જનમ અકારજ ખોયો મુસા.
ધન દારા સુત બેભન તેરો, વામે મન તેરો મોહોયો મુસા.
સુરદાસ પ્રભુ ચલહી પંથમે, ને નન ભર ભર રોયો મુસા.

પદ ૧૪ મું.

બંસરી બજાઇ આજ, રંગસેં મોરારી બંસરી.
જલ સ્થલ જીવ જંતુ મોહ્યે, મોહ્યે પક્ષી સારી;
ગોકુલકે ગોવાલ બાલ, મોહ્યે બ્રિજનારી બંસરી.
બંસરીકી ધુન્ય સુન, સંકરકી છુટી તારી;
બેદ પઢત ભુલ ગયે, બ્રહ્મા બ્રહ્મચારી બંસરી.
જગ જન સબ મોહુ લીયે, ઐસી લગત પ્યારી;
સુરદાસ મદન મોહન, તીન લોક ન્યારી બંસરી.

પદ ૧૫ મું.

મેરે તો ગિરધરલાલ, દુસરો ન કોઇ મેરે તો.
શંખ ચક્ર ગદા પદમ, ગલે હાર સોઇ મેરે તો.
મોર મુગટ શીશ ધરી, મેરો પતિ સોઇ મેરે તો.
સુરદાસ છબી મોહ્યે, સમરૂં મેં તોહી મેરે તો.

દ્વારકો.

૧૮૮૭ સને ૧૭૪૪ માં હયાત હતો. તે ઘણું ખરૂં ડાકોરમાં હતો, પણ એનું મૂળ વતન ચરોતરમાંનું ભાલેજ છે.

શણગાર.

પદ ૧ લું.

આજ મારે આંગણિયે પેલો, નંદનો કુંવર બેઠો બ્રે;
હું ગઇતી જમુના જ ભરવા, છાનો ઘરમાં પેઠો બ્રે.
ઘરમાં પેશી એવું કીધું, માંકલડાં બોલાવ્યાં બ્રે;

મહિ કાઢી મ્હેાં આગળ મેલ્યાં, ખાવા સારૂ આવ્યાં જો.
એચિંતી મહિયારી આવી, હરિની ખાવડી ઝાલી જો;
મેાઢા ઉપર ગેારસ લેાહ્યું, એચંબા લઇ ચાલી જો.
સાંભળજે તું જશેાદા રાણી, તારેા કુંવર લાવી જો;
બાળક તારેા બહુ મસ્તાનેા, ટેવ શી પાડી આવી જો.
કહે જશેાદા ખૂટા બેાલી, જીભ કરેા કાંઇ થેાડી જો;
મારેા કુંવર કાંઇ ન જાણે, બેઠેા બેઉ કર જેાડી જો.
બાળ જુવે તેા પેાતા કેરૂં, જોઇને લજ્જા પામી જો;
સહુ ગેાપીનાં માન ઉતાર્યાં, એવેા અંતર્યામી જો.
એની અકકલને કેાઇ ન પહેાંચે, ગતિ એનીણહુન્યારીજો;
દ્વારકાના સ્વામી સંગે, અબળા રહી છે હારી જો.

પદ ૨ જું.

આદ્ય અંતની પ્રીત છે મારે, કદિયે મેાલે ન આવેાજી;
અબળાંનેા અપરાધ ન જોઇએ, પ્રેમે કરીને બેાલાવેા પાલવ.
પ્રથમ પહેલું અમૃત પાઇને, ઝેર હવે શીદ પાવેાજી;
જળ વિના જેવું મીન વછેાડ્યું, એમ શીદ તલસાવેા પાલવ.
ભાત ભાતનાં ફળ અમૂલખ, હંસ હશે તે ચરશેજી;
મીઠા જળનું માછલડું તે, બારે જલ કેમ હરશે પાલવ.
શમસ્યામાં સૌ સમજી લેજો, આજું તે શું કહીએજી;
દાસ દ્વારકાના સામું નિહાળેા, આવા કઠણ ન થઇએ પાલવ.

પદ ૩ જું.

વસંત ઋતુમાં આનંદ મારા વહાલા, ઘેર ઘેર ઓચ્છવ થાય;
જે ઘર આનંદ ઓચ્છવ ના થાએ, તે ઘર મૂઢ કહેવાય વસંત.
તાલ પખાજ બાજે બાંસુરી, વાજાં લેઇ લેઇ જાય;
અબીલ ગુલાલ અગર કસ્તુરી, કેસર રંગ ઘેાળાય વસંત.
પ્રેમે ગાયે સાંભળશે જે કેાઇ, સેજે વૈકુંઠ જાય;
દાસ દ્વારકાનેા સ્વામી સાચવીએ, મારા હૃદયામાં સમાય વસંત.

પદ ૪ થું.

છાંટે છે પીચકારી રે, રંગ ભીને રંગીલેા, છાંટે છે ટેક.
જુમનાંની તીરે તે હળધર વીરે, બેલ મચ્યે અતિ ભારી રે. રંગ.
ભીની શી ચેાળીને, હરિ રમે હેાળી, કેસર ગાગરશિરઢેાળીરે. રંગ.
કુમ કુમ કેસર ઘેાળ્યાં તે રાન્યાં, કસ્તુરી રંગ રેલેારે. રંગ.
સ્વામી દ્વારકાનેા સખીઓમાં શેાભે, [illegible] બીહારીરે. રંગ.

પદ ૫ મું.

સાંભળ તું સજની રે, મનુહાર શી કરીએ;
સુખલડી તો સારી રે, મોહો આગળ ધરીએ.
જલેબી પેંડા રે, મીઠા માલપુઆ;
શીરો ને પૂરી રે, તેના સ્વાદ બુજવા.
ખાન્ડ ને ઘેબર રે, સુંદર શાક તળ્યાં;
ચાખીને બુઓ રે, પકવાંન લાગે ગળ્યાં.
કારેલાં કડવાં રે, રૂડી રસ પોળી;
હરિ હેતે જમાડું રે, ઘીમાં ઝબકોળી.
અળવી ને સૂરણ, રે, મેથીની ભાજી;
કઢી ને કુરજ, રે, તરત કરી તાજી.
રાઇનાં અથાણું રે, ગંગા જળ ઝારી;
પ્રેમી જન કહે છે રે, એ છે બહુ સારી.
અલબેલાજીની રે, આરતી ઉતારી;
દ્વારકો કહે છે રે, જોતાં જાઉં બલિહારી.

ઉપદેશનાં પદ.

પદ ૬ ઠું.

જીવ તારી શી ગતિ થાશે રે, માયામાં ગોથાં ખાશે રે;
અતુરાઇ ચુલે પડી રે, હરિને ભજ્યા નહીં ઘડીરે.
આવીને તેં શો લાભ લીધો રે, ખોટનો વેપાર કીધો રે;
હરિની તો સેવા ન જાણી રે, પાપની પોલી ઘાણી રે.
માયામાં મુવો રળીને રે, બેઠો કંકોડી દળીને રે;
વિષયમાં ઘણોજ મહાલ્યો રે, અવળે મારગ ચાલ્યો રે.
પર નારી દેખીને મોહ્યો રે, તપાસી તેં ભેદ ન જોયો રે;
ઉંચાં મંદીર ને મેડી રે, વેપારની ચાલે છે પેઢી રે.
લાભે તો લેખાં કરતો રે, હૂંદે રામ નામ ધરતો રે;
સાધુનો તેં સંગ ન કીધો રે, આવ્યાને ન આદર દીધોરે.
લાંબી સોડ ઘાલી પોઢયો રે, આવ્યોએવોગયોજદોડયોરે;
દ્વારકો કહે છે તમને રે, જોતો તમે આવતા જન્મને રે.

પદ ૭ મું.

તું કાં ભૂલ્યો સમજુ થઇ, મૂઢ મતિ મતિ તારી થઇ;
લક્ષ ચોર્યાશી ફેર. ફર્યો કેમ નામ હરિનું વિસર્યો.
જ્યારે હતો તું ઉદર હી, પરિક્ષક્ષ તેં પોકાર્યા ત્યાંહી;
તિહાં હરિતણું સ્મરણ કર્યુ, તે સ્યામળીએચિત્તમાં લીધ.
પુરે માસે આવ્યો બહા વિસરી ગયા તને મોરાર;
ઉદરનાં દુઃખ આગમાં , પછે સુખ સંસારી થયો.

માત પિતાને વહાલું બાળ, રમવા જાય કરે બહુ આળ;
વઢવાડો તો લાવે ઘણી, નિશાળેથી ઉતર્યો ભણી.
એટલે આવ્યું વેવિશાળ, પરણ્યો વર્ષ થયાં જ્યાં બાર;
સોળે વરસે આવી સાન, વીશે વરસે વળિયાં વાન.
નારી સાથે માન્યું મંન, રળવાને તું લાગ્યો ધન;
ધરણાગીમા વાંકો ફરે, નવાં નવાં બહુ પ્રાકમ કરે.
ઢાહ્યો ડહાપણ સમજૂદાર, બાંધ્યા ઘરના માથે ભાર;
વેપાર વણજ કરિયા બહુ, લાગ્યું છે ઓળખવા સહુ.
ત્રીશ થયાં ચાળીશની ગામ, તોય નથી ભજંતો શ્રીરામ,
ધંધામાં નવરો નવ થયો, અવસર બાધો એળે ગયો.
પચ્ચાશે તો આવ્યાં પળિયાં, મોનાં ડાચાં સર્વે મળિયાં;
કૂલી જેમ કરમાયે ફૂલ, થયું છે તન તો તેની તૂલ,
સાઠે વર્ષે નાઠી સાન, કાંઇ થયા છે બહેરા કાન;
ઘરનેં લોકે સર્વે કહ્યું, ડોસાનું તો ડહાપણ ગયું.
સીતેર વરસ વીત્યાં સહી, ગતિ ચાલવાની નવ રહી;
તોય ઉદરમાં જોઇએ અન્ન, માયામાં લલચાયું મંન.
લેખું લેશે રાજા ધર્મ, કહે અવ્વા શાં કીધાં કર્મ;
મરણતણી છે માથે ખોડ, માટે પ્રીત પ્રભુથી જોડ.
સંભારે તે સુખમાં રહે, સાધુ જન શિખામણ કહે;
પાણી પહેલી બાંધી પાળ, દ્વારકા તું તારૂં સંભાળ.

પદ ૮ મું.

ચેતી લે ચેત્વાનો અવસર, ફરી ફરી કયાં મળશે રે;
જોબન જાતાં વાર ન લાગે, જરા આવીને ઢળશે રે.
ઢળશે ત્યારે નહિ રહે ધારણ, થર થર કાયા ધ્રુજે રે;
માયાની અંધારી નાંખી, તેમાં કાંઇ નવ સૂજે રે.
સૂજે કયાંથી સમજણ નથી, કુટુંબ કબીલે વાહ્યો રે;
અવળે સવળે બંધે બાંધ્યો, હવે શું બંધાયો રે.
કહો ભાઇઓ એને શું કહિએ, મૂરખ મનનવ આણે રે;
દુર્મતિ આગળ કાંઇ ન સૂજે, આપે આપ વખાણે રે.
મોહો ભરિયો, મત્સર ભરિયો, અભિમાને ભરાયો રે;
નારી સાથે નેહ ઘણો ને, ઘણા વશ ને થાયો રે.
થાયો ત્યાં તો ધુળ મળ્યું ને, ગાંઠે નહિ કોડી રે;
ઠાલા હાથે ઠાલાં જાવું, શીદ મન છે દોડી રે.
સંસારી સુખ જોવા માત્ર, જાણે સઘળું ખોટું રે;
આગળ અવસર એવો આવે, દુઃખ છે મોટું રે.
ખોટામાંથી ખરૂં કરી લે, તે આપને તાણી રે;

સાધુ જનની સેવા સજને, ભજને સારંગપાણી રે.
એ શિખામણ માન્યા સરખી, માની લેજો કોઇ રે;
આવ્યા છો તો લાભ કમાવા, જાશો મુડી ખોઇ રે.
ખોઇને જાશો ખત્તા ખાશો, કેમ કહ્યું નથી કરતા રે;
અન્ન માટે આથડતા હીંડો, પેટ પાપથી ભરતા રે.
પર નિંદા ખાડો છે પૂરો, કેમ પડે છે જાણી રે;
જાણીને તેં બાંધ્યું તાણી, જૂઠી વાત વખાણી રે.
એક ઘડી એકાંતે બેસી, હરિનું નામ ન લીધું રે;
અમરિતનો રસ અળગો મૂકી, ઝેર હળાહળ પીધું રે.
પીતાં પૂરણ તું ન ધરાયો, જોયું નહિ વિચારી રે;
કહે દ્વારકો રામ ભજી લ્યો, નહિ તો જાશો હારી રે.
સંવત અઢારસેં પૂરામાં, કારતક સુદી દશમી રે;
શિખામણ સુણી હરિજનહરખે, વિમુખજીવનેવસમીરે.

દેવાનંદ.

એનાં પદમાં બોધ સાથે સપાટા છે.

પ્રભુ સાથે પ્રીત કરવા વિષે.

પદ ૧ લું.

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડીરે, મરી જાવું મેલી ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઇનું રે.–ટેક.
સંસ્કારે સંબંધી સર્વે મળ્યાંરે, એ છે જુઠી માયા કેરી ઝાળ. અંત.
મારૂં મારૂં કરીને ધન મેળવ્યુંરે, તેમાં તારૂં નથી તલભાર. અંત.
સુખ સ્વપ્ના જેવું છે સંસારનુંરે, તેને જાતાં ન લાગે વાર. અંત.
માટે સેવજે તું સાચા સંતનેરે, તારાં ટળશે ત્રિવિધિનાં તાપ. અંત.
અતિ મોટા પુરૂષ આશરેરે, બળે પૂર્વ જનમનાં પાપ. અંત.
એવું સમજીને ભજ ભગવાનનેરે, સુખકારી સદા ઘનશ્યામ. અંત.
દેવાનંદનો વ્હાલો દુઃખ કાપશેરે, મન વાંછિત પૂરણ કામ. અંત.

પદ ૨ જું.

મળ્યો મનુષ્યનો દેહ ચિંતામણ રે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;

નથિ લેતો નારાયણ નામનેરે.-ટેક૦
માથે જનમ મરણ મોટું દુઃખ છેરે, તારા અંતરમાં હરિને આરાધ્ય. નથી.
ઘણું સુજે છે કામ સંસારનુંરે, કરે સગાનું બહુ સનમાન. નથી.
હેત કરતો નથી હરિદાસમાંરે, હઈયા ફુટા તું લૂણહરામ. નથી.
પરનારી સંગાતે કરે પ્રીતડીરે, તારો એળે ગયો અવતાર. નથી.
બહુ નામીની બીક નથી રાખતોરે, અરે અંતે મળીશ તેમ ખુવાર. નથી.
અતી કઠણ વેળા છે અંત કાળનીરે, પછી થાશે તુંને પસ્તાવ. નથી.
દેવાનંદની શીખામણ માનજેરે, તારા અંતરમાં કરીને ઉચ્છાવ. નથી.

પદ ૩ જું.

તારા મનમાં જાણે છે મરવું નથીરે, એવો નિશ્ચય કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનનેરે.-ટેક.
ધન દોલત નારીને ઘણા દીકરારે, ખેતીવાડી ઘોડીને ઘરબાર. તેમાં.
મેડી મંદીર ઝરૂખા ને માળીયાંરે, સુખદાયક સોનેરી સેજ. તેમાં.
ગાદિ તકિયા ને ગાલમશુરિયાંરે, અંત આડ કરે છે એજ. તેમાં.
નિચિ આંધ કરીને નમતો નથીરે, એવું સાધુ સંગાતે અભિમાન. તેમાં.
મરમાળી મોહજીની મૂર્તીરે, તેની સાથે ન લાગેલ તાન. તેમાં.
પાપ અનેક જન્મનાં આવી મળ્યાંરે, તારી મતિ મલીન થઇ મંદ. તેમાં.
દેવાનંદના વ્હાલાને વિસરી ગયોરે, તારે પડયો ગળે જેમ ફંદ. તેમાં.

પદ ૪ થું.

તારે માથે નગારાં વાગે મોતનાંરે, નથી એક ઘડીનો નિર્વાર;
તોય જાણ્યા નહિ જગદીશનેરે.-ટેક.
મોટા મેલીને રાજ મરી ગયારે, જોને જાતાં ન લાગી વાર. તોય.
તારૂં જોબન ગયું જાણ મારતુંરે, માથે કાળા મટી ગયા કેશ. તોય.
અંતકાળે લેવાને જમ આવિયારે, તેનો ભાળી ભયંકર વેશ. તોય.
રોમ કોટી વીછુતણી વેદનારે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય.
સગાં સ્વારથી મળ્યાં સર્વે લુંટવારે, તેનું જરાએ ન ચાલે જોર તોય.
જીભ ટુંકી પડીને તુટી નાડિયોરે, થયું દેહ તજ્યાનું તતકાલ. તોય.
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથનેરે, મળ્યો મનુષ્યનો દેહ વિશાળ. તોય.

પદ ૫ મું.

ભજ્યો નહિ ભગવાનને, મળ્યો મનુષ્યનો દેહ;
પ્રીત કરિ પરનારશું. નીચ સોબત સ્નેહ. ભજ્યો.-ટેક.
મિથ્યા માયાના જોરમાં, થયો [illegible] અજાણ;
લાજે વિંટાણો લોકની, કે આપ વખાણ. ભજ્યો.
ચિન્તા ઘણી ચીત્તમાં ભરિ, હૈડા ભુંડા હેરાન;
ખુટેલ હૈયું ને ફેલ આવડે, મિથ્યા મોટપનું માન. ભજ્યો.
જુઠા બોલો નથી કળતે માથે મરવાની ઘાત;

દેવાનંદ કહે જમ આવશે, મા૨ મુરખ ખાત. ભજ્યો.
અંતે જાવું છે એકલાં, સંગે આવે ન કોઇ;

પદ ૬ ઠું.

માત પિતા ને ભાઇ દીકરા, નારી કુટે છે રોઇ. અંતે–ટેક.
ભુખે મરી ભેળી કરી, માયા લાખ કરોડ;
ડાટિ રહેશે દરબારમાં, જોને આંખ્યું ના ફોડ. અંતે.
જીવ સંગાતે જાય છે, પુન્ય પોતાનાં પાપ;
સુખ દુઃખ ફળ તેનાં ભોગવે, જમપુરીમાં આપ. અંતે.
રાજા ધરમની આગળે, ખાસો મુરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, લક્ષ ચોર્યાશી વાર. અંતે.
ભુલિ ગયો ભગવાનને, ગયું જોબન બાળ;

પદ ૭ મું.

આવ્યું બુઢાપણ અંગમાં, કેડે આવે છે કાળ. ભુલિ–ટેક.
ઘરનાં માણસ જાણે ઘેલડો, કોઇ ન માને વાત;
અક્કલ ઘટીને વધી આપદા, કેદી મરશે કુજાત. ભુલિ.
મનમાં અતિ ધન ધાખડી, વાલા વિષે વિકાર;
આડું બોલે તે અફિણિયો, દુઃખ પામે અપાર. ભુલિ.
શરીરનું ચામડું સુકું થયું, થયો અંધ અધીર;
દેવાનંદ કહે હરિ ન ભજ્યો, બહુ નામી બળવીર. ભુલિ.
પ્રભુ ભજી લેને પ્રાણિયા, ધન દોલત ને નાર;

પદ ૮ મું.

તેને તજી જાવું એકલાં, સગું કુટુંબ સંસાર. પ્રભુ–ટેક.
જેણે ભજ્યા જગદીશને, ભવ પામ્યા તે પાર:
એને વિસારીને આથડે, ગોથાં ખાય ગમાર. પ્રભુ.
લખ ચોર્યાસી જાતનાં, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, દુઃખ વારંવાર. પ્રભુ.
વૈદ કોટિ વાંસે ફરે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, દેવાનંદ કહે વિવેક, પ્રભુ.

પદ ૯ મું.

જન્મ સંગાતી વિસરયા જગદીશનેરે, એળે ખોયો માણસનો અવતારરે;
સગું નથી કોઇ જાણે તારા રાવનેરે, સુપના જેવો જુઠો આ સંસારરે. જન્મ.
ડાહ્યો થઇને ડોલે નિર્લજ ના મારે, મરમ કરીને બોલે મિથ્યા વેણરે;
શેરીમાં મરડાતો ચાલે માનમારે, રાતાં દિસે રોષ ભરેલાં નેણરે. જન્મ.
નારિ આગળ એક રતી ન ઉપજેરે, ડાપણ મેલી જ્યાં દોરે ત્યાં જાયરે;
નિર્લજ થૈને નાચે કુબુદ્ધિ કેણમારે, વિષે ભરેલો ગરજુ ગોથા ખાયરે. જન્મ.

અંતરમાં કપટી ને ઉંડી ઈર્ષારે, સાધુ જનનો વેશ ન કીધો સંગરે;
દેવાનંદ કહે જમ નેરાવર આવશેરે, ભાંગી કરશે ભુકો તારૂં અંગરે. જન્મ.

પદ ૧૦ મું.

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિનારે, તપ તીરથ કરિયે કોટી ઉપાયરે;
પુન્ય કરી અમરાપુરનું સુખ પામીયેરે, અંતે પાછો ફેરગટ ફેરો થાયરે. ભવ.
માયાની મોટપ તે મિથ્યા જાણજોરે, નદિએ આવ્યું જેમ પાણીનું પૂરરે;
તેની પેઠે ધન જોબન ને જીવવુ રે, આકડાનું જેમ ઉંડી જાએ તુરરે. ભવ.
સગાં કુટંબ મેલિને મરવું એકલુંરે, લખ ચોરાશી ફરવું વારંવારરે;
પાપતણાં ફળ આગળ તારે આવશેરે, કર્મ કરીને ભરિયા તે કોઠારરે. ભવ.
આજ અમુલખ માણસનું તન આવિયુંરે, ભજવા સારૂ ભાવ કરી ભગવાનરે;
દેવાનંદ કહે માન તજીને માનજોરે, વાત વિચારી ચતુર સારી ચતુરસુજાણરે. ભવ.

પદ ૧૧ મું.

સગપણ સાચું જાણે શ્રી ઘનશામનુંરે, કેવળ ણીજું માન કુડાકુડરે;
સગાં સંબંધી સ્વાર્થ કેરાં સોબતીરે, મેલી જાશે મુખમાં નાખી ધુડરે. સગ.
દેશ વિદેશે ડોલે ધનને કારણેરે, પ્રભુ વિસારી લાલચમાં લપટાયરે;
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણીઓરે, જોને તારૂં જોબન એળે જાયરે. સગ.
કાળ અચાનક મોજું આવે કારમીરે, ઘેરી લેશે ત્રાટે ઘરનું બારરે;
નાડી તુટી આંખ્યું બારે નિસરીરે, તે ટાણે શામળિયો કરતલ સારરે. સગ.
એટલા સારૂ કરજે એનો આશરોરે, માથે પડતો મટશે જમના મારરે;
દેવાનંદ કહે દાસપણામાં લાભ છેરે, પ્રેમ કરીને રાખો મનમાં પ્યારરે. સગ.

પદ ૧૨ મું.

દેખ વિચારી દિલમાં તારા દેહનેરે, નથી રહ્યાનો એક ઘડી નિરધારરે;
મમતા મોટી ઓટિ બાજી ખેલછેરે, ભુંડપ કેરો માથે લેમાં ભારરે. દેખ.
વરણાગીમાં વડ પેપાંની હારનોરે, ઉપર રાતો માતો રંગનો છેલરે;
ભિંતર કાચો ભેખ ધરીને ભોળવેરે, ફેરગટ ફરતો કરતો કુડા ફેલરે. દેખ.
આતમ સાધન કાંય ન કીધું આળસુરે, વિષયમાં વિંટાણો બારે માસરે;
હરિજન સાથે હેત ન કરતાં આવડયુંરે, કપટી તારો કોણ કરે વિસવારે. દેખ.
સુમ થયો ધન સંચીને ભેળું કરયુંરે, મરતાં સુધી ન ખરચ્યું ન ખાયરે;
દેવાનંદ કહે મધમાખી લૂટાય છેરે, હાથ ઘસીને પામર તું પસ્તાયરે. દેખ.

પદ ૧૩ મું.

હૈયાના ફુટયા, હરિ [illegible] ન કીધું;
લખ ચોરાશિ કેરૂં લગડું, [illegible] માંગી લીધુંરે. હૈયા.
પેટને અરથે પાપ કરંતાં, [illegible] હરિ નવ જોયું;
ચાર દિવસના જીવતર સારૂ, [illegible] માયામાં મોહ્યુરે. હૈયા.

જન્મ મરણું દુઃખ ગર્ભવાસનાં,તે નવ શકિયેા ટાળી;
માત પિતા સુત જુવતી સંગ,વિસારચા વનમાળીરે. હૈયા.
આળસ ને અજ્ઞાન અતિશે, કામ બગાડયું તારૂં;
દેવાનંદ કહે દેખ વિચારિ, માન કહ્યું તું મારૂંરે. હૈયા,

પદ ૧૪ મું.

દુનિયામાં ડાહ્યો, ડાપણમાં દુઃખ પામે;
ભવતારણ ભગવાન વિસારી, ચડીયેા ઠાલે ભામેરે. દુનિયા.
મનુષ્ય દેહ મળ્યેા અતિ મેાટેા,ખેાટેા જાણી ખેાયેા,
ચેારે ચેાટે જુઠું બેાલ્યેા, નાહક નિર વલેાયેારે. દુનિયા.
હરિ હરિજન સંગ હેત ન કિધું,પીધું વિષનું પાણી,
સુખ સંસારિ પામ્યા સારૂ, મુવા લગી ઘર તાણિરે. દુનિયા.
હરખ શેાકની નદિયેા મેાટી, તેમાં જાય તણાણેા;
દેવાનંદ કહે હરિ ભજ્યેા નહીં,ઘણે દુઃખે ઘેરાણેારે. દુનિયા.

પદ ૧૫ મું.

અજ્ઞાની તારા, અંતરમાં દેખ વિચારી;
અંત સમે કેાઇ કામ ન આવે, સગાં કુટંબ નરનારી. અજ્ઞા.
નેણન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતેા;
કાળ કરાળ કઠણ શિર વેરિ,દિલમાં કેમ નથી ડરતેારે. અજ્ઞા.
માલ મિલ્કના મંદિર મેલિ, મુઆ ભૂપ મદમાતા;
શ્વાન શુકરનાં દેહ ધરિને, ઘર ઘર જોથાં ખાતારે. અજ્ઞા.
આજ અમૂલખ અવસર આવ્યેા,હરિ ભજ્યાનું ટાંણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનેા, ન મળે બરચે નાણુંરે. અજ્ઞા.

પદ ૧૬ હું.

પામર તે પ્રાણી વીસારચા વનમાલી,
મિથ્યા સુખ માયામાં મેાહ્યેા,મૃગ તૃષ્ણા જળ ભાળીરે. પામ.
આઠે પહેાર અંતરમાં બળિયેા, ઘણે ઘણાને ધાયેા,
રળી ખાધી ધન ભેળેા કીધેા, ન બરચ્યેા ન ખાયેારે. પામ.
નારી આગળ નીલજ થૈને, બિહીતેા બિહીતેા બેાલે;
હઠકલાવે હરખી બેાલાવે, કરે તરણાંને તેાલેરે. પામ.
સાળેા સસરેા સગાં સંબંધી, તેની સેવા કીધી;
દેવાનંદ કહે સા જનનિ, સેવા તજી તે દીધીરે. પામ.

પદ ૧૭ મું.

આવેા દેાઢા અવસર, બેાળખવા એક હરી;
મેધું મનુષ્ય તનરે, નાવે તારે ફરી ફરી. આવેા.

ધન જોબન તન રંગ પતંગી, વણસે વારંવાર;
તે સારૂ જતન કરે છે, સપનું આ સંસાર; આવો.
મેલી એને મરવું રે, ડરવું દિલ દોષ ધરી. આવો.
વાસ કરે નિત વૈષ્ણવ જનમાં, મનમાં માને વાત;
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ દુઃખ જાત;
ભક્તિ કરજે ભાવેરે, ધર્મની ટેક ધરી. આવો.
સૌમ્યસ્વભાવપરમસુખસંપત્તિ,એહિપામ્યાનોઉપાય;
પ્રગટ સ્વરૂપ ઓળખજે એવું, દુર્લભ દેવ ગવાય;
એવું તન આવ્યું રે, લેજે બજરાજ વરી. આવો.
માયાની મોટમ મીથ્યા, નથી ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુઃખભંજન, કરૂણાનિધિ કરતાર;
કહણ વેળામાંરે, રહેશે તારાં કારજ સરી. આવો.

પદ ૧૮ મું.

કાયા માયા કુંડીરે, રાણી તારી રહેશે નહીં;
જોને તું વિચારીરે, ઘેલા કેમ અકકલ ગઇ. કાયા-ટેક.
નંદ રાજાને અણગળ નાણું, ભરી સંચી ભંડાર;
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર;
ન બાંધી નં બરચીરે, વેઠે મુવો ભાર વહી. કાયા.
રાવણ રિધસીધપુરણપામ્યો, ઇંદ્ર અધિક અભીમાન;
અજ્ઞાને અવરાણું અંતર, ભુલી ગયો પ્રભુ ભાન;
વાદળની છાયારે, જોતાં જોતાં છેદે ગઇ. કાયા.
ભજ ભગવાન માન તન મેલી, બેલી કર બળવીર;
લાલચ રાખે લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર;
અધમ ઉધારણરે, અભેદ આપે સહી. કાયા.
મૃગ જળ ભરવા મુરખ માણસ, દોડે સૌ સંસાર;
વાત વીચારી પાછો વળજે, પામ્યા નથી કોઇ પાર;
દેવાનંદ કહે દેખીરે, વિવેકની વાત કહિ. કાયા.

પદ ૧૯ મું.

કાળ તારી કેડેરે, આયુષ્યને ઓછી કરે;
મમતામાં મૂરખરે, ખુંતો તેમાં ખબર ન રહે. કાળ-ટેક.
બાળપણું જોબન ગયું જોતાં, ઘરડો થયો તું ગમાર;
આજકાલ આવ્યો તારો વાયદો,મ થયે જનનો ભાર;
વાર નથી ઝાઝીરે, દીલમાં હજી ન ડરે. કાળ.
લવ નિમેષ ઘડી મારત માપે, એહોરાત્ર દિવસ પરમાણ;
બાર માસે કરી વરસ કહ્યું, સદકે બુગ સુબ્રહ્મણ;

માથે તારે મોટુંરે, ફરતું એવું ચક્ર ફરે. કાળ.
ચાર જુગની એક ચોકડી એકોતેર અલપાય;
ઇંદ્ર પડે અધિકારથી, ત્યારે તું કોણ માત્ર કહેવાય;
ચોર્યાસીનુ લગડુંરે, માગી શીદ માથે ધરે. કાળ.
કર કર સંતસમાગમ સાચો, અવસર આવ્યો અમૂલ;
દેવાનંદ કહે દેખ વીચારી, અંતઃકરણ અંકુલ;
ભક્ત્યા વના ભૂધરરે, જીવ બહુ જનમ ધરે. કાળ.

પદ ૨૦ મું.

પ્રભુ ભજ પ્રાણીરે, કે કીધી નર દેહ દયા;
હરી હેતકારીરે, તારે સારૂ પ્રગટ થયા. પ્રભુ–ટેક.
કલ્પતરૂ કરૂણાનીધિ કેશવ, મન વાંચ્છિત ફળ દેત;
એ મૂર્તી અંગમાં ધરતાં, લાભ અલૌકીક લેત;
અગણિત આગળરે, જોને જગ જીતી ગયા. પ્રભુ.
ભક્તાધિન નિગમ નેતી ગાવત,આવત અવની માંય;
અકળરૂપ ઓળખજે એવાં, કરવું રહે નહીં કાંય;
જાણ્યા વીના જગમાંરે, વહેતે પુરે જતશો વહ્યા. પ્રભુ.
રાખો ધરમ રમાપતિ રીઝે, કીજે સુકૃત કાજ;
માન બડાઇ મોટપ મેલી, ફોગટ ફેલી ટળ આજ;
નિરભેની નોબતરે, વાગી પછે કુશળ કાયા. પ્રભુ.
નાજ્ય બજનો નીરખી નાણું, કર ગોવિંદ ગુણગાન;
દેવાનંદ કહે દોષ નિવારણ, ભવતારણ ભગવાન;
કરૂણાના સાગરરે, વાલાજીને વેદે કહ્યા. પ્રભુ.

ઈછારામ.

લાવણી.

ચાલો જઇયે દરશન કરવા. ડાકોરમાં ઠાકોર બિરાજે છે;
દીનોનાથ દયા દાતાર, દરશનથી દુઃખ ભાગે છે.
પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું, શંખાસુરને મારીને;
શંખ નારાયણ પેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને.
કચ્છ રૂપે સાગર મથિયો, ચૌદ રત્ન બાર કાઢીને;
અમૃત તો અમરોને પાયું, વિષ પાયું વિષ ધારીને;

વરાહ રૂપે પૃથ્વિ લાવ્યા માધ નિરંજન આજે છે.
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે;
પ્રહ્લાદની પ્રતિપાળ પાળવા, નરહર નરસિંહ રૂપ ધર્યું.
હિરણ્યકશ્યપુ નખે વધેર્યો, વિધિનું વાયક સફળ કર્યું;
વામન રૂપે બળિને ચાંપ્યો, ઈંદ્રરાયનું કાજ કર્યું.
છબિલો છડીદાર થૈ ઉભા, બળિ રાજાનું ભાગ્ય ભજ્યું;
ફરશી ગ્રહી ન ક્ષત્રી કીધી, જઈ કુકણ બિરાજે છે.
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે;
અનેક હુખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
વિભીષણને લંકા આપી, પથરા પાળજ તારીને.
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌ ચારીને;
મોરલીમાં મહા મોહ પમાડ્યાં, ત્રણ્ય લોક નર નારીને.
સુદ્ધા રૂપે જગન્નાથજી જગમગ જોત બિરાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.
અકળકળા નવખંડમાં વ્યાપી, ઘટ ઘટમાં તમોરમીરહ્યા;
ડાકોરમાં ઠાકોર બિરાજ્યા, બોડાણા પર કરી દયા.
ગંગાબાઇના ગુણ વધાર્યો, સવા વાલથી ઓછા થયા;
ભક્તિ જાણી સારંગપાણી, ગુગળી પાછા ઘેર ગયા.
માખણિયો આરો છે સારો, લીંબડો મીઠો લાગે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.
ઊંચુ દેવળ ઊંચુ શીખર, ધોળી ધજા ફર ફરે;
જે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યાં ગડગડે.
ગોમતી નીરે સંગમ તીરે, સંઘ આવી ત્યાં પડાવ પડે;
આઠે દહાડે શુકરવારે, વાલમનો વરઘોડો ચડે.
રણછોડ રસિયો સૌમાં વસિયો, સઉને માથે ગાજે છે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.
ઉત્તર દક્ષિણ પૂરવ પશ્ચિમના, લોક દરશને આવે છે;
મોટા મોટા સંઘવી થૈને, સંઘ ડાકોરમાં લાવે છે.
નયણે નરખું હઇડે હરખું, રૂપ ઉપર જાઉં બલીહારી;
શંખ ચક્રને પદ્મ બિરાજે, ગદા ધરે છે ગીરધારી.
શાકર માખણ તુળશીની માળા, રાય રણછોડને ચડાવેછે;
દીનોનાથ દયાળ દામોદર, દરશનથી દુઃખ ભાગે છે.

કૃષ્ણા બાઈ.

આ નાગર સ્ત્રીનાં ગોતો ગુજરાતમાં બહુ પ્રસિદ્ધ છે.

સીતાજીની કાંચળી.

પંચવટીમાં સરોવર પાસે, રમતાં સિતા શ્રીરામ રે;
કનકતણો કુરંગ રાવણનો, આવ્યો તેણે ઠામ;
હો રમતાં રઢ લાગી રાણીને.
સોનાનાં શીંગ ને ત્વચા કનકની, નાભી કસ્તુરી ગેહકેરે;
ડમરો ચરતાં દીઠો જનકીયે, નાચે નૈાતમ લેહકે હો રમતાં.
સીતા–તે દેખી સીતાને રઢ લાગી, રામ એ મૃગ મારિ લાવોરે;
આપણે જ્યારે અજોધ્યા જઇશું, કાંચલડી શીવડાવો હો રમતાં.
રામ.–સરોવર તીરે મૃગલો ઊભો, દીસંતો ઘણો રૂડોરે;
ઘેલી સીતા ઘેલું શું બોલો, મૃગ છે હૈયાનો કૂડો હો રમતાં.
બ્રહ્માએ જ્યારે સૃષ્ટિરચીત્યારે,સોનાનોનથીનીપજાવ્યોરે;
નથી દિઠો નથી શ્રવણે સાંભળ્યો, કોઇક કારમો આવ્યો હો રમતાં.
સીતા–પ્રત્યક્ષ પારખું મારા પીયુજી સાચો હશે તો સહાશેરે;
કૂડ કપટથી આવ્યો હશે તો, હમણાં પ્રીતી જાશે હો રમતાં.
રામ.–સાચો હોય તેને કયમ હણિયે, કયાંગયું તમારૂં જ્ઞાનરે;
પોતાના સ્વારથને માટે, હણ્યો છો પશુના પ્રાણ હો રમતાં.
સીતા–સીતા કહે સાંભળો રઘુનંદન, વિદ્યા તમારી કાચીરે;
જાતો મારિ લાવો મૃગને, તો જાણું વિદ્યા સાચી હો રમતાં.
રામ.–બીજાં વિદ્યાનાં કામ ઘણાં છે, શાખા પત્ર ફળ ફૂલરે;
પોતાનો સ્વારથ સરતો હોય તો, પાપ ન કરિયે મૂળ હો રમતાં.
સીતા–સીતા કહે એક મૃગને હણતાં, શાનું બેસે કર્મને;
મહા રાજને મૃગયા રમવું, ખરો ક્ષત્રીનો ધર્મ હો રમતાં.
રામ.–મૃગયા માટે અમે નથી આવ્યા, અમને શાની આશરે;
જ્યાં જેવે આશ્રમે રહેવું, ત્યાં તેવો અભ્યાસ હો રમતાં.
સીતા–સાધુ પણાં જ્યારે એવાંઆદર્યા,ધનુષબાણશાનેઝાલોરે;
સાધુ થઇને રહો એકાંતે, ધર્મ પોતાનો પાળો હો રમતાં.
રામ.–રામ કહે એ રાજપુત્રને, લખિયાં છે એંધાણરે;
કદાપિ કોઇ બળિયે દુખ દે તો. તેના હોવા પ્રાણ હો રમતાં.
સીતા–સુપનખા ભગની રાવણની, તેનો શો હતો વાંક રે;
વણ અપરાધે તે અબળાનાં છેદ્યાં કર્ણ ને નાક હો રમતાં.

રામ.–સુર્પનખા કહે મુજને પરણો, તે મારે મન નવ ભાવેરે;
એકથકી અમે વાજ આવ્યા તો, બીજીને કોણ લાવે હો રમતાં.
સીતા–સંસારમાં જ્યારે રહેવું કંથજી, કાયર થયે કેમચાલેરે;
સંસારનો લાવો મારા કંથજી, નારિ માગે તે આલે હો રમતા.
રામ–ઘેર બેઠાં માગો તે આલું, કાયર ન થાઉં કયમરે;
વનમાં આવીને લેવાં રૂપણાં, નહીં સતીનો ધર્મ હો રમતાં.
સીતા–એવો કમખો મેં નથી પેહેર્યો, કોટિ ઉપાયે કંથરે;
જાત ભલી ને ભાત અનોપમ, ઊજવળ અંગ અનંત હો રમતાં.
રામ.–એથી રૂડો કમખો શીવડાવું, સોનાના તાર નંખાવુંરે;
વાડ ફૂલ ઉપર વેલ ફરતી, વચે મોતી ટંકાવું હો રમતાં.
સીતા–નિપજાવી જે વસ્તુ નીપજે, તેમાં તે શી વડાઈરે;
અણ નિપજીને અમુલ્યક જેની, જગમાં દિશે જુગતાઇ હો રમતાં.
રામ.–એવા સ્વાદ હતા જ્યારે તમને, શિદ્ધ આવ્યાં છોસાથેરે;
ઘેર બેઠાં નવ રહી રે ઘેલી, ઓઢત પહેરત ખાંતે હો રમતાં.
સીતા.–પતિવ્રતા મારૂં વ્રત પાળવું, પિયુ વિના કેમરહેવાયરે;
એક ઘડી ને નવ દેખું તો, બ્રહ્માંડ વહીને જાય હો રમતાં.
રામ–પતિવ્રતા જે હોય પ્રેમદા, પિયુનું માને વચનરે;
મૂખ ન માગે હૈયામાં દાઝે, ધીરજ રાખે મન હો રમતાં.
સીતા–સીતા કહે સાંભળો મારા પિયુજી, આજ કહે શું ઘાયરે;
જે સ્ત્રીને માન નહીં પિયુનું, તે વાયે લીધી જાય હો રમતાં.
રામ.–દેખ્યા પાખે શાનું દાઝે, નજર પડે મોહ લાગ્યોરે;
થોડું કામ ને આળસ કરવું, હજી નથી ગયો આધો હો રમતાં.
રામ.–એ અણ સરજ્યું દુખ કોણભોગવે,થોડા સુખનેવાસ્તેરે;
વ્યાજ વધારતાં જાય સમૂળગા, ત્યારે રહિયે હાથ ઘસતે હો રમતાં.
સીતા--વસ્તુ રાખીને દામ આપીયે, ત્યારે જાયે કયમરે;
રળિયે તો મળિયે મોહનજી, નિષ્ફળ ન હોય ઉદ્યમ હો રમતાં.
રામ.-ઓછું હોય તે ઉદ્યમ માંડે, આપણે સરવે સુખ રે;
જળ કાંઠે રહિને જે કુવો, ખોદે તે મૂરખ હો રમતાં.
સીતા--સલિતાનાં જળ હોય ભારે ને, કુપનાં ઉત્તમ કારીરે;
મહા જોગીયે મૃગત્વચા ગ્રહિ, જો દીઠી કાંઇ સારી. હો રમતાં.
રામ–તેને તે વસ્તુ વાડ વિનતા, જેને જે આવે ભોગ્યરે;
ગૃહસ્થને રાજરીધી રૂડી ને, જોગીને રૂડો જોગ. હો રમતાં.
સીતા–ભલી ભુંડી અમારે ભાગ્યે તે, જેવી શરીરે સોહીયેરે;
એવી કંચુકી આજ ન મળે, તે માટે મન મોહિયે. હો રમતાં.
રામ–એવડો મોહ ન ધરિયે માનની, મનમાં સંતોષ સાહીયે;
જ્યારે જેવું મળે તે અનુભવીયે, આજાને નવ ધાઇયે હો રમતાં.

સીતા–સીતા કહે શા માટે ન કરીયે, સ્વાદ નવો નવો લેવોરે;
જોબનનો લાવો જુગજીવન, દિવસ ચારનો એ મેવો. હો રમતાં.
રામ–અવસર કાંઇ ઓળખતિ નથી, જેવો વેષ તેવું રમવું રે;
આપણે રાજ્યની રીદ્ધી તજીને, આજે વનમાં ભમવું. હો રમતાં.
સીતા–દુઃખના દિવસ કાલે વહી જશે,વહાણે પામશેા રાજ્યરે;
સવેળાનું સંધરયું હોય તો, અવસરે આવે કાજ. હો રમતાં.
રામ--રાજ્ય બેસીશુ ત્યારે મળશે, જેવી જોઇએ તેવી જાતરે;
ચૌદ વરસ વનમાં ભમવું તો, રાત આડીની શી વાત. હો રમતાં.
સીતા--કહે શા માટે ન માગું, તમ સરખો પીયું જ્યારેરે;
લક્ષ્મણ સરખા દિયરજી મારે, લાડ કરૂં પછી કયારે. હો રમતાં.
રામ--રામ કહે તને એ શી લહુતા, અખળાનો અવતારરે;
વનમાં રહીને જે લોભ કરવો, ન હોય એ ધર્મ લગાર. હો રમતાં.
સીતા--સીતા કહે સાંભળો મારા પીયુજી,ઝાઝું કહે શું થાયરે;
જે સ્ત્રીને નહિ માન પિયુનુ, તે વાયે લીધી જાય. હો રમતાં.
રામ--રામ કહેતું વહાલી ન હોય તો,શિવનું ધનુષશાને ભાંગું રે;
ફરશુરામ સાથે યુદ્ધ કરીને, અજોધ્યામાં ગાજું. હો રમતાં.
સીતા--મનસા વાચાએ વહાલી હઉં તો, કહું કરો મુજ કંથરે;
ઘડી અધઘડી જો વિલંબ કરશો તો,પ્રાણનોઆણીશઅંત હો રમતાં.
રામ.--રામ કહે હુંયે નવ હારેા, આટલો દા રમી જઇશરે;
તમને જ્યારે તેડી લાવ્યેા, જે કહેશેા તે સહીશ હો રમતાં.
સીતા--એ સોગટડે હવે કાલે રમાશે, હું નહિ ઢાલું પાસારે;
ઘડી અધઘડીનો વિલંબ કરશો તો, કાંઇક જોશોતમાસા હો રમતા.
પાસા પછાડીને ધરણીધર ઉઠયા, ભાઇને ભળાવીનારીરે;
લક્ષ્મણ આપ તું મઢીયે રેહેજે, મૃગને લાવું મારી હો રમતાં.
પંડિતા-ધનુષ લેઇ ધાયા ધરણીધર, કુરંગ ઉપર ડાઢ પીસેરે.
જેમ જેમ દુકેા જાય જગજીવન, તેમ તેમ વેગળેા દીસે. હો રમતાં.
આપ ચડાવી મૃગલેા માર્યેા, મેલ્યું કસીને બાણરે;
મરતાં મૃગલે ચીસ નાખી જે, લક્ષ્મણ જાએ પ્રાણ. હો રમતાં.
શબ્દ સીતાએ સાંભળ્યેા લક્ષ્મણ, રામ તેડે છે તમારેરે;
હરણને હણતાં કષ્ટ પડયું છે, શીઘ્ર થઇને સધારેા. હો રમતાં.
લક્ષ્મણ-લક્ષ્મણ કહે એક હરણને હણતાં, કષ્ટ પડે તે શાનું રે;
રઘુ સરખાં ચીસ નાંખે તે, વાત તો હું નવ માનું. હો રમતાં.
સીતા દક્ષિણ દિશે દિયરિયા મારા, ઝાઝુ રાક્ષસ દળછેરે;
એકલડા જાણીને જાઓ, એએ બાવીશનું બળ છે. હો રમતાં.
લક્ષ્મણ--એકજ બાણે ચૌદ સહસ્ત્રને, મારે એવો મુજ ભ્રાતરે;
ચૌદ સહસ્ત્ર ચડીને આવે તેા, નવ હારે રઘુનાથ હો રમતાં.

સીતા–વેળા વેળાનાં ફળ છે દીયરીયા, એવડો ગરવ નવ ધરિયેરે;
કયારે હારિયે ને કયારે જીતિયેરે, તે માટે સંચરિયે. હો રમતાં.
લક્ષ્મણ–લક્ષ્મણ કહે ભાભિલજ્યું હશે તો,બ્રહ્માએ પાછુંન થાયરે;
તમને વનમાં એકલાં મેલીને, ડગલું નહીં ભરાય. હો રમતાં.
સીતા–સીતા કહે તને શાંનું દાઝે, બુજવી માતા માટેરે;
સગો ભ્રાત શત્રુઘ્ન હોય તો, હમણાં દોડે ઉચાટે. હો રમતાં.
લક્ષ્મણ–મુજને રામજી વહાલા ન હોય તો,શીદ આવું હું સાથરે;
ભોળે ભાવે. ભકિત કરૂં છું, જાણીને જ્યેષ્ઠજ ભ્રાત. હો રમતાં.
સીતા–ભકિત કરો તે મુજને ન ભાવે, મીઠું બોલ્યે નહિ મીઠુંરે;
તુજ દુષ્ટનો વિશ્વાસ ન કરીયે, આજ પારખું દીઠું. હો રમતાં.
લક્ષ્મણ-ભલી સીતાજી બુદ્ધિ તમારી,મુજને એવો પ્રમાણ્યેરે;
રાત દિવસ મેં સેવા કીધી, એકે ગુણ નવ જાણ્યો. હો રમતાં.
સીતા–કહે તારા ગુણનું લક્ષણ, પડી વેળા પરમાણ્યું રે.
સાદ સાંભળીને સાંસો કીધો, ત્યારે હેતે જણાણું. હો રમતાં.
દિયરિયા તુંને શાનું દાઝે, વહાલા નહીં શ્રીરામરે;
બંધવ હોય તો રણમાં દોડે, કરવાને સંગ્રામ. હો રમતાં.
લક્ષ્મણ–તમને અહિંયાં કેરા સારૂં મેલું, સાંસો કરૂંછું તેણેરે;
તમને જો લાંછન લાગે તો, વળતા મરિયે મેહેણે. હો રમતાં.
સીતા–તેવાં ભોળાં અમે નહિ દિયરિયા,મન વસિયા મહારાજરે;
અવર પુરૂષ સાથે બોલું તો, લાગે કુળને લાજ. હો રમતાં.
લક્ષ્મણ–કેટલું બળ તમ અબળાકેરૂં, તનક તાલ ને હેલારે;
રાંધ્યું ધાંન ને પ્રેમદા સરખી, વણસતાં નહીં વેળા. હો રમતાં.
સીતા–સીતા કહે તું શું સમજાવે, સાસુતણા સુત કાલારે;
એકલો ઉજડમાં શાને જાએ, પ્રાણ તને તારા વહાલા. હો રમતાં.
લક્ષ્મણ–મુજને પ્રાણ જો વહાલા હોય તો,શીદ જાઉં હું વનરે;
વન ફળ મેવા વિણી લાવું છું,બેઠાં કરોછો ભોજન. હો રમતાં.
સીતા–સીતા કહે તું શું દિયરિયા, મુજને રાખે વારીરે;
તું જાણે છે રામ પડે તો, હું ભોગવું આ નારી; હો રમતાં.
લક્ષ્મણ–ભલી સીતાજી બુદ્ધિ તમારી, મુજને એવું ન કહિયેરે;
એકે દહાડે હશ્યો હઉંતો, સર્વે સાથ લહિયે. હો રમતાં.
સીતા–કપટી હોય તે કોઈશું હસે નહિ, રાખે મનમાં જાણીરે;
જળ કાંઠે બગ ધ્યાન ધરે તે, મચ્છને લેવા તાણી. હો રમતાં.
પંડિતા–વચન બાણ વાગ્યાં લક્ષ્મણને, તાપ ઉપન્યો તનમાંરે;
બહુએ પેર પડી લક્ષ્મણને, ચુરણ લાગી મનમાં; હો રમતાં.
ત્રિલિમુખ રેખા કીધી લક્ષ્મણે, દીધી રામની આણરે;
કુડે કપટે જે કોઇ આવે, તેના જાજે પ્રાણ; હો રમતાં.

એમ કહી લક્ષ્મણજી ગયા, તારૂણીને લાગ્યો તાપરે.
કઠણ વચન કહ્યાં દીયરને, તેનું લાગ્યું પાપ. હો રમતાં.
લાગ જોઇ લંકાપતિ આવ્યા, પાપિયે ચલાવ્યા ચરણુરે.
પરદારાને હરવા કારણ, માથે લાવ્યો મરણ; હો રમતાં.
ભગવાં વસ્ત્ર ને ભેખ સંન્યાસી, કરમાં કમંડળુ ધારયું રે.
ક્ષુધાર્થીને ભીક્ષા આપો, આવી એમ ઉચરિયું; હો રમતાં.
આવો પ્રભૂજી બેસો ઋષીજી, અમૃત બોલ્યાં વાણીરે.
ઉઠીને આસન ત્યાં આપ્યું, ગૃહસ્થાશ્રમધર્મ જાણી; હો રમતાં.
રાવણ–કોણ પીતા કોને ઘેર પરણ્યાં, કોણ તમારો કંથરે;
ઉજડમાં એકલડાં મેલીને, ક્યાંહાં ગયા બળવંત. હો રમતાં.
સીતા–જનક પિતા ને દશરથ સસરો, કૌશલ્યાજી સાસુરે;
તાતતણું વચન પાળવાને, અમે ત્રણે થઇ વન વાસ્યું. હો રમતાં.
સોનનાશિંગનોમૃગઆવ્યોતો, કંચુકીનીથઇઅભિલાખારે;
મૃગલો મારવા પિયુજી ગયા છે, કરીને શિલિમુખ રેખા. હો રમતાં.
પંડિતા--શિલિમુખ રેખા ઉપર મેલિ પાવડી,પ્રાપી બોલે મર્મરે;
ઓપર પગ મેલી દ્યો ભીક્ષા, રહેશે તમારો ધર્મ. હો રમતાં.
પાપીનો પ્રપંચ ન પ્રીછ્યો, ભામીની થઇ હઇયે ભોળીરે;
પોતાની વાત જે પરને કહેશે, તે રહેશે આંબો ચોળી. હો રમતાં.
સીતાએ સીતાફળ આપ્યાં, પગ પાવડિયે ધરિયોરે;
ઉપાડી લીધી અબળાને, હરણ કરીને સંચરીયો. હો રમતાં.
ત્યારે તારૂણિને ત્રાસજ પડિયો, ધાન્યે લક્ષમણ રામરે;
આ પાપી કોઇ હરી જાય છે, કરિને દુષ્ટનું કામ. હો રમતાં.
તે શબ્દ સાંભળી પંખી આવ્યો, દશરથનો જે મિત્રરે;
સીતાને મૂકાવા કારણ, માંડયું યુદ્ધ વિચિત્ર. હો રમતાં.
રાવણે એક કપટજ કીધું, પર્વત પાછળ રહિનેરે;
રૂધિરાળા પાષાણ ગળાવ્યા, ભારે પડિયો થઇને. હો રમતાં.
ત્યાંથી રાવણ લેઇને ગયો, લંકાના ગઢ માંયરે;
મૃગ મારીને રામજી વળીયા, જે જે રાઘવરાય. હો રમતાં.
નથિરે સીતા નથિરે સીતા, નથીરે મઢુલી માંયરે;
કાગારોળ ત્યાં થઇ રહ્યો છે, ચકડોળ વાતે ત્યાંય. હો રમતાં.
પગલે પગલે શોધતા તેને, ગયા તે બહુએ ભાઇરે;
ઋષ્યમૂક પર્વતમાંહી પહોંચ્યા, જ્યાં છે વાંદરાનો રાય. હો રમતાં.
સુગ્રીવ સાથે કરી મૈત્રી, વાળીને નાંખ્યો મારીરે;
વાળીનું રાજ્ય સુગ્રીવને આપ્યું, ઉપર આલી નારી. હો રમતાં.
નર વાનર એકઠા કરીને, સાગર બાંધી પાજરે;
રાવણને મારી કરીને, વિભિષણને આપ્યું રાજ્ય. હો રમતાં.

જુદ્ધ કરી સીતાને લાવ્યા, ઢોલ નિશાન વજડાવીરે;
સીતાજીનાં લાડ પાળ્યાંને, કાંચલડી શીવડાવી. હો રમતાં.
સ્વામી આજ્ઞા ઓળંગીને, ભમત ધર્યો બહુ મનમાંરે;
સતી સીતાને દુઃખ ઉપનું, તાપ વ્યાપિયો તનમાં. હો રમતાં.
પેહેલે સીતાવિવાહ ગાયો, રૂકમિણીહરણ રૂડુંરે;
સીતાકંચુકી શોભ વરણવ્યો, કૃષ્ણ વિના સૌ કુડું. હો રમતાં.
યતી ગુણ કૃષ્ણાબાઇ ગાયે, વડનગરમાં વાસરે;
રામલક્ષ્મણ જાનકીનો જય, સાથે હનુંમત દાસ. હો રમતાં.
જે જન હરિગુણ ગાય સાંભળે, તેહતણાં દુઃખ વામેરે;
ધર્મ અર્થ ને કામ મુક્તિ ફળ, ચાર પદારથ પામે. હો રમતાં.

સુભદ્રાની કંકોતરી રાગ ધોળ.

કંકુ છોટી કંકોતરી મોકલે, કાહ્વે સુભદ્રા બેહેન; વીરા વહેલા આવજો.
શ્રીકૃષ્ણ બળદેવ બે બાંધવા, તમ આવ્યે થશે સુખ ચેન વીરા.
ભાઇ ભત્રીજા સરવે શોભાવે છે, છે પવિત્ર પિતા વાસુદેવ; વીરા.
જગત જનેતા દેવકી ને રોહણી, આવજોસરવેમળીતતખેવ વીરા.
વનોતો પીયર પરિવાર છે, જોતાં વાધે છે અહો સ્નેહ; વીરા.
દુખ જાશે સૌ દેહનાં દેખતાં, દેસે દેશમાં વખાણશે તેહ વીરા.
ભય ભજન મારી ભાભીયો,સોળ સહસ્રને એકસો આઠ; વીરા.
રૂડી રૂકમણીનેરે રેવતી, જુવો ઠાકોર કેરો ઠાઠ વીરા.
વેદવંતા વીપ્ર સાથે લાવજો, બીજી વરણ ઉત્તમ તે અપાર; વીરા.
સંગે જાદવ સરવેને લાવજો, ભવજળના તારણ તરનાર વીરા.
મેંતો પ્રેમે શું પરગણ માડીયાં, રૂડો જગ રચ્યો રાજશોય વીરા.
પાંચ પાંડવ છે તમ વીરા તમતણા, તેનુંજેમકલ્યાણજોય વીરા.
તમ વગર મારે તો કોઇ નથી, ધર્મવંતને ગુણના છો ધામ; વીરા.
વીરા વેગે વલેરા પધારજો, તમ આવેથી સરશે કામ વીરા.
એક જીવ્યાયે કેમ કરી વરણવું, શેષ સરખા ન પામેપાર; વીરા.
થોડું કહાવ્યું ઘણું કરી માનજો, કોડે કુટુંબ તેહને સાથ; વીરા.
વાંચી પત્રીકા વહેલા પધારજો, કોડે કુટુંબ તેહને સાથ વીરા.
કંકોતરી લખીને કાવીયું, આપ પવિત્ર છો વિદ્વાનાં નાથ વીરા.
મારા સસરાને ડગલાનેઠોટીયો, મારી સાસુનેહબણીનાચીર; વીરા.
મારા જેઠને લાવે જોડ ધોતીયાં, જેઠાણીને જાહરના ચીર વીરા.
મારા દીયરને લાવે વીરા પામરી, દેરાણીને છાયલની જોડ; વીરા.
મારી નણદીને લાવે વીરા ચુંદરી, નણદોઇને પહેરવા જુજ વીરા.

મારી ઘેડીને લાવે વીરા ઢાંગલાં. કુંવરીયને રાતડી ચોળ; વીરા.
મારા કુટુંબને લાવે વીરા કાંચળી, પાડોશીરે બાણીઓરબેડ વીરા.
મારે અરથે લાવે ઘરચોરડાં, માથે ગતરીશ ભમરીનોબેડ; વીરા.
વીરા ઘરના ધણીનો ઘોડો હુંસલોજેનરોતીડેજડીત્રપલાણ વીરા.
વીરા એટલી સંપત હોયતોઆવજો,નહીંતોરહેજોતમારેઘેર; વીરા.
મારા જેઠ આવ્યારેજેઠાણીશોતા, એક નાવ્યોમાડીજાયોવીર વીરા.
હુંતો ઉંચી ચડુને હેઠી ઊતરૂ, હુંતોજોઉમારાનિરાનીવાટ; વીરા.
વીરો કયાંરેગાજ્યોનેકયાંગરવડયો, કયાંવરશોઆથાડોમેહ વીરા.
મારી નણદીને તે મસરકાંબોલીયાં,ભાભીનાવ્યોતમારોવિર; વીરા.
મારો વીયર વધામણી લાવ્યા, ભાભી આવ્યો તમારો વિર વીરા.
વિરોદ્વારિકાંગાજ્યોનેગોકુળગરવડયો,હસ્તીનાપુરવરસ્યોમેહ વીરા.
હવે રણમાં તે ભાલા ઝળકાયા,વળીઝળકયાંઘોરીડાનાંશીંગ વીરા.
હવે ઝળકયાંવીરામાંથેમોણીયા,હવેઝળકીભાભી માથે છાણ; વીરા.
વીરો આવ્યાને વાડીયેરે ઉતર્યા, મારી બેનને તેડવા જાએ વીરા.

બીજીવાર પરણ્યાના બાહાનાનું ગીત.

કયાંનાં તે આવ્યાં ણીડલાં મોતીવાળા ભમરજી;
કયાંનાં આવ્યાં નાળિયેર મારા વારયા નહી રહે ભમરજી. મા. ભ.
બોરસદનાં આવ્યાં ણિડલાંમો,નડિઆદનાંઆવ્યાંનાળિયેરરે મા. ભ.
કિયેરે લગને સાહેબા પરણુશોમો.કિયેલગનેજોડશોજનરે. મા. ભ.
પાંચમ દિન સાહેબા પરણુશે મો, ચોથો ચલાવશે જનરે. મા. ભ.
સારઅછેયુણે સાહેસા પરણુશોમો,શાવાંકે લાવશો સોકયરે. મા. ભ.
તમારા પોંચા ગોરી શામળા મો, ગોરા પોચાની છે ખાંતરે મા. ભ.
તમારી આંખો ગોળીચુંચળીમો,અણીયાળીઆંખનીખાંતરે મા. ભ.
નાક તમારૂ ગોરી ચિબકુંમો, અણીયાળા નાકની છે ખાંતરે મા. ભ.
તમારાં છોરૂ ગોરી ગોળરાં મો, જોળાં બેસારયાની ખાંતરે મા. ભ.
તમારાં મછયર ગોરી વેગળાંમો,હુકડાસંસારીયાનીશાંતરે મા. ભ.
તમારો વીરો ગોરી એકલો મો, સાત સાળાની ખાંતરે મા. ભ.
બાળપણમાંપરણેતરવિસર્યામો,મોટપણે પરણ્યાની ખાંતરે મા. ભ.

રનાદેનું ઘોળ.

શિરોડનારે સુલતાન, પાટણના પરધાન; ઓરશિયો ઘડી લાવ્યોરે, આરસપાણુનો;
એરે ઓરશિયેરે, સવામણ સુખડ અધમણ કેસર, રાણીરે રનાદે વરને છાંટણારે.
રાણી રનાદેરે, હાર સોવરાવોરે, તમ પેઉડા લાલ છડે રમેરે;
લાલ છડે રમતારે, પાસલા ઢાળ્યારે.

વધાવાનું ગીત. રતન કચોળે વિડયો જગમગેરે.

હમણા પહેલો વધાવો મારે આવીયો, મેતો મોકલ્યો મારા દાદાને દરબારરે;

વાડીના ભમરા દ્રાખ મીઠારે ચાંપાનેરની.
મારી માતાએ હરખે વધાવીયેા, મારા દાદાએ ઝાડ્યા પાલછે છેડારે વાડી.
ભમરા ત્રીજે વધાવેા મારે આવીયેા, મેં'તેા મેાકલ્યેા મારા વીરાને દરબારરેવાડી
મારી ભાભીએ હરખે વધાવીયેા, મારા વીરાએ ઝાડ્યા પાલવ છેડારે વાડી.
ભમરા ત્રીજે વધાવેા મારે આવીયેા, મેં'તેા મેાકલ્યેા મામાને દરબારરે વાડી;
મારી મામીએ હરખે વધાવીયેા, મારા મામાએ ઝાડ્યા પાલવ છેડારે વાડી.
ભમરા ચેાથેા વધાવેા મારે આવીયેા, મેં'તેા મેાકલ્યેા મારાસસરાનેદરબારરેવાડી;
મારી સાસુએ હરખે વધાવીયેા, મારા સસરાએ ઝાડ્યા ણાલવડારે વાડી.

ચેારીમાં ગાય છે તે ગીત.

આની તેડે ગંગારે, પેલી તેડે જમુનારે, વચમાં સરસ્વતી નદીવહેછે;
સેાનાનું બેડુરે રૂપાં ઉઢાણીરે, સીતાવેલ પાણી સાંચર્યાં;
રાસડી ન પડેાંચેરે, બડુલેા ન ડુબેરે, કુવાના કાંઠે ઉભા રહ્યાં;
સેાનાની ગેડીરે, રૂપા દડુલેારે, રામચંદ્ર રમવાને નિસર્યા.
કેાણ રાયની બેટીરે, કેાણ તારૂ નામરે, કેઇરે નગરીની ગરાસણી;
જનકની બેટીરે, સાતાવેલ નામરે, હજીએ છું બાળ કુંવારડી.
કેાણ રાયનેા બેટેારે, કેાણ તારૂ નામરે કેઇરે નગરીનેા ગરાશીયેા;
દશરથનેા બેટેારે, રામચંદ્ર નામરે, અયેાધ્યા નગરીનેા ગરાશીયેા.
પાનના ણીડારે, સાત સેાપારીયેા, લગનનીરધારી વહેલાઆવજો;
લાડકડી ચડીરે કમાડ, બાળા વરને નિરખવારે;
દાદાજી એ વર જોજો, એણે મારા મન વસ્યા.
કહેા દીકરી કયાથકી દીઠેા, શેણે તારા મનવસ્યારે;
લાડકડી ચડીરે કમાડ, બાળા વરને નિરખવારે;
માતાજી એ વર જોજો, એણે મારા મન વસ્યારે.
કહેા દીકરી કયાથકી દીઠેા, શેણે તારા મનવસ્યારે;
નાતમાં જમતેલેા દીઠેા, ચેાટલાયે મારામનવસ્યારે.
લાડકડી ચડીરે કમાડ, બાળાવરને નિરખવારે;
વીરાજી એ વર જોજો, એણે મારા મન વસ્યા.
કહેા બહેની કયાં થકી દીઠેા, શેણે તારાં દલવસ્યારે:
ઘેાડલા ખેલાવતેા દીઠેા, એણે પેગડે મારાં મનવસ્યારે.
લાડકી ચડીરે કમાડ, બાળાવરને નિરખવારે;
કાકાજી એ વર જોજો, એણે મારા મન વસ્યારે.
કહેા દીકરી કયાં થકી દીઠેા, શેણે તારામનવસ્યારે;
પાઘડી બાંધતેા દીઠેા, તેારે મારા મન વસ્યારે.
લાડકડી ચડીરે કમાડ, બાળાવરને નીરખવરે;

ત્રીભોવન.

પદ ૧ લું.


જેને રામ રાખેરે. તેને કોણ મારી શકે—એ રાગ.

પ્રભુ રટય પ્રાણીરે, કાયા તો તારી કરમાણી;
કરી લે ઓળખાણીરે, જવાની રહી નવ જાણી. પ્રભુ.
જોબનપણે મધ મછરે ભરીયો,બાળપણેશુપડતીઅજ્ઞય;
વૃદ્ધાપણે વન બેહેતાલેપડીયો,ચક્ષુથીહારીગયો સુજ્ઞય;
ઓળીને નવ જોયુંરે, રતને લીધું રૂપ તાણી પ્રભુ.
ધંધો ધારી કરી દીન ગમાવ્યો, રાત ગમાવી નિદ્રાય;
આઠ પહોરે ચારઘડીપ્રભુનાભજ્યા,એળેગયો અવતાર;
અવીનાશી નવ દીઠારે, ભુલ્યો તું ભવ રેઠાણી પ્રભુ.
અંત વખત ઘોરછાંયડીરેદીઠીબેઠોભજવાશ્રીરામનામ;
આરેસંસારમાંવૃથાજનમકાહાડો,રળેલુંઆવ્યુંનહીકામ
પડીયો લક્ષ ચોરાશીરે, જેમ બેલ ફરે ઘાંણી પ્રભુ.
એવું વીચારી ઉર પ્રાણીયા, ભજ ભજશ્રીજુગકીરતાર;
મનુશા દેહમળવોદેવનેદુર્લભ,ત્રીભોવનદ્રષ્ટે ઇયદહવાર;
અવર નહિ બીજુરે, કાયા માયા મિથ્યા માણી પ્રભુ.

પદ ૨ જું.

અલખ ગુરૂ શેવોરે, શેવાથી પામો પદ મોટું;
શિરોમણ સાર લેવોરે, સતસંગ વિના સર્વ ખોટું ટેક.
ત્રિલોકમાં એ કરતા રહો છે, ચઉદ ભુવનવિશ્વમાંહી;
નામ નિરંજનઅલખધણીએ,ઓળખ્યાવિનાખોટોકયાંહી;
ન્યાહાળીલો અંતર ભીતરરે, નિકટ રટય રણ છોટું અલખ.
અંતર જામી વિધવિધનામી,સ્વામી સ્વરૂપની એધાણ;
હૃદયામાંસાક્ષી એની તોકહિયે,સંસારઅલપસુખમાણ;
અલખ આપ નાંણોરે, પારખ વિના શિદ લોટું અલખ.
મોહ માયામાં વીંટાઇ રહીને, મોહી રહ્યોછું ઘરબાર;
અંતે તો જાવું એકલાં તો, પડે ત્યાં જમ કેરો માર;
પોકારા જીવ મારેરે, મૂરખ મનડું પ્રોઢું અલખ.
વૃથા જનમ તું એળે શુ ખુવે, કરી લે સદગુરૂનોસંગ;
નંધનુ નાણુ નહી ખુટવાનું, જેમ ખુમારી ચડે રંગ;
એમ લાલથી લયટાવોરે, ભુધર ભાવે ભક્તિ દોટું અલખ.

Date Due



KAKKER SERVICES

V891.47108 L 34783
M.K.

AUTHOR

TITLE Mhotu kavyadohan, pts. 1, 2 & 3.

DATE DUE | BORROWER'S NAME



V 891.47108
M.K.
34783